જેની નાડી અંગુષ્ટ મૂલથી અઢી આંગળ આગળ ચાલતી હોય તે અર્ધ પ્રહરમાં મૃત્યુને પામેછે, પરંતુ જો ભાર ઉપાડવાથી, અથવા મૂર્ચ્છા, ભય, શોક ઈત્યાદિક કારણોથી ઉપર પ્રમાણે નાડી ચાલતી હોય તો તેના મૃત્યુ માટે ભીતિ રાખવી નહીં, અર્થાત્ ઉપલા કારણથી જો ઉપર કહ્યા પ્રમાણે નાડી ચાલતી હોય તો તેને કંઈપણ હરકત થવાની નથી એમ જાણવું. જેને ભૂત—*ભ્રાંતી લાગી હોય,

‡ પછી તે રોગી મોડે વેહેલો મરે તેનો કંઈ નિયમ નથી.
* ભૂતને ભ્રાંતિ તરીકે ભાષાન્તર કર્તાનું માનવું છે. ગ્રંથમાં ભૂતની ગણના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા ધાતુ ક્ષીણ હોય જેની નાડી ત્રિદોષ યુક્ત સૂક્ષ્મ પણ ચાલતી હોય તોપણ તેને મૃત્યુનો ભય નથી. ૧૫

स्वस्थानहीनाशोकेनर्हिमाक्रांतेचानिर्गदा ॥
यद्भवेन्निश्चलानाडीनोभयंतत्रकिंचन ॥ १६ ॥
स्तोकंवातकफौयत्रापित्तंवहतिदारुणं ॥
पित्तस्थानंविजानीयात्तदाभैषज्यमाचरेत् ॥१७॥
स्वस्थानच्यवनंयावद्धमन्यानोपजायते ॥
तत्स्थचिन्हस्यसत्वेपिनासाध्यत्वमितीरीतं ॥ १८

જે નાડી રોગ વિના શોક કિંવા તહાઢના યોગથી સ્થાનભ્રષ્ટ થઈને નિશ્ચલ થઈ હોય, તોપણ તેની ભીતિ નથી. જે નાડીમાં વાત અને કફ કમી છતાં પિત્ત સ્વસ્થામાં પ્રબલ હોય તો તે રોગીને ઔષધ આપવું. નાડી ત્રિદોષયુક્ત છતાં પણ તે જ્યાં સુધી તેણે પોતાનું સ્થાન મુકયું નથી ત્યાં સુધી તે અસાધ્ય છે એમ જાણવું નહીં. ૧૮

॥ अथाहारवशान्नाडीगतीराह ॥

केकिगामधुराहारेतिक्तेस्थूलाहिगाभवेत् ॥
अम्लेभेकगतिःकोष्णाकटुकैर्भ्रमरोपमा ॥ १ ॥
कषायेकठिनाम्लानालवणेसरलाद्रुता ॥
एवंद्वित्रिचतुर्योगेनाडीनानागतिर्भवेत् ॥ २ ॥
द्रव्यैश्चमधुराम्लाद्यैर्नाडीशीताविशेषतः ॥
क्षीरेस्तिमितवेगाचतथाशीताबलीयसी ॥ ३ ॥
द्रवेऽतिकठिनानाडीकोमलाकठिनाशने ॥
द्रवद्रव्यस्यकाठिन्येकोमलाकाठिनापिच ॥ ४ ॥

હવે આહારથી નાડીની ગતી કહિયે છિયેઃ—મધુર ભોજન કરવાથી નાડી મોરની માફક ચાલેછે; તિક્ત ભોજનથી સ્થૂલ અને સર્પની ગતી માફક ચાલેછે; અમ્લ ( ખાટા ) ભોજનથી દેડકાની ગતી માફક અને કિંચિત્ ઉષ્ણ હોયછે; કટુક ભોજનથી ભ્રમરની ગતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માફક; કષાય (તૂરા) ભોજનથી કઠિન અને મંદ ચાલેછે; લવણ ભોજનથી સરલ અને શીઘ્ર ગતીથી ચાલેછે; તેમજ બે, ત્રણ, ચાર ઈત્યાદિક મિશ્રિત રસ યોગથી ના ના પ્રકારની ગતીથી ચાલેછે. મધુર અને અમ્લ રસના ભોજનથી શીતલ નાડી ચાલેછે; દૂધ ખાધાથી મંદ, શીતલ અને સદૃઢ ચાલેછે; દ્રવ પદાર્થોથી અતિ કઠિન થાયછે; કઠિન પદાર્થ ખાધાથી કોમલ હોયછે; અને જો પદાર્થ કઠિનતા યુક્ત હોય તો પણ તેથી મિશ્રિત ગતીમાં ચાલેછે. ૪.

सपिष्टैर्गुडदुग्धैश्चपृथुकभ्रष्टद्रव्यकैः ॥
स्थिरामंदतरापुष्टागुडतैलेनधामिनी ॥ ५ ॥
कूष्मांडमूलकैर्मंदामाषेणलगुडाकृतिः ॥
शाकैश्चकदलैश्चैवरक्तपूर्णेवनाडिका ॥ ६ ॥

ગોળ અને દૂધ યુક્ત લોટનો પદાર્થ, પહુંવાં અને શેકેલા અન્નના ભક્ષણથી સ્થિર અને અતિમંદ નાડી ચાલેછે; ગોળ અને તેલ યુક્ત પદાર્થથી પુષ્ટ ચાલેછે; કોહોળા અને મૂળાના ભક્ષણયોગથી મંદ નાડી ચાલેછે; અડદ ખાધાથી લગુડાકૃતિમાં ચાલેછે; શાક અને કદલિ (કેળાં) ના યોગથી રક્તપૂર્ણ એટલે કિંચિત ઉષ્ણ અને જડ ચાલેછે.

## ॥ अथनाडीगतिकारणमाह ॥

देहिनांहृदयंदेहेसुखदुःखप्रकाशकं ॥
तत्संकोचंविकासंचस्वतःकुर्यात्पुनःपुनः ॥ १ ॥
संकोचेनबहिर्यातिवायुरंतर्विकासतः ॥
ततोनाड्यांचलत्यस्रग्धरायाःस्फुरणंततः ॥ २ ॥
यथावीणागतातंत्रीसर्वान्रागान्प्रभाषते ॥
तथाहस्तगतानाडीसर्वान्रोगान्प्रकाशते ॥३॥

હવે નાડીના ગતીનું કારણ કહિયે છિયેઃ—દેહધારી પ્રાણીમાત્રનું સુખદુઃખ પ્રકાશક હૃદય છે, તે સ્વભાવેકરીને વારંવાર સંકુચિત અને પ્રફુલ્લિત, થાયછે. જે વખતે શંકુચિત થાયછે તે વખતે વાયૂ બહાર જાયછે અને પ્રફુલ્લિત થાયછે તે વખતે હૃદયમાં વાયૂ પ્રવેશ કરે છે, તેણે કરીને રક્તાભિસારણ ચાલૂ થઈ નાડી ચાલે છે જેમ કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીણાને તાર ચડાવવાથી સર્વ રાગને પ્રકાશ થાય છે–તે પ્રમાણે હસ્તગત નાડી સર્વ રોગને સ્પષ્ટ કરેછે, અર્થાત્ સર્વ રોગને બતાવી આપેછે. ॥ ૩ ॥

क्वचिद्ग्रंथानुसंधानात्क्वचित्कालादिज्ञानातः ॥
अतीवसूक्ष्मयाबुद्ध्यानाडीज्ञानंभवेदपि ॥४॥
तद्गुरोरुपदेशेनतथादेवप्रसादतः ॥
स्वार्जितेनचपुण्येनविनानैवोपजायते ॥ ५ ॥
योरोगिणःकरंस्पृष्ट्वास्वहस्तंक्षालयेद्द्रुतं ॥
सरोगान्नाशयेत्सत्यंपंकंप्रक्षालनादिव ॥ ६ ॥

**નાડી જ્ઞાન શી રીતિથી થાયછે એ વિગેરે.**—કંઈ ગ્રંથાનુંસંધાનથી, કંઈ કાલાનુંસંધાનથી અને કંઈ સૂક્ષ્મ બુદ્ધિના યોગે કરીને નાડીનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. તે જ્ઞાન કંઈ ગુરૂના ઉપદેશથી, દેવના પ્રસાદથી અને પોતાના પુણ્ય સંચયથી પ્રાપ્ત થતું નથી. જે વૈદ્ય રોગીની નાડી જોયા પછી પોતાના હાથ ધોઈ નાંખે તેજ વૈદ્ય રોગને નાશ કરે, જેમકેઃ—કિચ્ચડથી ખરડાયેલા હાથ *ધોઈ નાંખવાથી સાફ—સ્વચ્છ થાય છે. તેમ તે વૈદ્ય રોગીના રોગને સાફ કરી નાંખે છે. હવે દેશ કાલાદિ જ્ઞાન શિવ સંહિતામાંથી કહિયેછિયે.

॥ पार्वत्युवाच ॥

देवदेवदयासिंधोनाडीज्ञानंत्वयोदितं ॥
कालदेशादिविज्ञानंतथादूतपरीक्षणं ॥ ४ ॥
शकुनानिचशब्दादिपरिक्षामिहरोगिणां ॥

---

* હાલના લેભાગુ વૈદ્ય રોગીને સ્પર્શ કરીને હાથ તો ધોતા નથી તે નાહ્ય તો ક્યાંથીજ ! રોગીને અડ્યા પછી હાથ (સાબુથી) ધોવાનો રિવાજ આધુનિક ડાક્ટરોમાં છે તે સારો છે. મારો મત એવો છે કે ચેપી રોગથી પીડિત રોગીને અડીને નહાવું એટલુંજ નહીં પણ તે વખતે પેહેરેલાં બધાં લુગડાં ધોઈ નાંખવાં અર્થાત્ જેમ બને તેમ નાડી નિદાન વિગેરે સ્પર્શ કર્મ કર્યા પછી શુદ્ધ અને સ્વચ્છ થઈ રેહેવું. ભા૦ કર્ત્તા૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चेष्टामपिचमांब्रूहिरोगज्ञानायसांप्रतं ॥ ५ ॥

શ્રી શંકરને પાર્વતી પૂછે છે કે.–હે દેવ દેવ દયા સિંધો ! આપે મને નાડી જ્ઞાન કહ્યું પણ હવે કાલ દેશાદિકનું જ્ઞાન અને દૂત પરીક્ષા, શુકન પરીક્ષા તેમજ રોગીની શબ્દાદીક અને ચેષ્ટાની પરીક્ષા રોગ પરીક્ષાને માટે મને કહિ સંભળાવો. ૫

॥ शिवउवाच ॥

कृतश्लेष्मावलीत्रेतायुगेवायुर्बलान्वितः ॥
द्वापरेद्वंद्वशोदोषाःसंचरंतिजनेषुच ॥ ६ ॥
वातपित्तेयुगस्यादौमध्येपित्तकफाविति ॥
प्रबलौद्वापरस्यांतेकफवातौवरानने ॥ ७ ॥
पित्ताऽधिक्यंकलौपातःकलेरंतेभविष्यति ॥
तदाह्यल्पायुषोलोकाभविष्यंत्यल्पबुद्धयः ॥८॥
युगरूपस्थकालस्यविज्ञानंभाषितंमया ॥
इदमब्दस्वरूपस्यवक्ष्येऽहंत्वमतःशृणु ॥ ९ ॥

હવે શિવ ઉત્તર દેછે કેઃ—હે પાર્વતી ! કૃત યુગ એટલે સત્યયુગમાં કફ બલવાન હતો, ત્રેતાયુગમાં વાયૂ બળવાન હતો, અને દ્વાપરમાં બે બે દોષ મળીને તે મનુષ્યના દેહમાં પ્રવેશ કરેછે, જેમકેઃ— દ્વાપરને પ્રારંભે વાતપિત્ત મધ્યમાં, પિત્ત કફ અને અંતમાં કફ વાયુ પ્રબલ છે, કલિયુગમાં પિત્ત પ્રબલ થશે, અને કલિયુગને અંતે સન્નિપાત થશે. તેથી લોકો અલ્પાયુશી અને અલ્પ બુદ્ધિનાં થશે. આ પ્રમાણે મેં તને યુગરૂપ કાલ જ્ઞાન કહ્યું ને હવે સંવત્સરરૂપ કાલ જ્ઞાન કહુંછું તે સાંભળ. ૯

वसंतत्तौकफंविद्धिग्रीष्मोपित्तंशरद्यपि ॥
मारुतंबलिनंतद्वत्प्रावृड्वर्षाहिमेषुच ॥ १० ॥
श्लेष्मापूर्वाह्णकेपित्तंमध्यान्हेचर्निशीथके ॥
अपराह्णेऽपरात्रौचपूर्वरात्रौमरुद्बली ॥ ११ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વસંત ઋતુમાં કફ બલવાન હોય છે, ગ્રીષ્મ અને શરદ ઋતુમાં પિત્ત બલવાન હોય છે, અને પ્રાવૃટ, વર્ષા ને હેમન્ત ઋતુમાં વાયુ બલવાન હોય છે, આ પ્રમાણે પૂર્વાહ્ણ એટલે દિવસના પ્રથમ તૃતિયાંશમાં કફ બલિષ્ટ હોય છે, તેમજ અપરાહ્ણ એટલે દિવસનો ત્રીજા તૃતિયાંશ અને પૂર્વરાત્ર એટલે રાત્રીના પ્રથમ તૃતિયાંશ, અને અપરાત્ર એટલે રાત્રીના છેવટના—અર્થાત્ ત્રીજા તૃતિયાંશમાં વાયુ બલવાન હોયછે. ૧૧

कालज्ञानंमयाप्रोक्तंदेशज्ञानमतःशृणु ॥
देशःसाधारणाज्नूपजांगलैस्त्रिविधोमतः ॥१२॥
नानावृक्षगणैःकीर्णःस्वाद्वंबुप्रचुरश्चयः ॥
सआनूपोमरुच्छ्लेष्मामयप्रायोमतोबुधैः ॥१३॥
अल्पवारिनगोदेशोजांगलःपरिकीर्त्तितः ॥
तत्ररोगाःप्रजायंतेवातपित्तास्रगुद्भवाः ॥ १४ ॥
समवृक्षजलोदेशोबुधैःसाधारणोमतः ॥
तत्रदोषसमत्वेनसमत्वंहिरुजांभवेत् ॥ १५ ॥
एवंज्ञात्वाभिषक्कुर्याच्चिकित्सामपिरोगिणः ॥
जयेद्रोगान्नसंदेहश्चान्यथामोहमाप्नुयात् ॥१६॥

કાલજ્ઞાન કહ્યું, હવે દેશજ્ઞાન કહુછું તે સાંભળ—સાધારણ, અનૂપ અને જાંગલ એવા ત્રણ પ્રકારના દેશ છે. જે દેશમાં પુષ્કળ વૃક્ષ અને પુષ્કળ મીઠું પાણી હોયછે તેને "અનૂપ" દેશ કેહેછે. આવા દેશમાં વાયૂ અને કફ સમ્બન્ધી રોગ ઉત્પન્ન થાયછે. જે દેશમાં વૃક્ષ અને પાણી અલ્પછે તેને "જાંગલ" કેહેછે. આવા દેશમાં વાત, પિત્ત અને રક્ત સમ્બન્ધી રોગ ઉત્પન્ન થાય છે. જે દેશમાં વૃક્ષ અને પાણી સમ–સરખાં છે તેને "સાધારણ" દેશ એમ કેહે છે. એમાં રોગ પણ સાધારણ થાય છે. આ પ્રમાણે કાલ અને દેશનો વિચાર કરીને જે વૈદ્ય રોગીની ચિકિત્સા કરશે તેજ રોગને જીતશે અર્થાત્ રોગને મટાડશે-નિર્મૂલ કરશે. અન્યથા મોહને પ્રાપ્ત થશે. ૧૬

शुक्लंवासोवसानःशुचिरपिगौरःश्यामलोवासुरू

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पः ॥ स्वज्ञातिर्वास्वगोत्रोधृतिमातियुक्तोऽलंकृतो मंगलाढ्यः ॥ पद्भ्यांवागोऽश्वयानैर्नृभिरपिदूतो प्यागतःस्विंगितश्च ॥ प्राज्ञेतुष्टःस्वतंत्रःसचरावर उक्तःकार्यकर्त्ताविधिज्ञः ॥ ३ ॥

હવે દૂત પરીક્ષા કહિયે છિયેઃ—વૈદ્યને બોલાવવા માટે આવેલા દૂતે—મનુષ્યે, જો ધોળાં વસ્ત્રો પેહેરેલાં હોય, પવિત્ર ગૌર વર્ણ છતાં સ્વરૂપવાન્ રોગીની જ્ઞાતીનો કિંવા સગોત્રી, ધૈર્યવાન્, બુદ્ધિમાન્, અલંકાર ધારણ કરેલા હોય, માંગલીક દ્રવ્યયુક્ત, ચાલીને કિંવા ગાડી, ઘોડે, પાલખી ઈત્યાદિક ઉપર બેશીને આવ્યો હોય, તેમજ શુભ ચેષ્ટાવાન્, સંતુષ્ટ અને સ્વતંત્રતાવાળો હોય તો તે દૂત શ્રેષ્ટ છે. ૩

स्वस्थंप्राङ्मुखमासीनंसमेदेशेशुचौशुचिं ॥
उपसर्पतियोवैद्यंसचकार्यकरःस्मृतः ॥ ४ ॥

પૂર્વે મુખ કરીને સ્વસ્થપણે શુદ્ધ ભૂમિ ઉપર બેઠેલા વૈદ્યને જો દૂત બોલાવવા આવે તો તે શ્રેષ્ટ છે. ૪

गृहीत्वाफलपुष्पाद्यंद्रव्यंवाभिषजोऽग्रतः ॥
नम्रीभूतोवदेद्वाक्यंसचकार्यकरःस्मृतः ॥ ५ ॥

ફલ, પુષ્પ કિંવા દ્રવ્ય ઈત્યાદિક હાથમાં લઈને વૈદ્ય સન્મુખ અતિ નમ્રપણે જે દૂત વાતચીત કરે તે દૂત શ્રેષ્ટ જાણવો. ૫

स्विन्नोमध्यदिनेप्राप्तोज्वलनस्यसमीपतः ॥
अभितस्तंप्रशस्तःस्याद्दूतःश्लेष्मामयेसति ॥ ६ ॥
रक्तपित्तातिसारेषुप्रमेहेग्रहणीगदे ॥
प्रशस्तोजलरोधेषुदूतोवैद्यमुपागतः ॥ ७ ॥
कफरोगेप्रशस्तोयःसपित्तेचाविगर्हितः ॥
वातरोगेवरोदूतःसौम्येवहतिमारुते ॥ ८ ॥

જે દૂતનું અંગ પરસેવાથી ભિજાયું હોય, મધ્યાન્હકાલ પ્રાપ્ત થયો હોય અથવા અગ્નિ સમીપ બેઠેલા વૈદ્ય પાસે, કફથી પીડિત રો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गीने જોવા માટે જે દૂત બોલાવવા આવે તે શ્રેષ્ટ છે. તેમજ રક્તપિત્ત, અતિસાર, પ્રમેહ અને સંગ્રહણી રોગમાં પીડાતા રોગીને જોવા માટે બોલાવવા આવનાર, વળી જ્યાં જલનો અવરોધ છે તે ઠેકાણે બોલાવવા આવનાર પણ શ્રેષ્ટ છે. જે દૂત કફરોગમાં શ્રેષ્ટ તે પિત્તરોગમાં નિંદિત છે જે દૂત મંદ મંદ પવન વાતામાં આવે તે વાતરોગમાં શ્રેષ્ટ છે. ૮

पित्तरोगेषुपूर्वाह्णेवातिकेष्वर्द्धरात्रके ॥
कफरोगेऽपराह्णेचप्राप्तोदूतोवरोमतः ॥ ९ ॥
वतातंकेषुमध्यान्हेचापराह्णेसमोऽधमः ॥
क्रमात्पित्तेपूर्वरात्रौनिशीथेचसमोऽधमः ॥१०॥
अपरात्रौचपूर्वाह्णेकफरोगेसमोऽधमः ॥
एवंज्ञात्वाभिषग्गच्छेद्यशोर्थीरोगिणोगृहं ॥११॥

પિત્તરોગી તરફથી પૂર્વાહ્ણકાલે આવેલો દૂત, વાતરોગી તરફથી અર્ધરાત્રિયે આવેલો દૂત અને કફરોગી તરફથી અપરાહ્ણકાલે આવેલો દૂત શ્રેષ્ટ છે, વાતરોગી તરફથી મધ્યાન્હકાલે આવેલો દૂત સાધારણ છે, અપરાહ્ણકાલે આવેલો દૂત નીચ છે. પિત્તરોગી તરફથી પૂર્વરાત્રીયે આવેલો દૂત સાધારણ, ને અર્ધરાત્રીયે આવેલો નીચ છે. કફરોગી તરફથી *અપરાત્રીયે આવેલો સાધારણ અને પૂર્વાહ્ણ કાલે આવેલો દૂત નીચ છે એમ જાણવું. ૧૧

दूतमुखाक्षरसंख्यात्रिधाविभाज्यातच्छेषेपश्येत् ॥
विषमेषजीवतिम्रियतेरोगीसमेचशून्येच ॥१२॥

જે દૂત વૈદ્ય પાસે આવીને જે વાક્ય બોલે તેના અક્ષર ગણીને તે અક્ષરને ત્રણે ભાગતાં—અર્થાત્ ભાગાકાર કરતાં વિષશમ ( બાકી ) રેહે તો રોગી સારો થશે, અને જો સમ કિંવા શૂન્ય રેહેતો રોગીનો રોગ સારો થવો કઠિન. ૧૨

દાખલો—૨૫. ભાગ્યા ૪ તો ભાગાકાર કરતાં બાકી એક રહે તે ખોટું—અને ૨૪. ને ૪. ભાગતાં કંઈપણ શેષ રેહેતો નથી માટે તે શ્રેષ્ટ છે.

---

* રાત્રીનો ત્રીજો ભાગ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



एकश्चेदसकृद्ब्रूयाच्चलशीघ्रंचिकित्सकं ॥
यामाद्ध्र्वंतदामृत्युंजानीयाद्रोगिणोभिषक् ।१३।

જે, રોગી તરફથી વૈદ્યને બોલાવવા જે દૂત આવે, તે, વૈદ્યને (ઉતાવળથી) "ચાલો, ચાલો" એમ એ કહેતો તે રોગી એક પ્રહર પણ જીવવો મુશ્કેલછે. ૧૩

एकश्चेदागतोदूतोवंशयष्टिकरस्तदा ॥
दिवसेसप्तमेमृत्युंजानीयात्तस्यरोगिणः ॥१४॥
बालावृद्धाःस्त्रियःषंढाश्चत्वारोद्वौत्रयश्चवा ॥
दुष्टवाक्यप्रवक्तारोरक्षोऽग्नियमदिक्स्थिताः ॥१५॥
शस्त्रास्त्रधारिणोभस्मपाषाणास्थिकरास्तथा ॥
रुजार्ताबधिरादीनाःकुचैलाःक्षुत्तृषार्दिताः ।१६।
श्रांताहीनाधिकांगाश्चभ्रांताविकृतलोचनाः ॥
खरोष्ट्रमहिषारूढाःप्लुतगद्गदवाचिनः ॥ १७ ॥
नग्नाःपाषंडिनोभग्नाआर्द्रांगास्तृणखंडिनः ॥
दूताहिगर्हिताएतेनैतैर्वैद्योव्रजेत्सह ॥ १८ ॥

જે દૂત વૈદ્યને તેડવા આવે તેના હાથમાં જો, વાંસની સોટી–લાકડી હોય તો તે રોગી સાતમે દિવસે મરશે એમ જાણવું. બાલક, વૃદ્ધ, સ્ત્રી, નપુંસક કિંવા વૈદ્યને તેડવા–બોલાવવા ચાર, બે, ત્રણ ઇ-ત્યાદિક દૂત આવે તો, અથવા દૂત દુષ્ટ વાક્ય બોલે, અને તે નૈઋત્ય, આગ્નેય–અને દક્ષિણ દિશા *સ્થિત હોય, અથવા શસ્ત્ર, અસ્ત્ર, ભ-સ્મ અને પાષાણ હાથમાં હોય, અથવા રોગી તરફનો દૂત, *સ્વયં-રોગી હોય, બેહેરો, દીન, કુવસ્ત્ર યુક્ત, ક્ષુધા અને તૃષાથી પીડિત, શ્રમિત, હીનાંગ કિંવા અધિકાંગવાળો, શ્રમિષ્ટ, નેત્રવિકારી, §બાલે-ય, ઊંટ, ભેંશ ઉપર બેઠેલો હોય કિંવા ગદગદિત સ્વરથી સ્પષ્ટ બોલતો ન હોય, નાગો, પાખંડી, ભગ્ન, આર્દ્રાંગી, હાથથી તૃણ તોડનાર એવો જો રોગી તરફથી દૂત આવે તો તેની સાથે વૈદ્યે જવુ નહીં કારણ તે નિંદિત છે. ૧૮

*ઉભો હોય. *જાતેજ રોગી હોય. §ગધેડું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नखद्विजोर्ध्वांगविघर्षकाये ।
घ्राणस्पृशोभूमिविलेखकाश्च ॥
सन्यासिनःपाणिविमर्दकाश्च ।
नखच्छिदश्चासितवाससश्च ॥ १९ ॥
चर्मादिहस्ताःपरिषेककाले ।
निशिप्रियेभोजनकालएव ॥
याम्यांदिशिप्रेयसिपृष्टभागे ।
चात्युच्चदेशेभिषजःस्थिताश्च ॥ २० ॥
पक्कंत्वसारंहिफलंगृहीत्वा ।
येवैद्यगेहमनुजाःप्रयांति ॥
नतैःसजूर्वैद्यवरःप्रगच्छे ।
द्यशःप्रहानिर्भविताहितत्र ॥ २१ ॥
सव्येऽपसव्येपृष्टेऽग्रभागे ।
दूतोयदातिष्टतिलोलदृष्टे ॥
कांतेतदारुकुपंचत्वकष्ट ।
मायुष्यमेवंक्रमतोव्यवश्येत् ॥ २२ ॥

નખ, દાંત અને ઉર્ધ્વાંગ ખજવાળનાર, નાકને સ્પર્શ કરનાર, ભૂમી ઉપર હાથથી અથવા પગ ઈત્યાદિકથી રેખા-લીટીઓ કાઢનાર, સંન્યાસી, હાથ ચોળનાર, નખ તોડનાર, કાળા વસ્ત્ર ધારણ કરનાર, સ્નાનકાલે-અથવા ભોજન સમયે આવનાર, વૈદ્યની જમણી બાજુએ, કિંવા પૃષ્ટ ભાગે, કિંવા વૈદ્યથી અતિ ઉચે* બેસનાર, અને પકવ છતાં જેમાં સાર-તત્વ-મિઠાસ નથી એવું ફલ હાથમાં રાખી વૈદ્યને તેડવા

*અર્થાત્ વૈદ્યની પાસે જે દૂત જાય તે વૈદ્યના સ્થાનમાં જો કોઈ ઉચે ઠેકાણે બેસીને રોગીને માટે પૂછપરછ કરે તેનેજ આ ઠેકાણે ઊંચી જગ્યા ગણવી બીજી નહીં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવનાર વિગરે પ્રકારના દૂત સાથે ( ચતુર ) વૈદ્યે જવું નહીં, કારણ કે તેની સાથે જવાથી યશ મળનાર નથી—જે દૂત વૈદ્યને બોલાવવા આવે તે જો વૈદ્યની ડાબી બાજુએ ઉભો રહે તો ( રોગીનો ) રોગ કઠિન છે એમ જાણવું. જમણી બાજુએ ઉભો રહિને રોગી માટે કંઈ પૂછપરછ કરે તો રોગીનું મૃત્યુ છે એમ જાણવું. જો તે દૂત વૈદ્યને પૂઠે ઉભો રહી રોગી માટે પૂછે તો રોગીનું કષ્ટ સાધ્ય છે એમ જાણવું. તેમજ જો સન્મુખ આવી પૂછપરછ કરે તો સુખસાધ્ય છે એમ જાણવું. ૨૨

यमदिशाभिमुखंत्वंशुचौभुवि ।
ज्वलनप्रज्वलनेपचनेस्थितं ॥
यउपसर्पतिवैद्यमयेप्रिये ॥
तमिहदूतमवेहियमानुगं ॥ २३ ॥
नग्नंभूमौशयानंवावेगोत्सर्गेषचोद्यतं ॥
प्रकीर्णकेशमभ्यक्तंस्विन्नंविक्लवमेवच ॥ २४ ॥
कुर्वंतंपैतृकंदैवंकार्यंचोत्पातदर्शने ॥
मध्यान्हेचनिशीथेचसंध्ययोःकृत्तिकर्क्षके ॥ २५ ॥
आर्द्राश्लेषामघामूलत्रिपूर्वाभरणीषुच ॥
चतुर्थ्यांचनवम्यांचषष्ठ्यांसंधिदिनेषुच ॥ २६ ॥
कुर्वंतंवनितासंगंक्रूरकर्मणिवोद्यतं ॥
येवैद्यमुपसर्पंतिदूतास्तेचांपिगर्हिताः ॥ २७ ॥

જે વૈદ્ય અપવિત્ર ભૂમી ઉપર દક્ષિણાભિ મુખ કરી બેઠો હોય તે પ્રસંગે, અગ્નિ સળગાવતો હોય તે પ્રસંગે, સ્વયંપાક-રાંધતો હોય તેવે પ્રસંગે, જો કોઇ દૂત આવે તો તેને યમનો દૂત છે એમ જાણવું અર્થાત્ તે નિંદિત છે. વળી તેમજ જો વૈદ્યે નગ્ન ભૂમી ઉપર શયન કર્યું હોય, મલમૂત્ર કરવા માટે ( વૈદ્ય ) પ્રવૃત્ત થયો હોય, જે વૈદ્યે (માથાના ) કેશ છુટા મુકયા હોય, જે વૈદ્યે ( શરીરમાં )-તૈલમર્દન કર્યું હોય, જે વૈદ્યને પરશેવો થયા છતાં વ્યાકુલ થયો હોય, પૈતૃક અથવા દેવકર્મ કરવા વૈદ્ય બેઠો હોય તે વખતે, અથવા દૈવી ઉત્પાત ચાલુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છતાં મધ્યાન્હકાલે, મધ્યરાત્રે, સંધ્યાકાલે કૃત્તિકા, આર્દ્રા, આસ્લેષા, મઘા, મૂલ, ત્રિપૂર્વા, ભરણી વિગેરે નક્ષત્રો હોય તે વેળા, કિંવા ચતુર્થી, નવમી, ષષ્ટી, અમાવાષ્યા, પૌર્ણીમા ઇત્યાદિક તિથિ હોય તે દિવસે, અથવા વૈદ્ય સ્ત્રી સંગ કરતો હોય તે વખતે, કિંવા ક્રૂર કર્મ કરવા પ્રવૃત્ત થયો હોય તે વખતે જો કોઈ દુત=મનુષ્ય ( વૈદ્યને ) બોલાવવા–તેડવા આવે તો તે નિંદિત છે એમ જાણવું. ૨૭.

॥ ग्रंथांतरेउक्तं ॥

दूतोरक्तकषायकृष्णवसनोदंडीजटीमुंडित ॥
स्तैलाभ्यक्तवपुर्भयंकरवचोदीनोश्रुपूर्णेक्षणः ॥
भस्मांगारकपालपाशमुशलीसूर्येऽस्तगेव्याकुलो
यःशून्यस्वरसंस्थितोगदवतोदुतःसकालानलः २८

જેણે રાતાં, ભગવાં કિંવા કાળાં વસ્ત્ર ધારણ કર્યાં હોય, દંડ કિંવા જટા ધારણ કરી હોય, મુંડન કરાવ્યું હોય, તૈલ મર્દન કર્યું હોય, ભયંકર ભાષણ કરનારો, દીન, આંસુથી જેના નેત્ર ભરાઇ ગયાં હોય, ભસ્મ, અગ્નિ, ખપ્પર કપાલ પાશ, મૂસલ ઇત્યાદિ જેણે હાથમાં ધર્યાં હોય, સૂર્યાસ્ત સમયે આવેલો વ્યાકુલ કિંવા વૈદ્યના શૂન્ય સ્વરથી ઉભો રહેલો દુત જો વૈદ્યને બોલાવવા આવે તો કેવલ રોગીનો કાલ આવ્યો છે એમ જાણવું. ૨૮

वैद्यंसंभाष्यमाणोंगंकुड्यमास्तरणंतुवा ॥
प्रमृज्याद्धाधुनोत्येवकरौपृष्टांशिरःस्वकं ॥ ३२ ॥
हस्तमाकृष्यवैद्यस्यन्यसेच्छिरसिवोरसि ॥
नसजीवतिवावैद्यंविनिंदेदोषधंतुवा ॥ ३३ ॥

જે રોગી વૈદ્યની સાથે સમ્ભાષણ કરતી વખતે, પોતાના અંગ ઉપર ભીંત ઉપર અથવા, પોતાના આસન ઉપર હાથ ફેરવે, તાલી પાડે, અથવા માથું ધુણાવે અથવા વૈદ્યનો હાથ ખેંચી પોતાના માથા ઉપર કિંવા હૃદય ઉપર ધરે, અથવા વૈદ્યની કિંવા ઔષધની નિંદા કરે, તો તે રોગી ન જીવે એમ જાણવું. ૩૩

॥ अथशकुनान्याह ॥ तत्रतावच्छुभान्याह ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गोवृषौसितौशुभौचविप्रवारणौनृपः ॥
पुष्पमश्वचाषहंसबर्हिरत्नमोदकाः ॥
छत्रमत्स्यमांसनीरपूर्णकुंभरोचनाः ॥
कन्यकास्वलंकृतावरांगनाबरामता ॥ १ ॥
वेणुशंखमेघवेददुंदुभीरथस्वनाः ॥
स्तोत्रपाठउच्छ्रितंध्वजंज्वलद्विभावसुः ॥
जातरुपमक्षताःसुपुत्रसंयुतावधूः ॥
गौःसवत्सकाप्रयाणइत्ययंगणोवरः ॥ २ ॥
दध्यांमंफलमेहीतिवाचोऽग्रेयाहिपृष्टतः ॥
वामेवादक्षिणेवाचःसौम्याःसौम्यफलप्रदाः ॥ ३ ॥
सिंहगोवृषनादाश्वहेषितंगजबृंहितं ॥
शुभंहंसरुतंप्रोक्तंघूकशब्दंतुवामतः ॥ ४ ॥
पुनामानःखगावामेस्त्रीसंज्ञादक्षिणेशुभाः ॥
यानंदक्षिणतोवामेप्रशस्तंश्वशृगालयोः ॥ ५ ॥
मृदुःशीतोऽनुकुलश्चसुगंधिःपवनःशुभः ॥
ग्रंथ्यर्बुदादिषुप्राज्ञैश्छेदशब्दःसुपूजितः ॥ ६ ॥
विद्रध्युदरगुल्मेषुभेदशब्दस्तथैवच ॥
रक्तपित्तातिसारेषुरुध्दशब्दोवरोमतः ॥ ७ ॥

હવે શુભ શુકન પરીક્ષા કહિયે છિયેઃ—ધોળી ગાય કિંવા, બળદ, બ્રાહ્મણ, હસ્તી—હાથી, રાજા, પુષ્પ, ઘોડા, નીલકંઠ પક્ષી—ચાસ, હંસ, મોર, રત્ન, મોદક—લાડૂ, છત્ર, મત્સ્ય, માંસ, પાણીથી ભરેલી ગાગર, ગોરોચન, અલંકારયુક્ત કન્યા કિંવા સૌભાગ્યવતી સ્ત્રી, તેમજ વેણુ, શંખ મેઘ, વેદ, નગારૂં, રથનો અવાજ, સ્તોત્ર પાઠની ધ્વની, ઉભી ફરકતી ધ્વજા, પ્રદીપ્ત અગ્નિ, સુવર્ણ, અક્ષત—ડાંગર, પુત્ર સહિત સ્ત્રી, અને સવત્સા ગાય—એટલે વાછડા સહિત ગાય, રોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના ઘર તરફ જતાં વૈદ્યને સામા મળે તો તે શ્રેષ્ટ (શુકન) છે એમ જાણવું. દહીં, (કાચું) ફલ, "આગળ આવો" એવા શબ્દો સન્મુખથી, અને "જાઓ" એવા શબ્દો પાછળથી, ડાબા કિંવા જમણે પાસે શુભ ભાષણ પણ શુભ છે. તેમજ સિંહ. ગાય, બળદ, અશ્વ, ગજ–હાથી, હંશ અને ઘુવડ એટલાંના શબ્દો જો ડાબી બાજુએ થાય તો તે શ્રેષ્ટ છે. પુલ્લિંગ વાચક પક્ષી ડાબે પાસે અને સ્ત્રી લિંગ વાચક પક્ષી જમણે પાસે–બાજુએ સારાં જાણવાં, કુતરાં અને શિયાળવાં જમણેથી ડાબે ઉતરે તો શ્રેષ્ટ જાણવું. મંદ, શીતલ, તેમજ અનુકૂલ અને સુગંધીયુક્ત વાયુ ઉત્તમ જાણવો. ગ્રન્થિ, અર્બુદ, ઇત્યાદિ રોગની ચિકિત્સા કરવા જતાં "છેદ" એવા જો ધ્વની થાય તો તે સારી જાણવી. વિદ્રધિ, ઉદર, અને ગુલ્મ રોગની ચિકિત્સા માટે જતાં "ભેદ" શબ્દની ધ્વની થાય તો તે ઉત્તમ જાણવી, તેમજ રક્તપિત્ત અને અતિસાર માટે "રૂદ્ધ"—પ્રતિબંધ કરો એવો શબ્દધ્વની ઉત્તમ જાણવો. ૭

## ॥ आथशुभान्याह ॥

एहीतिपृष्टतोयाहीत्यग्रतोनशुभप्रदः ॥
कूतोयासीतिनोयाहिसर्वतश्चनशस्यते ॥ ८ ॥
शशमार्जारनकुलचाषाहिगृध्रकौशिकैः ॥
मार्गच्छेदंनशंसंतिगोधासरटवानरैः ॥ ९ ॥
दर्शनंचरुतेशस्तंनगोधाकृकलासयोः ॥
तथैवाक्रुष्टहाकष्टमाक्रंदरुदितःस्वनाः ॥ १० ॥
छर्दिवातपुरीपाणांशब्दोवैगर्दभोष्ट्रयोः ॥
प्रतिषिद्धस्तताभग्नक्षुतोस्खलितमाहतं ॥ ११ ॥
दौर्मनस्यंचवैद्यस्ययात्रायांनप्रशस्यते ॥
निर्गच्छेद्रोगिणोद्वारान्मंगलंतदमंगलं ॥ १२ ॥
नग्नोबालेतरोमुंडीशंढकोमलिनांबरः ॥
काषायवसनोभग्नोव्यंगोभूतिधरोजटी ॥ १३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तैलकृत्स्वर्णकारश्चरोगार्त्तोमद्यविह्वलः ॥
केशभस्मास्थिकाष्ठाश्मतुषकार्पासकंटकाः ॥१४॥
खट्वोर्ध्वपादापिण्याकंवसातैलंतृणंतिलाः ॥
प्रयाणेवाप्रवेशेवानोशस्तादर्शनंगताः ॥ १५ ॥
नशुभंतस्यवैद्योवागृहेयस्यनपूजितः ॥
शकुनानिमयाक्तानिप्रोक्तानीतिविचारय ॥१६॥

હવે અશુભ શુકન તે ક્યા તે કહિયે છિયેઃ—ચિકિત્સ કરવા નિકળેલા વૈદ્યની આગળ "જાઓ" કિંવા તે (વૈદ્ય) ની પાછળ "આવો" તેમજ 'ક્યાં જાવછો,' 'નજશો' એવા જે શબ્દ થાય તો તે અશુભ જાણવા. સસલું, બિલાડી, નોળિયુ, નીલકંઠ પક્ષી, સર્પ, ગીધ, ઘુવડ, ઘો, કાચંડો, અને વાનર એટલાં આડે ઉતરે તો અશુભ જાણવું. ઘો અને કાચંડાનું દર્શન અને શબ્દ પણ અશુદ્ધ જેમ કેઃ—હાય ! હાય ! ! અરે બાપરે ! ! વિગેરે નિંદિત છે. ઓકારી, અધોવાયૂ,—વાછુટ, શૌચ વધિ વખતે જે શબ્દ બોલાયછે તે, ગર્ધવ, ઊંટ એમના શબ્દ. કોઈ પણ પદાર્થ ફુટતાની સાથે થતો શબ્દ, છીંક કિંવા પડવાનો ( કોઈ પણ વસ્તુ ) શબ્દ કિંવા કાંઈ મારવાનો શબ્દ તે નિંદિત છે. રોગીના ઘર તરફ જતી વખતે વૈદ્યનું મન પ્રસન્ન ન હોય તો તે પણ અશુભ. રોગીના ઘર આગળ ગયા પછી ત્યાં કાંઇ મંગલ માલમ પડે તો તે અમંગલ જાણવું. નગ્ન, મુંડન કરાવેલું હોય, ષંઢ નપુંષક, મલિન વસ્ત્ર ધારણ કરનાર, કાળાં વસ્ત્ર ધારણ કરનાર, ભગ્ન, વ્યંગ થયેલો, ભસ્મ ધારણ કરનાર, જટાધારી, તૈલી, તૈલ વેચનાર, સોની, રોગી, મદ્યપાન કરેલો, કેશ, ભસ્મ, અસ્થિ, કાષ્ટ, પત્થર, તુષ-* ભૂસી, કપાસ, કાંટા, ઊલટો ખાટલો, તલનો ખોળ, ચરબી, તૈલ, ઘાસ—ચારો તિલ એ વિગેરે પદાર્થો રોગીના ઘર તરફ જવા નિકળ્યા પછી અથવા રોગીના ઘરમાં પેસતાં સામા મળે તો તે નિંદિત છે, રોગીને ઘેર ગયા પછી ત્યાં જો વૈદ્યનો સત્કાર ન થાય તો તે પણ અશુભ છે. ૧૬

॥ अथ स्वप्नशुभाशुभफलमाह ॥
देवताप्रतिमाविप्राज्जीवतःसुहृदोनृपान् ॥

*ભૂસી—બાજરિયો ઉપર આવેછે તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यःपश्येद्वृषभान्गाश्चस्वप्नेस्वच्छंजलंपलं ॥ २ ॥
सम्मिद्धमग्निंमत्स्यांश्चस्रजःश्वेताःफलानिच ॥
वासांसिधनमाप्नोतिरोगीचेन्नीरुजोभवेत् ॥ ३ ॥

હવે શુભાશુભ સ્વપ્નનું ફલ કહિએ છિયેઃ—દેવની પ્રતિમા, બ્રાહ્મણ, જીવંત, સુહૃદ, રાજા, બળદ, ગાય, સ્વચ્છ જલ, માંસ, પ્રજ્વલિત અગ્નિ, મત્સ્ય, શુભ પુષ્પની માલા, ફલ અને વસ્ત્ર એટલાં જો સ્વપ્નમાં જોવામાં આવે તો, ધન લાભ થાય છે, અને જો રોગીને સ્વપ્નામાં જોવામાં આવે તો તેનો રોગ મટે છે. ૩

विट्प्रदिग्धंशरीरंयोजनःपश्येत्स्वकीयकं ॥
पिबेत्क्षीरंपलंभक्षयेदामंरोदितिसस्वरं ॥ ४ ॥
प्रासादान्सफलान्वृक्षानारोहेद्गजपर्वतान् ॥
संतरेत्तटिनींसिंधून्क्षुभितान्कलुषोदकान् ॥ ५ ॥
उरगोवाजलौकोवाभ्रमरोवापियंदशेत ॥
सस्वस्थःप्राप्नुयाद्वित्तंरोगीमुच्येतरोगतः ॥ ६ ॥

જે પોતાના શરીરને સ્વપ્નમાં વિષ્ટાથી લિપ્ત જુવે અથવા સ્વપ્નામાં દૂધ, કિંવા કાચુ માંસ ભક્ષણ કરે, કિંવા મોઢેથી રડે, મેહેલ ઉપર, ફલયુક્ત વૃક્ષ ઉપર, હાથી અથવા પર્વત ઉપર સ્વપ્નમાં ચડે તો કિંવા નદી, ક્ષુબ્ધ થયેલો સમુદ્ર તરે, કિંવા જેને સર્પ, જલજંતુ અથવા ભ્રમર કરડે તો તે જો, નિરોગી હોય તો તેને દ્રવ્ય પ્રાપ્તી થાય, ને જો રોગી હોય તો નિરોગી થાય. ૬

अतोऽनिष्टप्रदान्वक्ष्येस्वप्नान्ध्यायन्हरिंप्रभु ॥
व्याधितःपश्यमानोयःसुहृद्भिःसुजनैरपि ॥ ७ ॥
स्नेहाभ्यक्तशरीरःसन्करभव्यालगर्दभैः ॥
वाराहैर्महिषैर्वापिदक्षिणायांदिशिव्रजेत् ॥ ८ ॥
रक्तांबरधराकृष्णाहसंतीमुक्तमूर्द्धजा ॥
यंवाकर्षतिवध्वास्त्रीनृत्यंतीदक्षिणांदिशं ॥ ९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अंत्यावसायिभिर्योवाकृष्यतेदक्षिणामुखः ॥
परिस्वजेरन्यंवापिप्रेत्ताःप्रव्राजकास्तथा ॥ १० ॥
मुर्द्धन्याघ्रायतेयस्क्तश्वापदैर्विकृताननैः ॥
पिबेन्मधुचतैलंचयोवापंकेवसीदति ॥ ११ ॥
पंकप्रदिग्धगात्रोवाप्रनृत्येत्प्रहसेतथा ॥
निरंबरश्चयोरक्तांधारयेच्छिरसिस्रजं ॥
सस्वस्थोलभतेव्याधिंरोगीमृत्युमवाप्नुयात् १२

હવે હરિતું સ્મરંણ કરીને અશુભ સ્વપ્ન કહિયે છિયેઃ—સ્વપ્નમાં જો પોતાને કાંઈ વ્યાધી થયા છતાં પોતાનો મિત્ર જોઈ રહ્યેછે એવું જો જોવામાં આવે તો, કિંવા અંગને તૈલાદિક લગાડીને હાથીના બચ્ચા ઉપર, ગધેડા ઉપર, ડુક્કર ઉપર, કિંવા ભેંશ ઉપર બેશી દક્ષિણ દિશા તરફ જઈએ છીએ એમ જો જણાય તો, કાળી સ્ત્રી રાતાં લુગડાં પેહેરીને અને માથાના વાળ છુટા મુકીને આપણને બાંધી નૃત્ય કરતાં કરતાં દક્ષિણ દિશા તરફ લઈ જાય છે એવું જો જોવામાં આવે તો, કિંવા આપણને ચાંડાલો પકડીને દક્ષિણ દિશા તરફ લઈ જાય છે એવું જો જોવામાં આવે તો, અથવા આપણને મરેલો મનુષ્ય કિવા સન્યાસી આવીને આલીંગન આપે છે એવું જો માલમ પડે તો, કિવા પંચનખી શ્વાપદો ( કૂત્રાં, વાઘ. ઇ. ) તેમના પોતાના ભયંકર મુખ વડે કરીને આપણું મસ્તક સુંધી જુવે તો કિંવા મધ અથવા તૈલ પ્રાશન કરે તો અથવા કિચ્ચડમાં ડુબે તો—કિચ્ચડ આખે શરીરે લગાડી નૃત્ય કર્યા જેવું સ્વપ્ન આવે તો, અથવા હસે તો. કિંવા પોતે નગ્ન થઈ માથા ઉપર લાલ પુષ્પની માળા ધારણ કરેલી જુવે તો, જો, તે જોનાર નિરોગી હોય તો રોગી થાય ને જો રોગી હોય તો મૃત્યુને પામે. ૧૨

यस्यवंशोनलोवापितालोवोरसिजायते ॥
यंवामत्स्योग्रसेद्योवाजननींप्रविशेदपि ॥ १३ ॥
पर्वताग्रात्पतेद्योवाश्वभ्रेवातमसावृते ॥
ह्रियतेस्रोतसावापितथामौढ्यमवाप्नुयात् । १४ ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पराजीयेतबध्येतकाकाद्यैर्वाऽभिभूयते ॥
यस्यच्छर्दिर्विरेकोवास्याद्दंताःप्रपतंतिवा ॥ १५ ॥
यःपश्येद्देवतानांवाप्रकंपमवनेस्तथा ॥
पतनंतारकादीनांप्रणाशंदीपचक्षुषोः ॥ १६ ॥
शाल्मलींकिंशुकंयूपंवल्मीकंपारिभद्रकं ॥
पुष्पितंकोविदारंवाचितांवायोऽधिरोहति ॥ १७ ॥
कार्पासतैलपिण्याकलोहानिलवणंतिलान् ॥
लभेताश्नीतवापक्कमन्नंयश्चपिबेत्सुरां ॥
स्वस्थश्चेत्प्राप्नुयाद्व्याधिमार्त्तोमृत्युमवाप्नुयात् १८

સ્વપ્નમાં જે મનુષ્ય પોતાની છાતી ઉપર વાંસ, નલ વૃક્ષ, તાડ વૃક્ષ ઉત્પન્ન થયેલું જુવે, અથવા પોતાને મત્સ્યથી ગળતાં જુવે, કિંવા જતુની સાથે વિષય ભોગ કરતાં જુવે, કિંવા પર્વતની ટોચથી પડતાં જુવે, અથવા અંધારૂં હોવાને લીધે પૃથિવી ઉપરના ખાડામાં પડતાં જુવે, અથવા પાણીના પ્રવાહમાં તણાતાં જુવે, કિંવા પોતે મૂર્ખ થયો છે એમ જુવે, કિંવા સત્રુથી પરાભવ થયો જુવે અગર તેમનાથી બંધાએલો જુવે, કિંવા કાગડા વિગેરે ભય દેખાડેછે એવું જુવે, કિંવા, વાંતિ, જુલાબ થતાં જુવે, દાંત પડે છે એવુંજુવે, કિંવા દેવતા અથવા પૃથિવી કાંપે છે એવું જુવે, કિંવા નક્ષત્ર પડતાં જુવે, દીપ અને નેત્રના નાશને જુવે, કિંવા શીમળો, પલાસ, યુપ ( યજ્ઞ સ્તંભ) ફ્રીડિયારૂં, કડવો લીંબડો, પુષ્પિત, કાંચન, ચિતા એટલાં ઉ, પર ચઢતાં જુવે, અથવા કપાસ, તૈલ, ખોળ, લોખંડ, મીઠું, તિલ, એટલાં જો પ્રાપ્ત થાય તો, અથવા અન્ન મળે, અથવા તેનું ભક્ષણ કરે, કિંવા સુરા પ્રાશન કરે વિગેરે સ્વપ્નમાં જોનાર મનુષ્ય નિરોગી હોય તો પણ રોગને પામે, ને રોગી હોય તો મૃત્યુને પામે. ૧૮

शुनांसख्यंज्वरीशोषीकपिसख्यमवाप्नुयात् ॥
उन्मादीचाप्यपस्मारीक्रमाद्राक्षसप्रेतयोः ॥ १९ ॥
मेहातिसारिणौतोयंकुष्ठीस्नेहगणंपिबेत् ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शष्कुलींछर्दिमान्भक्ष्येध्दारिद्रंपांडुरोगवान् २०
गुल्मेषुस्थावरोत्पतिःकोष्ठमूर्ध्निशिरोरुजि ॥
सतिश्वासेपिपासायांगच्छेदध्वानमेवच ॥
रक्तपित्तीपिबेद्यश्चशोणितंसविनश्यति ॥ २१ ॥

સ્વપ્નમાં જ્વર વાળાને કુતરા સાથે મિત્રતા હોય, રાજ્યક્ષ્માવાળાને વાંદરાથી, ઉન્માદ રોગીને રાક્ષસથી, અપસ્માર રોગીને પ્રેતથી મિત્રતા હોય તો તે મરે. પ્રમેહ અને અતિસારવાળો રોગી જો સ્વપ્નમાં, પાણી, કુષ્ટી, તૈલ, ઘૃત ઈત્યાદિ પિયે, વાંતી રોગી પૂરી ખાય, પાંડુ રોગી પીળો પદાર્થ ભક્ષણ કરે, ગુલ્મ રોગી પોતાના પેટમાં વૃક્ષ કિંવા પર્વત જુવે, શિરો રોગી પોતાના માથા ઉપર ઝાડ કિંવા પર્વત જુવે, શ્વાસ કિંવા તૃષા રોગી પોતાને રસ્તે હીંડતાં જુવે અને રક્તપિત્ત રોગી રક્ત પ્રાશન કરતાં જુવે તો તેનો નાશ થાય. ૨૧

स्वप्नानेवंविधान्दृष्ट्वाप्रातरुत्थाययत्नवान् ॥
दद्यान्माषांस्तिलाँल्लोहंविप्रेभ्यःकांचनादिकं २२
गायत्रींवाजपेन्मंत्रान्श्रीपतेःशंकरस्यवा ॥
गजेंद्रमोक्षणंवापिप्रपठेच्छृणुयात्तुवा ॥ २३ ॥
यथाप्रकृतिकाःस्वप्नाविस्मृताविहताश्चये ॥
चिंतिताश्चदिवादृष्टाभवंत्यफलदास्तुते ॥ २४ ॥

ઉપર કહેલાં દુષ્ટ સ્વપ્નો જો જોવામાં આવે તો, પ્રાતઃકાલે ઉઠી સ્નાન કરી અડદ, તિલ, લોહ અને સુવર્ણાદિ દ્રવ્ય બ્રાહ્મણને આપી ગાયત્રી અથવા વિષ્ણુના મંત્ર કિંવા શિવના મંત્ર જપવા, અથવા ગજેન્દ્રમોક્ષનો પાઠ કરવો, જો પાઠ ન આવડતો હોય તોકોઇની પાસે સાંભળવાથી પણ દોષ નિવારણ થાયછે, પરંતુ જો સ્વપ્ન પોતાની પ્રકૃતિને સમાન હોય અથવા જોઈને તે ભુલી જાય, કિંવા તે દુઃસ્વપ્ન ઉપર બિજાં શુભ સ્વપ્ન જોવામાં આવે, અથવા ચિંતવન કરતાં દેખે, અથવા દિવસે સ્વપ્ન દેખે તો કંઈ પણ શુભાશુભ ફલ નથી. ૨૪

॥ अथशब्दादिभ्योरोगज्ञानमाह ॥

कफाद्गंभीरशब्दःस्यात्स्फुटवक्ताचपित्ततः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वातान्मध्यस्वरश्चैवंजानीयाद्भिषगुत्तमः ॥ ॥ १

હવે શબ્દ પરીક્ષા કહિયે છિયેઃ—કફ રોગીનો શબ્દ ગંભીર, પિત્તરોગીનો સ્પષ્ટ અને સ્વચ્છ, અને વાતરોગીનો શબ્દ મધ્યમ હોયછે. ૧

॥ अथस्पर्शपरीक्षा ॥

वाताच्छीतःकफाच्चार्द्रःशीतलश्चनरोभवेत् ॥
पित्तादुष्णोरुजार्त्तश्चज्ञायतेस्पर्शतस्त्विति ॥ २ ॥

હવે સ્પર્ષ પરીક્ષા કહિયે છિયેઃ—વાત રોગીનું અંગ શીતલ કફરોગીનું અંગ ચીકણું અને શીતલ હોયછે, અને પિત્તરોગીનું અંગ, ઊનું હોયછે. ૨

॥ अथवर्णपरीक्षा ॥

वातेनरुक्षगात्रःस्याच्छयावःपिंगश्चवाभवत् ॥
पित्तेनपीतगात्रःस्यात्तैलाभ्यक्तइवापिच ॥
कफात्स्निग्धश्चशुक्लश्चवर्णतश्चाविनिश्चयेत् ॥ ३ ॥

હવે વર્ણ પરીક્ષા કહિયે છિયેઃ—વાતરોગીનું અંગ રૂક્ષ છતાં કાળું અથવા પિળાશ પડતું હોયછે, પિત્તરોગીનું અંગ પીળું અથવા તેલ લગાડયા માફક હોયછે અને કફરોગીનું અંગ સ્નિગ્ધ છતાં શુક્લ વર્ણવાળું હોયછે. ૩

॥ नाडीस्थानगतीमाह ॥

वातिकायाःपतिर्ब्रह्मापैत्तिकायास्त्रिलोचनः ॥
श्लैष्मिकायाःपतिर्विष्णुर्वदंतीतीमुनीश्वराः ॥ ११ ॥
नाडीस्थानानिविद्धित्वमनुभूतानिमेकिल ॥
पित्तवातकफानांहिक्रमादंगुष्टमुलतः ॥ १२ ॥

હવે નાડીના દેવ એટલે સ્વામી કહિયે છિયેઃ—વાયુ નાડીના સ્વામી બ્રહ્મદેવ, પિત્ત નાડીના સ્વામી શિવ અને કફની નાડીના સ્વામી વિષ્ણુ છે. હવે સ્થાન કહિયે છિયેઃ—હાથના અંગુષ્ટ મૂલથી પ્રથમ પિત્તસ્થાન, મધ્યમાં વાયુસ્થાન અને અંતમાં કફસ્થાન છે. ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



॥ एतदेवोक्तंसनत्कुमारपराशरसिद्धांतिभ्यां ॥
वाताधिकावहेन्मध्येत्वग्रेवहतिपित्तला ॥
अंतेश्लेष्मवतीज्ञेयामिश्रितेमिश्रिताभवेत् । १३ ।

આ પ્રમાણે સનત્કુમાર અને પારાશર સિદ્ધાંતિયોયે કહ્યું છે કેઃ—વાતાધિક નાડી મધ્યમાં-વચમાં, પિત્તાધિક આદિમાં, કફાધિક છેવટમાં અને દ્વિદોષ કિંવા ત્રિદોષ મિશ્રિત નાડી મિશ્રિત ચાલેછે.

॥ अत्रकारणमुक्तंचताभ्यां ॥
पित्तपंगुकफःपंगुःपंगवोमलधातवः ॥
वायुनायत्रनीयंतेतत्राकर्षंतिमेघवत् ॥ १४ ॥
अतोमध्यगतोवायुःपित्तंप्रेरयतिद्रुतं ॥
स्वाग्रगंकर्षतेनाड्यांमंदंचस्वानुगकफं ॥ १५ ॥
यथाझंझामरुद्भूमौस्वाग्रगंप्रेरयेत्तृणं ॥
कर्षयेच्चानुगंवक्रःशीघ्रमंदगतिंक्रमात् ॥ १६ ॥
अतोग्रगस्यपित्तस्यज्ञायतेचपलागतिः ॥
वक्राचमरुतोमध्येचांतेमंदाकफस्यहि ॥ १७ ॥

અહીં એમણે કંઈ કારણો કહ્યાં છે જેમ કેઃ—પિત્ત, કફ,મલ અને ધાતુ, સર્વે પાંગળાં છે, તેથી વાદળાંને વાયુ જેમ લઈ જાયછે તેમ તે તરફ તે જાયછે, તે પ્રમાણે તેને વાયુ જે ઠેકાણે લઈ જાય તે ઠેકાણે તે જાયછે, તેથી વાયુ નાડીના મધ્ય ભાગમાં રહિને આગળ પિત્તને શીઘ્રગતીથી ચલવેછે, જેમકેઃ—પૃથિવી ઉપર અતિ પ્રબલ વાયુ (તોફાની વાયરો) આગળનાં તૃણને ઝપાટાબંધ ઊરાડેછે ને પાછળનાને મંદગતીમાં ચલાવે છે તેમજ તે આપણામાં રહિને વક્ર ગતીથી ચાલેછે. તેજ પ્રમાણે નાડીના અગ્રભાગમાં સ્થિત થયેલા પિત્તની ગતી ચંચલ હોયછે. મધ્યસ્થિત વાયુની ગતી વાંકી હોયછે અને અંતભાગ સ્થિત કફની ગતી મંદ હોયછે. ૭

आयुर्वेदेधर्मशास्त्रेज्योतिःशास्त्रेचपंडिताः ॥
कलौपाराशरंवाक्यंश्रेष्ठमाहुर्हिसर्वतः ॥ ३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तत्समंसुमतंतस्यनाडीज्ञानेयतोस्तिह ॥
ततःसनत्कुमारस्याऽपिप्रमाणमिहेरितं ॥ ४ ॥

વૈદ્યશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને જ્યોતિઃશાસ્ત્રમાં પણ કલિયુગમાં પારાશરનુંજ વાક્ય શ્રેષ્ઠ છે એવું પણ્ડિતો કેહેછે. તેમજ આ નાડી જ્ઞાનમાં સનત્કુમારનો મત પારાશર ઋષિના જેવો છે. તેથી તેમનો મત આ ઠેકાણે પ્રદર્શીત કર્યો છે. ૪

मुनीनांवाक्यसत्यत्वेहेतुंतेप्रवदाम्यहं ॥
युगानुरूपास्यान्नाड्यांदोषस्थानविकल्पना ॥
संहितायांस्वकीयायांशिवेनोक्ताचसाप्रिये । ५ ॥

સર્વ મુનિયો સત્યવાદી છે તેનું કારણ કહિયે છિયેઃ—વાતાદિ દોષના સ્થાનમાં નાડીની ગતી જુદી જુદી હોયછે તેની વ્યવસ્થા શિવ સંહિતામાં શ્રી શંકરે કહ્યુ છે કેઃ ૫

॥ शिवउवाच ॥

श्लैष्मिकायाःपतिर्विष्णुःशुद्धसत्वमयश्चसः ॥
अतश्चाग्रेकफोनाड्यांकृतेसत्वमयेस्थितः ॥
तदामध्यगतोवायुःपित्तमंतेस्थितंप्रिये ॥ ६ ॥

શ્રી શંકર કેહેછે કેઃ—કફ નાડીના પતિ વિષ્ણુ છતાં તે શુદ્ધ-સત્વગુણ યુકત છે, અને સત્યયુગ પણ શુદ્ધ સત્વગુણમય છે તેથી તે યુગમાં નાડીને અગ્રભાગે કફ, મધ્યભાગે વાયુ, અને છેવટે પિત્ત સ્થિત હોયછે. ૬

वातिकायाःपतिर्ब्रह्मारजोगुणमयश्चसः ॥
रजोगुणमयस्त्रेतायुगोतोवायुरग्रगः ॥
धमन्यांमध्यगःश्लेष्मापित्तमंतेतदास्थितं ॥ ७ ॥

વાત નાડીના પતિ બ્રહ્મદેવ છતાં તે રજોગુણમય છે, અને ત્રેતાયુગ પણ રજોગુણમય છે. તેથી તે યુગમાં નાડીને અગ્રભાગે વાયુ, મધ્યભાગે કફ, અને છેવટે પિત્ત સ્થિત હોયછે. ૭

युगस्त्वैद्वापरोमिश्रस्ततोनाड्यास्त्रिधास्तिहि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्यवस्थाऽहंप्रवक्ष्यामितांक्रमेणवरानने ॥ ८ ॥
वातपित्तकफाश्चादौमध्येपित्तंकफोमरुत् ॥
कफःपित्तंचवातश्चयुगस्यांतेक्रमात्स्थिताः ॥ ९ ॥

દ્વાપરયુગ એ મિશ્રિત ગુણયુકત છે; તેથી તે યુગમાં નાડીની વ્યવસ્થા ત્રણ પ્રકારની છે. ૧ યુગના આદિભાગમાં પિત્ત અને કફ, ૨ મધ્યભાગમાં કફ અને વાત, ૩ યુગને છેવટ કફ, પિત્ત અને વાત, એ પ્રમાણે ક્રમથી કરીને સ્થિત હોયછે, ૯

पित्तनाडीपतिश्चाहंत्रिगुणात्मातमोऽधिकः ॥
तमसस्तुरजोन्यूनंसत्वमल्पंततःकलौ ॥ १० ॥
अतःपित्तप्रधानत्वात्पित्तमग्रेभविष्यति ॥
वायुर्मध्येकफश्चांतेधरायामेवनिश्चितं ॥ ११ ॥
कलेरंतेधमन्यांतुसन्निपातोभविष्यति ॥
तदालोकामरिष्यंतिकालेनाल्पेनपार्वति ॥ १२ ॥

શ્રી શંકર કહેછે કેઃ હું ત્રિગુણાત્મક છતાં પિત્તનાડીનો સ્વામી છું અને મારામાં તમોગુણ વધારે છે, રજોગુણ તેથી પણ ઓછો છે, અને તેથી પણ સત્વગુણ અલ્પ છે; તેમજ કલિયુગમાં પિત્ત વધારે થશે, તે માટે નાડીને અગ્રભાગે પિત્ત, નાડીને મધ્યભાગે વાયૂ, અને છેવટને ભાગે કફ થશે. અને કલિયુગને છેવટે સન્નિપાત થશે ત્યારે મનુષ્ય અલ્પાયુષિ થશે. ૧૨

इति श्रीमत्शुकलसीतारामात्मजपंडितरघुनाथ प्रसाद विरचितेआयुर्वेदशुधाकरनाडीज्ञानमाभिदेद्वितीयकलायांसमप्तः ॥

तादाज्ञानुसार लाला कुलोत्पन्नेन श्रीमद्देवाश्रयीगोविन्दरामसूनुना कृष्णलालेन कृतमिदं गुर्जरभाषान्तरम्समाप्तम् ॥

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## श्री विश्वनाथप्रसन्नोस्तु.

# अथ श्री अनुपान तरंगिणि प्ररंभः

## मंगला चरण,

नत्वाश्रीमद्रमानाथं स्मृत्वाचशशिशेखरं ॥
वक्ष्यतेयत्प्रशादेन अनुपानतरंगिणि ॥ १ ॥

ગ્રંથ કરત્તા પ્રથમ સફળ મનોરથ સિદ્ધિને પ્રાપ્ત કરવા મંગળા ચરણ કરેછે કે–

શ્રી લક્ષ્મી પતી ( શ્રી કૃષ્ણુ ભગવાન વા શ્રીરામચંદ્રજી કિંવા વિષ્ણુ પરમાત્મા )ને નમસ્કાર તથા શશિ શેખર ( જેના કપાળમાં વા, મુકટ–મૌળી વિષે દ્વિતિયાનો ચંદ્ર છે તે સદા શિવજી )નું સ્મર્ણું કરી મારી ઈચ્છાને સફળ કરૂં છું; અને તેઓની કૃપા ( પ્રશાદ ) વડેજ આ અનુપાન તરંગિણિનામનો લઘુ ગ્રંથ રચવા ઉત્સાહ વંત થયોછું માટે તે આશા સફળ થાઓ. ૧

### સપ્ત ધાતુઓનાં નામ.

स्वर्णरूप्यञ्चताम्रंच रङ्गयशदमेवच ॥
सीसंलोहंचसप्तैते धातवोगिरिसंभवाः ॥ २ ॥

સોનું ૧ રૂપું ૨ તાંબું ૩ કલઈ ૪ જસત ૫ સીસું ૬ અને લોખંડ એ સાત ધાતુઓ કેહવાયછે તે પર્વતોથી ઉત્પન્નથનારી ધાતુઓછે. ૧

### સપ્ત ઉપ ધાતુએનાં નામ.

सप्तोपधातवस्वर्ण माक्षिकंतारमाक्षिकम् ॥
तुत्थंकास्यञ्चरीतिश्च सिंदूरश्चशिलाजितुः ॥३॥

સોવનમાખી ૧ રૂપમાખી ૨ મોરથુથું ૩ કાંસું ૪ પીતળ ૫ સિંદૂર ૬ અને શિલાજીત ૭ એ સાત ઉપધાતુઓ કેહવાયછે ( તેમાં ધાતુઓ કરતાં કમતિ ગુણ હોયછે ) ૨

### રસએટલે શું?

रसायनार्थिभिर्लोके पारदोरस्यतेयतः ॥
ततोरसइतिप्रोक्ता रसचधातुरपिस्मृतः ॥ ४ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધાવસ્થા અને રોગ રહિત તથા બળ બુદ્ધિ સહિત જે મનુષ્યને રેહવાની ઈચ્છા હોય તેમને પારો ભક્ષણ કરવો યોગ્યછે, અથવા સોનાદિ સાતે ધાતુઓને ખાઇ જનારોછે એટલા માટે પારાને રસ અથવા ધાતુ પણ કહેછે. ૪

ઉપરસ નામ.

गन्धोहिङ्गुलमभ्रतालकशिलास्त्रोतोऽञ्जनंटङ्कणम् ॥ राजावर्त्तकचुम्बकौस्फटिकयाशङ्खःखटिगैरिकं ॥ कासीसंरसकङ्कपर्दसिकताबोलश्चकंकुष्टकम् ॥ सौराष्ट्रीचमताअमीउपरसास्सूतस्यकिंचिद्गुणै ५

ગંધક, હિંગળોક, અભ્રક, હરતાલ, મણશિલ, કાળો સુરમો, ટંકણખાર, ચમકપાષાણ, ફટકડી, શંખ, ખડી, સોનાગેરૂ, હીરાકસી, ખાપરિયો, કોડી, છીપ, હીરાબોળ, ઓદારસિંગ, અને મુલતાની માટી એ સઘળાં ઉપરસ સંજ્ઞાથી ઓળખાયછે. એઓને પારાના ગુણ સહિત કિંચિત ( કાંઈક–થોડાં ] ગુણવાળા માનેલછે. ૫

રત્ન નામ.

वज्रंगारुत्मकंपुष्प रागोमाणिक्यमेवच ॥
इन्द्रनीलश्चगोमेद स्तथावैदूर्य्यमित्यपि ॥ ६ ॥
मौक्तिकंविद्रुमश्चेति रत्नान्युक्तानिवैनवः ॥

હીરા, પન્ના ( પાનું ) માણિક, પુખરાજ, નીલમ, પીલાં રત્ન, શનિશ્ચર, મોતી અને પરવાળાં એ નવ રત્ન સંજ્ઞાથી ઓળખાયછે. ૬

ઉપ રત્નનાં નામ.

उपरत्नानिकाचश्च कर्पूराश्मातथैवच ॥
मुक्ताशुक्तिस्तथाशंख इत्यादिनिबहून्यपि ॥७॥

કાચ, બિલોર, મોતીની છીપ અને શંખ એ ઉપરત્ન સંજ્ઞાથી ઓળખાયછે. ૭

નવ વિષનાં નામ.

विषन्तुगरलःक्ष्वेडस्तस्यभेदानुदाहरे ॥
वत्सनाभःसहारिद्रःसक्तुकश्चप्रदीपनः ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सौराष्ट्रिकःशृङ्गकश्चकालकूटस्तथैवच ॥
हालाहलोब्रह्मपुत्रोविषभेदाअमीनवः ॥ ९ ॥

વિષ, ગરલ, અને ક્ષ્વેડ એ વિષનાંજ નામછે એટલે વછનાગ, હારિદ્રક, સક્તુક, પ્રદીપન, સૌરાષ્ટ્રિક શંગિક, કાળકૂટ, હાલાહલ અને બ્રહ્મપુત્ર એમ વિષના નવ ભેદ કહેવાયછે. ૮–૯

ઉપવિષ ( ઝેર ) નાં નામ.

अर्कक्षीरंस्नुहीक्षीरंतथैवकरहारिका ॥
कर्वीरकोथधत्तूरःपञ्चोपविषाःस्मृताः ॥ १० ॥

આકડાનું દૂધ, થોરનું દૂધ, કલીહારી, કણેર અને ધંતૂરો એ પાંચ ઉપવિષ કેહવાયછે; ( કેટલાક ગ્રંથ કર્ત્તાએ ઉક્ત પાંચ ઉપવિષ તથા ચણોઠી, ઝેરકોચલાં, નેપાળા અને અફીણ એમળી ઉપવિષ પણ નવજ ગણેલાંછે. ) ૧૦

[સપ્ત ધાતુઓને કેવી રીતે શુદ્ધ કરવી ?

स्वर्णताराताम्राणं पत्राण्यग्नौप्रतापयेत् ॥
निषिञ्चेतप्ततप्तानि तैलेतक्रेचकाजिके ॥ ११ ॥
गोमूत्रेचकुलत्थाना कषायेचत्रिधात्रिधा ॥
एवंस्वर्णादिलोहानां विशुद्धिस्संप्रजायते ॥ १२ ॥

સાતે ધાતુઓનું શોધન ( શુધ્ધ કરવાનું ] કહીએ છીએ સોનું, રૂપું લોખંડ અને તાંબુ એ ચાર ધાતુઓનાં બહુજ પાતળાં પતરાં કરાવી અગ્નિમાં તપાવી તપાવીને નીચે બતાવેલી વસ્તુઓમાં ઠારવાં ( બૂઝાવવાં–ઝઓળવાં ) અને કલઈ સીસું તથા જસત એ ત્રણને ઓગાળી ઓગાળીને તેલ, છાસ, કાંજી, ગાયનુંમૂત્ર અને કલથીના ક્વાથમાં ઠારવાં એટલે સાતે ધાતુઓને ઉક્ત પાંચ વસ્તુઓમાં ત્રણ, ત્રણ વખત ઠારવી જેથી દોષ રહિત થાયછે. ૧૧–૧૨

ઉપ ધાતુઓનું શોધન.

मातुलिङ्गद्रवैर्वाथ जम्बीरस्यद्रवैःपचेत् ॥
चालयेल्लोहजेपात्रे यावत्पात्रंसुलोहितं ॥ १३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भवेत्ततस्तुसंशुद्धिः स्वर्णमाक्षिकमृच्छति ॥
कर्कोटीमेखशृग्युत्थै द्रव्यैर्जंबीरजैर्दिनम् ॥ १४ ॥
भावयेदातपेतीव्रे विमलाशुद्ध्यतिध्रुवम् ॥
विष्टयामर्द्दयेत्तुत्थं मार्ज्जारककपोतयोः ॥ १५ ॥
दशांशंटंकणंदत्वा पचेन्मृद्दुपुटेततः ॥
पुटंदद्यापुटंक्षौद्रे देयंतुत्थविशुद्धये ॥ १६ ॥
शोधनंकांस्यरीत्योश्च धातुशुद्धिसमंभवेत् ॥
दुग्धाम्लयोगतस्तस्य विशुद्धिर्गदिताबुधैः १७
शिलाजतुसमानीय ग्रीष्मतप्तशिलाच्युतम् ॥
गोदुग्धैस्त्रिफलाक्वाथै भृङ्गद्रावैश्चमर्दयेत् ॥
आतपेदिनमेकैकं तच्छुष्कंशुद्धतांव्रजेत ॥१८॥

સોવન માખીને શોધવી હોયતો બીજોરાનો અથવા જંબીરી ( એક જાતનું ખાટું લીંબુ તે ) નો રસ લોઢાની કાહાઈમાં નાખી તેની અંદર સોવન માંખીને નાખવી, પછી દેવતા ઉપર ચઢાવવી જ્યારે રસ બળીજાય અને કઢાઈલાલ અંગારા જેવી દેખાય ત્યારે નીચે ઉતારી નાખવી. ઠંડી થયા પછી કાહાડીલેવી તેને શુદ્ધ સોવનમાખી કહેછે.

જો રૂપમખીને શોધવી ( શુદ્ધ કરવી ) હોયતો—કંકોડી, મરડા સિંગ અને જંબીરી જાતનું લીંબુ એ ત્રણુનો રસ કાહાડી એટલે એ દરેકના રસમાં અકેક બબે દિવસ રૂપમખીને લસોટી ( ઘુંટી ) સૂર્યના આકરા તડકામાં રાખવી જેથી શુધ્ધ થાયછે.

જો મોરથુથાને શુધ્ધ કરવું હોય તો—બીલાડી અથવા કબૂતર ( જંગલી કબૂતર ) ની હગારમાં અથવા એ બન્નેની હગારમાં મોરથુથા ( નીલાથુથા—મોર-ચુત—થુથા ) ને ખરલ કરવું. પછી મોરથુથાના દશમે ભાગે ટંકણખાર મેળવી સરાવસંપુટકરી અડાયાં છાણાની સાધારણ આંચ ( અગ્નિ ) દેવી. તદનંતર તે સરાવ સંપુટમાંથી મોરથુથાને કાહાડી દહીમાં ઘુંટવું અને ફરી ઉપર પ્રમાણે આંચદેવી એજ પ્રમાણે તેને મધમાં ઘુંટી વળી આંચ આપવી જેથી શુધ્ધ થાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીતળ[1] અને કાંસું[2] શોધવું હોયતો—સપ્તધાતુઓની વિધિ પ્રમાણેજ શોધવું.

સિંદૂરને શુધ્ધ કરવું હોયતો— દૂધ અને લીંબુ કે બીજા કોઈ ખાટા પદાર્થની ભાવનાઓ દેવી જેથી શુધ્ધ બને છે.

શિલાજીતને શોધવી હોયતો—એટલે ઉનાળામાં ઘણી ગરમી ( તાપ ) ને લીધે પર્વત તપી ઉઠવાથી પથ્થરોમાંથી એક જાતનો રસ નીકળેછે તેને શિલાજીત કહેછે તે શિલાજીતને ગાયનાદૂધમાં, ત્રિફળાં અને જળભાંગરાના રસમાં એક અથવા બે વખત પુટ દેઈ સૂકવી નાંખે તો શુધ્ધ થાયછે. ૧૩ ૧૮

**રસ ( પારો ) શોધવાની વિધિ.**

निंबूरसैर्निम्बपत्ररसैर्वायाममात्रकं ॥
पिष्टादरदमूर्ध्वंच पातयेत्सूतयुक्तिवत् ॥
ततःशुद्धरसंतस्मा न्नीत्वाकार्येषुयोजयेत् ॥१९॥

હીંગળોકનો કાંકરો લેઈ કાગદી લીંબુના અથવા લીંમડાના પાદડાના રસમાં ૧ પોહોર સુધી ખરલ કરવો તદનનંતર ડમરૂયંત્ર[1]વડે બે તથા ત્રણ પોહોરની અગ્નિ દેઈ ઉડાવેલો જે પારો તે શુધ્ધ ( સર્વ દોષ રહિત ) પારો સર્વ કાર્યમાં યોજવો. ૧૯

**ઉપરસ શોધન.**

लोहपात्रेविनिःक्षिप्य घृतमग्नौप्रतापयेत् ॥
तप्तेघृतेतत्समानं क्षिपेद्गंधकजंरजः ॥ २० ॥
विद्रुतंगन्धकंदृष्ट्वा तनुवस्त्रेविनिःक्षिपेत् ॥
यथावस्त्राद्विनिःसृत्य दुग्धमध्येऽखिलंपतेत् ॥
एवंसगन्धकःशुद्धः सर्वकर्म्मोचितोभवेत् ॥२१॥
मेषीक्षीरेणदरद मम्लवर्गैश्चभावितम् ॥
सप्तवारान्प्रलेपेनं शुद्धिमायातिनिश्चितम् ॥२२॥

---

૧—૪॥ ભાગ તાંબું અને ૧॥ ભાગ જસતલેઇ મિશ્રણ કરવાથી અથવા ૧ ભાગ જસત અને ત્રણ ભાગ તાંબું એ બેને મિશ્ર કરવાથી પીતળ બનેછે. ૨ અને પાંચભાગ તાંબું અને ત્રણ ભાગ કલઈ લેઇ તેને-મિશ્ર કરવાથી કાંસું બને છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कृष्णाभ्रकंधमद्वन्हौ ततःक्षीरेविनिःक्षिपेत् ॥
भिन्नपत्रंतुतत्कृत्वा तण्डुलीयाम्लयोर्द्रवैः ॥
भावयेदष्ठयामंतदेवमभ्रंविशुद्ध्यति ॥२३॥
तालकंकणशःकृत्वा तच्चुर्णकाञ्जिकेपचेत् ॥
दोलायंत्रेणयामैकं ततःकूष्मांडजद्रवैः ॥ २४ ॥
तिलतैलैपचेद्यामं यामश्चत्रिफलाजल ॥
एवंयन्त्रेचतुर्यामं पक्कंशुद्ध्यतितालकम् ॥२५॥
पचेत्र्यहमजामूत्र दोलायंत्रेमनःशिलाम् ॥
भावयेत्सप्तधापित्तै रजायासापिशुद्ध्यति ॥२६॥
नरमूत्रेचगोमूत्रे सप्ताहंरसकंपचेत् ॥
दोलायंत्रेणशुद्धःशा त्ततःकार्येषुयोजयेत् ॥२७
कंकुष्टंगैरिकंशंखंः कासीसंटंकणंतथा ॥
नीलांजनंशुक्तिभेदाः क्षुल्लकाःसवराटकाः २८
जम्बीरवारिणास्विन्नाः क्षालिताःकोष्णवारिणा ॥
शुद्धिमायांत्यमीयोज्या भिषग्भिर्योगसिद्धये २९

ગંધકને શુધ્ધ કરવો હોયતો લોઢાના વાસણમાં ઘી નાખી તેને અગ્નિ ઉપર ઉન્હું કરવું. જ્યારે ઘી ખૂબ ઉન્હું થાય ત્યારે તેમાં ઘીના બરોબર આમળસારો-પીળી કણીયો વાળો ગંધક વાટીને નાખવો.

---

૧ બે માટીની હાડલીઓ લેઇ તેમના કાના પથ્થર ઉપર સરખા ઘસી નીચેની હાંલ્લીમાં જે દવાને ઉડાવવી હોય તેને રાખી બન્નેનાં મુખ જોડી દેઈ કપડામાટીથી મજબુત કરી ચુલ્હા ઉપર ચઢાવી નીચે અગ્નિ કરવી અને ઉપરની હાંલ્લીને બુંદે માટીની પાળ બનાવી તેમાં ભીનું કપડું રાખી મૂકવું. એ મૂકેલા કપડાને સૂકવા દેવું નહિ. એટલે તે ઉપર વારંવાર પાણી છાંટવું. તે યંત્રને ડમરૂ યંત્ર કહેછે. તે યંત્ર દ્વારા નીચેની હાંલ્લીમાં રાખેલી વસ્તુ ઉડીને ઉપરની હાંલ્લીમાં જે વસ્તુ ચોંટેછે તેને યત્નથી ગ્રહણ કરી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગંધક ઓગળી જાય ત્યારે એક દૂધનું ભરેલું વાસણ હોય તેના મોઢા ઉપર ઝીણું સફેદ કપડું બાંધી તેમાં તે ઓગળેલો ગંધક ઢાળીદેવો એટલે તે ગંધક ગળાઈ દૂધમાં પડે તેને સર્વ કાર્યમાં શુધ્ધ ગણીને સેવો.

હિંગળોક ને શુધ્ધ કરવો હોય તો હિંગળોકના કાંકરાને ઘેટીના દૂધના ૭ અને લીંબુના રસના ૭ પુટ દેવા જેથી શુધ્ધ થાયછે.

અભ્રકને શુધ્ધ કરવો હોય તો કાળા રંગનો અભ્રક લેઈ તેને દેવતાના અંગારા ઉપર ખૂબ તપાવવો પછી તેને ગાયના દૂધમાં ઠારવો ત્યાર પછી તાંદળજાના રસમાં ( અથવા ચોખાના ધોવરામણમાં ) અને આમલીના પાણીમાં આઠ પોહર ભીજવી રાખે તો શુધ્ધ થાયછે. ૨૩

હરતાલને શોધવી હોય તો—હરતાળના ન્હાના ન્હાના કકડા કરી ૧ પોહોર કાંજીમાં, ૧ પોહોર ભૂરાકોહળાના રસમાં, ૧ પોહર તેલમાં અને ૧ પોહર ત્રિફળાના કવાથમાં ડોળાયંત્ર વડે ૧ પોહર આંચ ઉપર પકવવાથી શુધ્ધ થાયછે. ૨૪–૨૫

મણશિલ શોધવો હોયતો બકરીના મૂત્રમાં ડોળાયંત્રવડે ૩ દિવસ અગ્નિ ઉપર પકવવો પછી બકરીના પિત્તાની ૭ ભાવના દેવી અને ખરલ કર્યા કરવો તો શુધ્ધ થાયછે. ૨૬

ખાપરીયાને શોધવો હોયતો મનુષ્યના અથવા ગાયના મૂત્રમાં ડોળાયંત્ર વડે અગ્નિ ઉપર સાત દિવસ પકાવવો તો શુદ્ધ થાયછે.૨૭

બોદારસંખ, સોનાગેરૂ, શંખ, હીરાકસી, ટંકણખાર, કાળોસુરમો અને છીપ—કોડી વગેરેને શુદ્ધ કરવાં હોયતો જંબીરીના રસમાં શોધન કરી ઉન્હા પાણીમાં ધોઈ નાખે તો શુદ્ધ થાયછે. ૨૮–૨૯

રત્ન શોધન.

# कुलत्थकोद्रवक्काथे दोलायंत्रेविपाचयेत् ॥

---

*૧ એક માટીના ડોઘલા—( પોહલા મોઢાના વાસણ )માં જે દ્રવમાં શોધવું હોય તે દ્રવ તે વાસણમાં મુખથી નીચે રહે તેટલો ભરવો પછી જે ઔષધને શુદ્ધ કરવું હોય તેને ભોજપત્રમાં લપેટી કપડામાં પોટલી બાંધી એક લાકડાના સળીયા સંગાથે સૂતરના ડોરા વતે બાંધે એટલે તે સળીયો પાત્રના મોઢા ઉપર આડો મૂકવો અને તે ઝુલતી પોટલી વાસણને તળીયે ન અડે તેમ રહે તેવી બાંધી તે પાત્રને ભઠ્ઠી અગર ચુલ્હા ઉપર ચઢાવી લખ્યા પ્રમાણે આંચ દેવી. તે યંત્રને ડોળાયંત્ર કહેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्याघ्रिकंदगतंवज्रं त्रिदिनंतद्विशुद्ध्यति ॥
वज्रवत्सर्वरत्नानि शोधयेन्मारयेतथा ॥ ३० ॥

હીરાને શુદ્ધ કરવો હોયતો ભૂયરીંગણીના મૂળમાં રાખી કલથી અને કોદરાના કવાથમાં ડોળાયંત્ર વડે ૩ દિવસ પકાવવો તો શુદ્ધ થાયછે. એવીજ રીતે બીજાં તમામ રત્નોનું શોધન તથા મારણ જાણવું. ૩૦

વિષોનું શોધન.

कृत्वाचणकसंख्यानं गोमूत्रैर्भावयेत्त्र्यहम् ॥
समटंकणसंपिष्टं मृतमित्युच्यतेविषम् ॥ ३१ ॥

જે વિષનું શોધન કરવું હોય તે વિષના ચણા જેવડા કકડા કરી ગોમૂત્રમાં ડોળાયંત્રવડે ૩ દિવસ અગ્નિ ઉપર પકવવું; બાદ છાંયડે સૂકવી તેના બરોબર શુદ્ધ કરેલો ટંકણ મેળવી ખરલ કરવું જેથી વિષ નિર્વીષ થાયછે. ૩૧

ઉપવિષ શોધન.

पंचगव्येषुशुद्धानि देयान्युपविषाणिच ॥
विषाभावप्रयोगेषु गुणस्तुविषसंभवः ॥ ३२ ॥

તમામ જાતનાં ઉપવિષોને ગાયના દૂધ દહી, ઘૃત, ગોમૂત્ર અને છાણમાં શોધન કરવાથી શુધ્ધ થાયછે, જ્યાં વિષ ન મળીશકે ત્યાં ઉપવિષને શુધ્ધ કરી ઔષધ પ્રયોગમાં લેવાં. ઈતિ શોધન પ્રકરણ સમાપ્ત-

હવે ધાતુ ઉપધાતુનાં મારણ ગુણ અવગુણ શાંતિ અને અનુપાન કહીએ છીએ.

સુવર્ણ પરિક્ષા.

वन्हितप्तंहियच्छीते रक्तत्वंभजतेचतत् ॥
शुद्धंश्वेतत्वमपिय द्भजतेऽशुद्धमीरितं ॥ ३३ ॥

જે સોનું અગ્નિમાં તપાવી ઠંડું કર્યા પછી લાલરંગનું જણાયતો શ્રેષ્ટ જાણવું પણ શ્વેત ( ધોળાસ પડતું ) રહે તો અશુધ્ધ જાણવું તેવું સોનું ભસ્મ કરવાના કામમાં ન લેવું ૩૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સુવર્ણ ભસ્મની વિધિ.

शुद्धसूतसमंखल्वें स्वर्णगोलंविधायच ॥
द्वयोस्तुल्यंबलिंशुद्धं दत्वाधश्चोर्ध्वमेवहि ॥ ३४ ॥
शरावसंपुटेदत्वा पुटात्रिंशद्वनोपलैः ॥
चतुर्दशपुटैरेवं निरुत्थंभस्मजायते ॥ ३५ ॥

શુધ્ધ કરેલું જેટલું સોનું હોય તેટલોજ શુધ્ધ પારો લેઈ તે બન્નેને ખરલમાં ( લીંબુનારસ સાથે ) ઘુંટવાં; બાદ તેનો ગોળો બનાવી તે ગોળાની બરોબર શુધ્ધ ગંધકના ભૂકાને સરાવ[1] સંપુટમાં નીચે ઉપર અને ગોળાને વચમાં રાખી પછી સરાવ સંપુટને કપડા માટી વડે મજબૂત કરવું ( છાંયડે સૂકવી ) ૩૦ અડાયાં છાણાની આંચ દેવી. એવીજ રીતે ચૌદવાર કરવાથી સોનાની નિરૂત્થ[2] ભસ્મ થાયછે.

## શુદ્ધ સુવર્ણ ભસ્મના ગુણ.

तपनीयंमृतंकांतिं कंदर्पंतनुतेतथा ॥
वातंपित्तंप्रमेहंच श्वासंकासंक्षतंक्षयं ॥ ३६ ॥
गृहणीमतिसारंच ज्वरंकुष्टंविषंहरेत् ॥
वयसःस्थापनंस्वर्यं बल्यंवृष्यंरुचिप्रदं ॥ ३७ ॥

શુધ્ધ સોનાની ભસ્મ સેવન કરવાથી કાંતિ તથા કામદેવને વધારેછે, તેમજ વાત, પિત્ત, કફ, પ્રમેહ, શ્વાસ, ઉધરસ, ઉરઃક્ષત, ( છાતીમાની ચાંદી ), ક્ષય, સંગ્રહણી, અતિસાર, તાવ, કોઢ અને ઝેર વિકાર એ સર્વેનો નાશ કરેછે અને વયસ્થાપન ( આયુષ્ય–બળ–બુ-

---

*૧ બે માટીનાં પકવેલાં સરાવલાં ( રામ પાત્ર–ચપ્પણ ) લેઇ તેમની કીનેરીઓ પથ્થર ઉપર ઘસી સાફ કરી સાંધો બે માલમ થઇ જાય તેવાં કરવાં પછી તે સરાવલામાં જે વસ્તુની ભસ્મ કરવી હોય તેને તેમાં મૂકી બન્ને સરાવલાને જોડી દેઈ કપડા માટીથી દ્દઢ કરીલેવાં તેને સરાવ=સંપુટ કહેછે.

૨ જે ધાતુની ભસ્મમાં મધ ઘી અને ટંકણખાર મેળવી આંચ દીધા પછી પણ સંજીવન પણું જણાતું નથી એટલે કેવળ ભસ્મ જેવીજ ભસ્મ રહેછે તેને નિરૂત્થ ભસ્મ કહેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્ધિની વૃદ્ધિ અને સમસ્ત રોગનિવૃત્તિ ) કરનાર છે, સ્વર ( અવાજ ) ને સુંદર બનાવે છે, બળ આપનાર છે, સ્ત્રી સંભોગમાં વીર્યવંત કરનાર છે અર્થાત્ વાજી કરણ કર્તાછે, અને રૂચિને વધારનારછે. ૩૬-૩૭

### અશુદ્ધ સુવર્ણ ભસ્મના અવગુણ.

स्वर्णमपक्कंहरतेबलंचवीर्यंकरोतिरोगचयं ॥
सुखस्वनाशंमरणं तस्माच्छुद्धंचसेवेत ॥ ३८ ॥

કાચી રહેલી અશુદ્ધ સોનાની ભસ્મ બળ તથા વીર્યનો નાશ કરેછે, તેમ અનેક રોગોને ઉત્પન્ન કરેછે, સુખનો સમૂળગો નાશ કરેછે એટલુંજ નહિ પણ મરણને શરણ કરેછે; માટેજ શુદ્ધ ભસ્મનું સેવન કરવું. ૩૮

### અશુદ્ધ ભસ્મ સેવનથી થયેલા વિકારોની શાંતિ.

अभयासितयाभुक्ता त्रिदिनंनृभिरङ्गजे ॥
हेमदोषहरिसास्या द्गंगांभइवपापनुत् ॥ ३९ ॥

અશુદ્ધ ભસ્મ સેવવાથી દોષ [ વિકાર ) ઉત્પન્ન થયા હોય તો હરડે અને સાકર ૩ દિવસ ખાયતો જેમ ગંગાજીનું જળ પાપ સમૂહનો નાશ કરેછે તેમ સર્વ વિકારનો નાશ કરેછે. ૩૯

### સુવર્ણ ભસ્મનાં અનુપાન.

वाजीकरंभृंगरसेनचूर्णं दुग्धेनशक्तिप्रददातिनित्यं ॥ पुनर्नवायुग्नयनामयघ्नं जराहरंचाज्ययुतंनराणाम् ॥ ४० ॥

સોનાની ભસ્મ જળ ભાગરાના રસ સંગાથે ખાવાથી વાજીકર ( સ્ત્રી સંગમમાં બળ-હર્ષ-આપનાર ) થાયછે, દૂધની સંગાથે ખાવાથી શક્તિ આપેછે, સાટોડીના રસ સંગાથે ખાવાથી નેત્રના રોગોનો નાશ કરેછે, ઘી સંગાથે ખાવાથી વય સ્થાપન ( આયુ, બળ, બુધ્ધિને વધારેછે સમસ્ત રોગનો નાશ ] કરેછે. ૪૦

बुद्धिदंतुवचायुक्तं दाहघ्नंकटुकायुतं ॥
कांतिदंकुंकुमेनेदं कांतिजिन्नवनीरजे ॥ ४१ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सद्योदुग्धयुतंहंति यक्ष्माणमतिदारुणं ॥
लवंगशुंठिमरिचैरुन्मादंचत्रिदोषकं ॥ ४२ ॥

વજ સંગાથે ખાવાથી બુદ્ધિ વધેછે, કડુ સંગાથે ખાવાથી બળતરા ( દાહ ) શાંત થાયછે, કેશર સંગાથે ખાવાથી કાંતિ ( તેજ ) વધારેછે, ધારોષ્ણુ ( તુરત દોહેલા ) દૂધ સંગાથે ખાવાથી અતિ ભયંકર રાજ યક્ષ્મા ( ક્ષય ) દૂર થાયછે, લવિંગ સુંઠ અને મરી સંગાથે ખાવાથી ત્રિદોષ જન્ય ઉન્માદ મટેછે. અથવા ઉન્માદ અને ત્રિદોષને મટાડેછે. ૪૧–૪૨

मध्वामलकसंयुक्तं संग्रहणीं प्रबलांहरेत् ॥
मधुनावरखंहैमंविषदोषनिवारणम् ॥ ४३ ॥
शंखपुष्पिरसैरायुः प्रदंचंदनचर्चिते ॥
विदारीकन्दसंयुक्तंपुत्रदंपुत्रवत्सले ॥ ४४ ॥

મધ તથા આમળાં સંગાથે ખાવાથી પ્રબળ સંગ્રહણીને મટાડેછે, સોનાના વર્ક અને મધ સંગાથે ખાવાથી વિષ દોષ નિવારણ કરેછે. શંખાવળીના રસ સંગાથે ખાવાથી આયુ વધારેછે અને ભોંય કોહળાના રસ સંગાથે ખાવાથી પુત્ર પ્રદાયક છે. ૪૩–૪૪

ભસ્મ કરવામાં કેવું રૂપું ગ્રહણ કરવું ?

शृणुहिरुपमतिप्रमदोत्तमे वदभिषग्वररूपगुणाकर ॥ त्रिविधमाहुरयेरजतंप्रिये खनिजवेधजबंगजमार्यकाः ॥ ४५ ॥

હવે રૂપાની પરિક્ષા કહિએ છિયે–રૂપું ત્રણ પ્રકારનું છે એટલે એક ખાણુથી ઉત્પન્ન થયેલું ૧ બીજું વેધજ ( રસાયિક યોગોથી ઉત્પન્ન કરેલું ) ૨ અને ત્રીજું બંગજ તે કલઇથી બનેલુંછે એમ આર્યે જનોનું કેહવુંછે. ૪૫

उत्तमंबंगजवेधजंकीर्तितं यन्मृदुलंहिशौक्ल्यंभजेदंगने शुभ्रवर्णमृदुत्वेनहीनंयतोऽग्राह्यमित्याहुरार्याःखनिस्थंततः ॥ ४६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રણ જાતના રૂપામાં વેધજ અને બંગજ એબે પ્રકારથી ઉત્પન્ન થયેલું રૂપું નરમ અને શ્વેત વર્ણનું છે તેજ ઉત્તમ જાણવું; પણ ખનિજ રૂપું અગ્રાહ્યછે એટલે ગ્રહણ કરવા લાયક નથી એમ આર્ય વૈદ્યો કહેછે. ४६

### રૂપાની ભસ્મ બનાવવાની વિધિ.

भागैकंतालकंमर्द्यं याममम्लेनकेनचित् ॥
तेनभागत्रयंतारपत्राणिपरिलेपयेत् ॥ ४७ ॥
धृत्वामूषापुटेरुध्वापुटेत्रिंशद्वनोपलैःसमुधृत्यपुनस्तालं दत्वारुध्वापुटेपचेत् ॥ एवंचतुर्दशपुटैस्तार भस्मप्रजायते ॥ ४८ ॥

શુધ્ધ હરતાલ ૧ ભાગ લેઇ કોઈ પણ ખાટા પદાર્થ ( કાંજી-લીંબુ ) ની સાથે એક પોહોર સુધિ ખરલ કરી તેનાથી ત્રણ ગણાં રૂપાના શોધેલાં કંટક વેધ પતરાં લેઈ તેના ઉપર તે ઘુંટેલી હરતાલનો લેપ કરવો અને સરાવસંપુટ ( અથવા મૂષાપુટ ) માં તે કંટક વેધ પતરાંને મુકી ૩૦ અડાયાં છાણાની આંચ દેવી એવીરીતે ૧૪ વાર સંપુટ કરી તેટલીજ આંચ દેવાથી શુધ્ધ ચાંદીની ભસ્મ થાયછે.

### શુદ્ધ ચાંદીની ભસ્મના ગુણ.

रोप्यंशीतंकषायचस्वादुपाकरसंसरं ॥ वयसःस्थापनंस्निग्धंलेखनंवातपित्तजित ॥ प्रमेहादिकरोगांश्चनाशयत्यचिराध्द्रुवं ॥ ४९ ॥

ચાંદીની ભસ્મ શીતળછે, કષાયલીછે, સ્વાદિષ્ટછે, સારકછે, અવસ્થાને સ્થાપન કરનાર ( આયુ–બળ–બુદ્ધિની વૃદ્ધિ અને સમસ્તરોગની નિવૃત્તિ કરનાર ) છે, સ્નિગ્ધછે, લેખનીય ( મળો વગેરેને ઉખેડી શરીર ને સ્વચ્છ કરનાર ) છે, વાયુ, પિત્તનો નાશ કરનાર, અને પ્રમેહાદિ અનેક રોગોનો નિશ્ચે નાશ કરનારછે. ४९

### અશુદ્ધ ચાંદીની ભસ્મના અવગુણ.

अशुद्धंरजतंकुर्यात् पांडुकंडुगलग्रहान् ॥
विविधंवीर्यनाशंचबलहानिःशिरोरुजम् ॥ ५० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશુધ્ધ ( કાચી ) રહેલી ચાંદીની ભસ્મ સેવવાથી પાંડુ, ખ-રજ, ગળગ્રહ, બંધકોષ, વીર્યનાશ અને બળહાનિ તથા મસ્તક રોગ ને પેદા કરનાર છે. ૫૦

**કાચી ચાંદીની ભસ્મથી થયેલા વિકારોની શાંતિ.**

**शर्करामधुसंयुक्तां सेवयेद्योदिनत्रयं ॥**
**अपक्करूप्यदोषेण विमुक्तःसुखमस्नुते ॥ ५१ ॥**

સાકર અને મધ ( અથવા મધ સાથે સાકર ) ૩ દિવસ સેવન કરેતો નિશ્ચે અપક્વ ( કાચી ) ચાંદીની ભસ્મ ખાવાથી શરીરમાં વિકાર ઉત્પન્ન થયેલ હોય તેનાથી મુક્ત ( દૂર ] થઈ સુખ પ્રાપ્ત થાયછે. ૫૧

**ચાંદીની ભસ્મનાં અનુપાન.**

**दाहेशर्करायुक्तंवातपित्तेवरायुतं ॥**
**त्रिसुगंधयुतंमेहे गुल्मेक्षारसमन्वितं ॥ ५२ ॥**
**कासेकफेऽटरूषस्यरसेत्रिकुटान्विते ॥**
**भार्ङ्गीविश्वयुतंश्वासे क्षयजित्सशिलाजतु ॥ ५३**
**पुनर्नवायुतंशोफेपाण्डौमंडूरसंयुतं ॥**
**वलीपलितहंकान्तिक्षत्करंघृतसंयुतम् ॥ ५४ ॥**

જો શરીરમાં દાહ ( બળતરા ) થયેલ હોય તો ચાંદીની ભસ્મ સાકર સંગાથે, વાયુ અને પિત્તરોગ ઉપર ત્રિફળાં સંગાથે, પ્રમેહ ઉ-પર ત્રિસુગંધ ( તજ, તમાલપત્ર, એલચી ) ના ચૂર્ણ સંગાથે, ગુલ્મ ( ગોળા ) ના ઉપર જવખાર અથવા ગમેતે ખાર સંગાથે, ઉધરસ અને કફ ઉપર અરડુસા ( અરડુસી ) ના રસ સંગાથે, શ્વાસરોગ ઉ-પર ત્રિકટુ ( સુંઠ, મરી, પીપર ) અને ભારંગના ચુર્ણ સંગાથે, ક્ષય રોગ ઉપર શિલાજીત સંગાથે, સોજા ( સોફ ) રોગ ઉપર સાટોડી સંગાથે, પાંડુરોગ ઉપર મંડુર સંગાથે, શરીર ઉપર કરચલીઓ વળી હોય તથા પળીયાં આવ્યાં હોય તે દૂરકરવા માટે ઘી સંગાથે આપ-વાથી ક્ષુધા અને કાંતિને વધારેછે. ૫૨-૫૪

**क्षीणेमांसरसैनेदंरौप्यंक्षीरेणवायुतं ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यकृत्प्लीहघ्नमेतद्धिवरापिप्पलिसंयुतं ॥ ५५ ॥

ક્ષીણ થઇ ગયેલા પુરૂષને માંસના રસા સંગાથે અથવા દૂધ સંગાથે, અને કાળજાની વ્યાધિ તથા બરોળ ઉપર ત્રિફળા અને પીપરના ચુર્ણ સંગાથે રૂપાની ભસ્મ સેવન કરવાથી ઉક્ત રોગોનો નાશ કરેછે. ૫૫

### તામ્રભસ્મ કરવામાં કેવું ત્રાંબું ગ્રહણ કરવુ?

जपाकुसुमसंकाशं स्निग्धंमृदुघनक्षमम् ॥
लोहनागोज्झितंताम्रं मारणायप्रशस्यते ॥ ५६

જે તાંબુ જાસુદના ફુલ સમાન રંગવાળું હોય, તથા સ્નિગ્ધ (ચિકણું) મૃદુ (કોમળ—નરમ) તેમજ ઘણુ મારવા છતાં પણ વેરાઇ જતું નથી તેવું લોહ અને સીસાના ભેગ રહિત તાંબું ભસ્મ કરવાના કામમાં લેવું. (પણ એથી વિરૂધ્ધ હોયતો ત્યાગન કરવું)

### તાંબાની ભસ્મ કરવાની વિધિ.

सूक्ष्माणिताम्रपत्राणि कृत्वासंस्वेदयेद्बुधः ॥
वासरत्रयमम्लेन ततःखल्वेविनिक्षिपेत् ॥ ५७ ॥
पादांशांसूतकंदत्वा याममम्लेनमर्दयेत् ॥
ततउद्धृत्यपत्राणि लेपयेद्धिगुणेनच ॥ ५८ ॥
गन्धकेनाम्लघृष्टेन तस्यकुर्याच्चगोलकम् ॥
ततःपिष्ट्वाचमीनाक्षींचाङ्गेरींवापुनर्नवाम् ॥ ५९ ॥
तत्कल्केनबहिर्गोलं लेपयेदङ्गुलोन्मितम् ॥
धृत्वातद्गोलकंभाण्डे शरावेणचरोधयेत् ॥ ६० ॥
वालुकाभिःप्रपूर्य्याथ विभूतिलवणांबुभिः ॥
दत्वाभांडमुखेमुद्रा न्ततश्चुल्ल्यांविपाचयेत् ६१
क्रमवृद्धाग्निनासम्य ग्यावद्यामचतुष्टयम् ॥
स्वाङ्गशीतंसमुधृत्य मर्दयेच्छूरणद्रवैः ॥ ६२ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**यामैकंगोलकंतच्च निक्षिपेच्छूरणोदरे ॥**
**मृदालेपस्तुकर्त्तव्य स्सर्वतोऽङ्गुष्टमात्रकः ६३**
**पाच्यंगजपुटेक्षिप्तं मृतंभवतिनिश्चितम् ॥**
**वमनंविरेकंचभ्रमंक्लममथारुचिम् ॥ ६४ ॥**
**विदाहंस्वेदमुत्क्लेदं नकरोतिकदाचन ॥ ६५ ॥**

શુધ્ધ કરેલા તાંબાનાં પાતલાં ઝીણાં પતરાં કરી ૩ દિવસ લીંબુના રસમાં નાખી ધીમી ધીમી આંચવડે અગ્નિ ઉપર પકાવવાં પછી ખરલમાં નાખી ઘુંટવાં એટલે તાંબાના પત્રાંથી ચોથે હિસ્સે શુધ્ધ પારો તે સાથે મેળવી ૧ પોહોર સુધી લીંબુના રસ સંગાથે ખરલ કરવાં, જ્યારે તે ખરલ કરતાં બારીક બની જાય અને ગોળો વળે તેવું બને ત્યારે તેનો ગોળો બનાવી પછી શુધ્ધ ગંધક તે ગોળાથી બમણો લેઈ લીંબુના રસમાં ઝીણો ઘુંટી તે ગોળા ઉપર ઘુંટેલા ગંધકનો લેપ કરવો; તદનંતર બ્રાહ્મી, ચાર પાદડાની લુંણી તથા સાટોડી અથવા એમાંથી કોઈ પણ ઔષધી મળે તે ઘુંટી તે ચટણીનો ઉકત ગોળા ઉપર બે આંગળ જાડો લેપ ( થર ) કરવો, બાદ એ ગોળાને કોઈ પણ વાસણમાં રાખી સરાવલાથી ઢાંકી ( અથવા સરાવ સંપુટ કરી ) એક હાલ્લીમાં રેતભરી તે સંપુટને મધ્ય ભાગમાં મૂકી તેના મુખે રાખ અને મીઠાની મુદ્રા દેઇ ચુલ્હા ઉપર ચઢાવવી, પછી મંદ મધ્યમ અને તીક્ષ્ણ અગ્નિની આંચ આપવી અર્થાત્ થોડેથી ચઢતી ચઢતી અગ્નિ ૪ પોહર આપવી, જ્યારે સ્વાંગ શીતળ [ પોતાની મેળેજ ઠંડી ) થાય ત્યારે તે ગોળાને કાહાડી લેઇ સૂરણના રસમાં ૧ પોહર ખરલ કરી ગોળો બનાવી સૂરણની ગાંઠને કોરી તેમાં ઉકત ગોળાને રાખી ડગળી દેઈ તે સૂરણની ગાંઠ ઉપર અંગુઠા પ્રમાણે માટીનો જાડો થર ( લેપ ) દેઇ તેને ગજપુટ અગ્નિની આંચ દેવી જેથી નિશ્ચે શુધ્ધ તાંબાની ભસ્મ થશે એ શૂધ્ધ ભસ્મ ઉલટી, રેચ, ભ્રમ, ગ્લાની, અરૂચિ, દાહ અને પ્રસ્વેદ તથા મોળ વગેરે કોઇ પણ ઉપદ્રવ કરતી નથી. ૫૭–૬૫

## શુદ્ધ તાંબાની ભસ્મના ગુણ.

**ताम्रंकषायंमधुरंसतिक्त मम्लंचपाकेकटुसारकंच**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पित्तापहंश्लेष्महरंचशीतं तद्रोपणंस्याल्लघुलेखनंच ।६६। पांडुदराशोंज्वरकुष्टकास श्वासक्षयान्पीन-सम्म्लपित्त ॥ शोथंकृमींश्चशूलमपाकरोति प्राहु र्बुधाबृंहणमल्पमेतत् ॥ ६७ ॥

શુધ્ધ તાંબાની ભસ્મ કષાયલા, મીઠા, તીખા અને ખાટા રસ સહિત છે, પાકમાં કટુક, સારકછે, પિત્તઘ્ન તથા કફઘ્ન છે, શીતળ, રોપણ (ઘાવપર અંકૂર લાવનાર) હલકી તથા લેખનીયછે પાંડુ, ઉદર રોગ, હરષ (મસા) તાવ, કોઢ, ઉધરસ, શ્વાસ, ક્ષય, પીનસ, અમ્લપિત્ત સોજો, કૃમિરોગ અને શૂળ એટલા રોગોનો નાશ કરેછે. તથા કિંચિત્ વીર્યની વૃધ્ધિ કરનારછે એમ વૈદ્યવરો કહેછે. ૬૭

### અશુદ્ધ તાંબાની ભસ્મના અવગુણ.

ताम्रमपक्कंवमनं विरेकतापादिकंभ्रमंमूर्च्छां ॥ मेहंबलस्यनाशं करोतिशुक्रस्यचायुषस्यापि ६८

કાચી તાંબાની ભસ્મ [ ખાખ ) ઉલટી, રેચ, તાવ, ફેર, અચેતન પણું, પ્રમેહને પ્રાપ્ત કરેછે, બળ, તથા વીર્ય, અને આયુષ્યનો નાશ કરેછે. ૬૮ ❋

### અશુદ્ધ તાંબાની ભસ્મથી થયેલા વિકારની શાંતિ.

मुनिव्रीहींसितापाना वा धान्यकंसितान्वितं ॥ ताम्रदोषमशेषंवै पिबन्हन्याद्दिनत्रयैः ॥ ६९ ॥

મુની વ્રીહિ એટલે સામો ( અથવા પાણીમાં પોતની મેલેજ પ્રકટ થનારી એક જાતની ડાંગર ) અથવા ધાણા સાકર સંગાથે મેળવી પાણીની સાથે દિવસ ૩ પીવાથી કાચા તાબાની ભસ્મ સેવન કરવાથી ઉત્પન્ન થયેલા દોષ ( રોગ–વિકાર ) શાંત ( નાશ ) પામેછે.

---

❋ " नविषंविषमित्याहु स्ताम्रंतुविषमुच्यते ॥ एकदोषोविषेताम्रेत्वष्टोषा:प्रकीर्तिता: ॥

અર્થ–ઝેરછે તેને ઝેર ન કેહવું પણ તાંબુછે તેજ ઝેરછે: કેમકે ઝેરમાં તો એકજ અવગુણ ( દોષ ) છે પરંતુ તાંબામાં તો આઠ દોષછે ( માટે તેની ભસ્મ શુદ્ધ બનાવી ઉપયોગમાં લેવી નહીતો રીબાવી રીબાવીને મૃત્યુ નિપજાવેછે. ) રસાર્ણવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### તાંબાની ભસ્મનાં અનુપાન.

पिप्पलीमधुसंयुक्तं सर्वरोगेषुयोजयेत् ॥
स्वबुध्यापिप्रयुंजीत रोगनाशनवस्तुभिः ॥ ७० ॥

પીપર અને મધ સંગાથે તાંબાની ભસ્મ સર્વે રોગ ઉપર સેવન કરવાથી અથવા જેવો રોગ તેને નાશકરનારી વસ્તુ સંગાથે પોતાની બુધ્ધિના અનુસારે પુર્વાપરનો વિચાર કરી સેવન કરવાથી સર્વ રોગ નાશ પામેછે. ૭૦ ❋

### ભસ્મ કરવામાં બંગ કેવા પ્રકારનો ગ્રહણ કરવો ?

शुभ्रंसुकठिनंबङ्गं ग्राह्यावैद्यवरैसदा ॥
अन्यधातुविमिश्रंचे त्याज्यमेवमनर्थकं ॥ ७१ ॥

કલઈની ભસ્મ કરવામાં જે કલઈ ધોળી અને કઠણ હોય તે લેવી પણ બીજી ધાતુઓ મળેલી અર્થાત્ બીજી ધાતુઓના ભેગવાળી–મલીન–નરમ હોયતે ત્યાગીદેવી નહિતો તેકલઈની બનાવેલી. ભસ્મ નુકસાન કર્તાછે. ૭૧ ૧

### બંગ ભસ્મની વિધિ.

मृत्पात्रेद्राविते बङ्गे चिञ्चाश्वत्थत्वचारजः ॥
क्षिप्ताबङ्गचतुर्थांश मयोदर्व्याप्रचालयेत् ॥ ७२ ॥
ततोद्वियाममात्रेण बङ्गभस्मप्रजायते ॥
अथभस्मसमंतालं क्षिप्ताऽम्लेनविमर्दयेत् ॥ ७३
ततोगजपुटेपक्त्वा पुनरम्लेनमर्दयेत् ॥
तालेनदशमांशेन याममेकंततःपुटेत् ॥ ७४ ॥
एवंदशपुटैःपक्वं बङ्गंभवतिमारितम् ॥ ७५ ॥

---

❋૧ રતી ભાર તાંબાની ભસ્મ સીમળાના રસની સંગાથે મધ અને ઘી સહિત નિત્ય સેવનકરે અને તે ઉપર સાકર યુગ્ત કઢેલું ગાયનું દૂધ પીયે તથા ઘી યુગત મિષ્ટાન્ન ખાય, ખટાઈ તૈલાદિ ત્યાગ કરેતો વીર્ય, જઠરાગ્નિ, પુષ્ટતા પ્રાપ્તકરેછે તેમજ દેહદ્રઢ, દિવ્યદ્રષ્ટિ અને કામદેવના સમાન સુંદરતા બક્ષેછે. ગ્રંથાંતર.

---

૧ બંગ, કલઈ, રાંગ, કથિલ અને કથિર એ એકજ ધાતુછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટીની મોટી ઠીબ ( તાવડી ) માં શુધ્ધ કરેલી કલઇ ઓગાળી તે કલઇથી ચોથા ભાગે આમલી અને પીપરની છાલ ( છોડીઆં ] નું ઝીણું ચૂર્ણ ( ભૂકો ) કરી તે ચૂર્ણ ઓગલેલી કલેઇ ઉપર ભભરાવતે જવું અને લોખંડની કડછીથી કલઈને હલાવતે જવી, એમ બે પોહોર સુધી અગ્નિ ઉપર રાખી કર્યા કરે તો કલઈ ભસ્મ જેવી થઈ જશે. પછી તે ભસ્મની બરોબર શુધ્ધ હરતાલ લેઈ હરતાલ અને ભસ્મ એ બેને લીંબુના રસમાં ખરલ કરી એકજીવ થયે ગોળો બનાવી સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવી. એની મેલેજ ઠંડુ થયા પછી સંપુટ કાહાડી ભસ્મના દશમા ભાગે શુધ્ધ હરતાલ લેઈ ભસ્મ અને હરતાલ બન્ને ફ્રી લીંબુના રસમાં ૧ પોહર સુધી ખરલ કરી પુર્વોગ્તરીતે સંપુટમાં રાખી કપડા માટીથી દ્રઢ કરી ગજ પુટ આંચ આપવી. એવીજ રીતે દશ વાર કરવાથી શુધ્ધ બંગ ભસ્મ થાયછે. ૭૨=૭૫

### શુદ્ધ બંગ ભસ્મના ગુણ.

**बंगंलघुसरंरूक्षं कुष्टमेहकफक्रुमीन् ॥**
**निहंतिपांडुसस्वासे नैत्र्यमीषत्तुपित्तलं ॥ ७६ ॥**
**सिहोगजौघंतुयथानिहंति तथैवबंगोऽखिलमेहवर्गं ॥ देहस्यसौख्यंप्रबलेंद्रियत्वं नरस्यपुष्टिंविदधातिनूनं ॥ ७७ ॥**

શુધ્ધ કલઇની ભસ્મ લઘુછે, સર ( સારક ] છે, રૂક્ષ [ લુખી ) છે. કોઢ, કફ, કૃમિ, પાંડુ, શ્વાસ હરતા છે, નેત્રને હિતાવહ છે, કિંચિત્ પ્રીતિ કારક છે. જેમ સિંહ ગજ ( હાથી ) ના સમૂહનો નાશ કરેછે તેમજ ( આ ) બંગભસ્મ સર્વ પ્રકારના પ્રમેહનો નાશ કરેછે તથા શરીર આરોગ્યતા, ઈંદ્રિયોની પ્રબળતા અને પુષ્ટિ ભસ્મ સેવન-કરનાર મનુષ્યને નિશ્ચે આપે છે. ૭૬—૭૭

( બુધ્ધિ, શીતળતા, સૌદર્યતા કવિત્વ શક્તિ આપે છે. ક્ષયનો નાશ કરેછે. વીર્યને સ્થિર કર્તાછે દીપન પાચન ગુણ વાળીછે ]

### અશુદ્ધ બંગ ભસ્મના અવગુણ.

**यद्यपक्वंभवेब्दंगं गुल्मकुष्टप्रमेहकृत् ॥**
**वातशोणितमंदाग्नि पाण्डुदौबल्यरुक्प्रदं ॥ ७८**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાચી કલઈની ભસ્મનું સેવન કરવાથી ગોળાનોરોગ, કોઢ પ્રમેહ, વાતરક્ત, મંદાગ્નિ, પાંડુરોગ અને નિર્બળતા અથવા કૃસતા પણ એ રોગોને ઉત્પન્ન કરેછે. ૭૮

કાચી કલઈની ભસ્મના વિકારની શાંતી.

मेखशृंगींसितायुक्तां यस्सेवतिदिनत्रयं ॥
बंगदोषविमुक्तोसौ सुखंजीवतिमानवः ॥ ७९ ॥

કાકડા સીંગ ( અથવા મરડા સીંગ—મરોડાફળી—મેઢા સીંગ ) સાકર સંગાથે ૩ દિવસ સેવન કરે તો કાચા બંગજનીત દોષની શાંતિ થાયછે અર્થાત્ તેના વિકારથી મુક્ત થાયછે અને તે મનુષ્ય સુખે કાળ ક્રમણ કરે. ૭૯

બંગભસ્મનાં અનુપાન.

कर्पूरेणयुतंबङ्गः हरत्यास्यविगंधतां ॥
पुष्टिकृत्क्षीरसंयुक्तं जातीफलयुतंतुवा ॥ ८० ॥
प्रमेहेतुलसीपत्रैः खादेद्वंगंप्रसन्नधीः ॥
गुल्मेटंकणसंयुक्तं पाण्डुरोगेघृतेनच ॥ ८१ ॥
उर्द्ध्वश्वासेरक्तपित्ते निशयाभक्षयेत्सुचिः ॥
पित्तेशर्करयाखादे न्मधुनाबलवृद्धये ॥ ८२ ॥
वीर्यस्तंभायकस्तूर्या नागवल्लिदलेनवा ॥
मंदाग्नौमगधाचूर्ण कस्तूरीसंयुतंभजेत् ॥ ८३ ॥
कंकोलस्यरजोयुक्तं मन्दाग्नौवाभजेन्नरः ॥
खदिरक्वाथसंयुक्तं चर्म्मरोगेप्रशस्यते ॥ ८४ ॥
धात्रीफलयुतंवापि पूगचूर्णसमन्वितं ॥
सेवितंहरतेऽजीर्णं रसोनेनास्थिगंज्वरं ॥ ८५ ॥
कुष्टेसिन्धुफलैःसार्द्धं निर्गुंडीस्वरसेनवा ॥
कौब्जेऽपामार्गमूलेन ॥ प्लीन्हिटंकणसंयुतं ॥ ८६

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दिव्यसमुद्रफलाभ्यां बंगंसंमर्द्यनागवल्लिजलैः ॥
प्राणप्रियेविलिम्पतिना यदिलिंगंभवेच्छिदीर्घतरं
लवंगरोचनायुक्त तिलकंजनवश्यकृत् ॥
लवंगैरंडमूलाभ्यां लेपश्चार्धाभेदहृत् ॥ ८८ ॥
यवानिकायुतंवाते वाजिगंधायुतंतुवा ॥
जलोदरेत्वजाक्षीरसंयुतंगुणकृद्भवेत् ॥ ८९ ॥
पुत्राध्यैरासभीक्षीरै स्तक्राढ्यंवातगुल्मनुत् ॥
कर्कटीस्वरसैःषंढो पुरुषत्वमवाप्नुयात् ॥ ९० ॥
अपामार्गरसैर्बंगं शिरोरोगनिवारणं ॥
शाल्मकमालतीपत्री लवंगैधातुदोषनुत् ॥ ९१ ॥
जातीफलाश्वगंधाभ्यां कटिपीडानिवारणं ॥
रसोनतैलयुक्नस्य मपस्मारनिषूदनम् ॥ ९२ ॥
जातीफलांलवङ्गाढ्यं मधुनाकसंनंजयेत् ॥
स्वरसास्त्वरसैर्बङ्गं बलदंहिनृणामिदं ॥ ९३ ॥

શુદ્ધ કલઇની ભસ્મ કપૂર સંગાથે સેવન કરવાથી મુખની દુર્ગંધ ( આગરૂ ) ને મટાડેછે, દૂધ અથવા જાયફળ સંગાથે સેવન કરવાથી પુષ્ટિ આપેછે, પ્રમેહ રોગ ઉપર તુલસીપત્ર સંગાથે, ગુલ્મ ઉપર ટંકણખાર સંગાથે, પાંડુરોગમાં ઘી સંગાથે, શ્વાસ અને રક્તપિત્તમાં હળદર સંગાથે, પિત્તરોગમાં સાકર સંગાથે, નિર્બળતા ઉપર મદ્ય સંગાથે, વીર્ય સ્તંભન કરવા માટે કસ્તૂરી અથવા નાગર વેલના પાનસંગાથે, મંદાગ્નિ માટે પીપર અને કસ્તૂરી સંગાથે અથવા કંકોલના ચૂર્ણ સંગાથે, નેત્ર તથા પાપણના દરદ માટે ખેરના ઉકાળા સંગાથે, અપચા [ અજીર્ણ ] ઉપર આમલાં તથા સોપારીના ચૂર્ણ સંગાથે, હાડજ્વર માટે લસણ સંગાથે, કોઢ માટે સમુદ્રફળ સંગાથે, વા, નગોડના રસ સંગાથે, કુબ્જ રોગ ઉપર અઘાડાના મૂળ સંગાથે, બરોળમાટે ટંકણ સંગાથે, લિંગવૃદ્ધિ માટે લવિંગ સમુદ્રફળ અને નાગરવેલ પત્રના રસ સંગાથે બંગ ભસ્મ વાટી લિંગ ઉપર લેપ ક-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રવો, મનુષ્યને વશ્ય કરવા માટે લવંગ અને ગોરોચન ( ગોલોચન—ગોરાચંદન ] સંગાથે, આધાશીશી ઉપર લવંગ તથા એરંડાનામૂળ સંગાથે ( લેપ કરવો ), વાયુરોગ માટે અજમા સંગાથે, વા, આસગંધ સંગાથે, જળોદર ઉપર બકરીના દૂધ સંગાથે ગુણ કર્ત્તાછે, પુત્રપ્રાપ્તિ માટે ગધેડીના દૂધ સંગાથે, વાત ગુલ્મ રોગ ઉપર ગાયની છાસ સંગાથે, નપુંષક પણાને દૂર કરવા કાકડીના રસ સંગાથે, માથાના રોગ ઉપર અંધાડાના રસ સંગાથે, ધાતુ વિકાર ( વીર્ય વિકાર ) ઉપર જાયફળ જાવંત્રી અને લવિંગ સંગાથે, કેડ દૂષતી હોય તેના માટે જાયફળ અને આસગંધ સંગાથે, વાઈ [ ફેફરૂં ) દૂર કરવા માટે લસણ અને તેલ સંગાથે ( સુંઘવાથી ] અને ઉધરસ માટે જાયફળ લવિંગ અને મધ સંગાથે, નિર્બળતા દૂરકરવા ( બળને પ્રાપ્ત કરવા ) તુલસીના રસ સંગાથે બંગ ભસ્મ સેવન કરવા ( ખાવા ) થી અર્થાત દરેક દરદો માટે ઉક્ત અનુપાન સહ સેવન કરવાથી ઇચ્છિત સિધ્ધિ આપેછે ( નિરોગી બનાવેછે ] ઈત્યર્થ. ૮૦—૯૩

## જસદની ભસ્મ બનાવવાની રીત.

" यशदस्यबंगवत्मारणंभवति "

જશદની ભસ્મ બનાવવી હોયતો બંગભસ્મ બનાવવાની જે વિધિ કહી છે તેજ વિધિ મુજબ જશદની ભસ્મ થાયછે. ( માટે હવે અત્ર વિશેષ લખવાની અગત્ય નથી. )

## શુદ્ધ જશદની ભસ્મના ગુણ.

त्रिदोषप्रमेहाग्निमांद्याशिरोगा नतिसारपित्तज्वराजीर्णकासान् विबंधामवातंहरेद्रीतिहेतु र्वमीशूलशीतज्वरास्त्रस्रुतीश्च ॥ ९४ ॥

શુધ્ધ જશદની ભસ્મ સેવન કરવાથી ત્રિદોષપ્રમેહ, અગ્નિની મંદતા, નેત્રરોગ, અતિસાર, પિત્ર જ્વર, અજીર્ણ, ઉધરસ, બંધકોષ, આમવાયુ, ઉલટી, શૂળ, તાઢીયોતાવ અને રગ્તાતિસાર ( લોહી દાણ—લોહીખંડ વાડો ) એ સર્વરોગનો નાશ કરેછે. ૯૪

## જશદની કાચી ભસ્મના અવગુણ.

अपक्वंयशदंरोगान् प्रमेहाजीर्णमारुतान् ॥ वमिंभ्रमिंकरोत्येनं ॥ ९५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જશદની કાચી ભસ્મ ખાવાથી પ્રમેહ, અજીર્ણ ઉલટી અને ફેર આદી અનેક રોગોને ઉત્પન્ન કરેછે. ૯૫

કાચી જશદની ભસ્મના દોષની શાંતી.

त्रिदिनंसितवासार्द्धं भजनबालहरीतकीं ॥
यशदस्यविकारेण मुक्तःस्यान्नात्रसंशयः ॥ ९६ ॥

હીંમજનું ચૂર્ણ સાકર સંગાથે ૩ દિવસ સેવન કરેતો જશદની કાચી ભસ્મ ખાવાથી ઊત્પન્ન થયેલા વિકારોથી મુક્ત થાયછે એમાં જરા સંદેહ નથી. ૯૬

જશદ ભસ્મનાં અનુપાન.

यशदंभिषजांवसुदंललने प्रवदाम्यनुपानगणांहि-
ततः त्रिसुगंधियुतंभसितंह्यसितं त्रिमलोद्भवमा-
शुनिहंतिगदं ॥ ९७ ॥
अग्निमंथरसैर्हंति वह्निमांद्यंदुरासदं ॥
नेत्ररोगगवाज्येन जीर्णेनैवांजनेकृते ॥ ९८ ॥
अथवालालयाप्रात नेंत्ररोगंहिव्युष्टयां ॥
नागवल्लिदलोमन्न वीटकेनप्रमेहनुत् ॥ ९९ ॥
सतंडुलहिमैर्हंति खर्जूरैर्मायुजज्वरं ॥
यवानिकालवंगाभ्यांयुतशीतज्वरंजयेत् १००
खर्जूरतांडुलहिमैरक्तातिसारनाशकृत् ॥
शर्कराऽजाजिसंयुक्त मतिसारंवमिंजयेत् ॥ १ ॥
यवानिकालवंगजीरकैःसशर्करैः शिवायुधाख्य-
मामयंनिहंतिवामलोचनेप्रिये यवानिकाकवो-
ष्णनीरसंयुतंविबंधनुत् तथामवातनुद्यवानिका-
लवंगसंयुतं ॥ २ ॥
महिषीनवनीतेन प्रमेहंजयतिध्रुवं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वल्लंपथ्येच्चगोधूम कर्कटीघृतसंयुता ॥ ३ ॥
यवानिकालवंगाभ्या मजीर्णकोष्णनीरयूक् ॥
पिप्पलिमधुसंयूक्तं जसदंकसनंजयेत् ॥ ४ ॥

જશદનાં અનુપાન કહુંછું–ત્રિસુગંધિનાચૂર્ણ સંગાથે સેવન કરવાથી ત્રિદોષનો નાશ કરેછે, મંદાગ્નિ દૂર કરવા માટે અરણીના રસ સંગાથે, નેત્ર રોગ મટાડવા ગાયના જૂના ઘી સાથે અથવા વાસી થુંક સાથે, ( અંજન કરવાથી ) ઘોર પ્રમેહ મટાડવા નાગર વેલપાનના બીડા સંગાથે, પિત્તજ્વર માટે ચોખાનો હીમ અને ખજૂર સંગાથે, શીતજ્વર ઉપર અજમા અને લવિંગના ચૂર્ણ સંગાથે, રક્તાતિસાર [ લોહીખંડવાડો ) મટાડવા માટે ખારેક અને ચોખના હીમ સંગાથે, અતિસાર અને ઊલટી બંધ કરવા માટે સાકર અને જીરા સંગાથે, શૂળ ઉપર અજમો લવિંગ અને સાકર સંગાથે, કબજીયત ( બંધ કોષ ) માટે અજમો અને ઉન્હા પાણી સંગાથે, આમવાત ઉપર અજમો અને લવિંગ સંગાથે, પ્રમેહ માટે ભેંસના માખણ સાથે ૧ વાલભર ખાવાથી, ( પથ્ય ઘઊંની બાટી અને ઘી ] અજીર્ણ ઉપર અજમો લવિંગ અને ઉન્હાપાણી સંગાથે અને ઉધરસ માટે લીંડી પીપર અને મધ સંગાથે ખાવાથી ઉત્તમ ગુણ આપેછે. ૯૭–૪

## સીસાની ભસ્મ કરવાની વિધિ.

તાંમ્બૂલરससंपिष्ट शिलालेपात् पुनःपुनः ॥
द्वात्रिंशद्भिःपुटैर्नागो निरुत्थंभस्मजायते ॥ ५ ॥

પાન ( નાગરવેલનાં પત્ર ) ના રસમાં મણશિલને ખરલ કરી શુદ્ધ કરેલા સીસાનાં પાતલાં પતરાંને કંટક વેધ કરી તે ઉપર તે મણશિળનો લેપ કરવો. પછી સરાવ સંપુટ કરી અગ્નિ પુટ આપવાથી એટલે એવીરીતે ૩૨ વાર અગ્નિ પુટ આપવાથી સીસાની નિરૂત્થ ભસ્મ થાયછે. ૫

## શુદ્ધ સીસાની ભસ્મના ગુણ.

सीसेरंगगुणंज्ञेयं विशेषान्मेहनाशनं ॥ ६ ॥

---

❋ ઔષધ ૪ તોલા લેઈ કૂટી પાણી તોલા ૨૪ માં સાંઝરે પળી રાતવાશી રાખી પ્રભાતે ગળી કાહાડવું તે પાણીને **હિમ** અથવા **શીત કષાય** કહેછે. તેની માત્રા તોલા ૮ **ભાવ પ્રકાશ.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नागस्तुनागशततुल्यबलंददाति व्याधिंचनाशयतिजीवितमातनोति वन्हिप्रदीपयतिकामबलंकरोती मृत्यंचनाशयतिसंमतसेवितःस ॥ ७ ॥

સીસાની ભસ્મના ગુણ બંગભસ્મની સમાનજછે પરંતુ વિશેષે કરીને પ્રમેહનો નાશ કરનારછે. ૬ તથા—

દરરોજ ( યોગ્ય અનુપાન, માત્રા, દેશ કાળ વય અગ્નિબળ નો વિચાર કરી ) સીસાની ભસ્મનું સેવન કરવાથી સો હાથીના સમાન બળ આપેછે અર્થાત્ ઘણું બળ આપેછે. તથા વ્યાધિઓનો નાશ કરેછે, આયુષ્યને વધારેછે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરેછે. કામદેવને બળ [ ઉત્તેજન ) આપનારછે અને મત્યુનો નાશ કરનારછે. ૭

### અશુદ્ધ સીસાની ભસ્મના અવગુણ.

कुष्टानिगुल्मारुचिपाडुरोगान्क्षयंकफंरक्तविकार कृच्छ्रं ज्वराश्मरीशूलभगंदराढंय नागंत्वपक्वंकुरुतेनराणाम् ॥ ८ ॥

કાચી સીસાની ભસ્મ સેવન કરવાથી કોઢ, ગુલ્મ, અરૂચી, પાંડુ, ક્ષય, કફ, લોહીવિકાર, મૂત્ર કૃચ્છ્ર, તાવ, પથરી, શૂળ અને ભગંદર એટલા રોગોને જન્મ આપેછે. ૮

### કાચી સીસાની ભસ્મજનીત વિકારોની શાંતિ.

हेमाहरीतकींसेवेत् सीतायूक्तांदिनत्रयम् ॥
अपक्वनागदोषेण विमुक्तःसुखमेधते ॥ ९ ॥

દારૂડી [ સત્યાનાસી ] હરડેદળ અને સાકર એઓનું ૩ દિવસ સેવન કરે તો કાચી સીસાનીભસ્મ ખાવાથી થયેલો રોગોની શાંતિ થાયછે, ૯

### સીસાની ભસ્મનાં અનુપાન.

मृतंनागंसितासार्द्धं मायूंवायूंशिरोव्यथां ॥
नेत्ररोगंशुक्रदोषं प्रलापंदाहकंजयेत् ॥ १० ॥
प्रददातिरुचिंकामं वृद्धयेत्पथ्यसेविनः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्वबुध्याचान्यरोगेषु प्रदद्याद्रोगशान्तिकृत् ११

સીસાની ભસ્મ સાકર સાથે સેવન કરવાથી પિત્ત, વાયુ, મસ્તક પીડા, નેત્રરોગ, વીર્ય દોષ, બકવા અને બળતરા ( દેહની બળતરા ] વગેરે રોગો દૂર જાયછે, તથા રૂચિ ( ભોજનમાં ઉત્સાહ ) ઉત્પન્ન કરેછે, કામદેવને વધારેછે, પરંતુ પથ્યમાં રહી ફીરી પાળે તો ] સેવન કરવાથી ઉત્તમ ગુણ આપેછે. એવીજ રીતે પોતાની મતિ અનુસારે અન્ય ( બીજા ) રોગો ઊપર પણ સીસાની ભસ્મ યોગ્ય અનુપાન સહ ખાવાથી [ અથવા રોગીને આપવાથી ) રોગની શાંતિ કરેછે અર્થાત્ નાશ કરેછે. ૧૦-૧૧

લોહ ભસ્મ કરવામાં કેવું લોહ ગ્રહણ કરવું ?

कांतसारंमुंडाख्य मायसंत्रिविधंप्रियोतत्रकांतवरं सार मध्यमंमुंडसंज्ञक अधमंलक्षणंवक्ष्ये विशेषं कांतसारयो ॥ १२ ॥

यत्पात्रेनप्रसरतिजलेतैलबिंदुःप्रतप्तेहिंगुगंधंत्यजंतिचनिजांतिक्ततांनिम्बकल्कः तप्तंदुग्धंभवतिशिखराकारकंनैतिभूमिं कृष्णांगंस्यात्सजलचणकः कांतिलोहंतदेव ॥ १३ ॥

रजपुष्पसमाकारं क्षिप्तंदीपशिखोपरि यस्यतत्तीक्ष्णकंसारंतदेवान्यत्तुमुंडकं ॥ १४ ॥

कांतंश्रेष्टतमंग्राह्यं कांताभावेतुतीक्ष्णकं ॥
मुडकंसर्वथात्याज्यं यतोदोषाहिमुंडके ॥ १५ ॥

લોખંડના ૩ ભેદછે એટલે એક કાંતલોહ, સાર અને મુંડ એ ત્રણ જાતનું કેહવાય છે તે પૈકી કાંતિ નામનું લોહ ઉત્તમછે, સાર નામનું લોહ મધ્યમછે અને મુંડ નામનું લોહ અધમછે. કાંત અને સારનાં લક્ષણ એછે કે-જે લોઢાના વાસણમાં પાણી વિશેષ ઉન્હુ કરીને તેમાં તેલનો છાંટો ( ટીપું ) નાખે અને તે જળ ઉપર ફેલાઈ નજાય તો અથવા હિંગ જેના સ્પર્શથી વાસનાને અને લીબડાનાં પાંદડાંની

For Private And Personal Use Only

લુગદી કરી સ્પર્શવાથી પોતાની કડવાસને ત્યજીદેછે તથા દૂધ કાંત લોહના પાત્રમાં ઉકાળવા મૂક્યું હોય તેમાં શિખરની માફક ઊભરો ઊભો થતો દેખાય પરંતુ ઊભરાઈ જાય નહિં તેમજ પાણી સહિત ચણા અંદર રાખવાથી કાળા પડીજાય તેને કાંત લોહ કેહેવાય છે. જે લોઢાનું ચૂર્ણ ( ભૂકો ) દીવાની શિખા ઊપર નાખવાથી તણખા ઊડે તે **તીક્ષ્ણ** અથવા **પોલાદ** કે **સાર** કેહેવાયછે પરતુ તે શિવાય* મુંડ લોહ જાણવું. કાંત લોહ સર્વથી ઊત્તમછે તે ન મળે તો પોલાદ લેવું કિન્તુ મુંડ લોહ કદાપિ કાળે ગ્રહણ કરવુ નહિં. ૧૨–૧૫

## લોહ ભસ્મની વિધિ.

**क्षिपेद्द्वादशमांशेन दरदंतीक्ष्णचूर्णतः ॥**
**मर्द्दयेत्कन्यकाद्रावैर्यामयुग्मंततःपुटेत् ॥ १६ ॥**
**एवंसप्तपुटैर्मृत्युं लोहच्चूर्णमवाप्नुयात् ॥ १७ ॥**

શુદ્ધ કરેલા લોહ ( પોલાદ ) ના ચૂર્ણથી બારમે હીસ્સે ( બારમે ભાગે ) શુદ્ધ કરેલો હિંગળોક લેવો તે બન્નેને કુંવાર પાઠાના રસમાં બે પોહોર પર્યંત ખરલ કરી સરાવ સંપુટ કરી ગજપૂટ આંચ દેવી. એવીજ રીતે સાતવાર કરવાથી લોહ મરેછે અર્થાત્ ભસ્મ થાયછે. ૧૬–૧૭ ❋

## શુદ્ધ લોહ ભસ્મના ગુણ.

**अयिकृशोदरिकंजत्रिलोचने शृणुवदामिसुलोह-**
**गुणानहंसुविधिमारितमेवहरत्ययो विषसमीरण-**
**पांडुकृमिज्वरान् ॥ १८ ॥**
**भ्रमवमिश्वसनगृहणीगदान् कफजराकसनक्षय-**
**कामलाःअरुचिपीनसपित्तप्रमेहकान् गुदजगु-**
**ल्मरुगामसमीरणान् ॥ १९ ॥**

---

❋ લોહની ભસ્મ કમતીમાં કમતી ૨૦ તોલા અને વધારામાં વધારે ( ૫૨ ) તોલા અર્થાત્ ૨૦ થી કમતી અને ( ૫૨ા )થી જાસ્તી તોલા લોહ ભસ્મ કરવાને વૈદ્યવરોની આજ્ઞાછે માટે તેટલા પ્રમાણેજ બનાવવી. **ગ્રંથાંતર.**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુદ્ધ લોહ ભસ્મ—એટલે જેમાં લખેલી ઔષધિઓ અને પુટ કમતી ( થોડા—ન્યૂન ) તથા પારો ગંધક જે લોહ ભસ્મમાં હોય તે અશુદ્ધ ભસ્મ કહેવાયછે; પરંતુ ઔષધીઓના પુટની ન્યૂનતા ન હોય તથા પારા ગંધક સહિત કરેલી લોહ ભસ્મ પર્મ શુદ્ધ ગણાયછે. તે ભસ્મના સેવનથી ઝેર દોષ, વાયુ, પાંડુ, કૃમિરોગ, તાવ, ફેર ( ચકરી ), ઉલટી, સ્વાસ, સંગ્રહણી, કફરોગ, જરા ( વૃદ્ધાવસ્થા ) ઊધરસ, ક્ષય, કમળો, અરૂચિ, પીનસ, પિત્તનો પ્રમેહ, ગુદાસંબંધી હર્ષાદિરોગ, ગુલ્મ, શૂળ અને આમવાયુ એ સઘળાનો નાશ કરેછે. તથા—

**प्लीहस्थौल्यविनाशनंबलकरंकांताजनानंददं क्षीणत्वंविधुनोतिदृष्टिजनकंशोफापहंकुष्टनुत् ॥ भुक्तंशुद्धरसेयसंयुतमिदंसर्वामयध्वंशनं कंताच्छ्रेष्टरसायनंनाहिपरंकांतेस्तिबिंबाधरे ॥ २० ॥**

બરોળ, મેદરોગ [ શરીરનું ફુલવું તે ] નો નાશ કરેછે, બળ ( શક્તિ ) આપેછે, સ્ત્રીઓને આનંદ દાતાછે, ક્ષીણતા. સોજો અને કોઢ વગેરે નો નાશ કરેછે, જો શુદ્ધ કરેલા પારાની સંગાથે સેવન કરે તો સમસ્ત રોગનો વિધ્વંશ ( નાશ ) કરેછે. આ કાંત લોહ ભસ્મની સમાન અન્ય કોઇપણ રસાયન[1] શ્રેષ્ટ નથી.

**અશુદ્ધ લોહ ભસ્મથી થતા ગેરફાયદા.**

**विषंक्लेदंकरोत्येदं वीर्यंकांतिनिहन्त्ययः ॥ असम्यङ्मारितंयस्मात्ततःसम्यग्विपाचयेत् २१**

કાચી લોહ ભસ્મનું સેવન કરવાથી વિષ સમાન ગુણ આપેછે, ગ્લાનિ ( અથવા ઉલટી ) પ્રાપ્ત કરેછે, વીર્ય, કાંતિનો નાશ કરેછે માટે સારી રીતે વિધિયુક્ત ભસ્મ કરવી નહિંતો તેના ખાવાથી

૧ જે ઔષધ પ્રયોગથી મનુષ્યને લાબું આયુષ્યમળેછે, સ્મર્ણશક્તિ, બુધ્ધિ, કાંતિ, તેજસ્વી પણું, સુકંઠતા, સુવર્ણ બળ, અને ઈંદ્રિયોની શક્તિ અત્યંત વધેછે વા, પ્રાપ્ત થાયછે, જરાવસ્થા મટી તરૂણાવસ્થા પ્રાપ્ત થાયછે શરીરમાંના સર્વે રોગ દૂર થાયછે અને વચન સિધ્ધિ, જનપ્રીવતા મેળવેછે તે ઔષધને **રસાયન** કહેછે. **ચરકસંહિતા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( નપુંષકતા, કોઢ, છાતીનારોગ, શૂળ અને પથરી આદિ રોગો ઉત્પન્ન કરેછે એટલુંજ નહિં પણ ) મૃત્યુને શરણ કરેછે. ૨૧

કાચી લોહ ભસ્મથી થએલા વિકારની શાંતિ.

आरग्वधस्यमज्जातु रेचनंकीटशांतये ॥
भवेदप्यातिसारश्च पीत्वादुग्धंतुतत्त्यजेत् ॥ २२ ॥
खंडमाक्षीकसंयुक्तं मेलाचूर्णंदिनत्रयं ॥
सेवितंवात्रिवृत्सिंधुरजः कोष्णेनवारिणा ॥ २३
सितयामधुनावापि श्वेतदूर्वारसोपिच ॥
सेवितोलोहजान्दोषान् हंतिनोन्यत्रसंशयः २४

કાચી લોહ ભસ્મના ખાવાથી જો પેટમાં કરમીયા પડ્યા હોય તો ગરમાળાનો ગોળ ખાવાથી રેચલાગેછે અને તેથી કીટ [ કરમીયા ) મળ સાથે બાહેર નીકળી જાયછે બાદ દૂધપીવુ જેથી કાચી લોહ ભસ્મનો વિકાર નાશ પામેછે; માટે કાચી લોહ ભસ્મ ત્યજીદેવી તથા એલચીનું ચૂર્ણ ખાંડ અને મધ સંગાથે સેવવાથી; અથવા નસોતર અને સિંધાલુણનું ચૂર્ણ ઉન્હા પાણી સંગાથે ફાકવાથી; અથવા મધ સાથે કિંવા સાકર સાથે ધોળી ધરોનો રસ સેવન કરવાથી લોહ જન્ય વિકાર નાશ પામેછે એમાં સંદેહ નથી. ૨૨-૨૪

લોહ ભસ્મનાં અનુપાન.

रसराजमृतंलोहं सर्वरोगेषुयोजयेत् ॥
भार्ङ्गीत्रिकटुकक्षौद्रयुतंधातुविकारनुत् ॥ २५ ॥
रसगंधमृतंलोहं माक्षीकेणकफप्रणुत ॥
चातुर्जातसितायुक्तं रक्तपित्तविनाशनं ॥ २६ ॥
पुनर्भूरजसायुक्तं गोदुग्धेनबलप्रदं ॥
पूर्णभूक्काथसंयुक्तं पांडुसंखंडयत्पयः ॥ २७ ॥
निशामधुयुतंवापि पिप्पलिमाक्षिकान्वित ॥
प्रमेहान्विविधाहन्ति सशिलाज्जतुकृच्छ्रकान् २८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



वृषायःपिप्पलिद्राक्षा माक्षिकैर्वटिकिकृतं ॥
जयेत्पंचविधंकास मायासमिवचक्रधृक्॥ २९॥
धातुकांतिप्रदंचेत्थं तांबूलेनाग्निदीपनं ॥
हेहंलोहसमंकुर्यात् सेवितंमृतमायम ॥ ३० ॥
बलाचातिबलाव्योष त्रिफलाचशतावरी ॥
सर्वतुल्योमृतोलोहो भुजस्तंभमथोर्दितं ॥ ३१ ॥
यक्ष्माणंकंठजान्रोगान् हंतिवक्षःक्षतंगदं ॥
सर्वामयहरोयद्वत्सर्वपापहरोहरिः ॥ ३२ ॥

શુધ્ધ કરેલા પારાની સંગાથે લોહ ભસ્મ સર્વ રોગ ઉપર આપવી, ધાતુ વિકાર ઉપર ભારંગી, સુંઠ, મરી, પીપરનું ચૂર્ણ મધ સંગાથે, કફ રોગ માટે પારા ગંધકની કાજળ અને મધ સંગાથે, રક્તપિત્ત ઉપર તજ, તમાલપત્ર, એલચી અને નાગકેશર સંગાથે, બળ પ્રાપ્ત કરવા ઉપર સાટોડીનું ચૂરણુ અને ગાયના દૂધ સંગાથે, પાંડુ રોગ માટે સાટોડીના કવાથ સંગાથે, સર્વ જાતના પ્રમેહ ઉપર હળદર અને મધ સંગાથે અથવા પીપર મધ સંગાથે, મૂત્ર કૃચ્છ્ર માટે શિલાજીત સંગાથે, પાંચ પ્રકારના ઉધરસ માટે અરડુસો, લોહ ભસ્મ, પીપર, ધ્રાખ એઓને ખરલ કરી મધ સાથે ગોળીઓ કરી ખાવાથી, [1] કાંતિઅને ભૂખને વધારવા તાંબૂળ સંગાથે, ભુજસ્તંભ, અર્દીત વાયુ, ક્ષય, કંઠરોગ અને ઉરઃક્ષત ઉપર બોળ ( બળ બીજનું મૂળ ), કાંસકી, સુંઠ, મરી, પીપર, હરડાં, બેહડાં. આમળાં અને સતાવરીના ચૂર્ણ. સંગાથે, તથા–૩૨

जातीफललवंगैला त्रिकट्वुत्रिफलाःसमाः ॥
सर्वतुल्योमृतोह श्वछागीक्षिराविमार्दितः ॥ ३३ ॥
वल्लैकोमधुनालीढः क्षयक्षयकरोमतः ॥

*1 તાંબૂળની રીત—નાગરવેલનાં ( કપૂરી ) પાનમાં ચનો, કાથો, સોપારી, કપૂર, તમાલપત્ર, તજ, એલચી, જાયંત્રી, ચિણીકબાલા, જાયફળ, કસ્તૂરી, લવિંગ અને કેશર નાખી બીડું બનાવવુ તે તાંબૂળ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यथाहरिहरद्वेपःक्षयक्षयकरोमत ॥ ३४ ॥
त्रिकटुत्रिफलामुस्ता विडंगंतृवृतावचा ॥
वन्हिर्यष्टीपृथक्कर्षं लोहभस्मपलद्वयं ॥ ३५ ॥
गुग्गुलुर्लोहतुल्योच पलत्रयमितंमधु ॥
आलोडयसर्वमेकत्र प्रातर्लिह्याद्यथाबलं ॥ ३६ ॥
अस्मिन्जीर्णेसुभुंजानः पथ्यमन्नंजयेद्रुजः ॥
जीर्णान्नसंभवंशूल मामवातंहलीमकं ॥ ३७ ॥
श्वयथुपांडुरोगंच तथैवविषमज्वरान् ॥
लोहचूर्णंवराचूर्णसंयुतंमधुसर्पिषा ॥ ३८ ॥
परिणामभवंहान्ति शिवशत्राभिधंगदं ॥
वरायष्टीरजस्तुल्यं मधुसर्पियुतंलिहन् ॥ ३९ ॥
लोहभस्मनरश्चानु गव्यंक्षीरंपिबन्जयेत् ॥
शूलंसतिमिरंवांति मम्लपित्तंक्लमज्वरं ॥
अनाहंश्वयथुंश्चैव मूत्रकृच्छ्रंसुदारुणं ॥ ४० ॥

જાયફળ લવિંગ, એલચી, ત્રિકટુ, ત્રિફળા એ સમાન ભાગે લેઈ તે સર્વેની બરોબર લોહ ભસ્મ લેઈ બકરીના દૂધ સંગાથે ખરલ કરી મધની અંદર કાલવી ૩ રતિ પૂર ખાવાથી ક્ષયરોગ નાશ થાયછે, તથા ત્રિકટુ ( સુંઠ, મરી, પીપર ], ત્રિફળાં ( હરડાં, બેહડાં, આમળાં ), મોથ, વાવડીંગ, નસોતર, વજ, ચિત્રામૂળ અને જેઠીમધ એ સર્વે અકેક તોલો લેવાં, લોહ ભસ્મ બે પળ [ આઠ તોલા ) શુદ્ધ કરેલો ગુગળ ૮ તોલા એ સઘળાં ૧૨ તોલા મધની અંદર કાલવી પ્રતઃકાળે પોતાની શકિતના અનુસારે માત્રા ગ્રહણ કરવી અને ઔષધ પચ્યા પછી ભોજન રોગને અનુકૂળ ( પથ્ય ) હોય તે કરવું જેથી પરિણામ નામની શૂળ, આમવાયુ, હલીમક ( કમળાનો ભેદ ) સોજો, પાંડુ અને વિષમજવર એ સઘળાં નાશ પામેછે. ત્રિફળાના ચૂર્ણમાં લોહ ભસ્મ મેળવી મધ, અને ઘી ( મધ તોલા ૧।। ઘી તોલો ૧ એટલે ઓછાં વત્તાં લેવાં તે )ની અંદર કાલવી ચાટવાથી પરિણામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શૂળનો નાશ કરેછે. ત્રિફળાં, જેઠીમધનું ચૂર્ણ અને લોહ ભસ્મ સમાન ભાગે લેઈ મધ ઘી સંગાથે ચાટે અને ઉપર ગાયનું દૂધ પીએ જેથી શૂળ, તિમિર ( આંખનો ) રોગ, ઉલટી, અમ્લપિત્ત, અકળામણુ, તાવ, આફરો, સોજો અને ઘોર મૂત્ર કૃચ્છ્ર એ સર્વને દૂર કરેછે. ૩૩–૪૦ તથા–

चिंचापामार्गजौक्षारौभूतिः सबूकसंभवा ॥
लवणंचसमंसर्वै रेतेर्लोहंविमर्दयेत ॥ ४१ ॥
शूलस्यागमवेलायां खादन्माषद्वयंनरः ॥
जयेदष्टविधंशूलं गंगोदेनेवघस्मरान् ॥ ४२ ॥
जीरकेद्वेकणामुस्ता वराविश्वाविडंगकैः ॥
लोहोमूत्राविकारांश्च प्रमेहानखिलान्जयेत् ४३
दारुवन्हितिवृदंती कटुकागजपिप्पली ॥
विडंगंत्रिफलाव्योषं समभागांविचूर्णयेत ॥ ४४ ॥
सर्वेभ्योद्विगुणंलोहं गोदुग्धेनविमर्दितं ॥
पीतंदुग्धेनसंहन्या द्दारुणस्वयथुगदं ॥ ४५ ॥
कटुत्रिकयवक्षारौ लोहःपीतोवरारसैः ॥
शोथंनाशयतिक्षिप्रं चक्रपाणिर्यथामधुं ॥ ४६ ॥
वराचूर्णयुतंरात्रौ संलिहन्मधुसर्पिषा ॥
लोहभूतिमशेषेण नेत्ररोगान्जयेत्किल ॥ ४७ ॥
त्रिसुगंधिवराव्योष च्छिन्नासत्वंसमांशकं ॥
एभिस्तुल्यमयश्चूर्णं वातरक्तहरंपरं ॥ ४८ ॥

આમલી અને અંધાડાનો ખાર નદીના સંખલાની ભસ્મ તથા સિંધાલુણ એસર્વ બરોબર અને એ સઘળાની સમાન લોહ ભસ્મ લેઈ ખરલ કરી શૂળ આવવાના વખતમાં બે માસા [ અથવા બે અડદ ) ના જેટલી માત્રા લેવાથી આઠ જાતની શૂળ મટેછે જેમ ગંગાજળથી પાપ સમૂહનો નાશ થાયછે તેમ. જીરૂં, શાહજીરૂં, પીપર,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોથ, હરડાં, બેહડાં, આમળાં, સુંઠ અને વાવડિંગ એઓના ચૂર્ણ સંગાથે લોહ ભસ્મ ખાવાથી મૂત્રના વિકારો અને સર્વજાતના પ્રમેહોનો નાશ કરેછે. દેવદાર, ચિત્રામૂળ, નસોતર, નેપાળાનું મૂળ. કડુ, ગજપીપર, વાવડિંગ, ત્રિફળાં, ત્રિકટુ એ સઘળાં સમાન ભાગે લેઇ ચૂર્ણ કરી તેથી બમણી લોહ ભસ્મ ગાયના દૂધ સાથે ખરલ કરી પોતાની શક્તિ પ્રમાણે ગાયના દૂધ સંગાથે પીએ તો ઘોર સોજાનો રોગ નાશ પામેછે. સુંઠ, મરી, પીપર, જવખાર અને લોહ ભસ્મ ત્રિફળાના કવાથ સંગાથે પીવાથી પણ શોથ ( સોજા ) નો નાશ થાયછે. જેમ શ્રીકૃષ્ણે મધુ દૈત્યનો નાશ કર્યો તેમ. ત્રિફળાનું ચૂર્ણ અને લોહ ભસ્મ મધ ઘી સંગાથે રાત્રે ચાટી સુઇ રેહેતો સર્વ પ્રકારના નેત્રના રોગથી મુક્ત થાયછે. તજ તમાલપત્ર, એલચી, વરા ( હરડાં, બેહડાં, આમળાં ) વ્યોષ ( સુંઠ, મરી, પીપર ) અને ગળો સત્વ એ સમાન ભાગે લેવાં. તે સર્વની સમાન લોહ ભસ્મ લેઇ એકત્ર મર્દી સેવન કરવાથી વાતરગતનો નાશ કરેછે ( આશ્રેષ્ટ ઉપાયછે. ) ૪૧–૪૮ તથા

नागरोत्पलमुस्ताग्नि ह्रीबेररक्तचंदनैः ॥
सविडंगशिवाधात्री पाठाकृष्णांबुचूर्णितैः ॥ ४९ ॥
समंशुद्धंलोहभस्म विषमान्खिलान्ज्वरान् ॥
निहंत्यंबुजपत्राक्षी मदनोत्थगदानिव ॥ ५० ॥
शिवाश्मजतुमाक्षीक विडंगैर्लोहभूतिका ॥
सेवितामाक्षिकाजाभ्यां हंतियक्ष्माणमुल्वणं ५१
मधुनालेहितोलोहः सर्वमेहनिवारणः ॥
स्मृतमात्रोहरियद्वत् सर्वपापनिवारणः ॥ ५२ ॥

સુંઠ, કમળકાકડી, મોથ, ચિત્રામૂળ, સુગંધીવાળો, રતાંજળી, વાવડિંગ, હરડે, આમળાં, કાળીપાઠ, પીપર અને વીરણવાળો એ એનું ચૂર્ણ કરી તે સર્વની બરોબર લોહ ભસ્મ સેવન કરવાથી વિષમ જવર આદિ સર્વજવર ( તાવ ) નાશ કરેછે. હરડે, શિલાજીત, સુવર્ણમાક્ષીક અને વાવડિંગ સમાન ભાગે લેઇ તેઓની બરોબર લોહ ભસ્મ મેળવી મધ ઘી સંગાથે ચાટવાથી રાજયક્ષ્મા ( ક્ષય ) નો નાશ કરેછે. અને એકલી લોહ ભસ્મ મધ સંગાથે ચાટવાથી સર્વ પ્રમેહનો નાશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેછે જેમ હરિ ( પરમાત્મા ) ના સ્મર્ણ માત્રથી સર્વે પાપનો નાશ થાયછે તેમ. ૪૮–૫૨

ઈતિ સપ્તધાતુઓના શોધન, મારણ, ગુણાગુણ, વિકાર શાંતિ, અને અનુપાન પ્રકરણ સમાપ્તમ્.

## હવે સપ્ત ઉપ ધાતુઓનું શોધનાદિ કહિયે છિયે.

### સુવર્ણમાક્ષિક શોધન.

मातुलुङ्गद्रवैर्वाथ जम्बीरस्यद्रवैःपचेत् ॥
चालयेल्लोहजेपात्रे यावत्पात्रंसुलोहितं ॥
भवेत्ततस्तुसंशुद्धिः स्वर्णमाक्षिकमृच्छति ॥ ५३

સોવન માખીને શુધ્ધ કરવી હોયતો બીજોરાના રસમાં અથવા જંબીરી ( એકજાતના ખાટાલીંબુ ) ના રસમાં સોવન માખીને નાખી લોઢાની કડાહીમાં પકાવવી, જ્યારે રસ બળીજાય અને કઢાઈ લાલરંગની થઈ જાય ત્યારે નીચે ઉતારી થંડી થઈ ગયા પછી કાહડી લેવી તે સોવનમાખી શુદ્ધ જાણવી. ૫૩

### અથ સોવનમાખીની ભસ્મ કરવાની વિધિ.

कुलत्थस्यकषायेण घृष्ट्वातैलेनवापुटेत् ॥
तक्रेणवाजमूत्रेण म्रियतेस्वर्णमाक्षिकम् ॥ ५४ ॥

શુધ્ધ કરેલી સોવનમાખીને કલથીના કવાથમાં, અથવા તેલમાં, અથવા છાસમાં અથવા બકરીના મૂત્રમાં ખરલકરી સરાવ સંપુટમાં મૂકી ગજપુટ અગ્નિ દેવાથી સોવનમાખીની ભસ્મ થશે. ૫૪

### સોવનમાખીની શુદ્ધ ભસ્મના ગુણ.

वृष्यंस्वयंचचक्षुष्यं व्यवायापिरसायनं हन्तिवस्त्यर्तिशोफार्शो मेहकुष्टोदरक्षयान् ॥ पांडुवातंविषंपित्तं कामलांचहलीमकं ॥ ५५ ॥

સોવનમાખીની શુધ્ધ–પાકેલી ભસ્મ પુષ્ટિ તથા વીર્ય વૃદ્ધિ કરતાછે, કંઠ શોધકછે, નેત્રને હિતકારીછે, શરીરમાં શિઘ્ર ફેલાવ કરી રસાયન રૂપ ગુણ આપનારછે. તેમજ પેઢુની પીડા, સોજો, હરષ, પ્રમેહ, કોઢ, ઉદરવ્યાધિ, ક્ષય, પાંડુ, વાયુ, ઝેર, પિત્તવિકાર, કમળો અને હલીમક એટલા રોગોને હણેછે. ૫૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### અશુદ્ધ ભસ્મના અવગુણ.

मंदानलत्वंबलहानिमुग्रां विष्टंभतांनेत्रगदान्स-
कुष्टान् मालांतथैवव्रणपूर्विकातत्कुर्यादशुद्धंमधु-
माक्षिकंयत् ॥ ५६ ॥

અશુધ્ધ ભસ્મના સેવનથી મંદાગ્નિ, બળહાનિ, બંધકોષ્ટ, નેત્રરોગ, કોઢ અને ગંડમાળા એટલા રોગોને પેદા કરેછે. ૫૬

### કાચી સોવનમાખીની ભસ્મના વિકારની શાંતી.

कुलत्थस्यकषायंवा त्वंबुनादाडिमत्वचं ॥
पिवन्नशुद्धमाक्षीक दोषमुक्तःसुखीभवेत् ॥ ५७

જો અશુધ્ધ સોવનમાખીની ભસ્મ સેવવાથી વિકાર ઉત્પન્ન થયેલા હોય તો કળથીનો ઉકાળો અથવા દાડમની છાલ પાણીમાં વાટીને પીએતો અશુધ્ધ સોવનમાખીના દોષથી મુક્ત થઈ સુખી થાયછે. ૫૭

### સોવનમાખીની ભસ્મનાં અનુપાન.

मधुमागंधिकायुक्तं क्षयश्वासभ्रमादिषु ॥
देयंवास्वर्णभस्मोक्तै रनुपानैर्गदेषुच ॥ ५८ ॥

મધ અને પીપર સંગાથે સ્વર્ણમાક્ષિકની ભસ્મનું સેવન કરવાથી ક્ષય, શ્વાસ અને ભ્રમ આદિ રોગો મટેછે તથા સ્વર્ણભસ્મમાં કહેલા અનુપાન મુજબ રોગનો નિર્ણય કરી રોગાંતક અનુપાન યુક્ત આપવી. ૫૮

### રૂપમાક્ષિકનું શોધન.

कर्कोटीमेषशृंग्युत्थैर्द्रवैर्जंबीरजैर्दिनम् ॥
भावयेदातपेतित्रे विमलाशुद्ध्यतिध्रुवम् ॥ ५९

રૂપમાખીનું શોધન કરવું હોય તો કંકોડી, મેઢા સીંગી ( મરડાસિંગ ) અને જંબીરી એ દરેકના રસમાં અકેક અથવા બબ્બે દિવસ સુધી ઘુંટી સૂર્યનો આકરો તડકો આપવો જેથી રૂપમાખી શુધ્ધ થાયછે. ૫૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### રૂપમાખીની ભસ્મ કરવાની વિધિ.

" स्वर्णमाक्षिकमारणप्रकारेण रौप्यमाक्षिकस्यापिमारणम् "

સોવન માખીની ભસ્મ બનાવવાની ક્રિયાનુસારેજ રૂપમાખીની પણ ભસ્મ બનાવવી.

### શુદ્ધ રૂપમાખીની ભસ્મના ગુણ.

विमलामधुरातिक्ता स्वादुपाकारसायनी ॥
चक्षुष्याबस्तिरुकष्ट पांडुमेहविषोदरं ॥
अर्शःशोफक्षयंकंडु निदोषंचनियच्छति ॥ ६० ॥

શુધ્ધ રૂપમાખીની ભસ્મ મધુરછે, તિક્તછે, સ્વાદિષ્ટછે, પાકમાં રસાયન રૂપછે, નેત્રને હિતકારી છે, તથા પેઢુ પીડા, કોઢ, પાંડુ, પ્રમેહ, ઝેર, ઉદરવિકાર, હરષ, સોજો, ક્ષય, ખરજ અને ત્રિદોષ એ સઘળાં. ને। નાશ કરનારછે. ( અને અશુધ્ધ ભસ્મ અનેક રોગ ઉપ્તન્ન કરેછે )

स्वर्णमाक्षिकवद्दोषाः शांतिश्चैवानुपानक ॥
प्रदद्नुकुशलोवैद्यो जयेदुक्तान्गदान्किल ॥६१

અશુધ્ધ ભસ્મના વિકારની શાંતિ અને અનુપાન સોનામખી ( સુવર્ણમાક્ષી ) ની ભસ્મની સમાન જાણી લેવાં. અથવા હુંશીયાર વૈદ્યે રોગને નાશ કરનાર અનુપાન સંગાથે પોતાની બુધ્ધિ અનુસારે આપવી જેથી સર્વ રોગ નાશ થાયછે. ૬૧

### મોરથુથું શોધવાની વિધિ.

विष्टयामर्दयेत्तुत्थं मार्ज्जारककपोतयेः ॥ दशांशंटंकणंदत्वा पचेन्मृदुपुटेततः पुटंदग्धापुटंक्षौद्रै र्देयतुत्थविशुद्धये ॥ ६२ ॥

મોરથુથાને શુધ્ધ કરવું હોયતો બીલાડી અને કબૂતરની વિષ્ટામાં નીલાથુથા ( મોરચૂત–થુથા ) ને વાંટી તેના દશમા ભાગે ટંકણખાર મેળવી સરાવ સંપુટ કરી અડાયા છાણાની હલકી અગ્નિ આપવી, પશ્ચાત સંપુટમાંથી કાહાડી લેઈ દહીનો પુટ આપી ફરી ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રમાણે અગ્નિ આપવી એમજ મધનો પુટ આપવો અને આંચ આપવી જેથી શુદ્ધ થાયછે. ६२

### મોરથુથાની ભસ્મ કરવાની રીત.

सुवर्चलारसेनैव मयूरंमर्दयेद्दिनं ॥
ततोगोलं विधायाथ शोषयेदातपेभृशं ॥ ६३ ॥
ततःसुवर्चलाकल्क युतंकृत्वासुसंपुटे ॥
पुटेद्गजपुटेभस्म भवेच्छुद्धंपुटत्रयात् ॥ ६४ ॥

મોરથુથાને હાડીઆકરશણના રસ સંગાથે એક દિવસ ઘુંટી ઘટ થયે ગોળો બનાવી તડકામાં મૂકી સૂકાવવો, પછી હાડીઆકરસણની લુગદીમાં રાખી તે ગોળાને સરાવ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવી. એવીજ રીતે ૩ વાર કરવાથી શુદ્ધ ભસ્મ થાયછે. ६३–६४

### મોરથુથાની નિરદોષ ભસ્મના ગુણ.

शिखिग्रीवंकटुक्षारं कषायंशीतलंलघु ॥
चक्षुष्यंलेखनंभेदि कृमिकुष्ठविषप्रणत् ॥ ६५ ॥
कंडूत्कफपित्तघ्न मुपदंशप्रणाशनं ॥
प्रमेहमश्मरीहंति दत्तंतत्स्यनुपानतः ॥ ६६ ॥

મોરથુથાની ભસ્મ કડવીછે, ખારીછે, કષાયલીછે, શીતળછે, લઘુ, નેત્રોને હિતકારીછે, મળોને ઉખેડી નાખનારછે, મળોને શોધન કરી બ્હાર કહાડનારછે. તથા કૃમિ, કોઢ, ઝેર, ખરજ (ખસ) કફ, પિત્ત, ઉપદંશ (ચાંદી) પ્રમેહ અને પથરી વગેરે ને નાશ કરનારછે. માટે યોગ્ય અનુપાન સાથે આપવી. ६५–६६

### મોરથુથાની ભસ્મથી થએલા વિકારની શાંતિ.

वितुन्नकमशुद्धंचेद्धातिभ्रांत्यादिकृद्भवेत् ॥
तच्छांतिंप्रवदाम्यत्र शृणुकंजविलोचने ॥ ६७ ॥
जंबीरस्वरसोवापि लाजावारिसमन्विता ॥
लामज्जकजलंवैला भवेत्तूत्थविकारनुत् ॥ ६८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો મોરથુથાની ભસ્મ અશુધ્ધ રહેતો ઉલટી, ચકરી આદિ અનેક દોષો ઉપ્તન્ન કરેછે માટેજ અત્રે તેના વિકારની શાંતિ કહુંછું–જંબીરીનો રસ, અથવા પાણી સંગાથે ચોખાની ધાણી, અથવા ખસખસનો અર્ક, તથા એલચીના સેવનથી મોરથુથાની ભસ્મથી ઉપજેલા વિકારની શાંતિ થાયછે. ૬૭–૬૮

**મોરથુથાની ભસ્મનાં અનુપાન.**

नवनीतयुतंकंडु विषकुष्टादिनाशकृत् ॥
कृमिरोगंविडंगेन तांबूलेनकफंजयेत् ॥ ६९ ॥
सीताजीरकसंयुक्तं पित्तव्याधिप्रणाशनं ॥
माक्षिकेणांजितंहन्या दाक्षिकंदारुणंगदं ॥ ७०
तरुणस्नेहसंयुक्तं भेदयेदिदमेवच ॥
पाषाणभेदसंयुक्त मश्मरीमधुनाजयेत् ॥ ७१ ॥
निशामलकचूर्णेन मेहंहंतिसमाक्षिकं ॥
अन्यरोगेषुदातव्य भिषग्भिर्निजयुक्तितः ७२

મોરથુથાની ભસ્મ માખણ સંગાથે ખાવાથી ખરજ, ઝેર, કોઢ આદિનો નાશ કરેછે, કૃમિરોગ માટે વાવડંગના ચૂર્ણ સંગાથે, કફ ઉપર તાંબૂળ ( પાનબીડા ) સંગાથે, પિત્ત માટે શાકર–જીરા સંગાથે, નેત્રમાં ફુલું પડયું હોય તો મધ સંગાથે ( અંજન કરવાથી ], રેચ લાગવા ઉપર એરંડના તેલ સંગાથે, પથરી માટે પાષાણ ભેદ સંગાથે, પ્રમેહ ઉપર હળદર અને આમળાનો ચૂર્ણ સંગાથે મોરથુથાની ભસ્મ આપવી અને અન્ય રોગો ઉપર વૈદ્યે પોતાની યુક્તિ મુજબ અનુપાન સાથે વાપરવી. ૬૯–૭૨

**કાસા–પીતલનું શોધન.**

शोधनंकास्यरीत्योश्च धातुशुद्धिसमंभवेत् ।७३।

કાંસા અને પીતળનું શોધન કરવું હોય તો પાછળ ધાતુ શોધનમાં બતાવેલી રીત પ્રમાણે શોધન કરવાથી શુધ્ધ થાયછે. ૭૩

**અથ મારણ.**

"कांस्यरीत्योर्मारणमनुपानंचापिताश्रवज्ज्ञेयम्"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાસા અને પીતલની ભસ્મ કરવી તથા તેનાં અનુપાન તાંબા-ની ભસ્મના સમાનજ જાણવાં.

સિંદુર શોધન.

दुग्धाम्लयोगतस्तस्य विशुद्धिर्गदिताबुधैः ७४

સિંદૂર શુધ્ધ કરવું હોય તો દૂધ અથવા લીંબુ વગેરે ખાટા પદાર્થની ભાવનાઓ ( પુટ ) દેવાથી શુધ્ધ થાયછે. ૭૪

સિંદૂરના ગુણ.

सीसोपधातुःसिंदूरस्तद्गुणैः सीसवद्भवेत् ॥
संयोगजप्रभावेण तस्यचान्येगुणाअपि ॥ ७५ ॥
सिंदूरउष्णोवीसर्प कुष्टकंडूविषापहः ॥
भग्नसंधानजननो व्रणशोधनरोपण ॥ ७६ ॥

સિંદૂર સીસાની ઉપધાતુછે તેથી તેના ગુણ સીસાની બરોબર છે તથા સંયોગના પ્રભાવથી બીજાપણ ગુણ વધેછે. સિંદૂર ગરમછે, વિસર્પ, કોઢ, ખરજ, વિષદોષ નાશ કરેછે. ટૂટેલા ભાગને સાંધેછે વ્રણને શોધન કરનાર તથા અંકૂર લાવનાર છે. ૭૫–૭૬

શિલાજીત કેવી ગ્રહણ કરવી ?

निदाघेवर्मसंतप्ता धातुसारंधराधरः ॥
निर्यासवत्प्रमुंचंति तच्छिलाजतुकीर्तितं ॥ ७७
सौवर्णराजतंताम्र मायसंतच्चतुर्विधं ॥
तत्रशोधनयोग्यंयत्तद्ददामियथार्थतः ॥ ७८ ॥
गोमूत्रगंधवत्कृष्णं स्निग्धंमृद्वतथागुरु ॥
तिक्तंकषायंशीतंच सर्वश्रेष्टंतदायसं ॥ ७९ ॥
विंध्यादौबहुलंतत्तुतत्रलोहंयतोधिक ॥
तच्छोधनमृतव्यर्थ मनेकमलमेलनात् ॥ ८० ॥

શિલાજીત શું પદાર્થ છે? અને ઔષધ પ્રયોગમાં કેવા પ્રકારનું શિલાજીત ગ્રહણ કરવું? તે કહીએ છીએ–ગ્રીષ્મ ( ઉન્હાળાની ] ૠ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तुમાં અત્યંત તાપ પડેછે તે વખતે પાહાડ (પર્વત-ડુંગર) માં રહેલી ધાતુ તાપના જોરથી તપી ગુંદના સરખો જે રસ નિકળેછે તેને શિલાજીત કહેછે. તે શિલાજીત ચાર જાતનું થાયછે એટલે સુવર્ણ, રાજત, તામ્ર અને આયસ એ ૪ જાતછે તેમાં ઔષધ પ્રયોગ (ઉપાય) માં ગ્રહણ કરવા યોગ્ય [લેવા લાયક] છે તેનું કથન કરીએ છીએ—જે શિલાજીતમાં ગાયના મૂત્ર સરખી વાસના આવેછે, કાળી, ચીકણી. કોમળ, ભારે, તિક્ત, તુરી અને શીતળછે તે આયસ જાતની શિલાજીત સર્વથી શ્રેષ્ટછે. આ શિલાજીત વિંધાચલ પર્વતમાં બહુ થાયછે કારણ તેમાં લોહની ઉત્પત્તી ઘણીછે તેથી અને મળ મળેલા હોયછે માટે શોધન કર્યા શિવાય નકામી ગણાય માટે શોધન કહીએ છીએ. ૭૭-૮૦

### * શિલાજીત શોધન.

शिलाजतुसुमानीय सूक्ष्मखंडंविधायच ॥
निःक्षेण्यात्युष्णपानीये यामैकंस्थापयेत्सुधीः ८१
मर्दयित्वाततो नीरं गृहणीयाद्वस्त्रगालितं ॥
स्थापयित्वाचमृत्पात्रे धारयेदातपेखरे ॥ ८२ ॥
उपरिस्थंघनंयत्स्या त्तत्क्षिपेदन्यपात्रके ॥
एवंपुनःपुनर्नीतं द्विमासाभ्यांशिलाजतु ॥ ८३
भवेत्कार्यक्षमंवन्हौ क्षिप्तंलिंगोपमंभवेत ॥
निर्धूमंचततःशुद्धं सर्वकार्येषुयोजयेत् ॥ ८४ ॥

શિલાજીતના ઝીણા ઝીણા કકડા (ટૂકડા) કરી ખૂબ ઉન્હા પાણીમાં નાખી એક પોહોર સુધી રેહવા દેઇ પછી તે પાણીને મર્દી લુગડાવતે ગળી કાહાડવું. તદનંતર માટીના વાસણમાં ભરી સૂર્યના સખ્ત (આકરા) તાપમાં મૂકી રાખવું, સદરહુ પાણી ઉપર ફીણુવા, મલાઈ જેવો પદાર્થ આવે તે બીજા વાસણમાં લેઈ લેવો. એવીજ રીતે વારંવાર બે માસ સુધી કરવાથી શિલાજીત શુધ્ધ થાયછે. પ-

* શિલાજીત ગાયના દૂધમાં, ત્રિફલા અને ભાંગરાનારસમાં એક એક પુટ દેઈ સુકવી લેવાથી પણ શિલાજીત શુધ્ધ થાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રાત તે ઘન પદાર્થને અગ્નિ ઉપર મૂકવાથી જો લિંગાકાર થાય અને ધુમાડો ન નિકળે તો શુદ્ધ થઈ સમજવી. તે શિલાજીત સર્વ કાર્યમાં વાપરવી. ૮૧-૮૪

### શુદ્ધ શિલાજીતના ગુણ.

**शलाजतुस्मृतंतिक्तं कटूष्णंकटुपाकिच ॥**
**रसायनंयोगवाहि श्लेष्ममेहाश्मशर्कराः ॥ ८५ ॥**
**मूत्रकृच्छंक्षयंश्वाशं शोथमर्शांसिपांडुतां ॥**
**वातरक्तंतथाकुष्टं मपस्मारोदरंहरेत् ॥ ८६ ॥**
**शिलाजित्वनुपानंस्यात्तद्रोगोपयोगिकः ॥**
**वस्तुभिःसंयुतंकार्यं यथादुग्धेनपौष्टिके ॥ ८७ ॥**

શુધ્ધ શિલાજીત તિકતછે, કટુ, ઉષ્ણ, પાકમાં કટૂછે, રસાયણછે, યોગવાહી એટલે જેવા ઔષધ સાથે આપે તેવાજ ઉત્તમ ગુણ કરેછે. કફ, પ્રમેહ, પથરીની [ સાકરજેવી ] રેતી, મૂત્રકૃચ્છ્ર, ક્ષય, શ્વાસ, સોજો, મસા ( હરષ ), પાંડુ, વાતરકત કોઢ, વાઈ ( ફેફરૂં ] અને ઉદરરોગ એ સર્વેનો નાશ કરનારછે. શિલાજીતનું અનુપાન જે રોગને નાશ કરનાર જે અનુપાન હોય તે ઔષધ સાથે આપવી; જેમ પુષ્ટી માટે દૂધસંગાથે. તેમ સર્વ રોગ ઉપર યોજના યોજવી. ૮૫-૮૭

**સૂચના.—હવે જાણવું જોઇએ કે સપ્તધાતુની ભસ્મોનો અભાવ ( ન મળીશકે તેમ ) હોય તો પાંચ ઉપધાતુની ભસ્મ અને સિંદૂર—શિલાજીત શુધ્ધ કરી એટલે સોનાને સ્થાને સોવનમાખીની ભસ્મ, રૂપાના અભાવે રૂપમાખીની ભસ્મ, ત્રાંબાના અભાવે મોરથુથાની ભસ્મ, રાંગ અને જસતને અભાવે કાંસા પીતળની ભસ્મ, સીસાને અભાવે સિંદૂર અને લોહને અભાવે શિલાજીત ઉપયોગમાં લેવી. તેના દોષ અને ગુણ જે ધાતુની ઉપધાતુ હોય તેના સમાન જાણી લેવા,** ઇતિ ઉપધાતુ શોધન, મારણ, ગુણ દોષ, વિકાર શાંતિ અનુપાન વર્ણન સમાપ્તમ્.

હવે રસ એટલે પારો તેનુ શોધન મારણ ગુણાગુણ શાંતિ અને અનુપાન કહીએ છીએ.

### અથ રસ સંસ્કાર.

**अष्टादशैवसंस्कारा ऊनविंशतिकाःक्वचित् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



संप्रोक्तारसराजस्य वसुसंख्याःक्वचिन्मताः ८८

કેટલાક ગ્રંથોમાં પારાના ૧૮ સંસ્કાર કહેલાછે, કેટલાક ગ્રંથોમાં ૧૯ સંસ્કાર અને કેટલાકમાં ૮ સંસ્કાર કહેલાછે. ૮૮ *

પારદ શોધન.

निंबुरसैर्निम्बपत्र रसैर्वायाममात्रकम् पिष्टादरद-मूर्ध्वंच पातयेत्सूतयुक्तिवत् ततःशुद्धरसंतस्मा-न्नीत्वाकार्येषुयोजयेत् ॥ ८९ ॥

પારાને શુધ્ધ કરવાના અનેક ઉપાયછે; પરંતુ હિંગળોકમાંથી ઉડાવેલો પારો ઉત્તમ ગણાયછે એટલે હિંગળોક (સિંગરફ) નો કાંકરો લીંબુના અથવા લીંબડાના પાંદડાના રસમાં ૧ પોહોર સુધી ખલમાં ઘુંટી પછે ડમરૂ યંત્રથી ૨ અથવા ૩ પોહોરની અગ્નિ આપવી અને પારાને ઉડાવી લેવો. તે ઉડાવેલો શુધ્ધ પારો સર્વ કાર્યમાં વાપરવો. ૮૯

પારાની ભસ્મ કરવાની વિધિ.

काकोदुंबरिकादुग्धै रसंकिंचिद्विमर्दयेत् ॥
तद्दुग्धघृष्टहिंगोश्च मूषायुग्मंप्रकल्पयेत् ॥ ९० ॥
क्षिप्तातत्संपुटेसूतं तत्रमुद्रांप्रदापयेत् ॥
धृत्वातंगोलकंप्राज्ञो मृन्मूषासम्पुटेऽधिके ॥ ९१

* પારાના સંસ્કાર.—સ્વેદન, મર્દન, મૂર્ચ્છન, ઉત્થાપન, પાતન, બોધન, નિયમન, સંદીપન, ગગન ભક્ષણ, સંચારણ, ગર્ભગતિ, ગર્ભદ્રુતિ, બહ્યદ્રુતિ, સૂતકજારણ, ગ્રાસ, સારણ કર્મ, સંક્રામણ વેધ અને શરીર યોગ એ ૧૮ સંસ્કાર તેમાં ભક્ષણાખ્ય સંસ્કાર ઉમેરવાથી ૧૯ થાયછે. અને સ્વેદનથી સંદીપન પર્યંત આઠ સંસ્કાર અથવા સમસ્ત સંસ્કાર પારાને થવાથી શુધ્ધ થાયછે. અથવા ભાવ મિશ્ર. કહેછે કે—કુવાર પાઠું, ચિત્રામૂળ, રાતાસરસવ, અને રિંગણી એઓના ક્વાથમાં તથા ત્રિફલામાં ૩ દિવસ સુધી પારાને ખરલ કરેતો સમસ્ત મળ રહિત શુધ્ધ પારો થઈ જાયછે. ઉક્ત સંસ્કારોનું વિવેચન અન્ય ગ્રંથોથી જાણી લેવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पचेद्गजपुटेनैव सूतकंयातिभस्मताम् ॥ ९२ ॥

કાળા ઉંબરાના દૂધમાં શૂધ્ધ પારાને ઘુંટી લેવે. જ્યારે તેની ગોળી વળે ત્યારે ઉંબરાના દૂધમાં હિંગને ઘુંટી તે હિંગની બે મૂસો બાનાવવી અને તે મૂસમાં પારાની ગોળી મૂકી બન્ને મૂસોને ( કુલડીઓને ) જોડી ઉંબરાના દૂધમાંજ ઘુંટેલી ચોખી હિંગ વડેજ મુખ ઢઢકરી પછી મુલતાની માટી ( મેટ ) ની મૂસોમાં અથવા સરાવ સંપુટમાં પુર્વોક્ત મૂસોને મૂકી કપડામાટી કરી સુકવી ગજપુટ અગ્નિની આંચ આપવી જેથી પારાની શૂધ્ધ ભસ્મ થાયછે. [ આ પ્રયોગ ઉત્તમછે. ) ૯૦–૯૨

### પારાની શુદ્ધ ભસ્મના ગુણ.

पारदःसकलरोगहारकः षड्सोनिखिलयोगवाहकः पंचभूतमयएष कीर्त्तितस्तेनतद्गुणैर्विराजते९३
रसायनोमहावृष्यः स्निग्धोदृष्टिबलप्रदः ॥
शिवाव्हयस्त्रिदोषघ्नो विशेषात्सर्वकुष्टनुत् ॥ ९४ ॥

પારો સર્વ રોગનો નાશ કરનારછે, ખટરસ યુક્તછે. યોગવાહીછે, પંચભૂત મયછે, રસાયન [ જરાવ્યાધિને નાશ કરતા ) છે, વૃષ્ય ( બળ બુધ્ધિ વીર્યને અત્યંત વધારનાર ) છે, સ્નિગ્ધ ( ચિકણોછે ) નેત્રને તેજ બળ આપનારછે. ત્રિદોષનો નાશ કરનારછે અને વિશેષે કરીને તમામ કોઢ રોગને હરનારછે. ૯૩–૯૪

### અશુદ્ધ પારદ ભસ્મના દોષ.

संस्कारहिनःखलुसूतराजो यःसेवतेतस्यकरोति-

---

૧ બે માટીની હાંલ્લીઓ લેઇ તેના કાના ઘસી પરસ્પર બન્નેનાં મુખ જોડી કપડા માટીથી બંધકરી એટલે નીચેની હાંલ્લીમાં જે વસ્તુ મૂકવી હોયતે મૂકી મુખ જોડી દેઇ અગ્નિ આપવી અને ઉપરની હાંલ્લીને પૈંદે ( બુદે ) વારંવાર તે ઉપર પાણી છાંટતા રેહવું તેને ડમરૂ. [ ડમરૂની આકૃતિ માફક તેને ડમરૂ ] યંત્ર કહેછે. આ યંત્ર મારફતે નીચેની હાંલ્લીમાં રાખેલી વસ્તુમાંથી પારા વગેરે ઉડીને ઉપરની હાંલ્લીમાં આવીને ચોટે તેને યુક્તિથી લેઇ લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



बाधाम् देहस्यनाशांविदधातिनूनं कुष्टादिरोगां-
जनयेन्नराणाम् ॥ ९५ ॥

અશૂધ્ધ પારાની ભસ્મ સેવવાથી શરીરમાંપીડા, કોઢ વગેરે અનેક રોગોને જન્મ આપેછે એટલુંજ નહિ પણ અંતદશા ( મૃત્યુ ) ને પ્રાપ્ત કરેછે. ૯૫

પારાથી થયેલા વિકારોની શાંતિ.

विकारायदिजायंते पारदान्मलसंयुतात् ॥
गंधकंसेवयेद्धीमान् पाचितंविधिपूर्वकम् ॥ ९६

પારાની કાચી ભસ્મ ખાવાથી વિકાર થયા હોય તો શુદ્ધ ગંધકના સેવનથી અશુદ્ધ પારા વા, અશૂધ્ધ ( કાચી ) પારાની ભસ્મ જન્ય દોષ દૂર થાયછે. ૯૬

પારદ ભસ્મનાં અનુપાન.

गुंजैकमानमारभ्य चतुर्थगुंजावाधिंनरः ॥
रसराजंप्रियेयुक्त्या भक्षयेदनुपानतः ॥ ९७॥
घृतवल्लिजचूर्णेन मगधामधुनाथवा ॥
मधूच्छिष्टघृताभ्यांवा सर्वरोगेषुयोजयेत्॥ ९८ ॥
पित्तेक्षीरेसितायुक्तं पिप्पल्याथसमीरणे ॥
श्लेष्मण्याद्रकजैर्नीरै र्ज्वरेजंबीरजैरसैः ॥ ९९ ॥
मधुनारक्तविकृतौ दग्धातीसारकेगदे ॥
समतोयशृतंदुग्धं पीत्वापश्चात्सितायुतम् २००
रक्तातिशारकेदेयं मेघनादभवैरसैः ॥

---

“ यावन्नहरबीजंतुभक्षयेत्पारदंमृतम् तावत्तस्यकुतोमुक्ति र्भोगाद्रोगाद्भवादपि ,,

અર્થ-જ્યાં સુધી મનુષ્ય પારાની ભસ્મ સેવન ન કરે ત્યાં સુધી ભોગ, રોગ અને સંસારથી છૂટકારો થતોજ નથી અર્થાત્ ભોગ રોગ અને સંસારથી મુકત થવું હોયતો પારાનું અવશ્ય સેવન [ ભક્ષણ ] કરવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रतिश्यायेकफेदुष्टे सगुडाज्यमरीचकैः पथ्येऽन्नंस-
दधिस्निग्धंकवोष्णंभोजनांहितं ॥ १ ॥

પારાની ભસ્મ કાળ, દેશ, વય, અગ્નિબળ અને શરીરની શક્તિનો વિચાર કરી એક રતીભારની માત્રા યોગ્ય અનુપાન સાથે આપવી એટલે સર્વ રોગમાં પારાની ભસ્મ ઘી તથા મરીના ચૂર્ણ સંગાથે અથવા, પીપર મધ સંગાથે, કિંવા મધ અને ઘી સંગાથે આપવી; તથા પિત્તમાં દૂધ અને સાકર સંગાથે, વાયુરોગમાં પીપર સંગાથે, કફમાં આદાના રસ સંગાથે, જ્વર ( તાવ ) માં જંબીરીના રસ સંગાથે, લોહી વિકારમાં મધ સંગાથે, અતિસારમાં દૂધ પાણી સમાન લેઈ ઉકાળવાં પાણી બળી માત્ર દૂધ રહે તે દુધ સાકર સંગાથે, લોહીખંડ વાડામાં તાંદળજાના રસ સંગાથે, શ્લેષમમાં અથવા દુષ્ટ કફરોગમાં ગોળ ઘી અને મરીના ચૂર્ણ સંગાથે ( પથ્ય ઉન્હોભાત અને સ્નિગ્ધ દહી ) હીતકારીછે, તથા

वीर्यस्यवृद्धिस्तंभाय माषकूष्मांडयष्टिजैः ॥
चूर्णैर्दुग्धसितायुक्तै र्माक्षिकाज्ययुतैस्तुवा ॥ २ ॥
तृतीयकज्वरेपित्ते भ्रमेमधुसितायुतं जगद्धामे-
घामृतारक्त धान्याकजलजंपिबेत् काथंतेनविमु-
क्तःस्याद्रक्तरोगैर्नसंशयः ॥ ३ ॥
रक्तपित्तेकफेकासे श्वासेक्काथेनसेवयेत् ॥
द्राक्षावासाशिवानांवै पथ्ययुक्तःसुखीभवेत् ॥ ४
मेदोगदेशालिमंडै वाँब्रुमाक्षीकसंयुतं ॥
भजेद्रुजास्यतुलोऽपिस्थूलःकृशतरोभवेत् ॥ ६ ॥
नष्टपुष्पेरक्तगुल्मे शिवशस्त्राभिदेगदे ॥
क्काथेकृष्णातिलोत्थेतुभार्गीत्रिकटुर्हिंगजैः ॥ ७ ॥
चूर्णैस्तुसगुडैर्युक्ते रसोदेयोगदापहः ॥
भवेन्नैवात्रसंदेहः सत्यमेववदाम्यहं ॥ ८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીર્યની વૃદ્ધિકરવા તથા બંધેજ કરવા માટે અડદ, કોહળું અને જેઠીમધનું ચૂર્ણ દૂધ સાકર સહ અથવા મધ ઘી સંગાથે, તૃતિય ( ત્રીજે દાહાડે આવતો ] તાવ, પિત્તરોગ અને ફેર આવતા હોય તે ઉપર મધ અને સાકર સંગાથે તે ઉપર નાગરમોથ. ગળો, રતાંજળિ, ધાણા અને વીરણવાળો એટલાંનો ઉકાળો કરી પીવે જેથી ઉક્ત રોગથી મુક્ત થાયછે એમાં સંદેહ નથી. રક્તપિત્ત, કફ, ઉધરસ અને શ્વાસ માટે દ્રાક્ષ, અરડૂસો અને હરડેના ઉકાળા સંગાથે પારદ ભસ્મ સેવન કરવી ( પથ્યમાં રેહવું ). મેદરોગ ઉપર ડાંગરના ચોખાના ઓસામણ સંગાથે અથવા સમભાગ પાણી અને મધ સંગાથે સેવન કરવી તેથી ગણપતી સમાન જાડો મનુષ્યપણ કૃશ ( પાતલા શરીરવાળો ) બનેછે. જે સ્ત્રીની ઓપટી ( રજસ્વળાપણું ) નષ્ટ થઇ ગયેલ હોય તે ઉપર તથા રક્ત ગુલ્મ અને શૂળ રોગમાં ભારંગી, સુંઠ, મરી, પીપર, અને હિંગનું ચૂર્ણ ગોળ સહિત કરી કાળા તલના ઉકાળા સહ પારાની ભસ્મ આપવાથી ઉક્ત દરદોનો નાશ કરેછે એમાં જરા સંદેહ નથી. ૨–૮

## અથ ઉપરસ શોધન મારણ ગુણાગુણ વિકારે શાંતિ અને અનુપાન કહીયે છીએ.

### તત્ર ગંધક શોધન.

**लोहपात्रेविनिःक्षिप्य घृतमग्नौप्रतापयेत् ॥ तप्तेघृतेतत्समानं क्षिपेद्गंधकजंरजः ॥ ९ ॥ विद्रुतंगंधकंदृष्ट्वा तनुवस्त्रेविनिःक्षिपेत् ॥ यथावस्त्राद्विनिः सृत्यदुग्धमध्येऽखिलंपतेत् ॥ एवंसगन्धकश्शुद्धः सर्वकर्म्मोचितोभवेत् ॥ १० ॥**

લોખંડના વાસણમાં ઘી નાખી સારીરીતે ઉન્હું કરી પછે તેમાં ઘીના બરોબર આમળસારો ગંધક નાખવો? જ્યારે તે ગંધક ઘીમાં ઓગળીજાય ત્યારે એક વાસણમાં દૂધભરી તેના મોઢા ઉપર ઝીણું કપડું બાંધી તેમાં ઓગળેલો ગંધક રેડીદેવો જેથી ગંધક ગળાઈ દૂધમાં પડશે અને કાંકરા માટી વગેરે હશે તે વસ્ત્રમાં રહી જશે. પુનઃ તે ગંધક દુધમાં ઠંડો થઈ જાય ત્યારે કાહાડી લેવો એમ [ ત્રણ વખત ) કરવાથી ગંધક શુદ્ધ થાયછે. ૯–૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### શુદ્ધ ગંધકના ગુણ.

गंधकःकटुकस्तिक्तो वीर्योष्णस्तवरःसरः ॥
पित्तलःकटुकः पाकेकंडूर्वीसर्पजंतुजित् हंतिकु-
ष्टक्षयप्लीह कफवातान्रसायनः ॥ १० ॥

શુદ્ધ ગંધક કડવોછે, તીખોછે, વીર્યમાં ઉષ્ણછે, સારકછે, પિત્ત કારક, પાકમાં કટુકછે તેમજ ખરજ ( ખસ–લુખસ ) વીસર્પ, કૃમિ- રોગ, કુષ્ટ, ક્ષય, બરોળ, કફ અને વાયુરોગને જીતેછે. તથા રસાયન ( જરા વ્યાધિનો નાશ કરનાર ) છે. ૧૦

### અશુદ્ધ ગંધકના દોષ.

अशुद्धोगंधकःकुर्यात्कुष्टंपित्तरुजंभ्रमं ॥
हंतिवीर्यंबलंरूपं तस्मात्सम्यक्प्रशोधयेत् ॥ ११

અશુદ્ધ ( વગર શોધેલા ) ગંધકથી કોઢ, પિત્તરોગ અને ફેર ( ચકરી ) થાયછે, તથા વીર્યબળ અને રૂપનો નાશ કરેછે માટે સ- મ્યગ્ પ્રકારે ( સારીરીતે ) શોધન કરેલો ગંધક વાપરવો. ૧૧

### ગંધક વિકાર શાન્તિ.

अशुद्धाद्गंधकाच्चेत्स्याद्विकारस्ततदापिबेत् ॥
गोघृतंगल्यदुग्धेन सप्ताहेनसुखीभवेत् ॥ १२ ॥

જો અશુદ્ધ ગંધક ના સેવનથી વિકાર થયો હોય તો ગાયના દુધ સંગાથે ગાયનું ઘી પીએ તો સાત દિવસમાં વિકાર શાંત થાય- છે અને સુખી બને છે. ૧૨

### ગંધકનાં અનુપાન.

माषकाद्दशमाषांतं शुद्धंगंधंनिषेवयेत् ॥
शिरोव्रणशिरः शूलेलेपयेद्यवकांजिकैः ॥ १३ ॥
नेत्ररोगंवरायुक्तो गोघृतेनव्रणंजयेत् ॥
मधुनाज्येनवाहन्या दंजितःशुक्रमाक्षिकं १४
सवल्लिजगवाज्येन पिप्पलींगोघृतेनवा ॥
जयेत्कासंतथास्वासंव्रहत्तिफलसर्पिषा ॥ १५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मगधामधुसंयुक्तः स्वरभंगंजयेदयं ॥
प्रार्श्वशूलंनागवल्लीदलनीरेणगंधक ॥ १६ ॥
विशूचिनिंबु नीरेणमेहंहंतिगुडान्वितः ॥
हंत्यजीर्णमियंगंधो धात्रीफलरजोन्वितः ॥ १७ ॥
पामादिन्कटुतैलेन ग्रहणींविश्वसर्पिषा ॥
भक्षतोनिंबपंचांगौ कुष्टंकष्टतरंजयेत् ॥ १८ ॥

શુદ્ધ ગંધકની માત્રા એક માસાથી તે દશ માષા સુધી સેવન કરવી. માથાનાં ગુમડાં, તથા માથાની શૂળ ( વેગ-સણકા ] ઉપર શુધ્ધ ગંધક જવ કાંજી સાથે વાટી માથા ઉપર લેપ કરવો. નેત્ર રોગ ઉપર ત્રિફળાના ચૂર્ણ સંગાથે, ( ખાવો ) વ્રણરોગ ઉપર ગાયના ઘી સાથે ખાવો, નેત્રના ફુલા ઉપર મધ અથવા ઘી સાથે અંજન કરવો, ઉધરસ માટે મરીનું ચૂર્ણ ગાયના ઘી સંગાથે અથવા પીપર અને ગાયના ઘી સંગાથે, શ્વાસ રોગ માટે ભોંયરીંગણીના ફળોના ચૂર્ણ સંગાથે, સ્વરભંગ ઉપર પીપર અને મધ સંગાથે, પાસામાં આવતી શૂળને માટે નાગર વેલના પાન સંગાથે, વિશૂચિ કોલેરા ( હૈજા-કોગળીયા ) માટે લીંબુના રસ સંગાથે, પ્રમેહ માટે ગોળ સંગાથે, અજીર્ણ ઉપર આમળાના ચૂર્ણ સંગાથે, ખસ, લુખસ, ખરજ, ( ત્વચારોગ ) ઉપર સરસીયા તેલ સંગાથે ( લેપન કરવાથી ] સંગ્રહણી રોગ ઉપર સુંઠ અને ઘી સંગાથે; કષ્ટ કારી કોઢ માટે લીંબડાના પંચાંગના ચૂર્ણ સંગાથે ગંધકનું સેવન કરવાથી નિરોગતા પામેછે. તથા-

वातरोगान्जयेद्गंधः स्वरसारससर्पिषा ॥
पित्तरोगान्गवाज्येन गुडविश्वयुतःकफं ॥ १९
कुष्टेविषविकारेच निर्गुंडीस्वरसान्वितां ॥
रसगंधभवांसम्य ग्लेपयेत्कज्जलींभिषक् ॥ २० ॥
बलिःपंचपलःशुद्ध स्तत्समोभृंगराड्रसः ॥
घृष्टःशुष्कश्चतस्यार्द्धं शिवाचूर्णंविमिश्रयेत् २१
मासयुग्मंनिषेवेत माक्षिकाज्याविमिश्रितं ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तेनवार्द्धिक्यनिर्मुक्तः शक्तिमान्वीर्यवान्भवेत्
शुद्धंतैलयुतंभूक्त्वा गंधकंचानुसेवयेत् ॥
अंगेशीततरंनीरं जयेत्कुष्टंनसंशयः ॥ २३ ॥

વાયુરોગ માટે તુલસીના રસ અને ધી સંગાથે, પિત્તરોગ માટે ગાયના ધી સંગાથે, કફરોગ માટે સુંઠ અને ગોળ સંગાથે, કોઢ અને ઝેર દોષ ઉપર પારા ગંધકની કાજળ કરી નગોડના રસ સંગાથે ( લેપ કરવાથી ) જરાવસ્થા, અશકતી અને અવીર્યતા પણું મટાડવા માટે વીસતોલા ગંધક અને વીસ તોલા જળભાંગરાનો રસ એ બન્ને એકત્ર કરી ઘુંટતાં ઘુંટતાં સૂકાય તે પછી સદરહુ ચૂર્ણના અર્ધભાગે હરડેનું ચર્ણૂ ભેળવી મધ અને ધી સંગાથે બે મહિના સુધી સેવન કરવું. અને શુદ્ધ તેલની સાથે શુદ્ધ ગંધક સેવન કરી અંગ ( શરીર ] ઉપર ઘણુંજ ઠરેલું ( ઠંડું ) પાણી છાંટવાથી નીશ્ચે કોઢનો રોગનાશ પામેછે. ૧૯—૨૩

કેવા પ્રકારનો હિંગળોક [ ઐષધમાં ) ગ્રહણ કરવો ?

हिंगुलस्त्रिविधांप्रोक्त श्चर्मारःशुकतुंडकः ॥
हंसपादस्तृतीयः स्याद्गुणवानुत्तरोत्तरं ॥ २४ ॥
चर्मारःशुक्लवर्णः स्यात्सपीतः शुकतुंडकः ॥
जपाकुसुमसंकाशो हंसपादीमहोत्तमः ॥ २५ ॥

હિંગળોક કેટલી જાતનો અને પ્રયોગમાં કયો ઉત્તમ તે કહીએ છીએ. હિંગળોક ત્રણ જાતનોછે એટલે એક ચરમાર, બીજો શુકતુંડ, ત્રીજો હંસપાદ એત્રણમાં એક એકથી અનુક્રમે ચઢીયાતા ગુણ જાણવા. ચરમાર કાંઈક ધોળાશ પડતા રંગવાળો હોયછે, શુક તુંડ ( પોપટની ચાંચના રંગ જેવો ) હિંગળોક કાંઈક પિળાશ પડતા રંગનો હોયછે અને હંસપાદ [ હંસના પગજેવો ) હિંગળોક જાસુલના ફૂલ સરખો રાતા રંગનો હોયછે તે સર્વથી ( ત્રણમાં ) ઉત્તમછે ૨૪—૨૫

હિંગળોક શોધન વિધિ.

मेषीक्षीरेणदरदमम्लवर्गैश्चभावितम् ॥
सप्तवारान्प्रलेपेन शुद्धिमायातिनिश्चितम् २६

હિંગળોકને ( કાકરાવાળો ) ઘેટીના દૂધમાં ૭ વાર ઘુંટવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એટલે ૭ પુટ દેવા અને ૭ વાર લીંબુના રસના પુટ દેવા અને ઘુંટ-વો તેથી હિંગળોક નિશ્ચે શુધ્ધ ( દોષરહિત ) થાયછે. ૨૬

### હિંગળોક મારણ વિધિ.

वृंताकंशतकेवापि पलांडुशतकेतथा ॥
शोधितंभांटिकासंस्थंमृत्कर्पटसप्तकैः ॥ २७ ॥
वेष्टितंचपुटेद्युक्त्या भिषग्नागाव्हयेपुटे ॥
दरदोभस्मतांयाति रसवद्गुणदायकं ॥ २८ ॥

વૃંતાક ( વેંગણ—વંતાક ) સો ( ૧૦૦ ) અને ડુગળીના ગાં-ઠીઆ સો ( ૧૦૦ ) લેઈ તેમાં હિંગળોકનો કાંકરો ( ગાંગડો ધાલી તેનીજ ડગળી દેઈ છાણાની મદ આંચવડે અથવા ઉન્હી રક્ષા—ભર-સાડમાં ભારી દેવાથી બાફ વડે શુધ્ધ થાયછે તદનંતર એક મોટું જાડું વૃંતાક લેઈ હિંગળોકનો ગાંગડો માય તેટલું કોરી તેમાં હિંગળોકનો ગાંગડો મૂકી ડગળી દેઈ તે ઉપર કપડમાટી ૭ કરી ગજપુટ અગ્નિ દેવી જેથી હિંગળોકની ઉત્તમ ભસ્મ થાયછે. આ ભસ્મ પારાના ગુણનેજ મળતી ( ગુણ દાયક ] છે. ૨૭—૨૮

### શુદ્ધ હિંગળોક વા, હિંગળોક ભસ્મના ગુણ.

तिक्तंकषायंकटुहिंगुलंस्या न्नेत्रामयघ्नंकफपित्त-हारि ॥ हृल्लासकंडूज्वरकामलाश्च प्लीहामवातौ चगदंनिहंति ॥ २९ ॥

હિંગળોક વા, હિંગળોક ભસ્મ તીખી, તુરી અને કડુછે, નેત્રરોગ, કફ, પિત્ત, ઉલટી, ( અથવા છાતીના રોગ ) ખસ, તાવ, કમળો, બરોળ અને આમવાયુ એ સર્વે રોગનો નાશ કરનારછે. ૨૯

### અશુદ્ધ હિંગળોકના દોષ.

अशुद्धोदरदःकुर्या न्कुष्टंक्लैब्यंक्लमंभ्रमं ॥
मोहंचशोधयेत्तस्मात्सिद्ध वैद्यस्तुहिंगुलम् ॥ ३० ॥

અશુધ્ધ ( વગર શોધેલ ) અથવા કાચી ભસ્મનું સેવન કર-વાથી કોઢરોગ, નપુંષકતા, થાક ( પરિશ્રમ ), ફેર અને મૂર્ચ્છા ( અવાચક—અચેતન પણું ) ઉત્પન્ન કરેછે. માટેજ સદ્વૈદ્યે સારી રીતે તેનું શોધન—મારણ કરવું. ૩૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંગળોકના વિકારની શાંતિ.

उत्पद्यतेयदाव्याधि र्दरदस्यानिषेवणात् ॥
तदासूतकवत्सर्वा कुर्य्याच्छान्तिप्रतिक्रिया ३१

હિંગળોક ખાવાથી વિકાર થયો હોય તો અશુધ્ધ પારો ખાવાથી વિકાર થાય તેની શાંતિ માટે જે પૂર્વે ઉપાય કહેલાછે તે પ્રમાણે કરવાથી હિંગળોકના વિકાર શાંત [ નાશ ] થાયછે. ૩૧

હિંગળોકનાં અનુપાન.

अनुपानानिपथ्यंच रसतुल्यंप्रकीर्तितं ॥
सर्वरोगनिहंतोऽयं वृष्योबल्योरसायनः ॥ ३२ ॥

હિંગળોક સેવન કરવા માટે અનુપાન અને પથ્ય પૂર્વે કહેલા રસ ( પારા ) નાં અનુપાન અને પથ્ય સમાન જાણી લેવાં. યોગ્ય અનુપાન સાથે ખાવા આપવાથી સર્વ રોગનો નાશ કરેછે. મૈથુન સમય હર્ષ દાયકછે, બળ દાયકછે અને જરા વ્યાધિનો નાશ કરનાર ( રસાયન ) છે. ૩૨

અભ્રક શોધન વિધિ.

कृष्णाभ्रकंधमेद्वन्हौ ततःक्षीरेत्रिनिःक्षिपेत् ॥ भिन्नपत्रंतुतत्कृत्वा तण्डुलीयाम्लयोर्द्रवैः ॥ भावयेदष्टयामंत देवमभ्रंविशुद्ध्यति ॥ ३३ ॥

અભ્રકની ભસ્મ કરવા માટે કાળો અભ્રકજ ગ્રહણ કરવો. તે કાળા અભ્રકને અગ્નિમાં તપાવી ગાયના દૂધમાં ઠારવો. પછી તેનાં પતરાં જુદાં જુદાં ઉખેડીને તાંદળજાના રસમાં અથવા કોઈપણ ખાટા પદાર્થ ( આમલી–લીંબુ વગેરે ) માં આઠ પોહોર પલાળી મૂકવાં જેથી અભ્રક શુદ્ધ થાયછે. ૩૩ ❋

---

❋ અભ્રકની ઉત્પત્તિ, વર્ણ, ભેદ વગેરેની વાખ્યા અત્રે ગ્રંથ વૃદ્ધિ થવાના ભયથી લખામાં આવી નથી માટે સુજ્ઞ સજ્જનો એ અન્ય ગ્રંથોથી તેની સાંગોપાંગ હકિકત જાણી લેવી. તેમજ ધાતુ, ઉપધાતુ, રસ, ઉપરસ, વિષ અને ઉપવિષાદિની પણ વાખ્યા ઉક્ત કારણને લીધેજ ટૂંકાણમાં દર્શાવેલી છે જેથી અપૂર્ણ વાખ્યા વાળો ગ્રંથછે એમ સમજવું નહિ; કેમકે જગતમાં સર્વ વસ્તુ અપૂર્ણજછે, પૂર્ણ તો એક જગત નિયંતા પરિબ્રહ્મ પરમાત્માછે. માટે છિદ્ર ગવેષી નથતાં મહાશય થશો. ભા. કર્ત્તા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### અભ્રક મારણ વિધિ.

कृत्वाधान्याभ्रकंतच्च शोषयित्वाथमर्दयेत ॥
अर्कक्षीरैर्दिनंखल्वे चक्राकारंचकारयेत ॥ ३४ ॥
वेष्टयेदर्कपत्रैश्च सम्यग्गजपुटेपचेत् ॥
पुनर्मर्द्यंपुनःपाच्यं सप्तवारान्पुनःपुनः ॥ ३५॥
ततोवटजटाक्काथै स्तद्वद्देयंपुटत्रयम् ॥
म्रियतेनात्रसंदेहः प्रयोज्यंसर्वकर्म्मसु ॥ ३६ ॥

અભ્રકને શોધ્યા પછી ધાન્યાભ્રક[1] કરવો; તદનંતર આકડાના દૂધમાં ૧ દિવસ ખરલ કરવો, ઘટ થયે તેની ન્હાની ન્હાની રેવડી ( ટીકડી ) ઓ કરી સૂકવી તે ટીકડીઓને આકડાના પાંદડામાં લપેટી ( વીંટી ) ગજ પુટ અગ્નિ દેવી; એની મેળેજ શીતળ થાય ત્યારે કાહાડી લેઈ ફરી આકડાના દૂધમાં ઘુંટી પ્રથમની માફક ગજપુટ અગ્નિદેવી. એવીજ રીતે ૭ વાર કરવું. ત્યાર બાદ વડની વડવાઈના અંકૂરા ( ફણગા ) ના ઉકાળામાં ખરલ કરી ( ઘુંટી–વાંટી ) ગજપુટ આંચ આપવી, એજ પ્રમાણે ૩ વાર કરવાથી અભ્રકની ભસ્મ થાયછે એમાં સંદેહ નથી અને તે ભસ્મ સર્વ કાર્યમાં જુદાં જુદાં અનુપાન સંગાથે તમામ રોગો ઉપર આપવી. ૩૪–૩૬

### અશુદ્ધ અભ્રક ભસ્મના ગુણ.

अभ्रंकषायंमधुरंचशीत मायुष्करंधातुविवर्द्धनंच
॥ हन्यात्रिदोषव्रणमेहकुष्ट प्लीहोदरग्रंथविषक्रमीं-
श्च ॥ ३७ ॥
रोगान्हन्याद्दृढयतिवपुर्वीर्यवृद्धिंविधत्ते ॥ तारु-

---

[1] શોધેલો અભ્રક અને તેથી ચોથાભાગે ચોખાલેઇ બન્નેને કાંબળીમાં બાંધી ૩ અહોરાત્રી પાણીમાં પલાળી રાખવાં, પછી તે પોટલીને તે પાણીમાં ખૂબ ચોળવી; જ્યારે તે પોટલીમાંથી બધો અભ્રક પાણીમાં આવી જાય ત્યારે તે પાણીના વાસણને વાંકુ કરી પાણી નીતારી લેવું; બાદ પાત્રમાં જે જામેલો અભ્રક રહે તેને ધાન્યાભ્રક કહેછે. ભસ્મ કરવાના કામમાં ધાન્યાભ્રક કરેલોજ ઉપયોગમાં લેવો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ण्याढयंरमयतिशतंयोषितांनित्यमेव ॥ दीर्घायुष्कान्जनयतिसुतान् सिंहतुल्यप्रभावात् ॥ मृत्योर्भितिंहरतिचसुतरांसेव्यमानंमृताभ्रं ॥ ३८ ॥

મારેલો અભ્રક તુરો, મધુર તથા શીતળછે, આયુષ્ય અને શરીરની સાત ધાતુઓને વધારનારછે, ત્રિદોષજનીત વ્યાધિ, વ્રણ ( ગુમડાં ), મેહ ( પ્રમેહ ), કોઢ, બરોળ, ઉદરવ્યાધિ, ગ્રંથિ ( ગાંઠ–અર્બૂદ ) રોગ, ઝેર, અને પેટના કરમીયા એ સર્વ રોગોને હણનાર ( નાશ કરનાર ) છે, શરીરને દૃઢ ( મજબૂત ) કરેછે, વીર્યની વૃધ્ધિ કરેછે, આ અભ્રક ભસ્મ સેવન કરનાર મનુષ્ય ( પુરૂષ ) દરરોજ સો નવયૈવના સ્રીઓ સંગાથે સંભોગ કરવા જેટલું સામર્થ્ય પ્રાપ્ત કરેછે અને તે વડે લાંબા આયુષ્ય વાળા પૂત્રોને ઉત્પન્ન કરેછે, સિંહ તુલ્ય પરાક્રમછે જેહનું તેવો આ મારેલો અભ્રક નિત્ય સેવન કરવાથી મૃત્યુની બ્હીક ( ભય ) ને પણ હરેછે ( મટાડેછે ). ૩૭–૩૮

## અશુદ્ધ અભ્રકના દોષ.

चंद्रिकासहितमभ्रकंयदा जीवितंप्यटितिनाशयेत्तदा ॥ व्याघ्ररोमइवचोदरस्थितं वातनौवितनुतेगदान्बहून् ॥ ३९ ॥

અભ્રકની કાચી ભસ્મ કે જે ભસ્મની અંદર ચંદ્રિકા ( તારા ) સમાન ચમક ( ચળકાટ ) હોયછે તે ભસ્મ સેવન કરવા ( ખાવા ) થી થોડાજ કાળમાં અનેક રોગ શરીરમાં ઉત્પન્ન કરી પ્રાણને પરલોક પમાડેછે એમાં જરા પણ આશ્ચર્ય જેવું નથી; જેમ સિંહ ( વાઘ ) ની મૂછનો વાળ ખાવામાં આવવાથી અનેક રોગ પેદાથઈ મરણને શરણ કરેછે તેમ. કાચી ભસ્મ પ્રાણ ઘાતક છે ૩૯

## અપકવ અભ્રક ભસ્મના વિકારની શાંતિ.

पिष्ट्वाम्बुनापिबेत्कांते धात्रीफलमतंद्रितः ॥
अशुद्धाभ्रविकारेण मुक्तःस्याद्दिवसत्रयात् ४०

આમળાને પાણીમાં વાટી ૩ દિવસ પીએતો અશુધ્ધ અભ્રક ભસ્મના વિકારોથી મુકત થાયછે. ૪૦

## અભ્રક ભસ્મનાં અનુપાન.

गुंजैकंवाद्विगुंजंवा त्रिगुंजाऽभ्रकंनरः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गुंजाचतुष्टयंवापिभक्षयेदनुपानतः ॥ ४१ ॥
मधुमागधिकायुक्तंश्चंद्रंमृतमभ्रकं ॥
वातपित्तकफान्कुष्टं जीर्णज्वरमरोचकं ॥ ४२ ॥
कफक्षयंप्रमेहंच कासश्वासंविषंभ्रमं ॥
नाशयेत्कामलांगुल्मं पांडुसंग्रहणीमपि ॥ ४३ ॥
विडंगत्र्युषणैर्युक्तं बुद्धिशुक्रविवर्द्धनं ॥
पांडुसंग्रहणींशूलं क्षयंश्वासमरोचकं ॥ ४४ ॥
मेहान् शैलकणाचूर्ण माक्षिकैरन्वितंजयेत् ॥
क्षयस्वर्णान्वितंचाभ्रं धातुवृद्धिप्रदंभवेत् ॥ ४५ ॥
कायस्थागुडसंयुक्तं वातरक्तंजयेत्सुखं ॥
रक्तपित्तंभजंश्चाभ्रं दाडिमिसितयान्वितं ॥ ४६

શુધ્ધ અભ્રક ( ભોડળ )ની ભસ્મ ૧ રતિ ( ચણોઠી ) ભાર અથવા બે, ત્રણ કિંવા ચાર રતી ભાર અનુપાન સાથે સેવન કરવાથી એટલે મધ પીપર સંગાથે ખાવાથી વાયુ, પિત્ત, કફ, કોઢ, જુનો તાવ ( એકવીસ દિવસ ઉપરાંતનો તાવ ), અરૂચિ, કફક્ષય, પ્રમેહ, ઉધરસ, શ્વાસ ( દમ ) ઝેર, ફેર, કમળો, ગોળો, પાંડુ અને સંગ્રહણી એટલા રોગ નાશ થાયછે. વાવડીંગ, સુંઠ, મરી, પીપર સંગાથે ખાવાથી બુધ્ધિ અને વીર્યની વૃધ્ધિ કરેછે. પાંડુ, સંગ્રહણી, શૂળ, ક્ષય, શ્વાસ, અરૂચિ, આમ, કોઢ, મંદાગ્નિ, પેટનાં દરદો, પ્રમેહ અને ઉધરસ એટલા રોગોને હણેછે. શિલાજીત પીપરના ચૂર્ણ સાથે મધમાં કાલવી ખાવાથી પ્રમેહનો નાશ થાયછે. સોનાના વર્ક સંગાથે ખાવાથી ક્ષયનો નાશકરી ધાતુની વૃધ્ધિ કરેછે. હરડેદળ અને ગોળ સંગાથે ખાવાથી વાતરક્તનો, દાડિમની છાલ અને સાકર સંગાથે ખાવાથી રક્તપિત્તનો નાશ કરેછે. ૪૧—૪૬ તથા—

त्रिकटुत्रिफलात्रिसुगंधासिता गजकेशरचूर्णयु-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तंगगनं ॥ मधुनासहलीढमुरोजघने क्षयपांडुग-
दक्षयकृद्धिभवेत् ॥ ४७ ॥
भूधात्रशर्कराव्याल दंष्ट्रैलाक्षीरसंयुतं ॥
मूत्रकृच्छ्रंप्रमेहंचहंत्यभ्रंनवयौवने ॥ ४८ ॥
सितोपलाऽमृतासत्वयुक्तंमेहगणंजयेत् ॥
मध्वाज्यारजोयुक्तंवीर्यकृन्नेत्ररोगहृत् ॥ ४९ ॥
भल्लातकयुतंहन्या दर्शांसिविविधानिच ॥
वीर्यस्तंभंकरोत्यभ्रं मातुलानीरजोन्वितं ॥ ५० ॥
भार्गीपुष्करविश्वाश्वगंधामध्वान्वितंजयेत् ॥
वातंकट्फलपांचाली मधुयुक्तंकफामयं ॥ ५१ ॥
सर्वक्षारान्वितंवन्हि दीपयेदभ्रकंवरं ॥
मूत्रवातंमूत्रकृच्छ्रं चापिहांतिनसंशयः ॥ ५२ ॥
लवंगमधुसंयुक्तं वीर्यवृद्धिप्रदंभवेत् ॥
गोक्षीरशर्करायुक्तं पित्तरोगान्निहंतिखं ॥ ५३ ॥

હરડાં, બેહડાં, આમળાં, શુંઠ, મરી, પીપર, તજ, તમલપત્ર, એલચી, સાકર અને નાગકેશર એ સર્વેનું ચૂર્ણ કરી મધ સંગાથે કાલવી અભ્રક ભસ્મ સહ સેવન કરેતો ક્ષય અને પાંડુરોગનો નાશ કરેછે. ભોંય આંમળાં, સાકર, ગોખરૂ અને એલચીના ચૂર્ણ સંગાથે અભ્રક ભસ્મ મેળવી ગાયના દૂધ સંગાથે ખાયતો મૂત્ર કૃચ્છ્ર અને પ્રમેહનો નાશ કરેછે. સાકર અને ગળોસત્વ યુક્ત સેવન કરવાથી તમામ પ્રકારના પ્રમેહનો નાશ કરેછે ત્રિફળાના ચૂર્ણ અને ઘી સંગાથે ખાવાથી વીર્યની વૃધ્ધિ કરેછે અને નેત્રના રોગને હરેછે. ભિલામા સંગાથે ખાવાથી સર્વ જાતના અર્શ ( હરષ–મસા ) નાશ થાયછે, ભાંગના ચૂર્ણ સંગાથે ખાવાથી વીર્યસ્તંભન કરેછે. ભારંગી, પૂષ્કરમૂળ, સુંઠ, આસગંધ અને મધ યુક્ત ખાંવાથી વાયુરોગને હણેછે, કાયફળ, પીપર અને મધ યુક્ત ખાવાથી કફરોગનો નાશ કરેછે. સર્વ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખાર સાથે ખાવાથી જઠરાગ્નિને પ્રદીપ્ત કરેછે તથા મૂત્રઘાત–મૂત્ર કૃચ્છ્રનો નાશ કરેછે. લવિંગ અને મધ સંગાથે ખાવાથી વીર્યની વૃદ્ધિ કરેછે અને ગાયના દૂધ તથા સાકર સંગાથે અભ્રક ભસ્મ સેવન કરવાથી પિત્તરોગ નાશ પામેછે. ૪૭–૫૩

## હરતાલ પરિક્ષા.

हरतालंत्रिविधंप्रोक्तं पत्राख्यंपिंडसंज्ञकं ॥
गोदंतंचवरंतेषां पत्राख्यंपरिकीर्तितं ॥ ५४ ॥
गोद......गोदंतंतच्छ्रेष्टंस्वर्णकर्मणि ॥
अभ्रवद्यच्चपताढ्यं स्निग्धंकांचनवर्णकं ॥ ५५ ॥
भैषज्यंकर्मणिश्रेष्ट मिदंपिंडंतुपिडवत् ॥
निःपत्रंलघुपुष्पघ्न स्त्रीणांस्वल्पगुणंमतं ॥ ५६ ॥

હરતાલ ત્રણ જાતનીછે એટલે પત્રી, પિંડ અને ગોદંતી આ ત્રણ પ્રકારનીછે, આ ત્રણમાં પત્રીજાતની હરતાલ શ્રેષ્ટછે. ગોદંતી ગાયના દાંત સમાન આકૃતિ વાળી હોયછે, તે સોનું બનાવવામાં શ્રેષ્ટછે. અભ્રકના પતરાં સમાન પત્રી જાતની ચીકણી સોના સમાન પીળી હોયછે તે ઔષધ પ્રયોગમાં ઉત્તમછે. અને જે પિંડ સમાન પત્ર વગરની હરતાલ હોયછે તે હલકી રજસ્વળા ધર્મનો નાશ કરનાર અને અલ્પ ( થોડા ) ગુણ વાળી હોયછે. ૫૪–૫૬

## હરતાલ શોધન.

तालकंकणशःकृत्वा तच्चूर्णंकांजिकेपचेत् ॥
दोलायंत्रेणयामैकं ततःकूष्मांडजद्रवे ॥ ५७ ॥
तिलतैलेपचेद्यामं यामंचात्रिफलाजले ॥
एवंयंत्रेचतुर्यामं पक्वंशुद्ध्यतितालकं ॥ ५८ ॥

હરતાલના ઝીણા ઝીણા કકડા કરી તેને ઝીંણા કપડામાં બાંધી કાંજીમાં ૧ પોહોર, ભૂરાકોહળાના રસમાં ૧ પોહોર, તેલમાં ૧ પોહોર અને ત્રિફળાના કાઢામાં ૧ પોહોર દોલાયંત્ર વડે અગ્નિ ઉપર રાખવાથી હરતાલ શુધ્ધ થાયછે. ૫૭–૫૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### હરતાલ મારણ વિધિ.

पलमेकंशुद्धतालं कौमारीरसमर्दितम् ॥
सरावसंपुटेक्षित्वा यामान्द्वादशकंपचेत् ॥ ५९
स्वांगशीतंसमादाय तालकंचमृतंभवेत् ॥
गलत्कुष्टंहरेच्चैव तालकंचनसंशय ॥ ६० ॥

૪ તોલા શોધેલી પત્રી જાતની હરતાલને કુંવારપાઠાના રસમાં ઘુંટી તેની ન્હાની ન્હાની ટીકડીઓ બનાવી સુકવી સરાવ સંપુટમાં મુકી કપડમાટીથી સંપુટ દ્રઢ કરી ૧૨ પોહોરની અગ્નિ દેવી જેથી હરતાલ ભસ્મ થાયછે તે ભસ્મ ગલિત કોઢાદિ રોગોને નાશ કરેછે એમાં સંદેહ નથી. ૫૯-૬૦

### શુદ્ધ હરતાલ ભસ્મના ગુણ.

हरितालंमृतंकुष्टं श्लेष्मपित्तगुदामयान् ॥
हंतिवातामयान्सर्वा न्मेहान्रोगान्ज्वरादिकान्

હરતાલની ભસ્મ કોઢ, શ્લેષ્મ ( કફ ) પિત્ત, ગુદસ્થાનના હરષાદિરોગ, વાયુરોગ, સર્વ પ્રમેહ અને જ્વરાદિ સર્વ રોગોનો નાશ કરેછે. ૬૧

### અશુદ્ધ હરતાલ ભસ્મના દોષ.

अशुद्धंपीतवर्णयन्मृतंतालंसधूमकं ॥
वातपित्तामयान्कुष्टं मृत्युंचापिकरोतितत् ॥ ६२

હરતાલની અશુધ્ધ ભસ્મ રંગમાં પીળી અને અગ્નિ ઉપર નાખવાથી ધુમાડો નીકળેછે. એવી ભસ્મના સેવનથી વાયુ, પિત્ત, કુષ્ટરોગ અને મૃત્યુ પણ નિશ્ચે કરેછે. ૬૨

### અશુદ્ધ હરતાલ ભસ્મ જન્ય વિકારની શાંતિ.

कुष्मांडस्यरसंवापि नाकुल्यावायवासजं ॥
जीरकंवाशीतायुक्तं तालदोषान्भजन्जयेत् ६३

જો હરતાલ ભસ્મથી વિકાર થયો હોયતો ભુરાકોહળાનો રસ અથવા કડવી નઈનો રસ અથવા જીરૂં અને સાકર સેવન કરેતો કાચી હરતાલ ભસ્મથી ઉત્પન્ન થયેલા દોષોની શાંતિ થાયછે. ૬૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### હરતાલ ભસ્મનાં અનુપાન.

तालंच्छिन्नारजोयुक्तं तत्काथसंयुतंतुवा ॥
वातरक्तंसकुष्टंच हंत्यदेवान्यथाहरिः ॥ ६४ ॥
कंडूपदंशौविशर्पं वातरक्तंभगंदरं ॥
विस्फोटंमंडलंहंति तालंकूष्मांडनीरयुक् ॥ ६५ ॥
रक्तपित्तंरक्तदोषं तालंहंतिनिशायुतं ॥
शृंगबेरांबुनावातं शूलंसूतिगदास्तथा ॥ ६६ ॥
विषमादिन्ज्वरान्पांडु क्षयंकासंसितान्वितं ॥
तालंहन्त्याग्निमांद्यंच मधुमागधिकान्वितं ६७
जातीपत्रीकुंकुमाभ्यां प्रतिश्यायंनिवारयेत् ॥
अजामूत्रयुतंवाब्धि फलयुक्तंजलोदरं ॥ ६८ ॥

હરતાલ ભસ્મ ગળોના ચૂર્ણ સહિત અથવા ગળોના ઉકાળા યુક્ત સેવન કરવાથી વાતરગ્ત અને કોઢ રોગને હણેછે જેમ દૈત્યોનો શ્રીકૃષ્ણ પરમાત્મા સંહાર ( નાશ ) કર્યોછે તેમ. તથા ભૂરા કોહળાના રસ સંગાથે ખાવાથી ખરજ ( ખસ-લુખસ ), ઉપદંશ ( ચાંદી ], વિસર્પ કોઢ, વાતરગ્ત, ભગંદર, મંડળકોઢ અને વિસ્ફોટક નો નાશ કરેછે. હળદરના ચૂર્ણ સંગાથે ખાવાથી રગ્તપિત્ત, અને લોહીવિકારના રોગ માટાડેછે, આદાનારસ સંગાથે ખાવાથી વાયુરોગ, શૂળ અને સૂતિકારોગ ( સુવાવાડના રોગ ] નાશ પામેછે. સાકર સંગાથે અથવા ખાંડ સાથે ખાવાથી વિષમજ્વર આદિ તાવ, પાંડુ, ક્ષય અને ઉધરસનો નાશ કરેછે. મધ-પીપર સંગાથે ખાવાથી જઠરાગ્નિની મંદતા મટેછે, જાવંત્રી અને કેશર સંગાથે ખાવાથી સલેખમ, બકરીના મૂત્ર અથવા સમુદ્રફળના ચૂર્ણ સંગાથે ખાવાથી જળોદર મટેછે.

जायफलयुतंहंति निर्बलत्वंशरीरिणां ॥
क्षयंतांबूलसंयुक्तं हंत्येबालभूतिका ॥ ६९ ॥
ऊर्द्ध्वश्वासांशिवायुक्तं मालस्यंविश्वसंयुतं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्रिसुगंधान्वितंहंति तालमास्यकुगंधताम् ॥ ७०
प्रमेहान्विविधान्हंति सुरसास्वरसान्वितं ॥
गोदुग्धेनयुतंतालं वीर्यवृद्धिंकरोतिच ॥ ७१ ॥
लवंगत्वक्कर्पूरै र्युतंवापर्णखंडयुक् ॥
सेवितंहरितालंस द्वीर्यवृद्धिंकरात्यलं ॥ ७२ ॥

જાયફળ સંગાથે ખાવાથી નિર્બળતા, તાંબૂળ સંગાથે ખાવાથી ક્ષય, હરડે સંગાથે ખાવાથી ઉર્ધ્વશ્વાસ, સુંઠ સંગાથે ખાવાથી આળસ્ય, તજ, તમાલપત્ર અને એલચીના ચૂર્ણ સંગાથે ખવાથી મુખની દૂર્ગંધતા, તુલસીના રસ સંગાથે ખાવાથી સર્વજાતના પ્રમેહ રોગ, ગાયના દૂધ સંગાથે ખાવાથી કિંવા લવિંગ, તજ અને કપૂર સાથે અથવા નાગરવેલેના અર્ધ્ધાપાન સંગાથે ખાવાથી અતિસે વીર્ય વૃધ્ધિ કરેછે. ૬૯–૭૨

## મણશિલ શોધન વિધિ.

पचेत्र्यहमजामूत्रे दोलायंत्रेमनःशिलाम् ॥
भावयेत्सप्तधापित्ते रजायासापिशुद्ध्यति ॥ ७३

મણશિળને બકરીના મૂત્રમાં ડોળાયંત્રદ્વારે ૩ દિવસ ઉકાળી પછી ખરલમાં ઘુંટી બકરીના પિત્તાની ૭ ભાવના દેવાથી મણશિલ શુધ્ધ થાયછે. ૭૩

## શુદ્ધ મણશિલના ગુણ.

ज्वरंनेत्रामयंश्वासं कासंभूतभयंकफं ॥
कृच्छ्रंविषंमनोग्रस्त हंतिकुष्टादिकान्गदान् ७४

શોધેલા મણશિલના સેવનથી તાવ, નેત્રરોગ, શ્વાસ, ઉધરસ ભૂતભય, કફ, મૂત્રકૃચ્છ્ર, વિષ અને કોઢ વગેરેનો નાશ કરેછે. ૭૪

## અશુદ્ધ મણશિલના દોષ.

मनःशिलामंदबलंकरोति जंतुंध्रुवंशोधनमंतरेण॥
मलस्यबंधंकिलमूत्ररोधं सशर्करांकृच्छ्रगदंचकुर्यात् ॥ ७५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અશુધ્ધ મણુશિલના સેવનથી મનુષ્યને બળ હીન કરેછે, કૃમિ તથા બંધકોષ્ટ ( મળાવરોધ ) મૂત્રરોધ, મૂત્રમાં પડતી સાકરજેવી કાંકરી અને મૂત્રકૃચ્છ્રાદિ રોગનો નાશ કરેછે. ૭૫

મણુશિલના વિકારની શાંતિ.

गोक्षीरंमाक्षिकयुतं पिबतेयोदिनत्रयम् ॥
कुनटीतस्यदेहेच विकारंनकरोतिहि ॥ ७६ ॥

૩ દિવસ પર્યંત [ સુધી ) ગાયના દૂધમાં મધ નાખી પીવાથી અશુદ્ધ મણુશિલના વિકાર નિશ્ચે શાંત પામેછે. ૭૬

મણુશિલનાં અનુપાન.

मगधानिंबफलाभ्यां शिलांसुमर्द्दत्कारवेल्लसुरसैः
कृत्वागुटीनिहन्या दियंप्रदत्ताज्वरंत्रिदोषमपि ७७
शिलायाद्विगुणंशंखं शिलार्द्धंमारिचंरजः ॥
सैंधवंमारिचार्द्धांश मंजनान्नेत्ररोगहृत् ॥ ७८ ॥
पिच्चिटंतिमिरंशुक्रं निहंतिमधुनांजितं ॥
शिलाद्यमंजनंतद्व दर्बुदंमस्तुनांजितम् ॥ ७९ ॥
कणामरिष्टसंयुक्ता शिलापिष्टांबुनांजिता ॥
नेत्रेहन्यात्क्षुमनेत्रं सन्निपातंसुदारुणं ॥
भूतोन्मादादिकान्रोग न्हंतिचैवज्वरामयम् ८०
भार्ङ्गीविश्वान्विताश्वासान् विषंस्वर्णसमन्विता ॥
वासकस्वरसव्योषैः कफंकासंजयेच्छिला ॥ ८१
शिलैलांजनकाशीशगृहधूमान्दसर्जकैः ॥
सरोध्ररोचनैर्लेपः सार्षपस्नेहसंयुतः ॥ ८२ ॥
किलासंकीटभंदद्रुं कुष्टंपामाभगंदरं ॥
इंद्रलुप्तंतथार्शांसि हंत्ययंनात्रसंशयः ॥ ८३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીંડીપીપર, લીંબોળીની મીંજ અને મણુશીલ એ ત્રણને કારેલીનારસ સંગાથે ઘુંટી ગોળી કરી ખાયતો ત્રિદોષ જ્વરનો નાશ કરેછે. મણશિલથી બમણું શંખનું ચૂર્ણ, મણશિલથી અર્ધ્ધં ભાગે મરીનું ચૂર્ણ, મરીનાચૂર્ણથી અર્ધ્ધભાગે સિંધાલુણ એ સર્વને બારીક ખરલ કરી અંજન કરેતો નેત્ર રોગ મટેછે એટલે મધસાથે અંજન કરવાથી પિચિટરોગ, તિમિર અને ફુલાને મટાડેછે અને દહીંના પાણી સંગાથે અંજન કરવાથી માંસની પડેલી આંખની અંદર ગ્રંથી તેને મટાડેછે. પીપર, મરી અને મણશિલ એ ત્રણને પાણી સાથે ઘુંટી ગોળીકરી પાણી સંગાથે આંજવાથી શુભ્ર નેત્રરોગ. સન્નિપાત, ભૂતનો ઉન્માદ અને તાવ વગેરે સર્વ રોગને હણેછે. ભારંગી અને સુંઠ સાથે ખાવાથી શ્વાસરોગને, સોનાના વર્ક સંગાથે ખાવાથી ઝેર દોષને, અરડુસાનારસમાં સુંઠ, મરી અને પીપરનું ચૂર્ણ નાખી તેમાં શુધ્ધ મણશિલ મેળવી ખાવાથી કફ અને ઉધરસને મટાડેછે. મણશિલ, એલચી, સુરમો, હીરાકસી, ઘરનો ધુંમાસ [ છાપરે જામેલો ધુમાડો ] નાગરમોથ, રાળ, લોધર, અને ગોરૂચદન કિંવા હળદર એ સર્વને એકત્ર વાટી સરસિયા તેલમાં ઘુટી શરીરે લેપ કરવાથી કિલાસકોઢ, કિટભ, દાદર, મહાકુષ્ટ, ખસ, ભગંદર, માથાની ઉંદરી અને હરષ એ સઘળાનો નાશ કરેછે. ૭૭-૮૩

## સુરમો ઔષધ પ્રયોગમાં કેવા પ્રકારનો ગ્રહણ કરવો ?

स्मृतंस्रोतांजनंकृष्णं सौवीरंश्वेतमीरितम् ॥
वल्मीकशिखराकारं भिन्नमंजनसन्निभं ॥ ८४ ॥
घृष्टंतुगैरिकाकार मतंस्रोतोंजनंस्मृतं ॥
स्रोतोंऽजनसमंज्ञेयं सौवीरंहिमपाण्डुरं ॥ ८५ ॥

સુરમો બે જાતનોછે, એક કાળો તેને **સ્રોતાંજન.** કહેછે. અને બીજો ધોળો તેને **સૌવીર** કહેછે. જે સુરમાનો કાંકરો તોડવાથી [ ભાગવાથી ) રાફડા જેવો આકાર જણાય તથા કાળારંગાનો અને ઘસવાથી ગેરૂ જેવો રંગ જણાય તે સ્રોતાંજન અને એવાજ આકારનો બીજો ધોળો બરફ જેવો જણાય તે સૌવીર જાણવો. ૮૪-૮૫

## સુરમાને શોધવાની રીત.

जंबीरस्यांबुनाभाव्य नीलांजनमथातपे ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शोषयेच्चदिनैकेन शुद्धेत्स्रोतोंजनंवरं ॥ ८६ ॥
सौवीरंकांजीकेस्विन्नं यामैकेनाविशुद्धयति ॥
ततोवैद्यवरोदद्याद्यथायोग्यंगदेषुच ॥ ८७ ॥

કાળા સુરમાને જંબીરીના રસમાં એક દિવસ ઘુંટી સૂકવી પછી કાર્યમાં લેવો તે દોષરહિત ગણાયછે. અને સોવીર નામના સુરમાને કાંજી સાથે દોલાયંત્રમાં એક પોહોર આંચ આપવાથી શુધ્ધ થાયછે. ૮૬-૮૭

શુદ્ધ સુરમાના ગુણ.

स्रोतोंजनंस्मृतंस्वादु चक्षुष्यंकफपित्तनुत् ॥
कषायंलेखनंस्निग्धं ग्राहिच्छर्दिविषापहं ॥८८॥
सिध्मक्षयास्त्रहृच्छीतं सेवनेयंसदाबुधैः ॥
स्रोतोंजनगुणाः सर्वेसौवीरेपिप्रतिष्ठिताः ॥ ८९ ॥
किंतुद्वयारंजनयोश्रेष्टः स्रोतोंजनंस्मृतं ॥
अनुपानप्रभेदैश्च सर्वातंकप्रणुद्भवेत् ॥ ९० ॥

કાળો સુરમો સ્વાદિષ્ટછે, નેત્રને હિતકારીછે, કફ અને પિત્તરોગનો નાશ કરનારછે, કષાયલોછે, મળને શોધનારછે, ચિકણોછે, ગ્રાહીછે, ઉલટી, ઝેરને મટાડનારોછે, સિધ્મ નામનો કોઢ, તથા ક્ષય અને લોહિવિકારનો નાશ કરનારછે, શીતળછે પંડિત પુરૂષોને નીરંતર સેવવા યોગ્યછે, જે ગુણ સ્રોતોંજનમાંછે તેજ ગુણ સૌવીરમાંછે તથાપિ સ્રોતોંજન ઉત્તમછે. આ અનુપાન ભેદે કરીને સર્વ રોગનો અંત કરેછે. ૮૮-૯૦ ( અશુધ્ધ સરમાના સેવનથી શરીરમાં અને નેત્રમાં અનેક રોગપેદા થાયછે તથા ત્રિફળાના સેવનથી તેના દોષ શાંત થાયછે. )

સુરમાનાં અનુપાન.

काश्मीरनागफेनाभ्यां युतंदत्तंप्रयत्नतः ॥
नीलांजनमतीसारं ग्रहणीमपिनाशयेत् ॥ ९१ ॥

For Private And Personal Use Only

समांशंपारदंनागं द्व्यंशांनीलांजनंतथा ॥
शुद्धकर्पूरजंचूर्णं पारदात्पंचमाशकं ॥ १२ ॥
संमर्द्यखल्वयेयत्ना दंजयेन्नेत्रयुग्मके ॥
सर्वनेत्रविकारघ्न मंजनंनयनामृतम् ॥ १३ ॥
सौवीरंसैंधवंकुष्टं बीजान्येडगजस्यचाविडंगंसर्ष-
पान्पिष्ट्वा ॥ कांजिकेनप्रलेपयेत सिध्मानंमंडलं-
कुष्ट दद्रुमेवजयेत्क्षणात् ॥ १४ ॥
हंतिनीलांजनापित्तं शर्करागोघृतान्वितां ॥
कफरोगंनिहंत्येव शिवासुंठीगुडान्वितं ॥ १५ ॥
नीलांजनंकनकजंवरखंविशुद्ध हैयंगवेनससि-
तामधुनैकगुंज ॥ खादेन्नरःक्षयनिपीडितएवकातें
कांतिंलभेतविपुलंबलमंबुजाक्षिं ॥ १६ ॥

કાળા સુરમાને કેશર અને અફિણ સંગાથે ખાવાથી અતિસાર અને સંગ્રહણીનો નાશ કરેછે. પારો સીસું સમાન ભાગે તથા સુરમો બે ભાગ લેવો, અને શુદ્ધ કપુરનું ચૂર્ણ પારાથી પાંચમે ભાગે લેવું. સર્વને ખરલમાં ઘુંટી નેત્રાંજન કરવાથી નેત્ર વિકાર નાશ થાયછે. આનું નામ **નેત્રાંમૃત** વા, **નયનામૃત** છે. ધોળો સુરમો સિંધાલુણ, ઉપલેટ, પુંઆડીઆનાં બીજ, વાવડીંગ, અને સરસવ એ સઘળાને કાંજીમાં વાટી લેપ કરેતો શરીરઉપર નીકળતા કરોળીયા, મંડળ અને દાદર એઓનો નાશ કરેછે. સાકર અને ગાયના ઘી સંગાથે ખાવાથી પિત્તરોગનો, હરડે, સુંઠ અને ગોળ સંગાથે ખાવાથી કફરોગનો અને એક રતી ભાર કાળો સુરમો એક રતી ભાર સોનાના વર્ક એ બન્નેને માખણ સાકર અને મધ સંગાથે ખાવાથી ક્ષય રોગનો નાશ કરી કાંતિ અને બહુબળ ( શક્તિ ) પ્રાપ્ત કરેછે. ૯૧—૯૬

### વજ્ર મારણ વિધિ.

मेखश्रृंगभुजंगास्थि कूर्म्मपृष्टाम्लवेतसान् ॥
शशदन्तंसमांपिष्ट्वा वज्रीक्षीरेणगोलकम् ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कृत्वातन्मध्यगंवज्रं म्रियतेऽध्मातमेवहि ॥९७॥**

ઘેટાનું શિંગડું, સાપનાં હાડકાં, કાછબાની પીઠ, અમ્લવેતસ અને સસલાના દાંત એ સઘળાને થોરના દૂધમાં ઘુંટવાં બાદ ગોળો બનાવી તેમાં શોધેલો હીરો મૂકી તે ગોળાને ભઠ્ઠીમાં રાખવો અને લોહાર ( લવાર ) ની ધમણ વડે ધમવાથી હીરાની ભસ્મ થાયછે. ૯૭

**વજ્ર [ હીરા ) ની ભસ્મના ગુણ.**

**आयुःपुष्टिबलंविर्यं वर्णसौख्यंकरोतिच ॥**
**सेवितंसर्वरोगघ्नं मृतंवज्रंनसंशयः ॥ ९८ ॥**

હીરાની શુદ્ધ ભસ્મના સેવનથી આયુ, પુષ્ટિ, બળ, વીર્ય, કાંતિ અને સુખને વધારી સર્વ રોગનો નાશ કરેછે એમાં સંદેહ નથી.

**અશુદ્ધ હીરક ભસ્મના દોષ.**

**दाहंपांडुगदंकुर्यात्किलासंपार्श्वशूलकं ॥**
**वज्रादिकोरत्नगणो ऽशुद्धोरोगोननेकशः ॥ ९९**

અશુદ્ધ હીરક ભસ્મના સેવનથી દાહ, ( બળતરા ) પાંડુ, કિલાસકોઢ અને પાર્શ્વ શૂળ [ પડખામાં આવતી શૂળ ) એ સઘળા રોગોને અને બીજા પણ અનેક રોગોને ઉત્પન્ન કરેછે. ૯૯

**હીરક ભસ્મના વિકારની શાંતિ.**

**मध्वाज्यशर्करायुक्तं गोदुग्धंदिनसप्तकं ॥ पिबन्**
**वज्रादिकरत्नानां दोषौमुक्तःसुखीभवेत् ॥ ३००**

અશુદ્ધ હીરક ભસ્મ સેવનથી વિકાર થયો હોયતો મધ, ઘી અને સાકર યુક્ત ગાયનું દૂધ ૭ દિવસ સુધી પીએ તો વજ્ર વગેરે સર્વ રત્નોના દોષથી મુક્ત થઇ સુખી થાયછે. ૩૦૦

**હીરાની ભસ્મનાં અનુપાન.**

**मृतंवज्रंजयेत्कुष्टं खदिराक्काथसंयुतं ॥**
**मध्वार्द्रकरसैर्युक्तं वातव्याधिन्प्रणाशयेत् ॥ १ ॥**
**कणोषणरजोयुक्त वृषनीरेणसेविता ॥**
**कासंश्वासंकफंहाति वज्रभूतिरयंऽगने ॥ २ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पुष्टिदामधुसर्पिर्युक्स्वेदंहंतिसितान्विता ॥
वज्रभूतिःसुगोमूत्र संयुतासूतिरोगनुत् ॥ ३ ॥
एवमन्यानिरत्नानिदद्याद्रोगेषुबुद्धिमान् ॥
अनुपानैःसुसंयोज्यरोगहृद्भिःस्वबुद्धितः ॥ ४ ॥

હીરાની ભસ્મ ખેરના ઉકાળા સંગાથે સેવન કરવાથી કોઢનો નાશ કરેછે, મધ અને આદાના રસ સંગાથે ખાવાથી વાયુ સંબંધિ વ્યાધિઓ દૂર થાયછે. પીપર અને મરીના ચૂર્ણ યુકત અરડુસાના રસ સંગાથે ખાવાથી ઉધરસ, શ્વાસ અને કફનો નાશ કરેછે. મધ અને ઘી સંગાથે ખાવાથી પુષ્ટિ આપેછે. સાકર સંગાથે ખાવાથી પરસેવો બહુ વળતો હોય તેને મટાડેછે. ગોમૂત્ર સંગાથે ખાવાથી સુઆ રોગને મટાડેછે. એજ પ્રમાણે બીજા રત્નોની ભસ્મ બુદ્ધિમાન વૈદ્ય પોતાની બુધ્ધિ અનુસારે જે રોગને જે નાશ કરનારી ઔષધી હોય તે વસ્તુના અનુપાન સંગાથે આપવી. ૧–૪

### મુકતા–પ્રવાળભસ્મની વિધિ.

स्वर्णमाक्षिकवन्मुक्ता प्रवालानिचमारयेत् ॥ ५ ॥

પાછળ બતાવેલી સુવર્ણ માક્ષિક ( સોવનમાખી ) ની ભસ્મની ક્રિયા ( વિધિ ) સમાન મોતી અને પરવાળાની ભસ્મ કરવાની વિધિ છે. ( માટે તે વાંચી વાકેફથાઓ ). ૫

### શુદ્ધ પ્રવાળ ભસ્મના ગુણ.

प्रवालंमधुरंसाम्लं कफपित्तार्तिदोषनुत् ॥
वीर्यकांतिकरंस्त्रीणां धृतेमंगलदायकं ॥ ६ ॥
क्षयपितास्त्रकासघ्नं दीपनंपाचनंलघु ॥
विषभूतादिशमनं विद्रुमंनेत्ररोगहृत ॥ ७ ॥

શુધ્ધ પ્રવાળાંની ભસ્મ મધુર, અમ્લ ( ખાટી ) છે, કફ અને પિત્તની પીડા હરેછે, વીર્ય અને કાંતિને પેદા કરનારછે, સ્ત્રીઓને મંગળ દાતાછે, ક્ષય, રક્તપિત્ત, ઉધરસ, વિષદોષ, ભૂતજન્ય પીડા અને નેત્રરોગને સમાવનારછે. તથા દીપનછે, પાચન કર્त्ताછે અને હલકીછે.

### અશુદ્ધ પ્રવાળ ભસ્મ દોષ.

अशुद्धप्रवालभक्षणा द्भवन्तिरोगाह्यनेकाः ॥ ८

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાચી પરવાળાની ખાખ ખાવાથી અનેક રોગો પેદા થાયછે. ૮

પ્રવાળ ભસ્મનાં અનુપાન.

कणामाक्षिकाभ्यांलिह्येद्यःप्रवालं जयेच्छासका-
संज्वरंजीर्णसंज्ञं ॥ तथाकोष्टगंमारुतंसंजयेत भि-
षग्दुस्तरांचैवहिक्कांनिहन्यात् ॥ ९ ॥
तिक्तातिक्तशिवाभिश्च ज्वरंहंत्येवदारुणं ॥
पक्करंभाफलेनैव धातुक्षयहरंपरम् ॥ १० ॥
सिताक्षीरान्वितंपित्तं गुल्कंदेनउरःक्षतं ॥
गुल्कंदंयवनैख्यातं तरुणीसुमनोद्भवं ॥ ११ ॥
कार्श्यतांबूलयुग्हंति कृच्छ्रंहन्या च्छिविद्रुमं ॥
मधुनात्रिफलाचूर्णयुतंवातंडुलांभसा ॥ १२ ॥
धातुपुष्टिकरंकांते सिताघृतसमान्वितं ॥
धारोष्णेनचदुग्धेन प्रदरंदारयत्यलं ॥ १३ ॥
मधुशर्करयासुरसासुरसै र्घ्नतिमारुतमाशुकरोति
सुखं ॥ अयिहंतिनिशाध्यामिदंसुरसारसमूषकवि-
ड्युतमंजनतः ॥ १४ ॥
सितोपलार्द्रकरसै र्युक्तंहंतिसुविद्रुमं ॥
पित्तकासंतथैवान्या हन्याद्रोगाश्चयुक्तितः १५

શુધ્ધ પ્રવાળાંની ભસ્મ મધ અને પીપર સંગાથે ખાવાથી શ્વાસ, ઉધરસ, જુનોતાવ, કોષ્ટમાં ગયેલો વાયુ અને હેડકી એ સઘળાનો નાશ કરેછે. કડુ કિરીયાતું અને હરડેનું ચૂર્ણ એ સાથે ખાવાથી ઘોર જવરનો નાશ કરેછે. પાકા કેળા સંગાથે ખાવાથી ધાતુક્ષય હરણ કરવામાં શ્રેષ્ટછે. સાકર દૂધ સંગાથે સેવન કરવાથી પિત્તરોગ, ગુલકંદની સંગાથે ખાવાથી છાતિમાં પડેલી ચાંદીને મટાડેછે. ( ગુલકંદ યવન-મુસલમાન લોકોએ પ્રસિધ્ધ કરેલ માટે સંસ્કૃત નામનથી પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુલાબના ફુલોનું બનેછે. ) અને પાન બીડાની સંગાથે ખાવાથી કૃશતાને. મધ અને ત્રિફળાના ચૂર્ણ સંગાથે ખાવાથી અથવા મધ અને ચો-ખાના ધોવરામણ સાથે ખાવાથી મૂત્ર કૃચ્છ્રને મટાડેછે. ઘી સાકર સંગાથે સેવન કરવાથી ધાતુ પુષ્ટિ કરેછે. ગાયના તરતના દોહેલા દૂધ સંગાથે ખાવાથી પ્રદર [ સ્ત્રીઓના યોનિમાર્ગમાંથી રાતા, પી-ળા ધોળા અને મિશ્રવર્ણનો વહેતો ચિકણો પદાર્થ તે ) ને મટાડેછે. મધ સાકર અને તુલસીના રસસંગાથે ખાવાથી વાયુરોગોને જલ્દી મટાડેછે. તુલસીનો રસ અને ઉંદરની લીંડીના ચૂર્ણ સંગાથે અંજન કરવાથી રતાંધળા પણું મટેછે અને સાકર આદાના રસ સંગાથે પ્ર-વાળ ભસ્મ સેવન કરવાથી પિત્તથી પ્રકટ થયેલી ઉધરસનો નાશ કરેછે. એવીજરીતે સદ્વૈદ્ય પૂર્વાપરનો સમસ્ત વિચાર કરી યુક્તિ સાથે યોગ્ય અનુપાનથી આપે તો અન્ય રોગો પણ મટેછે. ૮–૧૫ ( ઉપરત્ન શોધન માટે પૃષ્ટ ૪૪ જુઓ તેમના ગુણ રત્નોના ગુણોને મળતાછે પણ ફાયદો કિંચિત્ કમતી કરેછે મારણ અનુપાન બુધ્યા-નુસારે જાણી લેવું. )

**નવ જાતના વિષનાં લક્ષણ કહીએ છીએ.**

**વત્સનાભ વિષનું સ્વરૂપ.**

**सिंदुवारसदृक्पत्रो वत्सनाभ्याकृतिस्तथा ॥**
**तत्पार्श्वेनतरोर्वृद्धि र्वत्सनाभःसकथ्यते ॥ १६ ॥**

જેનાં પાંદડાં નગોડના જેવાં અને આકાર ગાયના વાછડાની ડુંટી ( નાભિ ) જેવો અને તે ઝાડના પડખામાં ( આસપાસ ) બી-જાં કોઈ પણ ઝાડોની વૃદ્ધિ થતી નથી તેને **વત્સનાભ.** કહેછે. ૧૬

**હારિદ્રક વિષનું સ્વરૂપ.**

**हरिद्रातुल्यमूलोयो हारिद्रःसउदाहृतः ॥**
**सरष्वाश्चोत्तरदेशे बाहुल्येनभवेद्विसः ॥ १७ ॥**

---

❋ ૧ **ગુલકંદ બનાવવાની રીત.**—ગુલાબનાં ચોખાં ફુ-લોની પાંખડીઓ લેઈ તેનાથી બમણી ધોએલી ખાંડ તેમાં મેળવી માટીના સુંદર રીઢા વાસણમાં ભરી મ્હોં મજબૂત બાંધી તડકામાં મૂકીરાખવું. પાંચ દિવસ વિત્યાપછી પાંખડીઓને ચોળી ફરી મ્હોં બાંધી તડકામાં મૂકવું પંદર દિવસ થયા બાદ સુંદર સ્વાદિષ્ટ ગુલકંદ તૈયાર થાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેનુ મૂળ હળદર જેવું હોય તેને હારિદ્રક વિષ કહેછે. આ વિષ સરજુના ઉત્તર પ્રદેશમાં ઘણું કરીને ઉત્પન્ન થાયછે. ૧૭

સકતુ વિષનું સ્વરૂપ.

यद्ग्रंथिसक्तुकेनैव पूर्णामध्येससक्तुकः ॥
सवाउत्तरगोकर्णे बाहुल्येमप्रजायते ॥ १८ ॥

જેની ગાંઠમાં સાતુ જેવા ભરેલા હોયછે તેને સકતુક વિષ કહેછે. આ વિષ ઘણું કરીને ઉત્તર ગોકરણ જ્યાંછે તે દેશમાં થાયછે.

પ્રદીપન વિષનું સ્વરૂપ.

वर्णतोलोहितोयःस्या द्दीप्तिमान्दहनप्रभः ॥
महादाहकरःपूर्वैः कथितःसप्रदीपनः ॥ १९ ॥

જેનો રંગ રાતો હોયછે, અગ્નિ સમાન જેનો પ્રકાશછે. ઘણી બળતરા કરનાર તેને પૂર્વાચાર્યો પ્રદીપન વિષ કહેછે. ૧૯

સૌરાષ્ટ્રિક વિષનું સ્વરૂપ.

सौराष्ट्रविषयेयःस्यात्ससौराष्ट्रिकउच्यते ॥
सौराष्टोपश्चिमेदेशे गुर्जरेविदितोजन ॥ २० ॥

સૌરાષ્ટ્રિક.—વિષ સૌરાષ્ટ્ર ( સોરઠ ) દેશમાં પેદા થાયછે તે સોરઠ ગુજરાત દેશનો એક ભાગ પશ્ચિમ દિશાએછે તેને લોકો સોરઠ કહેછે. ૨૦

શૃંગિક વિષનું સ્વરૂપ.

यस्मिन्गोशृंगकेंबद्धे दुग्धंभवतिलोहितं ॥
सशृंगेकइतिप्रोक्तो द्रव्यतत्वविशारदैः ॥ २१ ॥

જેને ગાયના શિંગડે બાંધવાથી ગાયનું દૂધ લોહિના જેવા રંગનું થઇ જાયછે તેને દ્રવ્ય તત્વ જ્ઞાની પુરૂષો શૃંગિક વિષ કહેછે.૨૧

કાળકૂટ વિષની ઉત્પતિ અને સ્વરૂપ.

देवासुररणेदेवै र्हतस्यपृथुमालिनः ॥
दैतस्यरुधिराज्जात स्तरुरश्वत्थसन्निभः ॥ २२ ॥
निर्यासःकालकूटोऽस्य मुनिभिःपरिकीर्तिताः ॥
सोहिक्षेत्रेशृंगबेरे कोंकणेमलयेभवेत् ॥ २३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે દેવ અને દૈત્યોના સંગ્રામ સમય દેવોએ પૃથુમાળિ નામના દૈત્યને હણ્યો ત્યારે તે દૈત્યના રૂધિર (લોહી) ના છાંટાથી પીપળાના ઝાડ જેવાં ઝાડ પેદા થયાં તે ઝાડના ગુંદને મુની (રૂષિ) લોકો **કાળકૂટ** કહે છે તે ઝાડ શૃંગબેર ક્ષેત્રમાં, કોકણ દેશમાં અને મળયાચળ પર્વત ઉપર થાયછે. ૨૨–૨૩

### હળાહળ વિષનું સ્વરૂપ.

**गोस्तनाभफलोगुच्छ स्तालपत्रच्छदस्तथा ॥**
**तेजसायस्यदह्यंते समीपस्थाद्रुमादयः ॥ २४ ॥**
**असौहालाहलोज्ञेयं किष्किंधायांहिमालयं ॥**
**दक्षिणाब्धितटेदेशे कोंकणेपिचजायते ॥ २५ ॥**

જેનું ફળ ગાયના સ્તનજેવું હોયછે, એના ફળોનું ઝુમખુ લાગેછે, જેનાં પાદડાં તાડપત્ર જેવાં અને જેના તેજે કરીને આસ પાસનાં ઝાડ બળી જાયછે તેને **હાળાહળ** વિષ કહેછે. આ વિષ કિષ્કંધામાં હિમાળયમાં અને દક્ષિણ સમુદ્રને કિનારે કોંકણ દેશમાં પણ થાયછે.

### બ્રહ્મપુત્ર વિષનું સ્વરૂપ.

**वर्णतःकपिलोयःस्या त्तथाभवतिसारतः ॥**
**ब्रह्मपुत्रःसविज्ञेयो जायतेमलयाचले ॥ २६ ॥**

જે વર્ણ અને સારમાં કંપિલાના રંગ સમાન હોયછે તેને **બ્રહ્મ પુત્ર** વિષ કહેછે. આ મળયાચળ પર્વતઉપર ઉત્પન્ન થાયછે. ૨૬

### વિષનાં વર્ણ ભેદ.

**ब्राह्मणः पांडुरस्तेषु क्षत्रियोलोहितप्रभः ॥**
**पीतोवैश्योऽसितः शूद्रो विषउक्तश्चतुर्विधः ॥ २७**
**रसायनेविषंविप्रं क्षत्रियंदेहपुष्टये ॥**
**वैश्यंकुष्ठविनाशाय शुद्रंदद्याद्वधायाहि ॥ २८ ॥**

જે વિષ ધોળારંગનું હોય તે બ્રાહ્મણ જાતિનું, રાતા રંગનું ક્ષત્રી જાતિનું, પીળા રંગનું વૈશ્ય જાતિનું અને કાળારંગનું વિષ શુદ્ર જાતિનું ગણાયછે. રસાયન કરવામાં બ્રાહ્મણ, શરીર પુષ્ટિ પ્રયોગમાં ક્ષત્રિ, કોઢ મટાડવામાં વૈશ્ય અને મારણ પ્રયોગમાં શુદ્ર જાતિનું વિષ ઉપયોગમાં લેવું. ૨૭–૨૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### વિષના દોષ અને ગુણો.

विषंप्राणहरंप्रोक्तं व्यवायिचविकाशिच ॥
आग्नेयंवातकफहृद्योगवाहिमदावहं ॥ २९ ॥
तदेवयुक्तियुक्तंतु प्राणदायिरसायनम् ॥
पथ्याशिनांत्रिदोषघ्नं बृंहणंवीर्यवर्द्धनम् ॥ ३०
येदुर्गुणाविषेऽशुद्धे तेस्युर्हीनाविशोधनात् ॥
तस्माद्विषंप्रयोगेषु शोधयित्वाप्रयोजयेत् ॥ ३१

વગર શુદ્ધ કરેલાં વિષ પ્રાણને હરનાર શરીરના સર્વ ભાગમાં ફેલાઇ પછી પાચન કરનાર ઓજને સૂકવી શરીરની સંધિઓને સિથિલ ( ઢીલી ) કરનારછે, અત્યંત ગરમ, વાયુ, કફ હરનાર શરીરમાં વ્યાપ્ત થનાર અને મદ ( નીસ્સો ) પ્રાપ્ત કરનારછે. અને એજ વિષ શુધ્ધ કરેલાં હોય તો યુક્તિ સાથે તેના સેવનથી પ્રાણ, બળ, વીર્ય અને બુધ્ધિ આપેછે, ત્રિદોષનો નાશ કરનાર અને પથ્યમાં રહી સેવન કરનારને વીર્યને વધારનારાંછે. જે અશુધ્ધ વિષમાં દોષ વર્ણવેલાછે તે સઘળા દોષ શોધન કરવાથી નાશપામેછે એટલા માટેજ શોધન કરીનેજ ઔષધોપચારમાં ગ્રહણ કરવાં. ૨૯–૩૧

### વિષ દોષ શાંતિ.

अतिमात्रंयदाभुक्तं वमनंतस्यकारयेत् ॥
अजादुग्धंददेत्तावद्यावद्वांतिर्नजायते ॥ ३२ ॥

વછનાગ આદિ અશુધ્ધ વિષ અધિક માત્રા ( વજન ) થી ખાવામાં આવ્યાં હોયતો ઉલટી કરાવવી અને બકરીનું દૂધ જ્યાં સુધી દૂધપાએ અને ઉલટી થાય ત્યાં સુધી પાવું જ્યારે દૂધ પેટમાં પચે ત્યારે જાણવું કે ઝેર દોષ શાંત થયુંછે. ૩૨

### વિષ–વછનાગનાં અનુપાન.

शिखिकर्किरसोपेतं विषमज्वरजिद्विषम् ॥
विषयष्ट्याव्हयंरास्ना सेव्यमुत्पलकंदकम् ॥ ३३
तंदुलोदकपीतानि रक्तपित्तस्यभेषजम् ॥
रास्नाविडंगात्रिफला देवदारुकटुत्रयम् ॥ ३४ ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पद्मकंक्षौद्रममृता विषंचश्वासकासजित् ॥
सितारसविषक्षीर प्रवालमधुभिःकृता ॥ ३५ ॥
वांतिनिर्हंतिगुटिका मनुजानांनसंशयः ॥
मधुमद्यनिशारेणु सैंधवैःकुटत्वगयुतम् ॥ ३६ ॥
चवनप्राशनोपेतं विषंक्षययतिक्षयम् ॥
विजयापिप्पलीमूलं पिप्पलीद्वयचित्रकैः ॥ ३७
पुष्कराव्हसठीद्राक्षा यवानीक्षारदीप्यकैः ॥
सितायष्टीद्विवृहती सैंधवैःपालिकैःपचेत् ॥ ३८
साविषार्द्धपलैःप्रस्थं घृताक्तंजीर्णभुक्पिबेत् ॥
दुर्नाममेहगुल्मार्श तिमिरक्रमिपांडुकाः ॥
गलग्रहग्रहोन्मादकुष्टानिचानियच्छति ॥ ३९ ॥

શુદ્ધ કરેલુ મોરથુથુ અને શુદ્ધ પારો એ બન્નેના સંગાથે વિષનું સેવન કરવાથી તાવ મટેછે. જેઠીમધ, રાસ્ના, કમળ કાકડી એએના ચૂર્ણ અને ચોખાના ધોવરામણ સંગાથે વિષ ( વછનાગ ) ખાવાથી રક્તપિત્ત દૂરથાયછે. રાસ્ના, વાવડિંગ, ત્રિફળાં, દેવદાર, ત્રિકટુ, કમલ કાકડી મધ અને ગળો સંગાથે ખાવાથી શ્વાસ, ઉધરસ મટેછે. સાકર, શુદ્ધ પારો, વછનાગ, દૂધ, પરવાળાંની ભસ્મ અને મધ ઓની ગોળી બનાવી ખાયતો ઉલટી મટેછે. મધ, દારૂ, હળદર, પિત્તપાપડો સિંધાલુણ અને કડાછાલ એઓની સંગાથે અથવા ચ્યવન પ્રાશાવલેહ સંગાથે ખાવાથી ક્ષય નાશ પામેછે. ભાંગ, પીપળામૂળ લીંડીપીપર, ગજપીપર, ચિત્રામૂળ, પોકર ( પૂષ્કર ] મૂળ, કચૂરો, દ્રાખ, અજમો, જવખાર, બોડી અજમો, સાકર, જેઠીમધ, મોટીરીંગણી, ભોંયરીંગણી, સીંધાલુણ અને પાલકા એ સર્વે ઓષધો બબે તોલાભાર લેવાં તથા શુદ્ધ કરેલો વછનાગ ( પણ ) બે તોલા લેવો, પછી એઓનું ચૂર્ણ કરી ૬૪ તોલા ઘીમાં શેકી લેવું એ ચૂર્ણમાંથી દરરોજ અનુમાન માફક સેવન કરે અને એ ખાધેલું ચૂર્ણ પચીજાય ત્યારે પોતાની શક્તિ મુજબ વા, રૂચિ પ્રમાણે ઘી પીએ તો અસાધ્ય પ્રમેહ, ગુલ્મ, હરષ, તિમિર, કૃમિરોગ, પાંડુ, ગળગ્રહ ( જે વાયુથી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગરદનની રગો પકડાઈ જાય તે ) ઉન્માદ અને કોઢ એ સર્વ રોગ નાશ થાયછે. તથા--

मुक्तावत्सकपाठाग्नि व्योषप्रातिविषाविषं ॥
धातकीमोचनिर्यासं चूतास्थिग्रहणीहरम् ॥ ४०
कृच्छ्रघ्नाविषपथ्याग्नि दंतिद्राक्षाविषावृषाः ॥
शिलाजतुविषंत्र्यूष मुदावर्ताश्मरीहरम् ॥ ४१ ॥
गोमूत्रक्षारसिंधुत्थ विषपाषाणभेदकं ॥
वज्रवद्दारयत्येत देकतःपीतमश्मरीम् ॥ ४२ ॥
त्रिफलासर्जिकाक्षारै र्विषंगुल्मप्रभेदनं ॥
पिप्पलीपिप्पलीमूलं विषंशूलहरंपरम् ॥ ४३ ॥
विषंद्रवंतीमधुक द्राक्षारास्नासठीकणाः ॥
विषवेल्लमिशिक्षी रं गुल्मप्लीहानिबर्हणम् ॥ ४४ ॥
प्लीलोदरघ्नंपयसा शताव्हाक्रमिजिद्विषम् ॥
वायसीमूलक्वाथेन पीतंकुष्टहरंविषम् ॥ ४५ ॥

નાગર મોથ, કડાછાલ, કાળીપાઠ, ચિત્રામૂળ, ત્રિકટુ, અતિવિષ, ધાવડીનાંફુલ, મોચરસ, અને આંબાની ગોટલી એઓના ચૂર્ણ સંગાથે વછનાગનું સેવન કરવાથી સંગ્રહણી દૂરથાયછે. હરડેદલ, ચિત્રામૂળ, દંતીમૂળ ( નેપાળાનાંમૂળ ) ધાખ અને અરડુસાની સંગાથે વછનાગ ખાવાથી મૂત્રકૃચ્છ્ર, શિલાજીત, સુંઠ, મરી અને પીપર સંગાથે વછનાગ ખાવાથી પથરીનો નાશ થાયછે. સિંધાલુણ અને પાષાણભેદ સહિત ગાયનામૂત્ર સંગાથે વિષનું સેવન કરવાથી જેમ વજ્ર પર્વતોનું ચૂર્ણ કરેછે તેમ પથરી વિદીર્ણ થાયછે. ત્રિફળા અને સાજીખાર સંગાથે વછનાગખાવાથી ગોળાનો, પીપર અને પીપરામૂળ સંગાથે ખાવાથી શૂળનો. દ્રવંતી, મહુડો, ધ્રાખ, રાસ્ના, કચૂરો પીપર, વાવડિંગ, વરીયાલી, અને દૂધ સંગાથે ખાવાથી ઝેર, ગોળો, અને બરોળ મટાડેછે. એકલા દૂધ સંગાથે વછનાગ સેવવાથી બરોળને, વરિયાળી સંગાથે સેવવાથી કૃમિરોગને, કણુઝી મૂળના ક્વાથ સંગાથે વછનાગ ખાવાથી કોઢ નાશ કરેછે. ૪૦–૪૫ તથા—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पयसाराजवृक्षत्वक् त्रायंतीवाकुचीबलात् ॥
प्लीहघ्नंवाकुचायांच विषंक्काथेनकुष्टजित् ॥ ४६ ॥
अवल्गुंजैलाकजया विडक्षारद्वयंविषम् ॥
लेपःससैंधवःपिष्टो वारिणाकुष्टनाशनः ॥ ४७ ॥
एरंडतैलत्रिफला गोमूत्रंचित्रकंविषं ॥
सर्पिषासहितंपीतं वातार्तीत्वमपोहति ॥ ४८ ॥
स्वरसंबीजपूरस्य वचाब्राह्मीरसंघृतम् ॥
वंध्यापिवतिसविषं सपुत्रैःपरिवार्य्यते. ॥ ४९ ॥
वीरालांगलीकीदंती विषपाषाणभेदकैः ॥
प्रयोज्यमूढगर्भाणां प्रलेपोगर्भमोचनः ॥ ५० ॥
देवदारुविषंसर्पि र्गोमूत्रंकंटकारिका ॥
वचावाक्स्खलनंहंति बुद्धेश्चपरि वर्द्धनम् ॥ ५१
विषंसर्पिःसिताक्षौद्रं तिमिरापहमंजनं ॥
विषंचैकमजाक्षीर कल्पितंघृतधूपितम् ॥ ५२ ॥

ગરમાળાની છાલ, ત્રાયમાણ, બાવચી, બળબીજ એઓના ચૂર્ણ યુકત વછનાગનું સેવન કરવાથી અથવા ઉપર કહેલી ઔષધી-ઓથી સિધ્ધ કરેલા દૂધ સંગાથે સેવવાથી બરોળનો નાશ કરેછે. અને ઉપરની ઔષધીઓના કવાથથી વા. ખડીયાખાર વા, ટંક-ણખાર સહિત વિષ ખાવાથી કોઢ જાયછે. બાવચી, એલીયો, સાજી-ખાર, જવખાર અને સિંધાલુણ એઓના સંગાથે વછનાગ મેળવી પાણીમાં ઘુટી શરીરે લેપ કરેતો કોઢ નાશ થાયછે. એરંડીયું, ત્રિફળાં, ગાયનું ઝરણ, ચિત્રામૂળ, અને વછનાગ એ સર્વ ઘીની સંગાથે પીએ તો વાયુની પીડા નાશ પામે. બીજોરાનો રસ, વજ, બ્રાહ્મિનો રસ, તાજુ ઘી અને વછનાગ એ એકત્રકરી પીએ તો વાંઝણી સ્ત્રી પણ અવસ્ય ગર્ભવંતિ થાય. ધોળી કણેર, કલિહારી, દંતીમૂળ, વછનાગ અને પાષાણભેદ એઓનો લેપ કરવાથી મૂઢગર્ભનું પણ પતન થાયછે. દેવદાર, વછનાગ, રીંગણી અને વજ એઓના સેવનથી જી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભના તમામ રોગ મટે છે અને બુદ્ધિ વધેછે. ઘી સાકર અને મધમાં શુદ્ધ વછનાગને ઘસી આખમાં આંજવાથી તિમિર રોગ મટેછે. તથા બકરીના દૂધમાં વછનાગ ઘસીને આંજે અને ઘીની ધુંણી દે તો પણ તિમિર રોગ નાશ થાયછે. ૪૬–૫૨ તથા–

विषंधात्रीफलरसै रसकृत्यरिवारितम् ॥
अंजनंशंखसहितं प्रगाढंतिमिरंजयेत् ॥ ५३ ॥
विषमिंद्रायुधंस्तन्ये घृष्टंकाचभिदंजनम् ॥
बीजपूररसैघृष्टं विषंतद्वत्सितान्वितम् ॥ ५४ ॥
विषंमागधिकाढ्ढेच निषेकाचघ्नमंजनम् ॥
शुक्लार्म्मंचविषंकृष्णा युक्तंगोमूत्रभावितम् ५५
भल्लातकाग्निसम्याक विषैर्वामूत्रपोषितैः ॥
लेपोविचर्चिकादद्रु रसिकाकिटिभापहा ॥ ५६
स्वर्जिकाक्षारसिंधूत्थ शुक्तशुक्तंवरंविषं ॥
कर्णयोःपूरणंतीव्र कर्णशूलनिबर्हणम् ॥ ५७ ॥

શંખની નાભિ યુગ્ત વછનાગને આમળાના રસની ઘણીક ભાવનાઓ આપવી બાદ અંજન તૈયારકરી નેત્રમાં આંજે તો ઘોર તિમિર રોગ પણ નાશ થાયછે. હીરો અને વછનાગ સ્ત્રીના ધાવણ સાથે ઘસી આંખમાં આંજે અથવા બીજોરાના રસમાં સાકર નાંખી તેમાં વછનાગને ઘસી આંખમાં આંજે તથા લીંડીપીપર, હળદર, આંબાહળદર અને વછનાગ એઓનું અંજન કરવાથી આંખમાંનો કાચરોગ દૂર થાયછે. લીંડીપીપર સંગાથે વછનાગને ગોમૂત્રમાં ઘસી અંજન કરેતો શુકલાર્મ્મ નામનો રોગ દૂર થાયછે. ભિલામાં, ચિત્રામૂળ, ગરમાળાનાગોળ સાથે વછનાગને વાંટી લેપ કરવાથી વિચર્ચીકા કોઢ, દાદર, રસિકા અને કિટિભ નામનો કોઢ દૂર થાયછે સાજીખાર સિંધાલુણ, સરકો અને કાંજી એઓની સાથે વછનાગ ખરલ કરી કાનમાં નાખવાથી કાનમાં નિકળતા સણકા ( શૂળ નાશ પામેછે. ૫૩–૫૭ તથા–

प्रपौंडरीकमंजिष्ठा विषातिंदुसमुद्भवैः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



निहंतिसाधितंतैलं गंडूषेणमुखामयान् ॥ ५८ ॥
शालाखदिरकंकोल जातिकर्पूरचंदनैः ॥
बोलाढ्वालैर्द्विगुण विषैस्सारांबुपेषितैः ॥ ५९ ॥
समूत्रवटिकाल्कृता धृताघ्नंतिमुखामयाम् ॥
कटुतैलंविषनस्यं पलिकारुंषिकापहं ॥ ६० ॥
गुंजाटंकणशिग्रुमूल रजनी सम्पाकभल्लातक ॥
स्नुह्यर्काग्निकरंजसैंधववचाकुष्टाभयालांगली ॥ व-
र्षाभूषड्भ्राशिरीषवरणव्योषाश्वमारोविषं गोमूत्रं-
शमयेद्विलुप्तमपचींग्रंथ्यर्बुदोश्लीपदान् ॥ ६१ ॥

કુમળનાં ફૂલ, મજીઠ, વછનાગ અને ઝેરકોચલાં એ ઔષધોથી તેલ સિદ્ધ કરી તે તેલના કોગળા કરેતો મોઢાના તમામ રોગ જાયછે, અથવા સાલની છાલ, કાથો, કંકોળ, જાઇનાં પત્ર, કપૂર, ચંદન, બોળ, મોથ અને સુગંધીવાળો એ સઘળાં બરાબર લેવાં અને વછનાગ બમણો લેવો બધાને ખેરસારના પાણી અને ગાયના મૂત્રમાં ખરલ કરી ગોળિયો બનાવી મોઢામાં રાખી ચૂસે તો મોઢાના સર્વ રોગ મટેછે. સરસીયા તેલમાં વછનાગનું બારીક ચૂર્ણ મેળવી નાશલેવાથી નાકના કપાળના અરૂંખીકાદિ સમસ્તરોગ મટેછે. ચણોઠી, ટંકણખાર, સરગવાનુંમૂળ, હળદર, ગરમાળો, ભિલામાં, થોર, આકડો, ચિત્રામૂળ, કણઝી. સિંધાલુણ, વજ, ઉપલેટ, હરડે, કળીહારી, સાટોડી, ષટભૂ, સરસની છાલ, સુંઠ, મરી, પીપર, કણેર અને વછનાગ એ સર્વને ગાયના મૂત્રમાં વાટીને ચોપડવાથી માથાની ઉંદરી, અપચી. ગાંઠ, અર્બુદજાતની ગાંઠ અને સ્લીપદ ( હાથીપગો ] રોગ વગેરેનો નાશ કરેછે. ૫૮–૬૧

## ઉપાવિષના ભેદ, ગુણ, દોષ અને શાંતિ.

### આકડાના ગુણ–દોષ.

अर्कद्वयंशंखवात कुष्टकंडूविषव्रणान् ॥
निहंतिप्लीहगुल्मशों यकृत्श्लेष्मोदरकृमीन् ६२

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાદો ( કરમજીરંગના ફૂલવાળો ) આકડો અને ધોળાફૂલનો આકડો એબન્ને શંખવાયુ, કોઢ, ખરજ, ઝેરનાં ચિન્હ, ગુબડાં, બરોળ, ગોળો, હરપ, કાળજાની વ્યાધિ, કફ, ઉદર વ્યાધિ અને કરમીયાનો રોગ એ રોગો ઉપર અનુમાન માફક આપવાથી તે રોગોનો નાશ કરેછે; પરંતુ અધિક માત્રાએ આપવાથી મરણ નિપજાવેછે. ૬૨

**સૂચના.**—આકડો, ધંતૂરો, અફીણ, ઝેરકોચલાં, કલીહારી, ચણોઠી, વછનાગ, કણેર તથા ઉપરસ, સોમલ અને ઇંગ્રેજી દવાઓ આદિ વિષનાં ચિન્હ, તેના ઝેર–દોષની શાંતિ તથા તેનાં અનુપાન વગેરે વિષભેદ પ્રકરણમાં કેહવામાં આવશે માટે અત્રે લખેલાં નથી

### ધંતૂરાના ગુણ–દોષ.

**धत्तूरोमदवर्णाग्नि वांतिकुंजरकुष्टनुत् ॥**
**उष्णोगुरुव्रणश्लेष्म कंडूकृमिविषापहः ॥ ६३ ॥**

ધંતૂરો માદકછે, કાંતિ, જઠરાગ્નિ, ઉલટી, હસ્તિકોઢ એટલાનો નાશ કરેછે. ભારીછે, ઘા, કફ, ખરજ, કરમીયા, અને વિષદોષને હરેછે. ૬૩

( અવિધિયુક્ત વાપરવાથી મહાન્દોષ સાથે મૃત્યુ પ્રાપ્ત કરેછે. )

### કલિહારીના ગુણ–દોષ.

**कलिकारीसराकुष्ट शोफार्शोव्रणशूलजित् ॥**
**तीक्ष्णोष्णाकृमिनुलघ्वी पित्तलागर्भपातिनी ६४**

કલીહારી શારકછે, કોઢ, સોજો, હરષ, ગુબડાં તથા ઘા, શૂળ એટલા રોગને જીતનારછે, તીખ્ખુ અને ગરમછે કરમીયાનો નાશ કરનારછે, હલકીછે, પિત્તને પેદાકરનારછે અને સ્ત્રીના ગર્ભનો પાત કરનારછે. ૬૪

### કણેરના ગુણ–દોષ.

**करवीरद्वयंनेत्रशोफकंडूव्रणापहम् ॥**
**लघूष्णंकृमिकंडूघ्नं भक्षितंविषवन्मतम् ॥ ६५ ॥**

લાલ અને ધોળી કણેર નેત્રરોગ, સોજા, ખરજ ઘા, ગુબડાં અને કરીમીઆ તથા તેની ચળને મટાડનારછે, હલકી, ઉષ્ણછે અને અધિકમાત્રાએ ખાવાથી વિષના ચિન્હ સમાન દોષ થાયછે. ૬૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ચણોઠીના ગુણ–દોષ.

गुंजाकेश्याबलकरा त्वच्यापित्तकफापहा ॥
नेत्रामयहरावृष्य हंतिकंडूग्रहव्रणान् ॥
कृमिन्प्रलुप्तकुष्टानितच्छ्वेतापिचशच्यते ॥ ६६ ॥

લાલચણોઠી વાળને તથા બળને વધારનારીછે ત્વચાને સુખ કર્ત્તાછે, પિત્ત, કફને દૂર કરનારછે. નેત્રના રોગને હરનાર તથા વૃષ્ય ( પુષ્ટિ વીર્ય બુદ્ધિને વધારનાર ] છે, ખરજ, ગ્રહદોષ, ગુમડાં, કરમીયા, માથાની ઉંદરી અને કોઢ એટલા રોગનો નાશ કરનારછે તેવાજ ધોળી ચણોઠીમાં પણ ગુણછે. ૬૬

( વગર શોધ્યે અથવા અધિકમાત્રાએ સેવન કરવાથી મૃત્યુ પ્રાપ્ત કરેછે. )

### અફીણના ગુણ–દોષ.

आफूकंशोषणंग्राहि श्लेष्मघ्नंवातपित्तलम् ॥ ६७

અફીણ લોહીને શોષી લેનારછે દસ્તને કબજે કકનાર કફનો નાશ કરતા અને વાયુ પિત્તને પ્રાપ્ત કરનારછે, ગ્રાહીછે, માદકછે. ૬૭

### થોહરના ગુણ–દોષ.

सेहण्डोरेचनस्तीक्ष्णो दीपनोकटुकोगुरुः
शूलामाष्टीलिकाध्मान गुल्मशोफोदरानिलान् ॥
हंतिदुषीविषप्लीहकुष्टोन्मादाश्मपांडुताः ॥ ६८ ॥

થોહરનું દૂધ રેચક ( રેચલગાડનાર ) છે, તીક્ષ્ણછે, દીપનછે, તીખુંછે, ભારીછે, તથા શૂળ, આમ, આસ્ટીલિકા, આધ્માન ( આફરો ), ગોળો, સોજો, પેટનાં દરદ, વાયુ, દૂષી ( લુતાનામ મકડી–માંકડીનું ) વિષ, બરોળ, કોઢ, ઉન્માદ ( તોફાની–દીવાનાપણું ) પથરી અને પાંડુરોગ એટલા રોગને નાશકરનાર છે. ( અને અધિકમાત્રાએ સેવન કર્યે દાહ, વિભ્રમ, મોહ અને દસ્ત વગેરે થઈ છેલી દશા ( મરણ ) ને નજીક દેખાડે ) ૬૮

### નેપાળાનું શોધન

नविषंविषमित्याहु जैपालोविषमुच्यते ॥
शोधितश्चविरेकेषु चमत्कृतिकरःपरः ॥ ६९ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



जैपालंरहितंत्वगं कुररसैर्जाभिर्मलेमाहिषे ॥
निक्षिप्तंत्र्यहमुष्णतोय विमलंखल्वैसवासोर्दितम्
लिप्तंनूतनखर्परेषु विगतस्नेहोरजःसंनिभो ॥
निंबूकांबुविभावितश्चबहुशःशुद्धोगुणाच्छोभवेत्

વૈદ્યવરો જેવાં વિષપદાર્થને વિષ નથી સમજતા તેવું નેપાળાને વિષ માનેછે પણ એ જમાળગોટા ( નેપાળા–નેપાળ ) શોધન કર્યા પછી રેચ આપવામાં ચમત્કાર દેખાડનાર ઘણુંજ ઉત્તમ ઔાષધછે–નેપાળાનાં પ્રથમ નળીયાવડે ફોતરાં કાહાડી સાફ કરી તેની બન્ને ફાડો કરી નખઉતારવાની નરણીથી અથવા અણીદાર ચકુથી તે બન્ને પડોમાં રહેલી ઝીણી જીભો તેને કાહાડી નાખી પછી એક સફેદ સાફ કપડામાં તેને બાધી ૩ દિવસ ભેંસના છાંણમાં દબાવી મૂકવા, બાદ બ્હાર કાહાડી ઉન્હા પાણીથી ધોઈ નાખવાં. ફરી બીજા કપડામાં તેની પોટલી બાંધી ખરલમાં કુટવા એટલે તેને જાડા કપડામાં બાંધી કચરવા જેથી તેની અંદરનું તેલ કપડું ચૂસીલે તદનંતર એક નવી ( કોરી ) માટીની ઠીબ લેઇ તે નેપાળાનો તેના ( ઠીબ ) ઉપર લેપ કરી દેવો જ્યારે તેમાંનું તેલ તમામ શોષાઈ જાય અને કેવળ રેત જેવો ભૂકો થાય ત્યારે તેને લીંબુના રસનો પુટ દેવો તો નેપાળા શુદ્ધ થાયછે. ૬૯–૭૦

### નેપાળાના ગુણ–દોષ.

जयपालोगुरुस्निग्धो रेचीपित्तकफापहः ॥ ७१

નેપાળો ભારીછે, ચિકણોછે, રેચકછે, પિત્ત, કફનો નાશ કરનારછે. ( ઉદર રોગાદિ સર્વ રોગનો અંતકરેછે વિશેષે માત્રાથી અનેક અવગુણ શોષ, દાહ, શૂળ, ગુદાનું પાકવુ, વમન, ચિત્તભ્રમ, ફેર, પ્રસ્વેદ અને મૂર્ચ્છાદિ કરેછે અને વખતે અનુપાનના અજ્ઞાન પણાથી મરણ નિજાવેછે. )

### ઝેરકોચલાંનું શોધન અને ગુણ દોષ.

किंचिदाज्येनसंभृष्टो त्रिषमुष्टिर्विशुद्ध्यति ॥ ७२

કાંઈક થોડા ઘીમાં ( બળવા ન દેતાં ] સેકવાથી ઝેરકોચલાં શુદ્ધ થાયછે. ( અથવા કાંજીના પાણીમાં બે પોહર ડોળા યંત્ર વડે સ્વેદન કરી ઘીમાં શેકવાથી શુદ્ધ થાયછે વા, માટીમાં ત્રણ દિવસ પલાળી રાખે અને બાદ જીભી કાહાડી નાખી ઘીમાં શેકે તો શુદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાયછે. ગુણ–ઉષ્ણ દીપન, પાચન, વાયુહર અને નશોને તંગ કરનારછે. દોષ–ધનુર્વાત વગેરે અનેક ઉપદ્રવ કરેછે.

अहिफेनंशृंगबेर रसैर्भाव्यंत्रिसप्तधा ॥
शुद्ध्यत्युक्तेषुयोगेषु योजयेत्तद्विधानतः ॥ ७३

અફીણને આદાનારસની ૨૧ ભાવનાદેવાથી શુદ્ધ થાયછે. બાદ સર્વ કાર્યમાં લેવું. ગુણ–દર્દને શાંત કરનાર ગ્રાહી, નિદ્રાસ્થાપક, ખાંસી, શ્વાસ, અને વાયુ હરતાછે. દોષ–શરીર શૈથિલ્ય કરી મરણ નીપજાવેછે. ૭૩

હરડેના ગુણ અને અનુપાન.

हरीतकीपंचरसा लवणातुवरोत्कटा ॥
सूक्षोष्णादीपनीमेध्या स्वादुपाकारसायनी ॥ ७४
सराबुद्धिप्रदावृष्या चक्षुष्याबृंहणीलघुः ॥
श्वासकासप्रमेहार्शः कुष्टशोफोदरान्क्रमीन् ७५
वैस्वर्य्यग्रहणीदोष विबंधविषमज्वरान् ॥
गुल्माध्मानव्रणच्छर्दिं हिक्काकण्डूहृदामयान् ७६
कामलांशूलमानाहं प्लीहानंचापकर्षति ॥
मधुराम्लतयावातं कषायस्वादुभावतः ॥
पित्तंहंतिकफंहंति कटुकेनहरीतकी ॥ ७७ ॥
चर्वितावर्द्धयत्यग्निं पेषितामलशोधनी ॥
स्विन्नासंग्राहिणीप्रोक्ता भ्रष्टापथ्यान्नदोषनुत् ७८
ग्रीष्मेतुल्यगुडांसु सैन्धवयुतांमेघावनद्धेऽम्बरे ॥
तुल्यांशर्करयाशरद्यमलया शुंठयातुषारागमे ॥
पिपल्याशिशिरे वसन्तसमये क्षौद्रेणसंयोजिता
राजान्प्राप्यहरीतकी मिवरुजो नश्यन्तितेशत्र
वः ॥ ८० ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**कदाचित्कुप्यतेमाता नोदरस्थाहरीतकी॥**
**मातेवसर्वदाज्ञेया हितदात्रीहरितकी ॥ ८१ ॥**

હરડે ખારારસ શિવાય પાંચરસ યુક્તછે, કષાયલી વિશેષછે, લુખીછે, ગર્મછે, જઠરાગ્નિને પ્રદીપ્ત કરેછે, દેહ શુદ્ધિ કરેછે, પાકમાં સ્વાદિષ્ટછે અને રસાયન ( જરા-વ્યાધિને દૂર કરનાર ) છે, શારકછે, બુધ્ધિ દાતાછે, આયુને વધારનાર, નેત્રને હિતકારી, બળ વૃદ્ધિકર્તા, હલકી અને શ્વાસ, ઉધરસ, પ્રમેહ, હરષ [ માસા ), કોઢ, સોજો, પેટનાં દરદો, કૃમિ રોગ, સ્વરભંગ ( કંઠનું બગડવું ), સંગ્રહણી, બંધ કોષ્ટ, વિષમજ્વર, ગોળો, આધ્માન ગુમડાં તથા ઘા, ઉલટી, હેડકી, ખસ-ખરજ, છાતીનારોગ, કમળો, શૂળ, આફરો, બરોળ એટલા રોગોનો નાશ કરેછે. તેમજ મીઠાસ અને ખટાસ પણા વડે વાયુનો, કસાયલા અને સ્વાદિષ્ટ પણા વડે પિત્તનો અને તેજ રસવડે કફનો નાશ કરેછે. ચાવીને હરડે ખાવાથી જઠરાગ્નિને વધારેછે, વાટીને ખાવાથી મળનું શોધન કરેછે, સીજવીને ખાવાથી ઝાડો ગુણ આદરેછે, અને શેકેલી હરડે સેવન કરવાથી અજીર્ણ થયેલ હોય તેને મટાડેછે. ઉન્હાળામાં ( જેઠ અસાઢમાં ) હરડે અને ગોળ બરોબર ખાવાં, વર્ષાઋતુમાં [ શ્રાવણ ભાદ્રવામાં ) સિંધાલુણ સંગાથે હરડે ખાવી, શરદઋતુમાં ( આશો-કાર્તીકમાં ] ધોયલીખાંડ સંગાથે હરડે ખાવી, હેમંતઋતુમાં ( માગશિર-પોષમાં ) ચોખી સુંઠ સાથે હરડે ખાવી, શિશિરઋતુમાં ( માહ-ફાલ્ગુનમાં ) પીપર સંગાથે હરડે ખાવી અને વસંતઋતુમાં ( ચૈતર-વૈશાખમાં ] મધ સંગાથે હરડે ખાવી અર્થાત્ છએ ઋતુમાં દરેક મનુષ્યને હરડે સેવન કરવા લાયક છે માટે " **हरीतकी सदा पथ्या** " હરડે હમેશાં ગુણ કરતાજછે. જેથી ઉક્ત અનુપાન સાથે રોગી અને નિરોગીજનો સેવન કરે તો સર્વે રોગ નાશથાયછે. **ગૌરિકાંચલિકા તંત્રમાં** કહ્યું છે કે-માતા પોતાના બાળક ઉપર કોઈક વખત પણ ગુસ્સો લાવેછે; પરંતુ પેટમાં પડેલી હરડે અર્થાત્ ખાધેલી હરડે કદાપિકાળે પણ કોપ ( અવગુણ-વિક્રિયા ) કરતીજ નથી, એટલાજ માટે માતાના સમાન ( બલકે તેથી વિશેષ પ્રેમભાવ રાખનારી ) હરડેને જાણી સેવન કરવી. ૭૪-૮૧ ❋

---

❋ હરડેની સાત જાતછે એટલે જીવંતી ૧, પુતના ૨, અમૃતા ૩, વિજયા ૪, અભયા ૫, રોહિણી ૬, ચેતકી ૭, એ સાતનાં લક્ષણ અને ગુણ જુદા જુદા પ્રકારેછે તે **મદન પાલાદિ નિઘંટોથી.** જાણી લેવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



* ગળોના ગુણ અને અનુપાન.

गडूचीकटुकीलघ्वी स्वादुपाकारसायनी ॥
संग्रहीकषायोष्णाच्च बल्यातिक्ताग्निदीपिनी ॥
कामलाकुष्टवाताश्र ज्वरपित्तकृमिन्जयेत् ८२
घृतेनवातंसगुडाविबंधा ॥ पित्तंसिताढ्यामधुना
कफंच ॥ वातास्त्रमुग्रंरुबुतैलमिश्रा शुठयामवातं
शमयेद्गुडूची ॥ ८३ ॥
अमृताकाथकल्काभ्यां सक्षीरंविपचेद्घृतम् ॥
वातरक्तंजयत्याशु कुष्टंजयतिदुस्तरं ॥ ८४ ॥
गुडूचीस्वरसःकर्षं क्षौद्रंस्यान्माषकोन्मितम् ॥
सैंधवंक्षौद्रतुल्यंस्यात सर्वमेकत्रमर्दयेत् ॥ ८५ ॥
अंजयन्नयनंतेन पिल्लार्म्मतिमिरंजयेत ॥
काचंकंडूलिंगनाशं शुक्लकृष्णगतान्गदान् ८६
जीर्णज्वरंकफकृतंकणयासमेतः श्छिन्नोद्भवोद्भव-
कषायकएषहंति ॥ रामोदशास्यमिवरामइवप्रलंब
रामोयथासमरमूर्द्धनिकार्तवीर्यम् ॥ ८७ ॥
समधुच्छिन्नास्वरसो नानामेहनिवारणः ॥
वदंतिभिषजः सर्वे शरदिंदुनिभानने ॥ ८८ ॥

ગળો [ લીંબડાના ઝાડ ઉપરની લેવી તે ] તીક્ષ્ણછે, હલકી, પાકમાં સ્વાદિષ્ટ, રસાયન [ જરા વ્યાધિ હારક ) છે. મળને ગ્રહણ કરનારી, કષાયલી, ગરમ, શક્તિને વધારનાર, જઠારાગ્નિને પ્રદીપ્ત કરનાર; તથા કમળો, કોઢ, વાતરક્ત, તાવ, પિત્ત અને કૃમી રોગ એ સર્વનો

---

* ગળો, ગુડુચી, ગુર્ચ, ગુળવેલ, કુંડળી, છિન્નરૂહા, અમૃતા, વયસ્થા, અમૃતવેલ, વત્સાદિની, ચંદ્રહાસા, જીવંતી, છિન્ના, ચક્રલક્ષણા, છિન્નોદ્ભિવા, જ્વર વિનાશનિ એ સઘળાં ગળોનાંજ નામછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાશ કરેછે. જો ઘી સંગાથે ખાય તો વાયુનો, ગોળની સંગાથે ખાય તો બંધકોષ્ટનો, સાકર સંગાથે પિત્તનો, મધ સંગાથે કફનો, એરંડીયા સંગાથે ભયંકર વાતરક્તનો અને સુંઠ સંગાથે આમવાયુનો નાશ કરે છે, ગળોના ક્વાથમાં વા, કલ્કમાં દૂધ યુક્ત ઘીને ઉકાળવું જ્યારે સર્વ રસબળી ઘી માત્ર આવી રહે ત્યારે ગળીલેઇ સેવન કરેતો વાતરક્ત અને કોઢ નાશ પામેછે, [ આ અમૃતા ઘૃત કહેવાયછે ]. ગળોનો રસ એક તોલો તેમાં આઠ રતી મધ અને આઠ રતિ સિંધાલુણ મેળવી ઘુંટી તેનું નેત્રમાં અંજન કરવાથી પિલ્લાખ્મે રોગ, તિમીર [ દાહાડે ઓછું દેખાય તે ], કાચ બિંદુ, ખરજ, લિંગનાશ અને આંખના ધોળા અને કાળા ભાગમાં જે કાંઈ નેત્ર રોગ હોય તે સઘળા દૂર થાયછે. ગળોનો ક્વાથ લીંડીપીપરના ચૂર્ણ સંગાથે સેવન કરવાથી કફથી ઉત્પન્ન થયેલો જુનો તાવ નાશ કરેછે જેમ રામચંદ્રજી રાવણનો, બળરામ ( બળભદ્ર ) જી પ્રલંબાસુરનો અને પરસુરામજીએ સહસ્ત્રાર્જુનનો નાશ કર્યો તેમ ગળોનો રસ મધ સંગાથે સેવન કરવાથી ૨૦ જાતના પ્રમેહ ( અથવા સમસ્ત પ્રકારના પ્રમેહ ) નાશ થાયછે. એમ સર્વ વૈદ્યોનું કહેવુંછે. ૮૨-૮૮

( એજ પ્રકારે અનેક ગળોના પ્રયોગોછે માટે અન્ય ગ્રંથોવાંચી વાકેફ થવું )

### કેટલાક રોગોપર દૂધનાં અનુપાન૰

क्षीरोचितस्यप्रक्षीण श्लेष्मणोदाहतृड्वतः ॥
क्षीरंपित्तानिलार्तस्य पथ्यमप्यतिसारिणः॥ ८९
तद्वपुर्लंघनोतप्तं प्लुष्टंवनमिवाग्निना ॥
दिव्यांबुजीवयेत्तस्य ज्वरंचाशुनियच्छति॥ ९०
संस्कृतंशीतमुष्णंवातस्माद्धारोष्णमेववा ॥
विभज्यकालेयुंजीत ज्वरिणांहंत्यतोन्यथा॥ ९१॥
पयःशुंठिखर्जूर मृद्वीका शर्कराघृतम् ॥
श्रुतशीतंमधुयुतं तृड्दाहज्वरनाशनम् ॥ ९२॥
तद्वद्राक्षाबलायष्टी सारिवाकणचंदनैः ॥
चतुर्गुणेनांभसावा पिप्पल्यावाश्रृतंपिबेत्॥ ९३

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દૂધનું અનુપાન કોને આપવું ? જેની પ્રકૃતિને-દૂધ સદતું હોય, તથા ક્ષીણ શરીર વાળાને, કફના ક્ષીણ પણા વાળાને, બળતરા તથા શોષપડતો હોય તેને, પિત્ત વાતથી પીડિત હોય, અને અતિસાર વાળાને દૂધ પથ્ય છે, એવા મનુષ્યને દુધનું અનુપાન આપવું, તે ઉન્હાળાની અગ્નિથી તપ્ત થયેલા, વનની સમાન લંઘન કરવાથી તત્પ બનેલા રોગીના શરીરને વર્ષાના જળની સમાન જીવાડેછે, અને તેનો તાવ પણ જલદી નાશ પામેછે. તથા ઔષધ વડે સિધ્ધ કરેલું ઠંડું અથવા ઉન્હું કરેલું, કિંવા ધારોષ્ણ ( તરતનું દોહેલું ) દૂધ સમયને અનુકૂળ રોગાનુસાર વિચાર કરી જેને જે હીતકારી જણાય તેને તેજ વૈદ્યવરોએ આપવું જોઈએ, કિંતુ વિના કારણે પીવાથી ( પાવાથી ) અમૃત સમાન દૂધ પણ ઝેર સમાનજ રૂપ ધરી તાવ યુકત મનુષ્યો-નાં પ્રાણ લેછે. તથા સુંઠ, ખારેક, મનકા ( કાળી ] દ્રાખ, ખાંડ અને ઘી એટલી ચીજો દૂધમાં નાખી સારી પેઠે ઉકાળી ઠંડું કર્યા બાદ મધ મેળવી પાયતો બળતરા, શોષ, તૃષા અને તાવ એઓનો નાશ થાયછે. દ્રાખ, બળબીજ, જેઠીમધ, ઉપળશરી, લીંડીપીપર અને ચંદન એ દૂધમાં નાખી ઉકાળી ઠંડુ કરી અથવા એ ઔષધોના કવાથમાં સિધ્ધ કરેલું દૂધ અથવા ચારગણા પાણીમાં સિધ્ધ કરેલું દૂધ. કિંવા, એકલી પીપરથીજ સિધ્ધ કરેલું દૂધ પીવાથી બળતરા, તૃષા અને તાવનો નાશ કરેછે. ૮૯—૯૩

**कासाच्छ्वासाच्छिरःशूलात्पार्श्वशूलाच्चिरज्वरात्**
**मुच्यतेज्वरितःपीत्वा पंचमूलीशृतंपयः ॥ १४ ॥**
**शृतमेरंडमूलेन बालबिल्वेनवाज्वरेत् ॥**
**धारोष्णंवापयः पीत्वाविबद्धानिलवर्चसः ॥ १५ ॥**
**सरक्तपित्तातिसृतेस्सतृट्शूलप्रवाहिकात् ॥**
**सिद्धंशुंठीबलाव्याघ्रीगोकंटकगुडैःपयः ॥ १६ ॥**
**शोफमूत्रशकृद्वात विबधज्वरकासजित् ॥**
**वृश्चीकबिल्ववर्षाभ्रू साधितंज्वरशोफनुत् ॥**
**शिंशिपासारसिद्धंवा क्षीरमाशुज्वरापहम् १७**

પાંચમૂળ ( શાલપરપોટી, પીલવણી, ભોંયરીંગણી, ઉભીરીંગણી, ગોખરૂ ] ના કવાથમાં સિધ્ધ કરેલું દૂધ પીવાથી તાવવાળો રોગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ઉધરસ, શ્વાસ, માથાનાવેગ, પાંશળામાં આવતી શૂળ, અને જુના તાવથી મુક્ત થાયછે. તથા એરંડાનું મૂળ તથા ન્હાની બીલીઓને દૂધમાં નાખી ઉકાળી સિદ્ધ કરેલું દૂધ પીવાથી તાવ દૂર થાયછે. તરતના દોહેલા દૂધના સેવનથી અધોવાયુનું રોકાવું, બંધ કોષ્ટ, લોહી તથા પીણ યુકત અતિસાર ( ઝાડો ) તરષ અને શૂળ સહિત પ્રવાહિકા એ સર્વે રોગ મટેછે. સુંઠ, બળબીજ, રીંગણી, ગોખરૂ અને ગોળ એઓથી સિદ્ધ કરેલું દૂધ પીવાથી સોજો, મૂત્ર તથા ઝાડાનું રોકાવું, તાવ અને ઉધરસ, એ સર્વનો નાશ કરેછે. અને સીસમના ગુંદથી સિદ્ધ કરેલું દૂધ તાવનો તરતજ નાશ કરેછે. ૯૪–૯૭

सौभाग्यपुष्टिबलशुक्रविवर्धनानि ॥
किंसंतिनोभुविबहूनिरसायनानि ॥
कंदर्पवर्धिनिपरंतुसिताज्ययुक्ता ॥
दुग्धादृतेनममकोपिमतप्रयोगः ॥ ९८ ॥

સુંદરતા, પુષ્ટતા, બળ અને વીર્યને વધારનારી રસાયન રૂપ ઘણી વસ્તુઓ પૃથ્વિમાં નથી શું ? ઘણીજછે. પરંતુ સાકર અને ઘી સહિત દૂધ ઉકાળી પીવાથી જેવી સુંદરતા, પુષ્ટતા, શક્તિ અને વીર્યની વૃધ્ધિ કરેછે તેવો મારા વિચાર પ્રમાણે અન્ય કોઇ ઉપાય નથી.

### ત્રિફળાના ગુણ અને અનુપાન.

एकाहरीतकीयोज्याद्वौचयोज्यौविभीतकौ ॥
चत्वार्यामलकान्येवत्रिफलैषाप्रकीर्तिता ॥ ९९ ॥
त्रिफलाशोथमेहघ्नीनाशयेद्विषमज्वरान् ॥
दीपनीश्लेष्मपित्तघ्नीकुष्टहंतिरसायनी ॥
सर्पिर्मधुभ्यांसंयुक्तासैवनेत्रामयान्जयेत् ॥ १००
फलत्रिकोद्भवंक्काथंगोमूत्रेणैवपाययेत् ॥
वातश्लेष्मकृतंहंतिशोथंवृषणसंभवम् ॥ १ ॥
क्षौद्रेणत्रिफलाक्काथःपीतोमेहहरःस्मृतः ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शीतीभूतंतथोष्णांबुमेदोघ्नःक्षौद्रसंयुतः ॥ २ ॥
त्रिफलारग्वधक्काथःशर्कराक्षौद्रसंयुतः ॥
रक्तपित्तहरोदाहपित्तशूलनिवारणः ॥ ३ ॥
मृतायस्त्रिफलायष्टिचूर्णंमधुघृतान्वितं ॥
दिनांतेलेढिनित्यंसरतौचटकवद्भवेत् ॥ ४ ॥
त्रिफलायारसःक्षौद्रयुक्तोजयतिकामलां ॥
त्रैफलेनरसेनापिबिडालास्थिप्रलेपनम् ॥ ५ ॥

એક હરડે, બે, બેહડાં અને ૪ આમળાં અથવા એક ભાગ હરડે વા, હરડાં, બે ભાગ બેહડાં અને ૪ ભાગ આમળાં તેના સંયોગને ત્રિફળા કહેછે. તે ત્રિફળા, સોજો, પ્રમેહ, વિષમજ્વર, શ્લેષ્મ (કફ) પિત્ત અને કોઢ એઓનો નાશ કરેછે તથા દીપન (જઠરાગ્નીને પ્રદીપ્ત કરનાર) છે, રસાયન (જરા—વ્યાધિને હરનાર) છે અને મધ ઘી સાથે નિત્ય રાત્રે સેવન કરવાથી સમસ્ત નેત્ર રોગને હરેછે. (હરપ પેટના દરદને મટાડેછે તથા રોપણ—ઘા ઉપર અંકૂર લાવનાર અને વયસ્થાપન કરનારછે) ત્રિફળાના કાઢાને ગાયના ઝરણ સંગાથે પીવાથી વાયુ તથા કફ વિકારથી ઉત્પન્ન થયેલ અંડકોષનો સોજો પણ દૂર થાયછે. ત્રિફળાના કવાથને મધસંગાથે પીવાથી પ્રમેહ નાશ થાયછે. ત્રિફળાનો કવાથ કરી, ઠંડો થયા પછી મધ નાખી પીવાથી મેદ (શરીરનું ફુલી જવું તે) રોગ નાશ થાયછે. ત્રિફળાના, કવાથમાં ગરમાળાનો ગોળ, સાકર અને મધ નાખી પીવાથી રક્તપિત્ત દાહ અને પિત્ત શૂળ એટલા રોગ દૂર થાયછે. ત્રિફળાનું ચૂર્ણ, લોહભસ્મ, જેઠી મધ ઘી અને મધ સંગાથે દિવસના અંતમાં (સંધ્યા વખતે) દરરોજ સેવન કરેતો સ્ત્રી સંગ સમયે ચટક પક્ષી સમાન અત્યંત રતિ ક્રીડામાં સામર્થ્ય પ્રાપ્ત કરેછે. ૯૯—૫

**નેત્રરોગ ઉપર સાટોડીના ગુણ અને અનુપાન.**

पुनर्नवावरातिक्ता कटुपाकाहिमालघुः ॥
वातलाग्राहिणीश्लेष्म रक्तपित्तविनाशिनी ॥ ६ ॥
दुग्धेनकंडूक्षौद्रेण नेत्रस्रावंचसर्पिषा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पुष्पंतैलेनतिमिरं कांजिकेनानिशांधताम् ॥
पुनर्नवाजयत्याशु भास्करस्तिमिरंयथा ॥ ७ ॥

સાટોડી કડવી પાકમાં તીખી હલકી અને લઘુછે, વાયુ કરનાર, મળને બાંધનાર અને કફ રક્તપિત્તને હરનારછે. તથા સાટોડીની જડને દૂધમાં ઘસી નેત્રમાં અંજન કરે તો નેત્રની ખરજ મટે, મધમાં સાટોડીનું મૂળ ઘસી અંજન કરવાથી નેત્રમાંથી ઝરતું પાણી, ઘીમાં ઘસી અંજન કરવાથી ફુલું, તેલમાં ઘસી અંજન કરવાથી તિમિર ( દાહાડે ઓછું દેખાય તે ] અને કાંજીમાં ઘસી અંજન કરવાથી રતાં ધળા પણું વગેરે નેત્રરોગ મટેછે.

જળભાંગરાના ગુણ અને અનુપાન.

भृंगराजःकटुस्तिक्तो रुक्षोष्णःकफवातकृत् ॥
दन्त्योरसायनस्त्वच्यः कुष्टनेत्राशिरार्तिजित् ८
भृंगराजपत्ररसं कृष्णजीरसमंपिबेत् ॥
तैलेनसहसंद्याद्धलीपलितवर्जितः ॥ ९ ॥
भृंगराजरसंचैव गुडूचीरससंयुतं ॥
मासमात्रप्रयोगेन सर्वव्याधिर्विनश्यति ॥ १० ॥

જળભાંગરો કડવો, તીખો, લુખો અને ઉષ્ણ—ગરમછે. કફ તથા વાયુ કરનારછે, બળ કરતા તથા જરા વ્યાધિને હરનાર (રસાયન) છે અને કોઢ, આંખના રોગ તેમજ માથાની પીડાને જીતનાર છે. જળભાંગરાના પાંદડાનો રસ શાહજીરાં સંગાથે અથવા તેલ સંગાથે પીએ તો પીનાર મનુષ્ય વદ્ધાવસ્થામાં પણ યુવાન બરોબર બળવાન રહેછે. તથા જળભાંગરાનારસને ગળોના રસ સંગાથે ૧ મહિના સુધી પીએ તો સર્વ રોગ જાય. ૮— ૦

**કેટલાક રોગો ઉપર સામાન્ય પ્રકારે રસ ઉપરસ આદિનાં અનુપાન.**

शूलेहिंगुघृतान्वितामधुयुता कृष्णापुराणज्वरे ॥
वातेसाज्यरसोनकः श्वशनकेक्षौद्रान्वितंत्र्यूषणं ॥
शितेव्याललतादलं समरिचं मेहेवरा सोपला ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दोषाणांत्रि[illegible]येऽनुपान मुचितंसक्षौद्रमार्द्रादिकम् धनपर्पटकंज्वरंग्रहण्यां मथितंहेमगरेवमीषुलाजाः कुटजोऽतिस्रतौवृषोऽस्रपित्ते गुदकीलेश्वनलःकृमो-कृमिघ्नः ॥ १२ ॥

રસ ઉપરસ તથા ભસ્મો કે અન્ય દવાઓ સામાન્ય રીતે કયા અનુપાન સાથે આપવી? તેની ટુંક સમજ—શૂળ આવતી હોય તો ગમે તે દવા ( જે દરદ ઉપર આપતા અવગુણ ન કરે તેવી ) હીંગ ( શેકેલી ) અને ઘી સંગાથે આપવી, જીર્ણ જ્વરમાં લીંડીપીપર અને મધ સંગાથે, વાયુના રોગ ઉપર ઘી અને લસણુ સંગાથે, શ્વાસરોગ ઉપર સુંઠ, મરી, પીપર અને મધ સંગાથે, શીતાંગમાં કાળાંમરી અને નાગરવેલના પાન સંગાથે, પ્રમેહ ઉપર સાકર અને ત્રિફળા સંગાથે, સન્નિપાત ઉપર આદાના રસ અને મધ સંગાથે પ્રત્યેક ઔાષધનો પ્રયોગ કરવો, તથા તાવમાં મોથ અને પિત્તપાપડા સાથે, સંગ્રહણી ઉપર ( ગાયની ] છાસ સંગાથે, ઝેર ઉપર ધંતૂરાના પાન સંગાથે, ઉલટી ઉપર ધાનની લાહી ( ધાણી ) ના પાણી સંગાથે, અતિસાર ઉપર કડાછાલ સંગાથે, રક્તપિત્તમાં અરડુસાના રસ સંગાથે, અર્શ ( મસા ] ઉપર ચિત્રામૂળ સંગાથે અને કૃમીરોગમાં વાવડીંગ સંગાથે પ્રત્યેક દવા આપવી એમ લોલિંબરાજનો મતછે.

### અનુપાનનો સંક્ષેપ વિધિ.

अम्लेनकेचिद्विहितामनुष्या माधुर्य्ययोगेप्रणयी भवन्ति ॥ तथाम्लयोगेमधुरेणतृप्ता स्तेषांयथेष्टां प्रवदंतिपथ्यम् ॥ १३ ॥

शीतोष्णतोयासवमद्ययूष फलाम्ल धान्याम्लपयोरसानां ॥ यस्यानुपानंतु हितंभवेद्यत्तस्मैप्रदेयं ह्लिहमात्रयातत् ॥ १४ ॥

व्याधिंचकालंचविभाव्यधीरै र्द्रव्याणियोज्यानि चतानितानि ॥ सर्वानुपानेषुवरंवदंति मेध्यंयदंभः शुचिभाजनस्थम् ॥ १५ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लोकस्यजन्मप्रभृतिप्रशस्तं तोयात्मकाःसर्वरसा-
श्चदृष्टाः ॥ संक्षेपएसोऽभिहितोऽनुपानेष्वतःपरंवि-
स्तरतोभिधास्ये ॥ १६ ॥

કેટલાંક મનુષ્યો ખટાસથી અપ્રસન્ન રહેછે, અર્થાત્ ખટાસ નાપસંદ અને મીઠાસ બ્હાલી હોયછે ત્યારે કેટલાંક મનુષ્યોને મિઠાસ અપ્રીય હોયછે અને ખટાસ પ્રીય [ બ્હાલી ) હોયછે મતલબમાં કોઈને ખારૂં, કોઇને ખાટું, કોઇને તીખું, કોઇને મીઠું, કોઈને મોળું અને કોઇને ખટમીઠું પસંદ હોયછે માટે જેમ જેની પ્રકૃતિને રૂચે તેવું તેને અનુપાન ( વા પથ્ય ) આપે તો જલ્દી ફાયદો થાયછે. એ અવશ્ય ધ્યાનમાં રાખવું જોઇએ. એટલે ઠંડુંપાણિ તથા ઉન્હું પાણિ, આસવ ( અર્ક ), મદિરા ( દારૂ ) યૂષ ( મગ વગેરે વસ્તુઓનું ઉકાળી કાઢેલો સાર રૂપી રસ ) ફળની ખટાસ, કાંજી, દૂધ અને વનસ્પતિઓનો રસ એઓમાંથી જે મનુષ્યને જે હિતકારી જણાય તેજ તેને અનુમાન માફક અનુપાન આપવું. રોગ તથા સમય અનુકૂળ ખાવાની વસ્તુઓ અને શુદ્ધ ( સ્વચ્છ ) વાસણમાં રાખેલું પાણી સર્વ અનુપાનમાં આપેતો શ્રેષ્ટ છે આ સંસારમાં જન્મથી તે મરણ પર્યંત પાણી એજ મહાન્ હિતકારી વસ્તુછે; કેમકે રસ વગેરે પણ પાણીથીજ થાયછે એ માટે કોઈ અનુપાનમાં પાણીની મનાઇ નથી આ સંક્ષેપથી ( ટૂંકામાં ) અનુપાન કહ્યાં હવે વિસ્તારથી કહીએ છીએ. ૧૩–૧૬

### વિસ્તાર સહ અનુપાન.

उष्णोदकानुपानंतु स्नेहानामथशस्यते ॥
ऋतभल्लातकस्नेहात् स्नेहात्तौवरकात्तथा ॥ १७
अनुपानंवदंत्येके तैलायूषाम्लकाजिके ॥
शीतोदकंमाक्षिकस्य पिष्टान्नस्यचसर्व्वशः ॥ १८ ॥
दधिपायसमद्यार्त्ति विषजुष्टेतथैवच ॥
केचित्पिष्टमयस्याहु रनुपानंसुखोदकं ॥ १९ ॥
पयोमांसरसोवापि शालिमुद्गादिभोजनाम् ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



युद्धाध्वातपसंताप विषमद्यरुजासुच ॥ २० ॥
माषादेरनुपानंतु धान्याम्लंदधिमस्तुवा ॥
मद्यंमद्योचितानांतु सर्वमासेषुपूजीतम् ॥ २१ ॥
अमद्यपानामुदकं फलाम्लंवाप्रसश्यते ॥
क्षीरंधर्म्माध्वभाष्यस्त्री क्लान्तानाममृतोपमम् २२

ભિલામા અને તુરના તેલને છોડી અન્ય સઘળાં તૈલાદિ ચિકણા પદાર્થોના ખાવામાં ઉન્હું પાણી અનુપાનછે, અર્થાત્ ઉપર કહેલી બે વસ્તુ ઉપર ઉન્હું પાણી પીવાથી નુકશાન થાયછે માટે તે શિવાય બીજાં સ્નિગ્ધ પદાર્થ ઉપર ઉન્હુપાણી પીવું. કેટલાક આચાર્યો કહેછે કે, તેલ, યૂષ, ખટાસ, કાંજી, મધ અને દળેલા અન્નના ભક્ષણમાં ઠંડું-પાણી અનુપાનછે એટલે ઠંડું પાણી પીવું. મધ–દારૂ પીવાથી થયેલી પીડા અને ઝેરખાવા ઉપર દહી અને દૂધ અનુપાનછે. કેટલાક આચાર્યો દળેલા અનાજ ભક્ષણના અનુપાન માટે થોડું ઉન્હુંપાણી પીવું કહેછે. ધાન મગ વગેરે ખાવાવાળાઓને દૂધ અથવા માંસનો રસો અનુપાન યોગ્યછે. લડાઇથી, પંથ કરવાથી, તડકાથી અને દેવાતાની જ્વાળાથી શ્રમીત થયેલાઓને અને વિષ તથા દારૂપીવાથી રોગ યુકત બનેલા પુરૂષોને પણ દૂધ અથવા માંસનો રસોજ અનુપાન છે. અડદ વગેરેનું અનુપાન કાંજી અથવા છાસછે. માંસ ભક્ષણમાં મધ પીનારાઓને મધ ( દારૂ ) જ અનુપાનછે અર્થાત્ દારૂ પીવાથી ઉન્માદ થયો હોય, તો થોડો સુંદર દારૂ તેને પાછો દેવો, દારૂ ન પીતો હોય તેને પાણી અથવા ફૂલની ખટાઇનું અનુપાન યોગ્યછે. તાપ, રસ્તો તથા ભણવા, ભણાવવાના અને સ્ત્રીઓથી થાકી ગયેલાને દૂધ પાવું એ અમૃત બરોબર અનુપાનછે. ૧૭-૨૨

सुराकृशानांस्थूलाना मनुपानंमधूदकं ॥
निरमयानांचित्रंतु भुक्तमध्येप्रकीर्तितम् ॥ २३ ॥
स्निग्धोष्णंमारुतेपथ्यं कफेरूक्षोष्णमिष्यते ॥
अनुपानंहितंचापि पित्तेमधुरशीतलम् ॥ २४ ॥
हितंशोणितपित्तिभ्यः क्षीरमिक्षुरसस्तथा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अर्केशेलुशिरीषाणा मासवास्तुविषार्तिषु ॥ २५ ॥**
**अतःपरंतुवर्गाणा मनुपानं पृथक् पृथक् ॥**
**प्रवक्षाम्यनुपूर्वेण सर्वेषामेवमेश्रृणु ॥ २६ ॥**

દારૂથી અત્યંત દૂર્બળ અને સ્થૂળ ( જાડા ) થયેલ જનોને પાણીમાં મધ મેળવી આપવું તે યોગ્ય અનુપાનછે. રોગ રહિત મનુષ્યોને અનેક પ્રકારની મનગમતી વસ્તુ ભોજનના વચમાં ખવરાવવી એજ અનુપાનછે. વાયુરોગ ઉપર ચિકણું અને ઉન્હું, કફ રોગ ઉપર ઉન્હું અને લુખું અને પિત્તરોગ ઉપર મીઠું તથા ઠંડું અનુપાન ગુણકારીછે. રકત પિત્ત ઉપર દૂધ અને સેલડીનો રસ અનુપાનમાં ગુણકારીછે. વિષ વિકારથી પ્રાપ્ત થયેલા રોગ ઉપર આકડો, અરીઠા અને સરસનો આસવ ( અર્ક ) અનુપાન છે. હવે પછી દરેક જુદી જુદી બાબતો માટેનાં અનુપાન કહીએ છીએ.

સસ્યજાતિ એટલે શૂકધાન્ય[1], કુધાન્ય[2], શમીધાન્ય[3], ખાટાંબોર અને વિદલ ( મગ, મઠ, અડદ, ચોળા, વટાણા, તુવર, ચણા, મસુર અને લાંગ વગેર કઠોળ ) એટલી ચીજોનું કાંજી અનુપાન છે. **ખાટાં ફળો** ઉપર નિલા કમલના કંદના આસવનું અનુપાનછે. **કષાયલાભોજનનું** દાડીમ તથા નેતરના આસવનું અનુપાનછે. **મીઠાંભોજનનું** સુંઠ મરી પીપર યુગત કંદોનું આસવ પાવું. **તાડફળ,** નાળીયર અને કેળાં વગેરેનું કાંજી અનુપાનછે. તીખાં ભોજનનું ધરો નળ અને વેતનો આસવ અનુપાનછે. પીપર, પીપરામૂળ, ચવ્ય, ચિત્રક, આદું, મરી, ગજપીપર, નગોડનાં બીજ, બોડીઅજમો. ઈંદ્રજવ, કાળીપાઠ, જીરૂં, સરસવ, પાહાડી લીંબડો, હીંગ, ભારંગી, મહુડો, અતીવિષ, વજ, વાવડીંગ અને કડુ એટલાનું ગોખરૂ અને વસુકનું આસવ અનુપાન યોગ્યછે. કોહળું, ધોળા ફુલની દૂધી અને તરબુજ આદિ શાકોનું દારૂહળદર અને કેરડાનો આસવ અનુપાનછે. ચંચુ, જાઈ જુઇ, ડોડી, કંદરૂ, કરહારી, બિલામા, વરધારો, વૃક્ષાદની, કંજી, સીમળો, અરીઠા, વનસ્પતિ, પ્રસવ, શણુ, અને કચનાર એટલી ચીજોનું લોધરનો આસવ અનુપાનછે. ડોડી વગેરેનું અને કશુમ શાકનું ત્રિફળાનો આસવ અનુપાનછે. બ્રાહ્મી, હાડીકરસણ. પીપર, ગળો,

---

૧–૩ વગર ઋતુમાં ઉગે તે ધાન, ૨–કોદરા, સામો વાંસનાં બીજ અને પ્રીયંગુ વગેરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગળજીભી, બાવચી, બન્ને રીંગણી, વૃંતાક, કારેલાં, એરડો, પિત્તપાપડો, કિરીયાતું, કંકોડાં વગેરેનું મોટાં પંચમૂળનો આસવ અનુપાન યોગ્યછે. તાડના ગુદા વગેરેનું ખાટાં ફળોનો આસવ અનુપાનછે. સિંધાલુણ, સમુદ્રલુણ, બિડલુણ, સંચળ, સાંભરનું મીઠું અને ઉસ ખાર એ સર્વનું મદ્ય આસવ અને આરનાલ અનુપાનછે. અને સર્વ ઉપર એકલું પાણી પણ ઉત્તમ અનુપાનછે.

सर्वेषामनुपानानां माहेंद्रतोयमुत्तमं ॥
सात्म्यंयस्यतुयत्तायं ततस्मैहितमुच्यते ॥ २७ ॥
उष्णवातेकफेतोयं पित्तेरक्तेचशीतलं ॥
दोषवद्गुरुवाभुक्त मतिमात्रमथापिवा ॥ २८ ॥
यथोक्तेनानुपानेन सुखमन्नंप्रजीर्य्यति ॥
रोचनंवृंहणंवृष्यं दोसंघातभेदनम् ॥ २९ ॥

અનુપાનમાં અદ્ધરથી ઝીલેલું પાણી વા, ટાંકાનું પાણી ઉત્તમછે, અથવા જેને જે પાણી હીતકારી હોય, તેજ તેને આપવું. વાયુ અને કફ જનિત રોગો ઉપર ઉન્હુંપાણી, પિત્ત અને લોહી વિકારથી ઉપજેલા રોગો ઉપર ઠંડુંપાણી અનુપાનમાં આપવું વ્યાજબીછે. દોષ યુકત અથવા અધિક માપથી ખાધેલ અન્ન પણ યોગ્ય અનુપાનથી સુખ પૂર્વક પચેછે તથા યોગ્ય અનુપાન રૂચિને વધારનાર, વીર્ય વૃદ્ધિ કરનાર પરાક્રમ દાતા અને રોગનો નાશ કરનારછે ૨૭–૨૯

तर्पणंमार्दवकरं श्रमक्लमहरंसुखं ॥
दीपनंदोषशमनं पिपासाच्छेदनंपरम् ॥ ३० ॥
बल्यंवर्णकरंसम्य गनुपानंसदोच्यते ॥
तदादौकर्शयेत्पीतं स्थापयेन्मध्यसेवितम् ॥ ३१ ॥
पश्चात्पीतंवृंहयति तस्माद्वीक्ष्यप्रयोजयेत ॥
स्थिरतांगतमाक्लिन्न मन्नमद्रवपायिनाम् ॥ ३२ ॥
भवंत्याबाधजनन मनुपानमतः पिबेत् ॥
नपिबेच्छ्वासकासार्त्तो रोगेचाप्यूर्ध्वजत्रुगे ॥ ३३

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्षतोरस्कःप्रसेकीच यस्यचोपहतःस्वरः ॥
पीत्वाऽध्वभाष्याध्ययनगेयस्वप्नान्नशीलयेत् ३४
प्रदूष्यामाशयंताद्धितस्यकंठार सिस्थितम् ॥
स्यंदाग्निसादच्छर्द्यादीनामयान्जनयेद्बहून् ३५

સંતોષ તથા કોમળતા કરનાર, થાક, ફેરને હરનાર, સુખદાતા, જઠરાગ્નિને પ્રદીપ્ત કરતા, દોષ ( રોગ ) ને શાંત કરનાર અને તરષને છેદનાર તથા બળ, કાંતિ આપનાર જે અનુપાન તે જો ભોજનના પેહેલુંજ પીધું હોય તો શરીરને દૂર્બળ કરે, વચમાં પીવાય તો જેવું ને તેવુંજ પડયું રહે અને ભોજનના અંતમાં પીવાય તો શરીરને પુષ્ટિ કરતાછે; માટેજ વિચારીને યોગ્ય અનુપાન આપવું; તેમજ જમતી વખતે બીલકુલ પાણી ન પીએ તો ખાધેલું અન્ન બરોબર પચી શકતું નથી તેથી અતૃપ્તિ રહેછે; એટલાજ માટે ભોજનના અંતમાં ( છેલી વખતે ] અનુપાન પીવુંજ જોઇએ. તથા શ્વાસ ઉધરસ અને ડુંટીથી ઉપરના અંગના રોગ વાળા, ઉરક્ષતવાળા, જેના મોઢામાંથી લાળ પડતી હોય તે રોગી વા, પસીના વાળો અને સ્વર ભંગ [ સાદ બેસી ગયો હોય ) એટલાં મનુષ્યોએ અનુપાન પીવું નહિં અને એ શિવાય દરેક મનુષ્યે અનુપાન પાન કરી પંથ કરવો, વધારે બોલવું, ભણુવું, ગાયન કરવું અને સુવું એટલાં કામ ન કરવાં. અને જો કરે તો તે અનુપાન આમાશયને દૂષિત કરી તે મનુષ્યના કંઠ ( ગળા ) માં અને છાતિમાં પ્રાપ્તથઇ કફશ્રાવ, મંદાગ્નિ અને ઉલટી વગેરે રોગો ઉત્પન્ન કરેછે. ૩૫

गुरुलघवचिन्तेयं स्वभावंनातिवर्त्तते ॥
तथासंस्कारमात्रांत कालांश्चाप्युत्तरोत्तरम् ३६
मंदकर्म्मानलारोग्याः सुकुमाराः सुखोचिताः ॥
जन्तवोयेतुतेषांहि चिन्तेयंपरिकीर्तिता ॥ ३७ ॥
बलिनःखरभक्षाश्च येचदीप्ताग्नयोनराः ॥
कर्म्मनित्याश्चयेतेषां नावश्यंपरिकीर्त्तयेत् ॥ ३८

દરેક વસ્તુઓનું ભારેપણું, હલાકા પણું; તથા તે વસ્તુનો સ્વભાવ [ સુગુણ અગુણ કરતા છે? ] સંસ્કાર [ શું શું વિધિ કરવાથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અધિક ગુણ આપેછે ) માત્રા ( વજન–પ્રમાણ ] અને દેશ કાળ, વય વગેરે સર્વેનું જ્ઞાન સારી પેઠે મેળવવુ જોઈએ; કેમકે એ એક એકને જોડાયલાંછે જેથી છૂટાં પડી શકતાં નથી અર્થાત્ એક એકથી બીજું બળવાનછે, માટે તેમનો પ્રથમ વિચાર કરી વૈદ્યવરોએ ઐષધાનુપાન આપવું; કારણકે આળસુ, મંદાગ્નીવાળા, સુકોમળ અને સદા સુખમાં રેહનાર મનુષ્યો ને માટેજ ઉપરનાં અનુપાન યોગ્યછે અને જો બળવાન ભોજન કરવાવાળો હોય, જેની જઠરાગ્નિ સતેજ હોય, અને રોજ મેહેનત કરનારો હોય તો તેવા પુરૂષોને માટે ઉપર બતાવેલાં અનુપાનની કશી વધારે જરૂર નથી. ૩૬–૩૮

## ઇતિ અનુપાન પ્રકરણ સમાપ્તમ.

## હવે વિષભેદ પ્રકરણ કહીએ છીએ.

આપૃથ્વિતળમાં વિષના બે ભેદ વૈદ્યવરોએ માનેલાછે એટલે એક સ્થાવર વિષ અને બીજું જંગમ વિષ. સ્થાવર વિષતે પોતાની મેળે ચાલવાની શક્તિ જે વસ્તુમાં નથી તેમાંથી ઉત્પન્ન થતાંઝેરી પદાર્થો તેને સ્થાવર વિષની સંજ્ઞા આપેલીછે અને જે હાલવા ચાલવા શક્તિમાનછે એવી વસ્તુઓમાંથી ઉત્પન્ન થતા ઝેર ને જંગમ વિષની સંજ્ઞા આપેલી છે.

સ્થાવર વિષની ઉત્પત્તિનાં દશ સ્થાનકછે તે એ કે વૃક્ષના મૂળમાં, પત્રમાં, ફૂલમાં, ફળમાં, છાલમાં, વૃક્ષના દૂધમાં, વૃક્ષના સાર–કાષ્ટમાં, વૃક્ષના ગુંદ–રસમાં, ધાતુ ઉપધાતુ અને સોમલ આદિ પાર્થિવ પદાર્થોમાં અને કંદ–ગાંઠ ( વછનાગાદિ ) માં, એ દશ જગ્યોએ ભિન્ન ભિન્ન વનસ્પતિ અને પર્વતાદિમાં ઝેર પેદા થાયછે.

જંગમ વિષની ઉત્પત્તિ ૧૬ સ્થાનકે થાયછે તે એ કે–મનુષ્યોની દ્રષ્ટિમાં, સર્પાદિકના શ્વાસમાં. કૂતરાં અને શિયાળ વગેરેની ડાઢમાં, સિંહ આદિના નખોમાં, ગરોળી આદિની વિષ્ટામાં, તથા મૂત્રમાં, વાંદરાં આદિના વીર્યમાં, હડકાયા જનાવરની લાળમાં, ગર્ભવસ્તુ ખાનારી અથવા વ્યભિચાર કરનારી સ્ત્રીઓની યોનિમાં, ગરમ વસ્તુ ખાનારા અને શ્રષ્ટિવિરૂધ્ધ ગુદમૈથુનાદિ કુકર્મ કરનારા વા કરાવનારાઓની ગુદામાં, સર્પાદિના હાડકામાં, નોળીઆ અને માછલીઓના પિત્તામાં, માખી ભમરા વિંછૂ આદિના કાંટામાં અને સિંહ માજાર આદિના વાળમાં એ ૧૬ જગ્યાએ ઝેર પેદા થાયછે એટલે સ્થાવર જંગમ મળી ૨૬ સ્થાન ઝેરને જન્મ આપનારાંછે; પરંતુ ઝેર કેટલી જાતનાં હશે તે ગણત્રી થવી ઘણીજ મૂસ્કેલછે પણ જો કોઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસને ઝેરનાં ચિન્હો જણાય તો એટલું તો અવશ્ય બાહોશ વૈદ્ય શાસ્ત્રીઓ કહી શકેછે કે સ્થાવર વિષમાં વા અમુક પ્રકારના વિષનાં અથવા જંગમ વિષમાના અમુક ઝેરનાં ચિન્હોછે !

### સ્થાવર વિષ ખવામાં આવ્યાથી થતાં ચિન્હો.

જેને વનસ્પતિથી ઉત્પન્ન થનાર વિષ શિવાય સ્થાવર વિષ ખાવામાં આવ્યું હોય તો તાવ, હેડકી, દાંતનું અંબાવું, ગળાતું પકડાવું, મોઢે ફીણનું આવવું, ઉલટી, અરૂચિ, શ્વાસ અને મૂર્છા ( બેભાન ) પણું એ લક્ષણો જ્યાં મોજુદ હોય તો જાણિ લેવું કે સોમલાદિ સ્થાવર વિષ ભક્ષણ કરેલ વા કરાવેલ છે.

### વૃક્ષ આદિની જડમાં ઉત્પન્ન થનાર ઝેરનાં ચિન્હો.

ઝાડના મૂળીયામાં ( ઝેરી મૂળીયા ) થી ઉત્પન્ન થનાર ઝેર જેના ખાવામાં આવ્યું હોય તો તે માણસને ઉલટી, બેભાન પણું અને બકવા થાયછે.

### વૃક્ષનાં પાંદડાંમાનું ઝેર ખાવામાં આવ્યું હોય તેનાં ચિન્હો

ઝાડનાં ઝેરી પાંદડાં જેના ખાવામાં આવ્યાં હોય તેને બગાસાં આવે, શરીર ધ્રૂજ્યાકરે અને શ્વાસ થઈ આવેછે.

### ઝાડના ફળમાનું ઝેર ખાવામાં આવ્યું હોય તેનાં ચિન્હો.

ઝેરીફળ ખાવામાં આવ્યાં હોય તો મોઢામાં સોજો, શરીરમાં બળતરા, અને ખાવાની તમામ ચીજ ઉપર દ્વેષ થઈ આવેછે.

### ઝાડનાં ઝેરી ફૂલ સુંઘવામાં કે ખાવામાં આવ્યાં હોય તેનાં ચિન્હો.

ઝાડનાં ઝેરી ફૂલ ખાવામાં કે સુંઘવામાં આવ્યાં હોય તો ઉલટી આફરો અને બેભાન પણું થાયછે.

### વૃક્ષાદિની છાલ અને રસના ખાવાથી થતાં વિષકારી ચિન્હો.

ઝાડની ઝેરી છાલ તથા ઝેરી રસ ખાવામાં આવવાથી મોઢામાં દુર્ગંધિ, શરીર બરસઠ, માથાનું દૂખવું અને મોઢું કફથી ભરાયલું રહેછે.

### વૃક્ષોનાં ઝેરી દૂધખાવાથી થતાં ઝેરનાં ચિન્હો.

ઝાડનાં ઝેરી દૂધ ખાવામાં આવવાથી મોઢમાં ફીણ આવે, ગુદાનો બંધ છૂટીજાય અને જીભ ભારે થઈ જાયછે.

### ધાતુ ઉપધાતુ જન્ય વિષનાં ચિન્હો.

ધાતુ ઉધાતુ વગર શોધેલી અથવા કાચી ખાવામાં આવી હોય તો છાતિ દૂખે, બેભાન પણું, શરીરમાં અને લાળમાં દાહ થાય એ વિષથી તુરત અથવા કાળાંતરે મરણ થાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### કંદ વિષનાં ચિન્હો.

વછનાગ આદિ વિષના ખાવાથી છાતી દૂખે મૂર્છા, દાહ, અને તાળવામાં બળતરા થઈ મનુષ્ય તત્કાળ મરણ પામેછે.

### કંદ વિષ કેટલા પ્રકારનાં છે ?

अष्टादशविधंज्ञेयं कन्दजंपरिकीर्तितम् ॥
कालकूटंमयूराख्यं बिन्दुकंसक्तुतंतथा ॥ ३९ ॥
वालुकंवत्सनाभंच शंखनाभंसुमंगलं ॥
शृंगीमर्कटकंमुस्तं कर्दमंपुष्करंशिखी ॥ ४० ॥
हारिद्रंहरितंचक्रं विषंहालाहलाव्हयम् ॥

કંદથી ઉત્પન્ન થનારાં ઝેર ૧૮ પ્રકારનાંછે એટલે કાળકૂટ, ૧ મયૂર, ૨ બિંદુ, ૩ શકતુક, ૪ વાળુક, ૫ વત્સનાભ ( વછનાગ ) ૬, શંખનાભ, ૭ સુમંગળ, ૮ શૃંગી, ૯ મર્કટ, ૧૦ મુસ્ત, ૧૧ કર્દમ, ૧૨ પુષ્કર, ૧૩ શિખી, ૧૪ હારિદ્ર, ૧૫ હરિત, ૧૬ ચક્ર, ૧૭ અને હાલાહલ. ૧૮

### તેઓનાં લક્ષણ.

घनंरूक्षंचकठिनं भिन्नांजनसमप्रभम् ॥ ४१ ॥
कन्दकारंसमाख्यातं कालकंतंमहाविषम् ॥
मयूराभंमयूराख्यं बिन्दवाद्बिन्दुकःस्मृताम् ॥ ४२
चित्रमुत्पलकन्दाभं शक्तुकंशक्तुवद्भवेत् ॥
वालुकंवालुकाकारं वत्सनाभंतुपाण्डुरम् ॥ ४३ ॥
शंखनाभंशंखवर्णं शुभ्रवर्णंसुमंगलम् ॥
घनंगुरुचनिबडं शृंगाकारंतुशृंगिकम् ॥ ४४ ॥
मर्कटंकपिवर्णाभं मुस्ताकारंतुमुस्तकम् ॥
कर्दमंकर्दमाकारं सितपीतंचकर्दमम् ॥ ४५ ॥
पुष्करंपुष्कराकारं शिखिशिखिशिखाप्रभम् ॥
हारिद्रकंहरिद्राभं हरितंहरितंस्मृतम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



चक्राकारंभवेच्चक्रं नीलवर्णंहलाहलम् ॥ ४६ ॥

ઘણું લુખું કઠણુ અંજન સમાન લીલા કંદના આકાર વાળાને કાળકૂટ કહેછે. મોરના રંગ જેવું મયૂરાખ્ય કંદ છે. બિન્દુ સમાન આકાર વાળુ બિન્દુ વિષ. ચિત્રવર્ણનું કમળના કંદ અને સાતૂના સામાન હોય તેને શક્તુક વિષ કહેછે. વાળુકના રંગ સમાન વાળુક વિષછે. ધોળા રંગનું સુમંગળ વિષછે. ઘણુંભારી કઠણુ અને શિંગડાના આકાર સમાન તે શૃંગિ વિષછે. વાંદરાના રંગ સમાન મર્કટ વિષ હોયછે. મોથના જેવું મુસ્તા વિષ હોયછે. કિન્વકના જેવા રંગનું ધોળું પીળું અને મેળું કર્દમ વિષછે. નીલા કમળના સમાન રંગનું પુષ્કર વિષછે. મુરવાના રંગ સમાન શિખી વિષ, હળદર જેવું હારિદ્રક, લીલા-રંગનું હારિત, ચક્રના આકારનું ચક્રવિષ અને લીલારંગનું હાલાહળવિષ હોયછે. આ શિવાય વર્ણ અને કાર્યમાં વાપરવાની જાતિ વિષ પ્રકરણમાં બતાવેલછે. ૪૧–૪૬

હવે વિષ મારણ કહીએ છીએ.

समंटंकणकंपिष्टं तद्वीषमृतमुच्यते ॥
योजयेतसर्वरोगेषु नविकारंकरोतिहि ॥ ४७ ॥

આ દરેક ઉક્ત વિષોની બરોબર ટંકણખાર ( શોધેલો ) નાખી ઝીણું ઘુંટી વસ્ત્ર ગાળ કરવું જેથી વિષમરેછે વા, નિર્વિષ થાયછે. પછી સમસ્ત રોગો ઉપર [ યોગ્ય અનુપાન સાથે ) આપવાથી કશો પણ વિકાર થતો નથી. ૪૭

વિષ સેવન કરવાની વિધિ.

विषस्यमारणंप्रोक्त मथसेवांप्रवच्म्यहम् ॥
शरद्ग्रीष्मवसन्तेषु वर्षासुचप्रदापयेत् ॥
चातुर्मासेहरेद्रोगान् कुष्टलूतादिकानपि ॥ ४८ ॥
प्रथमेसर्षापीमात्रा द्वितीयेसर्षपद्वयम् ॥
तृतीयेचचतुर्थेच पंचमेदिवसेतथा ॥ ४९ ॥
षष्टेचसप्तमेचैव क्रमवृद्ध्याविवर्द्धयेत् ॥
सप्तसर्षपमात्रेण प्रथमंसप्तकंभवेत् ॥ ५० ॥
क्रमहानिंतथाक्षेपं द्वितीयंसप्तकंविषम् ॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यवमात्रंविषंदेयं तृतीयेसप्तकेक्रमात् ॥ ५१ ॥
वृद्ध्यांह्न्यांचदातव्यं चतुर्थेसप्तकेतथा ॥
यवमात्रंग्रसेत्स्वस्थो गुंजामात्रंतुकुष्ठवान् ॥ ५२
अशीतिर्यस्यवर्षाणि वषुवर्षाणियस्यवा ॥
विषंतस्मैनदातव्यं दत्तंचेद्दोषकारकम् ॥ ५३ ॥
ददेद्धैसर्वरोगेषु घृताशिनिहिताशिनि ॥
क्षिराशनंप्रयोक्तव्यं रसायनरतेनरे ॥ ५४ ॥
ब्रह्मचर्यंप्रधानंहि विषकल्पेतदाचरेत् ॥
पथ्येस्वस्थमनाभूत्वा तदासिद्धिर्नसंशयः ॥ ५५

વિષના મારણની વિધિ કહી હવે તેને ખાવાની વિધિ કહીએ છીએ. શરદ, ગ્રીષ્મ, વર્ષા અને વસંત ઋતુમાં વિષનું સેવન વિધિ પૂર્વક કરવું. વિષનું ચારમહીના સેવન કરવાથી કોઢ અને લૂતાદિ ( માંકડીનું ] વિષ નાશ થાયછે. પેહેલે દાહાડે વિષની માત્રા એક સરસવ બરોબર લેવી.બીજે દિવસે બે સરસવ સમાન, એમ દરરોજ સાત દિવસ સુધી વધતે જવું એટલે સાતમે દાહાડે સાત સરસવ લેવું. તદનંતર બીજા સાપ્તાહિકમાં સાત સરસવ પ્રમાણે માત્રા લેવી. ત્રીજા સાપ્તાહિકમાં ઘટતે જવું. ફરી ચોથા સાપ્તાહમાં વિષની માત્રા બરોબર રાખવી. પછી ફરી દરરોજ ચઢતે જવું પાંચમા સાપ્તાહમાં માત્રા ઘટાડી એક જવપુર પ્રમાણ રાખવી. નિરોગી મનુષ્યને જવભાર માત્રા અને કોઢ વાળાને એકરતી માત્રા આપવી, એંસી સર્ષના બૂઢાને અને આઠ વર્ષના છોકરાને વિષ આપવું નહિ અને જો આપે તો વિકાર પેદા થાયછે. વિષના સેવન ઉપર દરેક રોગમાં ઘી અને દૂધ હિત કારકછે તથા વિષ સેવન કરનાર મનુષ્યે બ્રહ્મચર્ય ( પુરૂષે સ્ત્રી સંગનો અને સ્ત્રીએ પુરૂષ સંગનો ત્યાગ કરવો ) અને પથ્યથી સ્વસ્થ ચિત્તે રહે તો વિષ કલ્પની સિદ્ધિમાં કાંઇ સંશયનથી અર્થાત્ સર્વ સિધ્ધિ પ્રાપ્ત થાયછે. ૪૮–૫૫

### અધિક માત્રાથી થતી અવક્રિયા.

मात्राधिकंयदामर्त्यः प्रमादाद्भक्षयेद्विषम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**अष्टौवेगास्तदातस्य जायतेनात्रसंशयः ॥ ५६ ॥**
**प्रथमेवेगेउद्वेगो द्वितीयेवेपथुर्भवेत् ॥**
**तृतीयेघोरदाहःस्या च्चतुर्थेपतनंभुवि ॥ ५७ ॥**
**फेनंतुपंचमेवेगे षष्टेविकलताभवेत ॥**
**जडतासप्तमेवेगे मरणंचाष्टमेभवेत् ॥ ५८ ॥**

જો ભૂલ્યે ચૂકે વિષ ( જે ઉપર ૧૮ જાત બતાવીછે તે ) ખાવામાં અધિક [ હદથી વધારે ) વજનથી ખવાય તો નિશ્ચય આઠ વેગ ( ઉપદ્રવ ) થશે. પેહલા વેગમાં ઉલટી, ધભરાટ. બીજામાં ધ્રૂજારી. ત્રીજામાં ભયંકર બળતરા, ચોથામાં જમિનઉપર બેભાન થઈ પડવું. પાંચમામાં મોઢામાંથી ફીણનું નીકળવું. છઠ્ઠામાં દિવાના પણું. સાતમામાં જડતા ( કશાનું ભાન ન હોય તે ) અને આઠમામાં મરણુ નિપજેછે; માટે માત્રા આપતાં કે લેતાં ખૂબ સાવચેતી રાખવી. ૫૮

## શુદ્ધ સ્થાવર વિષના ગુણ.

શુધ્ધ સ્થાવર વિષમાત્ર લુખાં, ઉન્હાં અને તીક્ષ્ણછે એમના સૂક્ષ્મ ગુણછે. અને સ્ત્રી સંભોગ કરવા વિશેષ પ્રવૃત્તિ કરાવનાર છે તથા શરિરમાં તાત્કાળ ફેલાઈ અમલ બજાવેછે તેમ એઓનો પરિપાક જલ્દી થાયછે અને સ્થાવર વિષમાં દશ ગુણછે.

## અશુદ્ધ સ્થાવર વિષ ખાવાથી શું શું રોગ ઉપજેછે ?

વિષના લુખા પણાથી મતિને ભ્રષ્ટ કરેછે સર્વ સંધિઓને શિથિલ કરેછે. વિષના સુક્ષ્મ પણા વડે શરીરના તમામ ભાગમાં ફેલાઈ જાયછે, વિષના જોરથી કામવૃત્તિ વિશેષ થાયછે. શરીરના દોષ તથા સપ્તધાતુઓને અને શરીરના મળને બગાડીદેછે, ક્લેદ ઉત્પન્ન કરેછે માટે જલ્દીઅતિ ચપળતા વડે ઉપાય કરવા નહિતો મહા હાનિ કરેછે.

## કોઇએ દુષ્ટ બુદ્ધિ વાપરી ઝેર ખવરાવ્યું હોય તેની પરિક્ષા.

વિષ દેનાર મનુષ્યની મુખાકૃતિ તથા વાણિ અને ચેષ્ટા જુદાજ પ્રકારની થઇ જાયછે. અને તેને એવા સંબંધમાં કોઈ પૂછે તો ઉત્તર આપી શકતો નથી, મોહ પ્રાપ્ત થાયછે, બોળી શકાય નહિ અને મૂંઝાયા કરેછે, કદાચ બોલેતો મૂર્ખ સમાન બોલેછે, આંગળી વતે પૃથ્વિ ખોદ્યાકરે, બેઠેલો હોય ત્યાંથી ઉઠવાતું કરેછે, ચમકતો ચારે બાજુ વારંવાર જોયા કરેછે, નિસ્તેજ ચ્હેરો, તુટતાં વચન અને મોઢું અભી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( थुंक ) वगरतुं थई जायछे. ए लक्षणोथी विष आपनारने ओळखी काहाडवो.

### जंगम विषनां चिन्हो कहीए छीए.

जे मनुष्यने कोइ झेरी जनावर करडेल होय तो तेने निद्रा-घेन आवे. आंख अडधी मींचायली रहेछे, सर्व ज्ञानेंद्रीओनां ज्ञान नाश थायछे, बळतरा थाय, आंखे अंधारी आवे, रोमांच थई आवे, करडयाना डंकने स्थाने सोजो होयछे अने अतिसार थई आवेछे.

### भोगी-मंडळ-राजील जातिना सर्प करडया होय तेनां लक्षण.

वायुनी प्रकृतिवाळो भोगी सर्प, पित्तनी प्रकृति वाळो मंडळ सर्प अने कफनी प्रकृति वाळो राजुल सर्प होयछे तेमां भोगी जातनो साप जे स्थळे करडयो होय ते स्थळ काळुं पडी जायछे अने वायुना सर्व रोग देखायछे. मंडळ नामनो साप करडयो होय तो डंशनी जग्या पीळी पडी जायछे, सोजो कोमळ होयछे अने पित्तना उपद्रव थई आवे. राजील जातिनो सर्प करडयो होय तो डंखनी जग्याए स्थिर सोजो पीळुं चिकणुं शीणु वाळुं अने जाडुं लोही नीकळेछे अने तेने सर्व कफना उपद्रव थायछे.

### कया स्थळना सर्प करडेलाथी मनुष्यना जीवितनी आशा छोडी देवी?

पीपळाना झाडनीचे, मंदिरमां, स्मशानमां, राफडा अथवा सापना दर पासे, चाररस्ताना चोकठामां, संध्याकाळमां, भरणी अने मघा नक्षत्रमां तथा शरीरना कोईपण मर्म स्थानमां जो सर्प करडयो होय तो ते मनुष्यना जीवितनी आशा छोडी देवी.

### केटला प्रकारना मनुष्यने सर्प दंश असाध्यछे?

अजीर्ण रोगीने, गरमीना विकारवाळाने, बाळकने, वृद्धने, भूख्याने, घा वागेल होय तेने, प्रमेह वाळाने, गर्भवंतीने अने जेना शरीमां लोहीतुं देखावा पणुं न होय एटला मनुष्योने सर्पादि करडे तो तेने औषधोपचार त्यजी मात्र राम नाम रुपी उत्तम मंत्र संभळाववो जेथी भविष्यमां उत्तम गति प्राप्त करे.

### झेरी उंदर करडयो होय तेनां लक्षणो.

जे जग्योए झेरी उंदर करडी गयो होय ते जग्योएथी पीळारंगनुं लोही नीकळे, गोळ चकामां थइ आवेछे, ताव अरुचि उत्पन्न थई आवेछे अने रोमांच [ रुवाटां ) उभां थायछे.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પ્રાણહર ઉંદર કરડયાનાં લક્ષણ.

જે ઉંદર કરડવાથી મૂર્છા થઇ આવે, અંગમાં સોજો, શરીરનું વર્ણ વિપરીત થાય અતિ ખેદ, તાવ, માથામાં ભાર, ઉલટી અને લાળગરવા લાગે તથા કરડેલી જગ્યાએથી લોહી વહેછે.

## ઝેરી કાચંડો કરડયાના વિષનાં ચિન્હ.

ગિરગટ કરડે તે જગ્યા કાળી પડી સોજો થઇ આવેછે શરીરનું વર્ણ અનેક રંગતું ભાસે, મોહ અને અતિસાર થઈ આવેછે.

**વિંછી** કરડયાનાં લક્ષણ લખવાની જરૂરનથી; કેમકે તેથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે; પરતું તેનાં અસાધ્ય લક્ષણો જાણવાની જરૂરછે. જો ઘણોજ ઝેરી વિંછી હોય અને તે ડંખમારે અથવા જીભ, છાતી અને નાકમાં કે અંડકોષાદિ ગુહ્યસ્થાનોમાં ડંખમારે તો તે સ્થળે ભયંકર આગ ઉઠેછે, જીભથી બોલાઇ શકાયનહિ, ડંખની જગ્યાનો માંસ કળી પડે, પુષ્કળ પ્રસ્વેદ થઇ આવે અને ઝોખા આવવા લાગેતો તે મનુષ્ય મરી જાયછે.

## ઝેરી મંડુક કરડે તેના ઝેરનાં ચિન્હ.

ઝેરી ડેડકો કરડે તે સ્થળે પીડાસાથે સોજો હોયછે, તરસ લાગેછે, નિદ્રા વિશેષઆવે અને ઉલટી થયા કરેછે.

## ઝેરી માછલાં અને જળો કરડયાનાં ચિન્હો.

ઝેરી માંછલીના ડંખથી ડંખની જગ્યોએ બળતરા સોજો અને પીડાથાયછે અને ઝેરી જળો કરડે તે ઠેકાણે ચલ આવે, સોજો તાવ અને મૂર્છા થઇ આવેછે.

## ઝેરી ગરોળી, કાનખજૂરો મચ્છર વગડાઉ મચ્છર અને ઝેરી માખી તથા ભમરાના વિષનાં ચિન્હો.

ઝેરી **ગરોળી** કરડે ત્યાં બળતરા, સોજો, પીડા અને પરસેવો થાયછે. **કાનખજૂરો** કરડયો હોય ત્યાં બળતરા સોજો અને પીડા થાયછે. જ્યાં **મચ્છર** કરડે ત્યાં ચળ જરા સોજો અને મંદ પીડા થાયછે. **વગડાઉમચ્છર** કરડયો હોય ત્યાં લાલ ચકામાં જેવા ઘા ઉંડા પડેછે અને ઘણી પીડા થાયછે તે અસાધ્ય ડંખ જાણવો. **ઝેરી માખી** અથવા ભમરામાખી કરડી હોય ત્યાં બળતરા થાયછે, તે જગ્યા કળી પડેછે, મૂર્છા, તાવ અને ચકામાં થઈ આવેછે.

## સિંહ, ચિતરો અને વરૂ વગેરે કરડયાં હોય તેનાં લક્ષણ.

ઉકત જાનવરોના કરડવાની જગ્યોનો ઘા પાકેછે, રસી વહેછે, અને તાવ આવેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## હડકાયું કૂતરૂં કરડે તેના ઝેરનાં ચિન્હ.

હડકાયું કૂતરૂં કરડયું હોય તે ઠેકાણે કાળું લોહી નીકળેછે, છાતી દૂખેછે, તાવઆવે, શરીર અકડાઈ જાયછે, તરસ લાગે, ડંખની જગ્યોએ ચળઆવે, પીડાથાય, શરીરનું વર્ણ વિચિત્ર થઈજાય, ફેર આવે, બળતરા થાય, કલેશ ઘણો થાય, કરડયાની જગ્યોએ ગાંઠ પડિજાય, પાકે, ફાટે, સોજો, ફેલ્લો થઈ આવે અને ચિત્ત ભયભિત થાયછે. જો પાણી તેલ અને દર્પણમાં કૂતરૂં અને શિયાળીયાને દેખી બૂમ પાડી ઉઠે અને તેઓના જેવી ચેષ્ટા કરવા લાગે તથા પાણીથી ડરેતો તે મનુષ્ય મરી જાયછે.

## લુતા ( ઝેરી જંતુ માકડી આદિ ) વિષનાં લક્ષણ.

લૂતાના દંશ–ડંખથી ડંખની જગ્યો સડેછે, લોહીવહેછે, તાવ, બળતરા, અતિસાર અને ત્રિદોષ રોગ ઉત્પન્ન થાયછે. નાના પ્રકારના કોઢ તથા મોટાં ચકામાં અને લાલ, લીલો, મૃદુ, ચંચળ સોજો હોયછે.

## સ્થાવર જંગમ વિષના ઉપચાર.

પ્રથમ જે માણસના ખાવામાં સ્થાવર અથવા જંગમ વિષ આવ્યું હોય વા, દ્વેષથી કોઈએ ખવરાવ્યું હોય તો ઉલટીની દવાઓ પાવી શરૂ કરવી, પ્રસ્વેદ કઢાવવો, રેચ આપવો અને વિષમાત્ર ગરમછે માટે શિતળ ઉપચાર કરવા જેથી વિષદોષથી મુક્ત થાયછે. કહ્યું છે કે.

शीतोपचारावाशेकाः शीताःशीतस्थलस्थितिः ॥
विषार्त्तविषवेगानां शांत्यैस्युरंमृतंयथा ॥ ५९ ॥

શિતળ ( ઠંડા ) ઉપચાર, ઠંડો શેક અને ઠંડક વાળા સ્થાનમાં સ્થિતિ કરવાથી વિષની પીડા શાંત થાયછે એ નિઃસંદેહ વાર્त्ताછે. ૫૯

भूनागताम्रंशिखिपिच्छ ताम्रं जहाद्विषंवाफणिभून्मणिंवा ॥ प्रक्षाल्यतद्वारिनिपीयचार्त्तोविषंजयेत्स्थावरजंगमाख्यम् ॥ ६० ॥

સીસું ત્રાંબુ અને મોરની પાખો માન્મોનુ કાઢેલું નાગત્રાંબુ એ ઓની શુધ્ધ ભસ્મના સેવનથી વિષમાત્ર દૂર થાયછે, અથવા સર્પનો મણિ પાણીમાં ધોઈ તે પાણીના પીવાથી સ્થાવર અને જંગમ બન્ને પ્રકારનાં ઝેર દૂર થાયછે. ૬૦

मरिचंनिंबपात्राणि सैंधवंमधुसर्पिषा ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



घ्नंतिपीतानिवेगेन विषस्थावरजंगमम् ॥ ६१ ॥
गरंविषंटंकणमूषणंच तुत्थंसमांशंकुरुदेवदाल्या ॥
रसेनापिष्टोविषवज्रपातो रसोभवेत्सर्वविषैकहंता ॥
निष्कास्यसंजीवतिसंप्रयुक्तो नृमूत्रयोगेनचस-
र्वथैव ॥ जटाविषेणाकुलितंतथान्यै र्द्रव्यैर्विषैर्वर्णि-
तमातुरंच ॥ ६२ ॥

કાળાંમરી, લીંબડાનાં પાદડાં, સિંધાલુણ, મધ અને ઘી એ-
ઓના પીવાથી સ્થાવર અને જંગમ વિષ નાશ પામેછે. તથા વછ-
નાગ, ટંકણ, મરી અને મોરથુથું એ સર્વ બરોબર લેઈ બંદાળનાર
સમાં ઘુંટી ચાર ચાર માસા ( ૩૨ રતી ) ભારની ગોળીઓ બનાવી
ખાયતો સર્વ પ્રકારનાં ઝેર નાશ કરેછે આ **વજ્રપાત રસ** કહેવાયછે,
એને મનુષ્યના મૂત્ર સંગાથે વા, ગોમૂત્ર સાથે સેવન કારવાથી ભયંકર
સાપનો ડંશ પણ સારો થાયછે અર્થાત્ સાપના ઝેરથી મુક્ત થાયછે.
કંદ અદિના વિષની પીડા તથા અન્ય વિષની પીડા પણ શાંત કરેછે.

तुत्थगंधरसरात्रिटंकणै र्विणितोयपरिमर्दयेद्दृढे ॥
हंत्ययंविषहरोनरांबुना स्थावरंतदनुजंगमंविषम्

મોરથુથું, ગંધક, પારો, હળદર અને ફુલાવેલો ટંકણખાર એ-
ઓને ખરલમાં વાટી કુકડવેલાના રસની ખૂબ ભાવના દઈ જુવાર
જેવડી ગોળીઓ કરી રાખવી. એ ગોળી માણસના મૂત્રમાં ચોળીને
ખવરાવવામાં આવેતો તેથી સોમલ અફીણ આદિ સ્થાવર ઝેર અને
સાર્પાદિ જંગમ ઝેર પણ અવસ્ય મટેછે. ૬૪

गोघृतपानाद्धरते विविधंगरलंचवंध्यकर्कोटी ॥
सकलविषदोषशमनी त्रिशूलिकासुरभिजिव्हाच
तुत्थेनंटकणंनैव म्रियतेपेषणाद्विषम् ॥
अतिमात्रंयदाभुंक्ते तदाज्यंटकणंपिबेत् ॥ ६६ ॥
लवणंभानुदुग्धेन भावितंकर्षमात्रकं ॥
गव्येनपयसापीतं वमिकृतविषनाशनं ॥ ६७ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંઝ કુંકોડી ગાયના ઘી સાથે પીવાથી સર્વ વિષદોષ મટેછે તથા ત્રિશૂળી અને ગળજીભીના સેવનથી સર્વ વિષદોષને દમન કરેછે. મોરથુથું અને ટંકણ સાથે વિષને વાટવાથી વિષ મરી જાયછે તેમજ વિષ અધિક માત્રાએ ખાવાથી વિષ વિકાર કરે તો ઘીમાં ટંકણ મેળવી પીવાથી તાત્કાળ વિષ દોષ દૂર થાયછે. તથા એક તોલો મીઠું લેઇ તેને આકડાના દૂધની ભાવના આપવી. પછી તે મીઠું ગાયના દૂધ સાથે પીવાથી ઉલટી થઈને સર્વ વિષ નીકળી જાયછે. ૯૫–૯૭

## સ્થાવર વિષના અન્ય ઉપાય.

મધ ઘી સંયુક્ત વિષને હરનાર ઔષધીઓનું સેવન કરાવવું તો સ્થાવર વિષનાશ થાયછે. અથવા સ્થાવર વિષવાળાને સાઠીચોખા દૂધ કોદરા અને સિંધાલુણ પથ્યછે; પરંતુ ખટાસ, મરચાં અને તેલ વગેરે કુપથ્યછે. ક્ષુધા, ક્રોધ, ભય, મૈથુન, દિવાનિદ્રા અને વિરૂદ્ધ અન્ન ભક્ષણ પણ કુપથ્યછે.

## સ્થાવર વિષ દૂર કરનાર લેપ.

ફુલ પ્રિયંગુ, માલકાંકણીનીજડ, પાન, છાલ, ફુલ અને બીજ અને સરસવનાં પાંચે અંગ એ સઘળાંને ગૌમૂત્રમાં વાટી શરીરે લેપ કરેતો સ્થાવર વિષ નાશ પામેછે.

## પૃથક પૃથક સ્થાવર વિષના ઉપાય.

### અફીણનું વિષ.

અફીણ આત્મ હત્યા કરવામાંજ વપરાય પણ કોઈ દ્વેષ બુદ્ધિથી કોઈની હત્યા કરવા તેને કડવાસને લીધે વાપરતા નથી. અફીણથી માણસ બેશુદ્ધ થાયછે, આંખની કીકી સંકોચાઇ જાયછે નિંદ્રા ઘણી આવેછે તેને જગાડતાં પણ બીલકુલ બરોબર જવાબ દેઇશકતો નથી, ચળ વધારે આવેછે, તેનો શ્વાસ અને રક્તાશય મંદગતિ ધારણ કરેછે અને શરીરની નસો તથા શરીર શિતળ થઇ જાયછે.

### અફીણ વિષનો ઉતાર.

वृहत्क्षुद्रोरसोदुग्धे पलमानंनिषेवणात् ॥
नागफेनविषंयाति तथालवणतक्रतः ॥ ६८ ॥
सर्पाक्षीमूलतोयेन घृतेनविश्वभृंगराट् ॥
वचारामठतक्रेण नागफेनविषंहरेत् ॥ ६९ ॥

મોટી રીંગણીનો રસ ચાર તોલા લેઇને દૂધ સંગાથે પાવાથી અફીણનું ઝેર ઉતરેછે. તેમજ છાસ અને મીઠુંપાવાથી પણ ઉલટી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઇ વિષ ઉતરેછે. તથા સરપંખા ( ખરસાંડીઆ ) નાં મૂળને પણી સંગાથે ઘસીને પાવાથી અફીણનું ઝેર ઉતરેછે. શુંઠ તથા જળભાંગરા ઘી સંગાથે પાવાથી અફીણનું વિષ ઉતરેછે; તેમજ વજ અને હીંગ છાસ સંગાથે પાવાથી અફીણનું વિષ ઉતરેછે. ( કપાસનું મૂળ પાણી સંગાથે ઘસીને પાવું. સીતાફળીનાં પાદડાં વાટીને પાવાં. અફીણ ખાધું હોય તેના બમણાવજને હીંગ પાવી. વમન આપવું. ફટકડી અને કપાસીયાની મીંજોનું ચૂર્ણ પાણીસંગાથે પાવું. માલકાંકણીનાં પાદડાં પાવાં. અરીઠાનું પાણી કરી પાવું અને ઝેરકોચલાનું સત્વ યોગ્ય માત્રાએ થોડા થોડા કલાકે આપવું, ઉંઘવાદેવોનહી ઝેરનાં ચિન્હ કમતી પડયે જુલાબ આપવો જેથી અફીણનું ઝેર ઉતરે છે.

**ધંતૂરાના** વિષના ચિન્હથી ગળામાં શોષ, કીકીમોટી થાય, સ્મૃતી નાશ. બકવા અને ભ્રમ તથા દીપક પ્રકાશ જોવાથી વિષ વધારે જોર કરેછે.

### ધંતૂરાના ઝેરનો ઉતાર.

वोणीवृक्षस्यपुष्पाणी जलेनोत्काल्यपानतः ॥
धतूरस्याविषंयाति यथालवणपानतः ॥ ७० ॥
वृंताकफलबीजस्य रसोहिपलमानतः ॥
भक्षणातभुक्तधत्तूर विषंनश्यतिनिश्चितम् ७१

કપાસનાં ફૂલ પાણીમાં ઉકાળીને પાવાથી અથવા પાણીમાં મીઠું નાખીને પાવાથી અથવા વૃંતાક ના બીજને પાણીમાં વાટી રસ કરી ચાર તોલા ભાર પાવાથી ધંતૂરાનું ઝેર નાશ પામેછે. ( તથા તાદળજાનાં મૂળ અથવા ગળો પીવાથી અથવા કપાસના પચાંગને વાટી પીવાથી ધંતૂરાનું વિષ નાશ પામેછે. સમુદ્રફળને ગૌમૂત્રમાં ઘસી પીવાથી, દહી ભાત અને વજના ખાવાથી, દૂધ સાકર પીવાથી. તેલ અને ઉન્હું પાણી પીવાથી દૂધમાં દ્રાક્ષનાખી ખીર કરીખાવાથી, રાતા એરંડાનાં મૂળ પાણીમાં વાટી પીવાથી, ગાયનું ઘી પીવાથી, હરડે ખાવથી, સાકર પીવાથી, ભૂરાકોહળાના રસમાં ગોળનાખી પીવાથી ધંતૂરાનું ઝેર નાશપામેછે. ) ૭૦–૭૧

### સોમલના ઝેરનાં ચિન્હો.

સોમલ જેના ખાવામાં આવ્યો હોય તેને એક કલાકે ઝેરનાં ચિન્હો જણાયછે, સોમલ ક્ષોભક વિષછે. પ્રથમ પેટમાં પીપડીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાગમાં બળતર, દુખાવો, મોઢામાં મોળ, ઉલટી અને પછી દરદ સાથે ઝાડો મરડાની માફક થાયછે, તથા કરાંઝવુ પડેછે, ઝાડો બહુધા પીળારંગનો થાયછે, પેસાબે બળતરા થાયછે, ગળું આવી જાયછે, તરસ ઘણી લાગેછે આંખે લાલ અને લાલથાયછે, માથું દુખે, નાડી શ્વાસ અને રકતાશય ઉતાવળાં ચાલેછે, બેચેની વિશેષ રહેછે, હાથેપગે ગોટલા ચઢેછે, આંચકીની માફક હાથવળેછે, શક્તિ હીન થાય અને બુદ્ધિ છેવટ પર્યંત વિકાર રહિત રહેછે. આ ઝેરની નિશાનીઓ કોલેરાની નિસાની ઓને મલતીછે માત્ર આંખમાં પેટમાં અને કંઠમાં અતિસે અગ્નિ બળેછે, પેટમાં કપાય તથા અમળાયછે તેટલાં ચિન્હો કોલેરા કરતાં વધારે હોયછે. તેમ કોઈ કોઈ માણુસને ભિન્ન ભિન્ન લક્ષણો પણ થાયછે; પરંતુ ઘણુંાખરાં ચિન્હો મળતાંજ હોયછે, માત્રા બે ૪ઉ ભારથી બે ત્રણ કલાક અગર દશવીસ કલાકમાં સ્વધામ પહોંચેછે. મરણ નિપજેછે ( વિશેષ ખુલાસો અન્ય ગ્રંથોથી જાણુવો )

## સોમલના ઝેરના ઉપાય.

ઉલટી થતી હોયતો ઠીક નહીતો ઉલટી થવાની દવા જલ્દી આપવી, સૂક્ષ્મ જુલાબ આપવો, શોષ વધારે પડતો હોયતો દૂધ બરફથી ઠંડુંકરી અથવા બરફ અથવા દૂધ અને ચુનાનું નીતારેલું પાણી સમાન ભાગે ઠંડું થયેલું ઉપયોગમાં લેવું, લીંબુ નારંગી વગેરેનું સરબત પીવરાવવું. તથા–એવસ્તુઓ નમળેતો જે યોગ્ય ચીજો મળેતે ઉપયોગમાં લેવી અને પછી નીચે લખેલી દવાઓ પાવી—

## સોમલના વિષનો ઉતાર.

सितयासहपातव्यो रसस्तंदुलीयकस्यच ॥
तस्मान्मल्लविषंयाति यथानिंबुनिषेवणात् ७२

સાકર સંગાથે તાદળજાનો રસ પાવાથી અથવા લીંબુ ચૂસવાથી પણ સોમલનું ઝેર નાશ થાયછે. ( અથવા કાથાનું પાણી વરંવાર પાવું. ખેરસાર ગાયનું દૂધ અને સાકર થોડી થોડી વારે ૧ પોહોર સુધી પાવું. મરેઠી વાટી ઉકાળીને પાવી. ગાયનું દૂધ સેર ૧॥ અને સાકર તોલા ૮ નાખી પાવી. કપાસનો રસ સાકર સંગાથે પાવો. કારેલીનો રસ રૂ. ૪ ભાર તાદળજાનો રસ રૂ. ૪ ભાર અને ઘી રૂ. ૨ ભાર ૭ દિવસ સુધી પાવો. પાકું તરબૂજ તથા સાકર ખવરાવવી. ઉંટીયું જીરૂં પાણીમાં વાટી ગાળી લેઇ મુગલાઈ બેદાણા, દહી અને ગુલાબ જળ મિશ્રકરી પાવું, સરગવાની છાલનો રસ તોલા ૪ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાયનું દૂધ તોલા ૨૦ એ બન્નેને એકત્ર કરી પાવું, કડવા લીંબડાના પાદડાંનો રસ પાવો, માંખણ તોલા પાંચભારમાં ૬ માસા મરીનું ચૂર્ણનાખી ખવરાવું તો સોમલનું ઝેર નાશ પામેછે.

**ઢોરને સોમલનું ઝેર ચઢયું હોય તેના ઉપાય.**

આસોંદનાં મૂળીયાં છાસમાં વાટી તેમાં ચિકાકાઇનાં બે અથવા ચાર બીજનું ચૂર્ણ નાખી પાવું તથા કેળનો પાસેર રસ પાવો જેથી ઢોર સોમલના વિષ રહિત થાયછે.

**ભાંગ, કણેર, ઝેરકોચલાં, નેપાળા, ભિલામાં, આકડો, ચણોઠી, કૌચ, અને સોપારીની વિક્રિયાના ઉપાયો.**

**ભાંગ વધારે ચઢી હોયતો**—દહી અથવા છાસ કિંવા દહીં અને ભાત તથા જામફળ. વાટેલી તૂવરની દાળ. અને ગાયનું દહીં સુંઠના ચર્ણ સંગાથે ઉપયોગમાં લેવું

**કણેર ખાવામાં આવી હોયતો** કોલેરાજેવાં ચિન્હો થાયછે તે ઉપર માંખણ આપવું. દૂધ અથવા દહીંમાં સાકર નાખી ખવરાવવી તેથી તેના વિષની શાંતિ થાયછે. તથા હળદરને ગૌ દૂધમાં વાટી સાકર મેળવી પાવાથી કણેરના પંચાંગનું વિષ દૂર થાયછે.

**ઝેરકોચલાંના ઝેરનાં** ચિન્હો ધનુર્વાત કર્તાછે, ઉષ્ણછે, તેના ઉપાય માટે યોગ્ય માત્રાએ અફીણ અથવા કલોરલ હાઈડ્રેટ નામ-નામની ઇંગ્રેજી દવા આપવાથી તેનું વિષ નાશથાય.

**નેપાળાના વિષ** માટે એલચી ગાયના દહીંમાં વાટી પાવી, ધાણાનું ચૂર્ણ સાકર દહીંમાં નાખી પાવું તથા જીરૂં અને સાકર કિંવા સાકર અને ધાણા પલાળી વાટી પાણી કરી પાવા અથવા ભાંગ સાકર વાંટીને પાવી અને ઘી યુક્ત હલકું ભોજન કરાવવું જેથી નેપાલાની વિક્રિયા દૂર થાયછે.

**ભિલામાના વિકાર** ઉપર ૧૦૦ વાર કાસાની થાળીમાં ધોયેલું ઘી શરીરે ચોળવું તથા સરસવ, તાદળજો અને માંખણ તેઓનો લેપ કરવો, દારૂહળદર, સરસવ, નાગરમોથ અને માંખણનો

---

હરતાલ, મણશિલ, રસકપૂર, જંગાલરંગ એ સગળાનાં ચિન્હો ઘણાંખરાં સોમલને મળતાં છે અને તેના ઉપાયો પણ સોમલ વિષ નિવારણ પ્રમાણેજ કરવા. રસ, ઉપરસ ધાતુ અને ઉપધાતુ એઓના ઝેર-વિક્રીયાની શાંતિના ઉપાયો પાછળ આવી ગયાછે જેથી અત્રે તે શિવાય અન્ય વિષના ઉપચાર લખેલાછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેપ કરવો. માંખણ તલ અને દૂધનો લેપ, બકરીતું દૂધ વા, ખોપરેલ ચોળવું, કોથમી વાટી ચોપડવી, બદામનો મગજ ઘસી ચોપડવો, દૂધની મલાઇ અને સાકર ચોપડવી. તલ તથા કાળીમાટીને બારીક વાટી ભિલામાથી ઉપડેલા ડાઘ ઉપર ચોપડવી. જેઠીમધ, મોથ, કોઠનાં પાંદડાનો લેપ કરવો. જેઠીમધ, તલ, માખણ અને દૂધનો લેપ કરવો, આસુંદરાની છાલ તથા પાનનો લેપ કરવો, બેહડાની મીંજનો લેપ કરવો, ટોપરૂં અથવા ટોપરૂંને તલ ખાવા અને કાળા ડાઘ ઉપર ખોપરેલ ચોપવું.

**આકડાના વિષ ઉપર** આબલીનાં પાદડાં વાટી લેપ કરવો તથા દૂધ સાકર પીવું. અને તલ, તથા ધરોને બકરીના દૂધમાં વાટી લેપ કરવો.

**ચણોઠીના વિષ ઉપર**—તાદલજાનો રસ અને સાકર પીવી તથા ગાયતુ દૂધ અને સાકર પીવી.

**કૌવચ વિષ ઉપર**—ઘી સાકર અને મધ એકત્ર કરી પીવું તથા ઘીનો માલેસ કરવો અથવા ભેંસના છાણનો લેપકરી ઠંડાપાણીએ નાહી નાખવું.

**સોપારીની વિક્રિયા ઉપર**—ગોળખાવો અથવા સાકરનું પાણી પીવું. વા, ઠંડુપાણી પીવું. કિંવા નખલાતું ચૂર્ણ ફાકવું જેથી સોપારીનો વિકાર નાશ થાયછે.

### અથ જંગમ વિષના ઉપાય.

### તત્ર સર્પદંશના ઉપચાર.

कार्यासद्यःसर्पदंशे मणिमंत्रौषधक्रिया ॥
अचिंत्योहिप्रभावोस्ति मणिमंत्रौषधस्ययत् ७३
वृषराशिस्थेसवितरिशिरीषतरुबीजमेकमश्नुवते॥
सनरःखगपतितुल्योनदश्यतेसर्पसंचयैःसर्वैः ७४
कुलिकामूलनस्येन कालदष्टोपिजीवति ॥
तंडुलीयकमूलंहि पिष्टंतंडुलवारिणा ॥
सव्योषपीतमात्रंतु निर्विषंकुरुतेनरम् ॥ ७५ ॥
घृतमधुनवनीतं पिप्पलीशृंगबेरं ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मरिचमपिचदद्यात् सप्तमंसैंधवंच ॥
यदिभवतिसरोषंतक्षकेनापिदष्टो ॥
गदमिहखलुपीत्वा निर्विषस्तत्क्षणेन ॥ ७६ ॥
जयपालस्यमज्जानं भावयेन्निंबुकद्रवैः ॥
एकविंशतिवारास्तु ततोवर्तिंप्रकल्पयेत् ॥ ७७ ॥
मनुष्यलालयाघृष्ट्वा तत्तोनेत्रेतयांजयेत् ॥
सर्पदष्टविषंजित्वा साजीवयतिमानवम् ॥ ७८ ॥
कणासैंधवतुत्थंच मरिचंनींबबीजकैः ॥
गुटीनिंबुरसैनोक्ता अंजनंसर्पदोषजित् ॥ ७९ ॥

સર્પ કરડયા ઉપર જલ્દી મણિ, મંત્ર અને ઔષધી વગેરેના પ્રયોગો કરવા જોઇએ; કારણકે મણિ, મંત્ર અને ઔષધીઓનો ચમત્કારીક પ્રભાવ કાંઇ ઔરજ પ્રકારનો છે. જ્યારે વૃષરાશીના સૂર્ય થાય તે વખતેજ જે પુરૂષ કારિયાશરસનું એક બીજ ગળીજાય તો તે પુરૂષ ગુરૂડની માફક સર્પ સમૂહમાં નિઃશંક પણે ખેલેછે અર્થાત્ તેને સાપ કરડતોજ નથી. તથા કાકદીનીના મૂળનો નાશ લેવાથી સર્પનો કરડેલો પણ જીવેછે. અથવા તાદળજાનાં મૂળ ચોખાના ધોવણ સંગાથે વાટી પીવાથી સર્પ વિષયુક્ત મનુષ્ય તત્કાળ નિર્વિષ થાયછે. તેમજ ઘી, મધ, માંખણ, પીપર, આદું, મરી અને સિંધાલુણ એ સાત ઔષધીને ઝીણીવાટી પીવાથી ક્રોધસહીત કરડેલો તક્ષક નાગ પણ તત્કાળ ઉતરેછે. અથવા નેપાલાની મીંજોને લીંબડાના રસની ૨૧ ભાવના આપવી અને મનુષ્યની લાળ સંગાથે ધસી તેનું અંજન કરે તો તે મનુષ્ય સર્પ વિષથી મુક્ત થઈ જીવેછે. તથા પીપર, સિંધાલુણ, મોરથુથું, મરી, લીંબોળીઓની મીંજ એ સર્વને વાટી લીંબુનારસમાં ગોળી બનાવવી તેનું નેત્રમાં અંજન કરવાથી સાપનું ઝેર ઉતરેછે. [ પુષ્પનક્ષત્ર અને રવીવારનો જોગ જે દીવસે હોય તે દિવસે ધોળી સાટોડીની જડ લાવી ચોખાના પાણી સંગાથે વાટી પીએ તો સાપનું વિષ નાશ થાયછે. વા, સરસના ફૂલના રસની સરગવાના બીજોને ભાવના ૭ દેવી બાદ તેનું નેત્રમાં અંજન કરેતો સાપનું વિષ દૂર થાયછે. ) ૭૩–૭૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### વીંછીના ઝેરના ઉપાય.

कर्कोटिकार्कयोश्चूर्णं नागफेनंसनागरं ॥
सूर्यदुग्धेनगुटिका वृश्चिकादिविषापहा ॥ ८० ॥
आरक्तवृत्तापामार्ग पत्रंभुक्तंतदैवहि ॥
वृश्चिकेननरंविद्धं कुरुतेसुखिनंभृशम् ॥ ८१ ॥
पानीयपिष्टजैपास कल्कलेपेनसर्वथा ॥
विषंवृश्चिकविद्धस्य भस्मीभवतिसर्वथा ॥ ८२ ॥

કંકોડી તથા આકડાનું મૂળ, અફીણ અને સુંઠ સમાન ભાગે લેઇ ચૂર્ણ કરી આકડાના દૂધમાં તેની ગોળી વાળી સૂકાવી લેઈ કાર્ય વખતે પાણીમાં ઘસી વીંછીના ડંખ ઉપર ચોપડે તો તેનું ઝેર નાશ પામેછે. અથવા ગોળ પાંદડાંવાળા રાતા અંઘાડાનાં પાંદડાં ખાવાથી તત્કાળ વીંછીનું ઝેર ઉતરેછે, તેમજ નેપાળાને પાણીમાં વાટી વીંછીના ડંખ ઉપર લેપ કરવાથી તેનું વિષ નાશ થાયછે. [ નવસાદર અને કલીચુનો જરા પાણી સાથે હથેળીમાં મસળી સુંઘાડવો. તથા નવસાદર વાટી તેનો ડંખ ઉપર લેપ કરી જરા શેક કરવો. અથવા મીણ સિંદૂર અને મોરપાંખના ચાંદલાની ડંખને ધુણી આપવી, અથવા આમલીનો કચુકો શેકી અથવા ઘસી ડંખઉપર ચ્હોટાડી દેવો, અથવા વજને ચાવી જમણા ભાગમાં વીંછી કરડયો હોયતો ડાબા કાનમાં અને ડાબા ભાગમાં કરડયો હોયતો જમણા કાનમાં ફૂંક મારવાથી વીંછીનું ઝેર નિશ્ચે ઉતરેછે; પરતુ એટલું યાદ રાખવું કે વજ ચાવનાર મનુષ્યના મોઢામાં કોઈ પ્રકારની ચાંદી અગર ફોલ્લા ન હોવા જોઈએ નહીતો નુકસાન થાયછે, અથવા પલાસપાપડો આકડાના દૂધમાં ઘસી ડંખ ઉપર ચોપડવો, તથા નવસાદર અને હરતાલ પાણીમાં વાટી ડંખ ઉપર ચોપડવાં તો વીંછીનું ઝેર ઉતરી જાયછે, આ ઉપાયો અનુભવેલાછે પણ દેશ અને પ્રકૃતી વિચારી ઉપયોગમાં લેવા. ) ૮૦–૮૨

### ઝેરી ઊંદર કરડયો હોય તેના વિષનું નિવારણ.

ચૂલા ઉપરનો ધૂમસ, મજીઠ, હળદર, સિંધાલુણ પાણી સંગાથે વાટી કરડેલી જગ્યોએ લેપ કરવો, સાંપની કાંચળીની દિવસ ૩ ધૂણી દેવી; અને પથ્ય પાળવું; તથા ઉંદર કરણીનાં પાદડાંનો રસ બે તોલા સુધી પીવો તથા ચોળવો અથવા તેનાં મૂળીયાં ગાયના દૂધમાં વાટી ૭ દિવસ પીવાં. અથવા તુલસીના રસમાં અફીણ ઘુંટી શરીરે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડંખે લેપ કરવો. તેમજ મેંદીનાં કૂણાં પદડાનો રસ તોલા ૨ અને ઘી તોલો ૧, એ બન્ને એકત્ર કરી પીવાં. અથવા ઊંદરની લીંડીઓનો ડંખ ઉપર લેપ કરવો જેથી ઝેરી ઊદરનું વિષ નાશ થાયછે.

**ખડમાંકડી કાનખજૂરા લુતા, મધમાખ, ભમરી, માછલી અને ડેડકાના ડંખના ઉપાય.**

**मरिचंनागरोपेतं सिन्धुसौवर्चलान्वितं ॥**
**फणिवल्लीरसैर्लेपा द्धंतितद्धरटीविषम् ॥ ८३ ॥**

કાળાંમરી, સુંઠ, સિધાલુણ અને સંચળ એટલાને નાગરવેલ પાનના રસમાં ઘુંટી લેપ કરવાથી માકડીકુકડી વા, ખડમાકડીનું વિષ નાશ થાશછે. ( સાઠીચોખા અને ઘરો વાટી લેપ કરવાથી પણ મટેછે. ) ૮૩

**लेपप्रदीपतैलस्य खर्जूरविषनाशनः ॥**
**हरिद्राद्वयलेपो वा सगैरिकमनःशिलः ॥ ८४ ॥**

દીવો ઓલાઇ ગયા પછીનું બચેલું તેલ ચોપડવું તથા હળદર અને દારૂહળદરનો લેપ કરવો અથવા સોનાગેરૂ અને મણસલનો લેપ કરવો જેથી કાનખજૂરો કરડયાનું વિષ નાશ થાયછે. ૮૪

**रजनीद्वयमंजीष्टा पतंगगजकेशरैः ॥**
**शीतांबुपिष्टैरालेपः सर्वलूताविषापहः ॥ ८५ ॥**
**स्योन्याकहिमकुष्टानि सारिवासमभागिका ॥**
**लूतान्यथाहरोलेपः सद्यःप्रत्ययकारकः ॥ ८६ ॥**

હળદર, દારૂહળદર, મજીઠ, પતંગનુંલાકડું અને નાગકેશર એ-ઓને ઠંડા પાણીથી વાટી લેપ કરવો. તથા લોધર, કપૂર, ઉપલેટ અને ઉપળસરી એ સર્વ સમાન લેઈ પાણીમાં વાટી લેપ કરવાથી સર્વ જાતની લૂતાનાં ( ઘાસમાં ઉપજતાં ઝેરી જંતુઓ લીલારંગની માંકડી વગેરેનાં ) ઝેર નિશ્ચે નાશ થાયછે. ૮૫–૮૬

**મધમાખના ડંખ ઉપર—**કેશર તગર અને સુંઠ પાણીમાં વાટી લેપ કરવો અથવા માટી કે રાફડાની માટીનો પાણી સંગાથે લેપ કરવો જેથી મધમાખીના ડંખનું ઝેર કમતી થશે અથવા ગો-મૂત્ર સંગાથે ત્રિફળાનો લેપ કરવાથી નાશ થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભમરા ભમરીના ડંખ ઉપર**—સુંઠ, કબૂતરની હગાર, હરતાલ અને સિંધાલુણ એઓને બીજોરાના રસમાં ઘુંટી લેપ કરવો અથવા ભેંસનું માખણ ચોપડવું જેથી ભમરા ભમરીના ડંખની પીડા નાશ થાયછે.

**માછલાના ડંખ ઉપર**--મોરપીંછાના ચાંદલાની ધૂણી દેવી અથવા કાળા બરૂના કલ્કમાં ઘી નાખી કવાથ કરી તેનો લેપ કરવો જેથી માછલાનો ઝેરી ડંખ નાશ થશે.

**ઝેરી દેડકો કરડયો હોયતો**—સરસનાં બીજ થોરના દૂધમાં વાટી લેપ કરવો જેથી આરામ થાશછે.

**ગરોળી જળો કાચંડો કરડયો હોયતેના વિષના ઉપાય.**

કારેલીનું મૂળ ઘસી ચોપડવાથી ગરોળીનું ઝેર મટેછે, જવનો લોટ ચોપડવાથી જળોનું ઝેર મટેછે, આકડાનું મૂળ ઠંડાપાણીમાં વાટી લેપ કરવો તથા નાળીએરનો કુશો ગરમ પાણીમાં ઘસી તેમાં આમળાં નાખી ઉન્હો કરી લેપ કરવાથી ઝેરી કાચંડાનું ઝેર મટેછે.

**હડકાયા કૂતરાનું ઝેર મટવાના ઉપાય.**

**जलवेतसपत्रंतु मूलंकुष्टंपचेज्जलैः ॥**
**सक्काथःशीतलःपेयः परमश्वविषापहः ॥ ८७ ॥**
**असनजटाजलपिष्टंयःस्वादातिमातुलुंगफलमेकम्**
**उन्मत्तसारमेयप्रभवंविषमस्यनाशयति ॥ ८८ ॥**
**मुंडीपंचांगचूर्णंतुगोमूत्रेणसमांपिबेत् ॥**
**तस्माच्छ्वानाविषंयातियथापापंप्रभुस्मृते ॥ ८९ ॥**

જળવેતસનાં પાદડાં અને મૂળ તથા ઉપલેટ એઓનો કવાથ બનાવી ઠંડોકરી પીવાથી હડકાયા કૂતરાનું ઝેર મટેછે; તથા વિજયસાર, જટામાસી પાણીમાં વાટી તે પાણીની સંગાથે બીજોરાનું એક બીજ ખાય તો હડકાયા કૂતરાનું ઝેર નાશ પામેછે. અથવા બોડીઆ કલારના પાંચેઅંગ ( ફૂલ, ફળ, પાંદડાં મૂળ અને ડાળાં ] લેઈ તેનું ચૂર્ણ કરી ગાયના મૂત્ર સંગાથે પીવાથી જેમ પરમાત્માનું સ્મર્ણ કરવાથી પાપ નાશ થાયછે તેમ હડકાયા કૂતરાનું ઝેર નાશ થાયછે. ( અથવા જે જગ્યોએ હડકાયલા કૂતરે અથવા હડકાયા શિયાળે બચકું ભર્યું હોય તે જગ્યોનું લોહી કાહાડી નંખાવવું અથવા તે સ્થળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડામીદેવું અથવા ધંતૂરાનો રસ ૧। તોલો તેટલુંજ આકડાનું દૂધ તથા ઘી લેઇ એઓને એકત્ર ઘુંટી કરડેલી જગ્યોએ લેપ કરેતો હડકાયા કૂતરાનું ઝેર નાશ પામેછે. અથવા ધંતૂરાના બીજ સહિત ફળને તાદળજાના મૂળના રસથી વાટી અથવા ગલજીભીના રસથી વાટી લેપ કરેતો હડકાયા કૂતરાનું ઝેર નાશ પામે અથવા કૂકડાની વિષ્ટાનો લેપ કરેતો સ્વાન વિષ નાશ પામેછે. અથવા તાદળજાનાં મૂળ તુળસીનાં મૂળ અને વજ ચોખાના ધોવણ સંગાથે દિવસ ૭ પીવાથી હિવાના કૂતરાનું ઝેર નાશ પામે અથવા તાંદળજાના મૂળનો રસ ઘી અને દારૂડી [ સત્યાનાશી—ચોખ ) એકત્ર કરી દિવસ ૭ પીએ અથ-વા કડવી તૂબડીની જડ એક તોલો સુંઠ અને મરી એક તોલો લીંબો-ળીની મીંજો એક તોલો શોધેલા નેપાળા સવાબે તોલા, નસોતર પોણા બે તોલા, એ સઘળાને ઝીણાં વાટી દશ આની ભાર ગોળ નાખી ગોળીઓ વાળી ગોળી ૧ ઉન્હા પાણી સંગાથે દિવસ ૭ તથા ૧૬ પીએ અથવા કડવી તૂબડીનું મૂળ, હિંગળોક, શોધેલો નેપાળો, મરી, ફૂલાવેલો ટંકણ એ સઘળાં સમાન લેઈ તાંદળજાના રસમાં ઘુટી બેબે રતી ભારની ગોળીઓ વાળવી, ગોળી ૧ ઉન્હા પાણી સંગાથે દીવસ ૭ ખાયતો હડકાયલા કૂતરાનું ઝેર નાશ થાય અથવા કરડયું હોય તે ભાગ ઉપર આ જ ગોળી નરમૂત્રમાં ઘસી ચોપડે તો પેસાબ દ્વારા જંતુ નીકળી સ્વાન વિષ નાશ થાયછે. ] ૮૭—૮૯

**કાચનીભૂકી અથવા ગ્યાસલેટ તેલની વિક્રીયાના ઉપાય.**

કાચની ભૂકી ખાવામાં આવી હોય અથવા દ્વેષ બુદ્ધિથી કોઈએ ખવરાવી હોય તો તેનાથી આંતરડામાં વ્યાધિ, તાવ, ઉલટી, જુલાબ, પેટચઢવું તથા દુખવું, તરસ અને બળતરાદિ વિકારો થાયછે તે ઉપર પુષ્કળ સતોરૂં દહીં તથા દૂધ મલાઇદાર અને આંબલી વગેરે પીવાં. એરંડાનાં મૂળ વાટી પીવાં. નવસાદર અને ગોપીચંદન પીવું. ઉલટી કરાવવી, રેચ આપવો અને સ્નિગ્ધ પદાર્થોનું સેવન કરાવવું જેથી આરામ થાય છે.

**કેરોસીન** ( ગ્યાસલેટ તેલ પીવામાં આવ્યું હોયતો ગરમાળાનો ગોળ તોલા ૫ પાણી સંગાથે ચોળી પાઈ દેવો, બાદ પાસેર દૂધ પાવું અને ઉપરા ચાપરી મીઠા તેલના કોગળા કરવવા જેથી તેનો વિકાર દૂર થાય છે. ઈતિ વિષ ભેદ પ્રકરણ સમાપ્ત.

**હવે અજીર્ણ ભેદ અને તેના ઉપચાર કહીએ છીએ.**

**अजीर्णप्रभवारोगा स्तदजीर्णंचतुर्विधम् ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आमविदग्धविष्टब्धं रसाजीर्णचतुर्थकं ॥ ९० ॥
आमेचोष्णोदकंपेयं दग्धेचोदरस्वेदनं ॥
विष्टब्धेरेचनंचैव शयनंरसशेषके ॥ ९१ ॥
घृताजीर्णेदिनेपंच तैलेद्वादशकस्तथा ॥
थितिसंख्यापयस्युक्ता दधिजेविंशतिस्तथा ९२

મનુષ્યો અજીર્ણના રોગને હિસાબમાં ગણતા નથી પણ તે રોગથી મોટા રોગોનાં મૂળ રોપાય છે માટે અવશ્ય ધ્યાનમાં રાખવું જોઈએ કે અજીર્ણ રોગના ચાંપતાં ઉપાયો લેવાથી બીજા ભયંકર રોગો ભાગ્યેજ થવા પામેછે. તે અજીર્ણ રોગ ચાર જાતનોછે એટલે આમાજીર્ણ, વિદગ્ધાજીર્ણ, વિષ્ટબ્ધાજીર્ણ અને રસાજીર્ણ. આમાજીર્ણમાં ઉન્હું પાણી, વિદગ્ધાજીર્ણમાં સ્વેદન ( શેક-પસીનો ) વિષ્ટબ્ધાજીર્ણમાં જુલાબ અને રસશેષકાજીર્ણમાં શયન ઉપયોગમાં લેવાથી ફાયદો થાયછે. તેમજ ઘી ખાવાથી અપચો થયો હોય તો પાંચ દિવસે, તેલનો અપચો ૧૨ દિવસે, દૂધનો ૧૫ દિવસે અને દહીંનો ૨૦ દિવસે જીર્ણ થાયછે અર્થાત્ ત્યાર પછી તેનો અપચો મટેછે. હવે અજીર્ણના ઉપાય કહીએ છીએ—

पिष्टान्नंसलिलेप्रियालुफलजेपथ्याहितामाषजे ॥
खांडंक्षीरभवेतुतक्रमुचितंकोष्णांबुकालिंगजे ॥
मत्स्यंचूतफलेत्वजीर्णशमनंमध्वम्बुपानात्यये ॥
तैलेपुष्करजेकटुप्रशमनंशेषांस्तुबुद्ध्याजयेत् ९३

રોટલી તથા મેદાની પૂરી ખાવાથી અપચો થયો હોય તો શિતળ સુંદર જળ ( પાણી ] પીવું. ચારોળી અથવા રાયણ ખાવાથી વિકાર થયો હોયે તો હરડે ખાવી. અડદનાં પદાર્થ ખાવાથી વિકારજણાય તો ખાંડ ખાવી. દૂધ પીવાથી અજીર્ણ થાય તો છાશ પીવી. તરબૂજના અજીર્ણમાં ઉન્હું પાણી પીવું. માછલાં ખાવાથી અજીર્ણ થાય તો કેરી ચૂસવી. દારૂના વિકાર ઉપર મધ અને પાણી મેળવી પીવું. કમળકાકડીના અજીર્ણ ઉપર સરસીયું પીવું અને બાકી વિકારો ઉપર વૈદ્ય પોતાની મરજી મુજબ અનુપાન આપી અજીર્ણનો નાશ કરે. ૯૩

उष्णोदकंघृताजीर्णे तैलाजीर्णेचकांजिकम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



गोधूमेकर्कटीश्रेष्ठा कदल्याम्रफलेघृतम् ॥ १४ ॥ दाडिमामलकतालतिन्दुकी बीजपूरलवलीफलानिच ॥ वाकुलंफलमतीवपाचयेत्पाकमेतिबकुलं स्वमूलतः ॥ १५ ॥

ઘીના અજીર્ણ ઉપર ઉન્હું પાણી પીવું. તેલના અજીર્ણ ઉપર કાંજી પીવી. ઘહુના અજીર્ણ ઉપર કાકડી. કેલાના અજીર્ણ ઉપર કેરી [ અથવા એલચી ) ખાવી. દાડિમ, આમલી, તાડફળ, તિન્દુક અને બીજોરાના અજીર્ણ ઉપર બોલસરીનાં ફૂલ ખાવાં અને બોલસરીના અજીર્ણ ઊપર બોલસરીના ફળ ખવાં તો તેનો વિકાર મટેછે. ૯૫

अम्रातकोदुंबरिपिप्पलीनां फलानिचप्लक्षवटादिकानां ॥ विश्वौषधंपर्युषितोदकेन सौवर्चलेताम्र फलस्यपाकम् ॥ ९६ ॥ गोधूममाषौहरिमंथमुद्गौ यवासतीनांकितवोनिहंति ॥ यन्मातुलुंगीफलमेतिपाकं क्षणेनसोयंलवणानुभावः ॥ ९७ ॥ नागरंहरतिबिल्वजांबवं पाचयेन्मधुरिकाकपित्थजम् ॥ सर्वथैवसकलामनीहंत्री प्रीतयेग्निजननी गदितासा ॥ ९८ ॥

આંબો, ગૂલર ( ઊંબરો ), પીપર, પાકર અને વડ એઓનાં ફળ ખાવાથી અજીર્ણ થાય તો સુંઠનું ચૂર્ણ પાણી સાથે પીવું. કેરીના અજીર્ણ ઊપર સંચળ ફાકવો, ઘહુ, અડદ, ચણા, મગ, જવ. અને વટાણા એઓથી થયલા અજીર્ણ ઊપર ધંતૂરાનો રસ પીવો અથવા બીજોરાના રસ સંગાથે સિંધાલુણ ખાવું. બીલાં તથા જાબુનાઅજીર્ણ ઊપર સુંઠ ખાવી. કોઠના અજીર્ણ ઊપર વરીયાલી ખાવી. વરીયાલી વિશેષે કરીને તમામ ઔષધીઓને પચાવનારછે, વ્યાધિનોનાશ કરનાર અને જઠરાગ્નિને વધારનારછે. ૯૫-૯૮

पिशितपनसयोस्यादाम्रबीजेनपाकः कृशरमहिषयोषित्क्षीरयोःसैंधवेन ॥ चिपटपरिणतिःस्यात्पि

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्पलीदीप्यकाभ्या मपहरतितुषांबुद्धैदलानामजीर्णम् ॥ ९९ ॥

कर्पूरपूगीफलनागवल्ली काश्मीरजातीफलजातिकोषे कस्तूरिकाशेलुकनालिकेर फलंपचत्याशुसमुद्रफेनः ॥ ५०० ॥

માંસ અને પનસના અજીર્ણ ઊપર આબાની ગોટલી ફાકવી, અડદ, તલ અને ચોખાની ખીચડીથી તથા ભેંસના દૂધથી અજીર્ણ થયું હોય તો સિંધાલુણ ખાવાથી મટેછે. ચિરવાનું અજીર્ણ પીપર અને અજમાથી નાશ થાયછે. કઠોળ અન્નાદિકથી અજીર્ણ થયું હોય તો કાંજીથી મટેછે. કપૂર, સોપારી, તાંબૂળ, કેશર, જાયફળ, જાવંત્રી, કસ્તૂરી, બેહેડાં અને નાલીયર એઓના અજીર્ણ ઊપર સમુદ્રફેણ ખાવું. ૯૯–૫૦૦

श्यामाकनीवारकुलत्थषाष्टि निष्पावकंगुर्दधिमंडमस्तु ॥ चिंचाकुलत्थौतिलतैलयोगो ॥ जटाब्दनादस्यनिहंत्यथाम्रम् ॥ १ ॥ कशेरुश्रृंगाटमृणालमुद्या खर्जूरखंडाद्यपिनागरेण ॥ पलाशभस्मांबुतथारजोवा रसोनिहन्याद्रसमिक्षुजातम् ॥ २ ॥ किमत्रचित्रंबहुमांसमत्स्य भोजीसुखीस्यत्परिपीतसूक्तः इत्यद्भुतंकेवलवन्हिपक्व मांसेनमत्स्यःपरिपाकमेति ॥ ३ ॥

કલત્થી, સાઠીચોખા, વગડાઊમગ, મઠ અને કાંગ એઓના અજીર્ણ ઉપર દહીંનો ઘોળ કરી પીવો. આમલી, કલત્થીના અજીર્ણ ઉપર મીઠુંતેલ અને કેરીના અજીર્ણ ઊપર તાડળજાનાં મૂળ વાટી પીવાં. કસેરૂ, સિંઘોડાં, કમળકંદ, દ્રાખ, ખજૂર અને ખાંડ એઓના અજીર્ણ ઊપર સુંઠ ખાવી. સેલડીના અજીર્ણ ઊપર ખાખરાની રાખ પાણીમાં મેળવી પીવી. ઘણું માંસ અને માછલાં ખાવાથી અજીર્ણ થાય તો દારૂ પીવો કે તુરત અજીર્ણ મટેછે એમાં કાંઈ આશ્ચર્ય નથી પરંતુ એકલા શેકેલા માસથી માછલી ખાવાનું અજીર્ણ મટેછે એ વધારે આશ્ચર્ય થવા જેવુંછે. ૧–૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



शाकानिसर्वाण्यपियान्तिपाकं क्षारेणसद्यस्तिल नालजेन ॥ चंचूकसिद्धार्थकवास्तुकानां गायत्रिसारक्कथितेनपाकः ॥ ४ ॥ पटोलवंशांकुरकार वेल्ली फलान्यलाबूनिबहूनिजग्ध्वा ॥ क्षारोदकं व्रह्मतरोर्निपीय भोक्तुः पुनर्वाञ्छातितावदेव ॥५॥ विपच्यतेसूरणकोगुडेन तथालुकंतंदुलतोयपानात ॥ जम्बीरनीरेणनिशारसोन मुस्तेनचूर्णपरिपाकमेति ॥ ६ ॥

તમામ શાકના અજીર્ણ ઊપર તલનો ખારખાવો. લુણી સરસવ અને બથવાની ભાજીના અજીર્ણ ઊપર ખેરસારનો ઊકાળો પીવો. પરવળ, વાંસની કૂંપળો, મીઠી તૂંબડી એઓના અજીર્ણ ઊપર ખાખરાની રાખના ખારને પાણીમાં નાખી પીવાથી તત્કાળ અજીર્ણ મટેછે. અને પુનઃ ભોજન કરવાની ઈચ્છા ઊત્પન્ન થાયછે. સૂરણના અજીર્ણ ઊપર ગોળખાવો. બટાટાના અજીર્ણ ઊપર ચોખાનું ધોવણ પીવું. હળદરના અજીર્ણ ઉપર જંબીરીનો રસ પીવો. લસણના વિકાર ઉપર મોથનું ચૂર્ણ ખાવું. ૪–૬

लवणंतंदुलपेयात्सर्पिर्जंबीरवारिणाचपच्येत् ॥
मरिचादपितत्पाकंशीघ्रंयात्येवकांजीकात्तैलं ॥
रसान्नंजीर्यतिव्योष खंडंनागरभक्षणात् ॥
फलानिसकलान्याशुयवक्षारात्पचन्तिहि ॥
मद्यंरसान्नवासाचहरिमंथंनजीर्यति ॥ ८ ॥

મીઠાનું અજીર્ણ ચોખા ખાવાથી મટેછે. ઘીનું અજીર્ણ જંબીરીના રસથી અથવા કાળાં મરીનું ચૂર્ણ ખાવાથી જીર્ણ થાયછે. તેલનો વિકાર કાંજીથી મટેછે. રસાન્નનું અજીર્ણ સુંઠ મરી પીપરના ચૂર્ણથી. ખાંડનું અજીર્ણ સુંઠ ખાવથી, સર્વ પ્રકારનાં ફળોનું અજીર્ણ જવખારથી નાશ થાયછે. મદ્ય રસાન્નનું અજીર્ણ અરડુસા અને ચણા ખાવાથી નાશ થાયછે. ૭–૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



उष्णनशीतंशिशिरेणचोष्णं मम्लेनचक्षारगुणोगु
णाय ॥ स्नेहेनतीक्ष्णंवमनातियोगे सिताहिता
स्यादितिकाशपोक्तिः॥ स्निग्धेषुरूक्षंचतदप्यनेन
स्निग्धंचरूक्षेणचपाकमेति ॥ ९ ॥ तप्तंतप्तंहेमवा
तारमग्नौतोयेक्षिप्तंक्षिप्तमंभःसुतच्च ॥ पीत्वाजीर्णं
तोयपानंनिहन्यात् ॥ चित्राक्षौद्रंभद्रमुस्तांविशे
षात् ॥ १० ॥ ताम्बूलजग्धास्थितचूर्णिकेन स
दह्यते यस्यमुखंनरस्य तैलेनवाकेवलकांजिकेन
सुखायगंडूषमसौविदध्यात् ॥ ११ ॥

શરદીના રોગ ગરમ ઔષધ કરવાથી અને ગરમીના રોગ ઠંડાં ઔષધ કરવાથી નાશ થાયછે. બધા ક્ષાર ( ખાર ), ખાટા પદાર્થોના સંયોગથી ગુણ કારક થાયછે. મરી આદિ તીખી વસ્તુએ ઘી તેલના સંયોગથી ગુણ કારક થાયછે. ઉલટી કરાવનારી વસ્તુઓના વિકાર ( દોષ ) સાકરથી શાંત થાયછે. સ્નિગ્ધ પદાર્થોના અજીર્ણ ઉપર લુખાં અને લુખાં પદાર્થના અજીર્ણ ઉપર સ્નિગ્ધ પદાર્થ સેવન કરવાં. ઘણા દિવસનું અજીર્ણ નમટતું હોય તો સોનાને અથવા ચાંદીને વારંવાર દેવતામાં તપાવી તપાવી પાણીમાં છમકાવી તે પાણી ઠંડુ થયા પછી પીવાથી અથવા ચિત્રામૂળ, ભદ્રમોથ અને મધના સેવનથી લાંબા સમયનું અજીર્ણ પણ નાશ પામેછે. જેને પાન બીડાના ખાવાથી મોઢામાં બળતરા થાય; અર્થાત્ ચૂનો લાગી ઉઠેતો તેલ અથવા કાંજી કે સરકાના કોગળા કરવા જેથી આરામ થાયછે. ૯–૧૧

ઈતિ અજીર્ણ વિકારના અનુપાન સમાપ્તમ્

હવે વિરૂદ્ધ ભોજન વિચાર કહીએ છીએ.

विरुद्धमपिचाहारं विद्यागुरुविषोपमम् ॥
तद्बोधायाभिषक्स्थाप्यो भोजनावसरेनृपैः १२
कालक्रमेणसद्योवा विरुद्धाहारसेवनम् ॥
निहंतिमानवंतस्मा द्विरुद्धमशनंत्यजेत् ॥ १३ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



व्याधिमौंद्रियदौर्बल्यं मरणंवाप्रयच्छति ॥
विरुद्धमशनंतस्मा द्वर्जयेदात्मवान्नरः ॥ १४ ॥

વિરૂદ્ધ ભોજન ( અણુબનાવવાળી ચીજોનું સેવન ) કરવાથી મોટા વિષ સમાન દોષ પ્રાપ્ત કરેછે; માટે વૈદ્યોને વિશેષે કરીને તેનું જ્ઞાન મેળવવુંજ જોઇએ. ભોજન કરતી વખતે એક એકને વૈરભાવ ધરાવનારી વસ્તુઓ કદીપણ ન ખાવી. અને જો ખાય તો, તાત્કાળ અથવા કેટલોક વખત ગયા પછી ઘોર રૂપ પકડી મનુષ્યના અમુલ્ય દેહને મરણને શરણ કરેછે; એટલાજ માટે વિરૂદ્ધ ભોજન ત્યજીદેવાં વિરૂદ્ધ ભોજનથી વ્યાધિ, ઈંદ્રિયોની નિર્બળતા અથવા મરણ થાયછે એ કારણ માટે હમેશાં વિરૂદ્ધ ભોજનને ત્યજી દેવું. १२-१४

दुग्धंशाककुलत्थमीन मदिरावल्लीफलक्षारय ॥
दम्लैर्मांसकवीर जांबवदधिक्षौद्रैःपृथग्वापृथक् ॥
दुष्टंस्याद्दधितूष्णलाकूचपयस्तैलांसवांध्यायुधै ॥
स्तालेनाप्यंथतक्रमाज्य कदलीधानाथयःसक्तुभिः
महूर्त्तपंचकादूर्ध्वं क्षीरंभजतिविक्रियाम् ॥
तदेवद्विगुणेकाले विषवद्धन्तिमानवम् ॥ १६ ॥
अकथितंदशघटिकाः क्वथितंद्विगुणंचतत्पयःप-
थ्यम् ॥ अथवामधुररसाढ्यं यावत्तावत्पयःपथ्यम्

કુલત્થીનશાક સંગાથે દૂધ ન વાપરવું. માછલાંની સંગાથે દારૂ, અજમોદ, ભીંઢળ અને ક્ષાર વિરૂદ્ધછે; અર્થાત્ માછલાંની સંગાથે ઉક્ત ચાર વસ્તુઓ ન ખાવી. અમ્લવેતસ નામના લીંબુની સંગાથે. માંસ, કાંજી, જાંબુ, દહીં અને મધ જુદાં જુદાં ખાવાં વિરૂદ્ધછે. અને દહીં, ડુંગળી, વડનાં ફળ, દૂધ, તેલ અને આસવ એ અન્યો અન્ય ( એક બીજાથી ) વિરૂદ્ધછે. તાડનાં ફળ સંગાથે દહીંનો ઘોળ વા, છાશ, ઘી અને કેળાં વિરૂદ્ધછે. દૂધની સંગાથે સેકેલો સાથવો વિરૂદ્ધછે. ( અથવાસત્તુઓની સાથે દૂધ વિરૂધ્ધછે. ] પાંચ મુહૂર્ત્ત સુધી દૂધ એમનું એમ પડયું રેહવાથી અવગુણ કરેછે. દશ મુહૂર્ત્ત સુધી પડયું રેહવાથી ઝેરી થઇ મનુષ્યને હાનિ કરતા થાયછે. વગર ઉકાળેલું દૂધ દશ ઘડી, ઉકા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેલું વીશ ઘડી સુધી અને મીઠાસ ( સાકર–ખાંડ ] મેળવ્યા પછી મરજી પડે ત્યાં સુધી પીવા યોગ્ય ( પથ્ય ) છે. ૧૫–૧૭

मत्स्यमांसगुडमुद्गमूलकैः कुष्टमावहतिसेवितंपयः
शाकजांबवसुरासवैः पुनर्मारयत्यबुधमाशुसर्पवत्
एणैर्मृगैमयूरैश्च तित्तिरैर्लावकादिभिः ॥
सर्वैर्जांगलमांसैश्च क्षीरंप्रतिनिषिद्ध्यते ॥ १९ ॥
अम्लेष्वामलकंशस्तं लवणेषुचसैंधवम् ॥
कषायेष्वभयाशस्ता कटुवर्गेषुनागरम् ॥ २० ॥

માછલાનું માંસ, ગોળ, મગ અને મૂળાની સંગાથે દૂધ ખાવાથી કોઢ ઉત્પન્ન કરેછે, જાંબૂ શાક, આસવની સંગાથે સેવન કરવાથી સર્પની સમાન જલ્દી મનુષ્યને મારી નાખેછે. એણ મૃગમોર તીતર લાવાં અને બીજાં બધાં જાંગલ માંસની સંગાથે દૂધ પીવું વિરૂદ્ધછે. ખાટાં પદાર્થોમાં આમળાંની સંગાથે, ખારાં પદાર્થોમાં સિંધાલુણ સંગાથે, કષાયલાં પદાર્થોમાં હરડે સંગાથે, તીખાં પદાર્થોમાં સુંઠ સંગાથે. તથા–

पटोलंतिक्तवर्गेषु मधुरेषुचशर्करा ॥
एतैःसहहितंदुग्ध मेतदन्यैर्विकारकृत् ॥ २१ ॥
उष्णेनदिव्यसलिलेनवराहगोधा मांसेनयाति-
विकृतिमधुमूलकैश्च तक्रेणचोष्णमपितुल्यघृतंघृ-
तंचकांस्येदशाहमुषितंचतथाघृतंच ॥ २२ ॥
गोधातित्तिरलावबर्हि पललान्येरंडतैलाग्निना ॥
मत्स्याम्लैक्षवमाधवैरथपृषदक्षामिषान्यासवैः ॥
तैलैःसर्षपजैः कपोतपटलंसिद्धंविरुद्धंतथा ॥
नानेकत्रतुपाचितानितरसाव्यापादयंत्यंगिनम्

વારાહ ( સૂઅર ] ગોહ ( ઘો ) ના માંસ અને ઉન્હાદીવ્ય પાણી સંગાથે મધ ખાવાથી મૂળ વ્યાધિ પ્રાપ્ત થાયછે. છાશની સંગા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થે ઉન્હું ઘી અથવા ઘી ખાવાથી વિકાર કરેછે. કાંસાના વાસણમાં રાખેલું ઘી દશ દાહાડામાં ખાવાના કામનું રહેતું નથી. ઘો, તીતર, લાવાં અને મોર એઓના માંસની સંગાથે એરંડીયું વિરૂધ્ધછે. માછલાં આમલી શેલડી અને મધની સંગાથે ટપકાં વાળા હરણનું માંસ અને આસવ વિરૂધ્ધછે. સરસીયા તેલ સંગાથે કબૂતરનું માંસ પકવેલુ વિરૂધ્ધછે; અર્થાત્ એઓને એકઠાં પકવવાં નહિં નહીંતો ખાનારને મૃત્યુ સંપાદન કરાવેછે. ૨૧–૨૩

हारीतस्यपलंहिदारुरजनीमूलेनविद्धानिशा ॥ वन्हौपाचितमत्तिमानवपलंकौसुंभतैलैरविः ॥ प्रोतंकेनचिदेवभासपललंशूलेनदुष्टंमतम् ॥ वासिन्याविसकंठिकासहतथाकुल्माषकैश्चाहिता। २४। दुष्टंपायसमन्वितंकृशरयाचंद्रस्तुनिंबूरसै स्तैलैःसार्द्धमफेनकंकिटिवसासिद्धोविरोधोबकः सर्पिःक्षौद्रवसांबुतैलमपृथक्तद्वद्विशोवात्रिशोभिःसापर्युषितातथामुहुरनुष्णोष्णीतथानोहिता ॥ २५ ॥

હારીતનું માંસ હળદર અને દારૂહળદર સંગાથે વિરૂધ્ધછે. પુષ્કરમૂળ કપૂર અને હળદર પરસ્પર વિરૂધ્ધછે. અગ્નિ ઉપર પકવેલું માણસનું માંસ કસુંભીના તેલ સંગાથે અને કલતથી તથા શૂળોમાં પરોવેલું માસ પક્ષીના માંસથી વિરૂદ્ધછે (નકામું થઈ જાયછે) ઘોળા ફુલના કંટાશળીઆની સંગાથે વનકંકોડાં વિરૂદ્ધછે. તથા કલતથી સંગાથે પણ વિરૂધ્ધછે. દૂધ અથવા ખીર સંગાથે ખીચડી વિરૂધ્ધછે. લીંબૂના રસ સંગાથે કપૂર વિરૂધ્ધછે. તેલની સંગાથે ફીણ વગરની સૂઅરની ચરબી મેળવવી વિરૂધ્ધછે, ઘી અને મધ બરાબર મેળવવાથી વિરૂધ્ધછે. ચરબી પાણી અને તેલ મેળવવાથી વિરૂધ્ધ ગણાયછે. તેમજ બે અથવા ત્રણ દિવસનું રાખેલું વાસી અન્ન તથા ઘણું ઠંડુ અન્ન અને વારેઘડીએ ઉન્હું કરેલું અન્ન ખાવામાં અહિત કારીછે. ૨૫

रात्रौक्षीरंनसेवेत यदिसेवेत्नस्वपेत् ॥ यदिस्वपेद्धरत्यायुस्तस्मात्पथ्यंदिवापयः ॥ २६ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



हेमंतेशिशिरेचापि वर्षासुदधिशस्यते ॥
शरद्ग्रीष्मवसंतेषुप्रायशस्तद्धिगर्हितम् ॥ २७ ॥

રાત્રીમાં દૂધ પીવું નહિ અને પીવું તો તરત સુઇ જવું નહિ સુવાથી આયુનો નાશ થાયછે; એ માટે દિવસે દૂધ પીવું એજ હિતકારીછે. હેમંત, શિશિર અને વર્ષા ઋતુમાં દહીં ખાવું ઉત્તમછે; પરંતુ શરદ, ગ્રીષ્મઅને વસંત ઋતુમાં દહીં ખાવું વર્જીત-છે. આ પ્રમાણે વિરૂધ્ધ ભોજનનો વિચાર કરી હિતાવહ વસ્તુ ભોજનમાં ગ્રહણ કરવી. ૨૬–૨૮

इत्यजीर्णकुलखंडनोगणो नूनंमाहमुनिरात्रिसंभ-
वः ॥ सम्यगेनमधिगम्ययोजयेन्न क्वचित्स्खलति-
जातुतत्त्ववित ॥ २८ ॥

એવીરીતે અજીર્ણ કુળનો નાશ કરનાર ગણ, મહામુનિ આત્રેય જીએ કહ્યો. જો એને સારી રીતે સમજી ઉપયોગમાં લે તો, તે તત્વવેત્તા કોઈ પ્રકારની અડચણમાં આવતો નથી; અર્થાત્ રોગ કે અજીર્ણ ના સપાટામાં આવવા પામ તો નથી. ૨૯ ઇતિ અજીર્ણ પ્રયોગ પ્રકરણ સમાપ્તમ્.

**ઇતિ શ્રી અનુપાન તરંગિણી નામના ગ્રંથનું રાજનગર નિવાસિ પૂર્ણચંદ્ર શર્મ્માનું કરેલું ભાષાન્તર સંપૂર્ણ.**

For Private And Personal Use Only

gyanmandir@kobatirth.org
046059
Serving JinShasan